# સંવેદનાની શોધ

લેખક – લાભુભાઈ સોનાણી



# 'સંવેદનાની શોધ'

::લેખક::
લાભુભાઈ ટપુભાઈ સોનાણી

૨૩ એપ્રિલ,

વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે

**શ્રી કોકિલાબેન પાઠકને**

**'સંવેદનાની શોધ'** પુસ્તક સપ્રેમ અર્પણ કરતા

હર્ષની લાગણી અનુભવું છું.

**-લાભુભાઇ સોનાણી**



# 'સંવેદનાની શોધ'

:: લેખક ::

**લાભુભાઇ ટપુભાઇ સોનાણી**

:: મુદ્રક ::

**રત્ના પ્રિન્ટર્સ**

હલુરિયા ચોક, ભાવનગર

:: પ્રકાશક ::

**અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ,**

**C/o. અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે,**

**વિદ્યાનગર - ભાવનગર**

**મૂલ્ય : ₹ ૧૦૦**

**પ્રથમ આવૃત્તિ**

તા.૨૭-૦૪-૨૦૧૯,

**પ્રત : ૨૫૦૦**

:: પ્રાપ્તિસ્થાન ::

**શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા**

નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર

Ph. No. 0278 - 2423917, 2512021

Mo. 9376688584

Email : Ltsonani@gmail.com

# અનુક્રમણિકા


| અનુક્રમ નંબર | લેખ | પેજ નંબર |
|---|---|---|
| ૧. | ગાડી અંધ ઉદ્યોગ શાળા લઈ લો | 19 |
| ૨. | વેદના પારખું સમ્રાટ | 22 |
| ૩. | વેદનાની જીત | 25 |
| ૪. | હવે તે અનાથ નથી | 27 |
| ૫. | સંવેદનાએ પ્રગટાવી પ્રગતિની જ્યોત | 31 |
| ૬. | કરેલું કોઈનું જતું નથી | 35 |
| ૭. | નાના માણસનું મોટું કામ | 39 |
| ૮. | સંવેદના સમાજરૂપી ખેતરનો પાક છે | 43 |
| ૯. | પ્રજ્ઞાપંથી અવાજના અજવાળે | 47 |
| ૧૦. | રંગ છે રસિકભાઈને | 52 |
| ૧૧. | ઈશ્વરનો અવતાર | 55 |
| ૧૨. | બીજનું જતન | 60 |
| ૧૩. | સંયુક્ત કુટુંબ વ્યવસ્થા | 64 |
| ૧૪. | રાજધર્મ | 68 |
| ૧૫. | સંવેદનાની વર્ષા | 72 |
| ૧૬. | મહાજન | 77 |




# અનુક્રમણિકા


| અનુક્રમ નંબર | લેખ | પેજ નંબર |
|---|---|---|
| ૧૭. | સેવાનો શમિયાણો | 82 |
| ૧૮. | પ્રગટમુનિ | 86 |
| ૧૯. | સાચી માનવતા | 91 |
| ૨૦. | સંવેદનાનો સારથિ | 94 |
| ૨૧. | જીવનની ખરી જીત | 98 |
| ૨૨. | સંવેદનાથી સફળતા | 103 |
| ૨૩. | સંવેદના એક ઊર્જા | 107 |
| ૨૪. | સંવેદનાનો સમ્રાટ | 111 |
| ૨૫. | કૈલાસ ટેકરી | 114 |
| ૨૬. | અર્પણ, દર્પણ ને સમર્પણ | 118 |
| ૨૭. | મનની અગાધ શક્તિ | 124 |
| ૨૮. | વિચારોની વાટે | 128 |
| ૨૯. | જીવન સરગમ | 133 |
| ૩૦. | સત્યનો માલિક | 138 |
| ૩૧. | સંવેદના અવિચળ ધન છે | 143 |
| ૩૨. | શબ્દનો ખેલ | 148 |

## મારી નજરે ઉત્પાદિત થતું સંવેદનાનું બીજ

આમ તો વેદના એક પીડા હોય છે. પરંતુ જયારે વ્યકિત અન્યની વેદનાનો સ્વયં અનુભવ કરવા લાગે ત્યારે તેને ખરા અર્થમાં લાગણી અથવા તો અનુભૂતિ કહી શકાય. વળી તે પીડિત વ્યકિતની પોતે અનુભૂતિ કરતો હોવાથી તેને સંવેદના પણ કહી શકાય. અહીં લાગણી અને સંવેદના વચ્ચે ખૂબ નાનકડી ભેદરેખા રહેલી છે.

લાગણી હકારાત્મક કે નકારાત્મક બન્ને હોઇ શકે છે. દા.ત. તમને ભૂખ લાગે છે તો તમને જમવાની ઇચ્છારૂપી લાગણી અનુભવાય છે. તમને કોઇ અપશબ્દ કહે છે તો તેના પર તમને ક્રોધ આવવા લાગે છે તેને તમો વળતો અપશબ્દ પણ સંભળાવી દો છો. આ પણ એક લાગણી છે પરંતુ તે નકારાત્મક લાગણી કહેવાય છે. બીજી રીતે જોઇએ તો તમને કોઇ મદદ કરતું હોય તો તેમના પ્રત્યે તમારો અહોભાવ જાગે છે તેને તમો પણ ચાહવા લાગો છો. આ બધું તમારી હકારાત્મક લાગણીના કારણે શકય બને છે. કોઇવાર તેના તરફથી તમને તમારી અપેક્ષા મુજબનો પ્રત્યુત્તર ન મળે તો તમો તેનાથી નારાજ થઇ જાવ છો. તમારા દિલમાં તેના પ્રત્યે નકારાત્મક લાગણી ઉત્પન્ન થવા લાગે છે. આ ઘાત-પ્રત્યાઘાત મુજબ લાગણીનો વ્યવહાર ચાલે છે.

નરસી મહેતાનું ખૂબ જાણીતું ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે રે.' જયારે વ્યકિત અન્યના દુઃખની અનુભૂતિ કરવા લાગે છે ત્યારે જ સંવેદનાનો જન્મ થાય છે. આવી સંવેદના હંમેશા હકારાત્મક હોય છે. સંવેદના વડે વ્યકિત વ્યકિત વચ્ચે સંબંધનો સેતુ રચાય છે. તેના દ્વારા જ સંગઠનો અસ્તિત્વમાં આવતા હોય છે. જયારે, થોડા વ્યકિતઓ ભેગા મળી એવું વિચારવા લાગે કે - 'મારો મહોલ્લો, ગામ કે સમુદાય માટે કેટલીક સેવાઓ પ્રદાન કરવા કોઇ સંસ્થા કે સંગઠનની જરૂર છે ત્યારે આવા લોકોના પ્રયત્નોથી સંસ્થા અસ્તિત્વમાં આવતી હોય છે. આવી સંસ્થા એટલે ભાવનગરની અને સમગ્ર ગુજરાતની અંધજનો ક્ષેત્રે કાર્ય કરતી અગ્રણી સંસ્થા એવી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા. આ શાળા એટલે પ્રજ્ઞાચક્ષુ



વ્યકિતઓના સર્વાંગી વિકાસની યાત્રાનો જીવતો જાગતો નમૂનો. જેમા અનેક વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ સમાજમાં પ્રસ્થાપિત થઇ પોતાનું ગૌરવરૂપ જીવન જીવી રહયા છે.

આ સંસ્થામાં સંવેદનાના બીજ તૈયાર થાય છે અને એ બીજ જયાં પણ રોપિત કરવામાં આવે છે, ત્યાં વટવૃક્ષરૂપે ઊગી નીકળે છે. છેલ્લા એકાદ વર્ષથી લોકસંસાર દૈનિકમાં 'સંવેદનાની શોધ' વિષય પર સૌપ્રથમ વિકલાંગતા વિધેયક ૨૦૧૬ની જોગવાયોની સરળ સમજ ત્યાર બાદ તેના દ્વિતીય ચરણમાં જુદા જુદા વિષયો પર વાસ્તવિક અને કાલ્પનિક પ્રસંગોને વણી લઇ સંવેદના વિષય પર લખવામાં આવેલી આખી લેખમાળા આધારિત તૈયાર થઇ રહેલા આ પુસ્તકના લેખક શ્રી લાભુભાઇ સોનાણીએ બે ત્રણ વિદ્યાર્થીઓની શકિતઓને પારખી તેમણે અનુભવેલી સાચી સંવેદનાના પ્રસંગો વાચકમિત્રોની જાણકારી માટે મને અહીં મૂકવાનું મન થાય છે.

મે મહિનાના મધ્ય ભાગમાં ઉનાળાની ગરમી વચ્ચે નવા પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રવેશની કાર્યવાહી ચાલતી હતી. સાવરકુંડલાની મોટી ઉંમરે અંધ બની ગયેલી એક પ્રજ્ઞાચક્ષુ દીકરી પ્રભા ઉપાધ્યાય એડમિશન માટે મારી પાસે આવી પહોંચે છે. આ છોકરી આંખોની દૃષ્ટિ નબળી પડવાને કારણે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના પેપર અપૂરતા કે યોગ્ય રીતે લખી ન શકવાના કારણે પરીક્ષામાં નાપાસ થયેલી માર્કશીટ સાથે આવી પહોંચી હતી. નિયમ મુજબ તેને એડમિશન આપી શકાય તેમ ન હતું. આખી વાત હું અમારા સંચાલક શ્રી લાભુભાઇ સોનાણી પાસે લઇ ગયો. તેમણે દીકરી સાથે સંવાદ કરી કોઇ ખાસ કિસ્સામાં એડમિશન આપી શકાય કે કેમ ? તે હકીકત તપાસી લેવા મને સૂચના કરી. મેં જરૂરી કાર્યવાહી કરી સાહેબની સૂચના મુજબ ખાસ કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીની મંજુરી લઇ તેને પ્રવેશ આપ્યો. ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા તેણીએ દષ્ટિહીન વિદ્યાર્થી તરીકે લહિયાની મદદથી પેપરો લખાવી ઉત્તીર્ણ કરી. આજે તે અમદાવાદમાં લગ્નગ્રંથિથી જોડાઇ

પોતાનો પરિવાર સંભાળી રહી છે. તે સમયે તેનામાં આત્માશ્રદ્ધાનું સિંચન થયું ન હોત તો આજે તે જે રીતે સમાજમાં સ્થાપિત થઇ પોતાનો પરિવાર સંભાળી રહી છે તે શકય બન્યું ન હોત.

આવી જ એક બીજી દીકરી નાગપુરમાં પોતાનું કૉલેજ શિક્ષણ પૂરું કર્યા પછી અચાનક અંધત્વનો ભોગ બને છે. આ દીકરીના કોઇ પરિચિત બહેન ભાવનગરમાં અમારી સંસ્થાના ટ્રસ્ટીશ્રી નીલાબેન સાથે ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં નોકરી કરતાં હતાં. તેમના દ્વારા જાણકારી મળતા દીકરીને ભાવનગર બોલાવી સંસ્થાના કૉમ્પ્યૂટર ટ્રેનિંગના અભ્યાસક્રમમાં એડ્‌મીશન આપી સૌ પ્રથમ મોબિલિટી ઓરિયેન્ટેશન, હૉમ સાયન્સ અને કૉમ્પ્યૂટરનું શિક્ષણ આપી આ જ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી હરેશભાઇ માણિયા સાથે પ્રભુતાના પગલાં પડાવી, ગઢડા સમૂહ લગ્નમાં લગ્ન કરાવી આપ્યા. આજે સામાન્ય સનેત્ર મહિલાની જેમ પોતાનું ઘર બબિતા રંગાસ્વામી ઐકેશ્વર સંભાળી રહી છે. જયારે તેમના જીવનસાથી હરેશભાઇ માણિયા બેંક ઑફ બરોડા ભાવનગરમાં હાલ ફરજ બજાવી રહયા છે.

આવો જ એક ત્રીજો પ્રસંગ પણ આપ સૌ સમક્ષ મૂકતા મને રોકી શકતો નથી. વર્ષ ૨૦૧૩માં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થઇ ગઇ હતી. ધો.૧૧માં એક પણ વિદ્યાર્થીને એડમિશન આપી શકાય તેમ નહોતું. ભાવનગર જિલ્લાના ગોપનાથ પાસેના ગામમાં અભ્યાસ કરતો ઢાપા સચિન દૃષ્ટિનું તેજ નબળું પડતા અભ્યાસમાં મુશ્કેલી અનુભવતો હતો. દરમિયાન તેમના પિતા મજુરી અર્થે ધોરાજી સ્થળાંતર થતા ધોરાજીની સામાન્ય ઉ.મા. શાળામાં ધો.૧૧માં શિક્ષણ મેળવવા દાખલ થયો પરંતુ નબળી દૃષ્ટિ, બ્રેઇલ, લૉવિઝન કે ઓડિયો શૈક્ષણિક સાધનોના અભાવને કારણે તે ત્યાં બરાબર અભ્યાસ કરી શકતો ન હતો. વળી તેના પિતાશ્રી માટે સચિનને આટલા દૂર ભણાવવાનું શકય પણ ન હતું. નબળી આર્થિક સ્થિતિ, સચિનની નબળી પડતી દૃષ્ટિ પિતા માટે ચિંતાનું કારણ બની ગયું હતું. તેઓ અચાનક મારા પરિચયમાં આવ્યા પરંતુ શાળામાં ધો.૧૧માં કોઇ જગ્યા ખાલી ન હોવાથી હું તેને પ્રવેશ આપવાનું ટાળતો



હતો. અચાનક એક દિવસ તેના બાપુજી આવતા મેં આમારા સંચાલક સાથે તેનો પરિચય કરાવ્યો. સચિનની શકિત અને ભણવા પ્રત્યેની રુચિને ઓળખી લઇ અમારા સંવેદનશીલ સંચાલક લાભુભાઇએ મને ફરી એકવાર ખાસ કિસ્સામાં એડ્‌મીશન આપવા સૂચના આપી. આજે સચીન અમદાવાદ પૉસ્ટ ઓફિસમાં સરકારી નોકરી કરી રહયો છે.

મિત્રો, આ ત્રણેય પ્રસંગો અહીં જે મેં મૂકયા છે તે વિદ્યાર્થીઓને શાળામાં એડમિશન ન મળ્યું હોત તો કદાચ તેનું ભાવી જુદું જ હોત માટે હું કહું કે **અહીં સંવેદનાના બીજ ઉત્પાદિત થાય છે.**

ઘનશ્યામભાઇ બારૈયા
આચાર્ય
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા - ભાવનગર

## આવકાર

સંવેદનાની શોધ પુસ્તકનાં પ્રકાશન પર્વ નિમિત્તે એક વિશેષ આનંદ અને વિશેષ ગર્વની લાગણી સાથે પુસ્તકને આવકારું છું તથા આ નોખાં-અનોખાં સર્જનકર્મને પોતાનો ધર્મ સમજીને આપણને આવું મજાનું પુસ્તક આપનારા એના લેખક શ્રી લાભુભાઇ સોનાણીને હૃદયપૂર્વક અભિનંદન આપું છું

૨૧મી સદીના આંગણામાં ઊભેલી આજની માનવ સંસ્કૃતિમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ સાધનો અને સગવડોથી માનવ જીવનને માલામાલ કરી મૂકયું છે. યાતાયાતના સાધનો, પ્રત્યાયનનાં માધ્યમો અને જ્ઞાન અને માહિતીના વિસ્ફોટના કારણે આજનો માણસ ઘર અને ગામનાં આંગણામાંથી નીકળીને વિશ્વનાં ચોકમાં મુકાઇ ગયો છે. ઔદ્યોગિકક્રાંતિ પછી આવેલી ટેકનોલોજીની ક્રાંતિએ આપણને એક નવી ગતિ આપી છે. જે ગતિને કયારેક આપણે પ્રગતિ માનવાની ભૂલ પણ કરી નાખીએ છીએ. ઓગણીસમી સદીના પાછલા વર્ષોમાં આપણી કહેવાતી ગતિ-

પ્રગતિએ જાણે અજાણે આપણી પાસેથી આપણા શાશ્વત સુખ અને શાંતિ સામે, મૂલ્યો અને માન્યતાઓના પરિપ્રેક્ષ્યમાં ગંભીર પ્રશ્નો અને પડકારો ઊભા કર્યા એ સમજાવા માંડયુ છે. ૨૧મી સદીના આરંભના વર્ષમાં આ પ્રશ્નો અને પડકારો વધારે ગંભીર બનતા જણાયા છે.

એ પ્રશ્નો અને પડકારોની યાદીમાં સૌથી ઉપર મૂકવો પડે એવો જો કોઇ પડકાર હોય તો તે છે માણસ માણસ વચ્ચે સર્જાતી સંવાદ અને સંવેદનાની અછત. કહેવાતી ભૌતિક સમૃદ્ધિ અને સુખ-સગવડના શિખર ઉપર પહોંચ્યા પછી પણ માણસ શાંતિ, સંવાદ અને સંવેદનાનાં ભીષણ દુષ્કાળ વચ્ચે ઝૂઝતો અને ઝઝૂમતો જોવા મળે છે. કહેવાતી ગતિએ અને પોતાની પાસેના, પોતાની આજુબાજુનાં, પોતાના પરિવારનાં કે પોતાના ગામ, ગલી કે ફળિયાના લોકોથી એને દૂર કરી દીધો છે. કદાચ આ ગતિ એને 'સંવેદન શૂન્યતાના' રણ તરફ લઇ જઇ રહી છે.

આ વિષમતા અને વસમી વાસ્તવિકતા વચ્ચે ''રણમાં વીરડી'' જેવા, માનવીય સંવેદનાઓની શીતળ જળની પરબ જેવાં પ્રસંગો, ઘટનાઓ કે પ્રેરક બનાવો શ્રી લાભુભાઇ સોનાણીનાં ચિત્તમાં, ચેતનામાં અને હૃદયમાં પડઘાયને પછી તેમની કલમ દ્વારા શબ્દસ્થ થઇ આપણા સુધી પહોંચ્યા એને હું આપણાં સમાજનું સદ્‌ભાગ્ય ગણું છું. આ અને આવા પ્રયાસો આપણા સમાજની સંવેદનશૂન્યતાને ફરીથી ધબકતી કરવામાં ચાલકબળ બની શકે છે એમ હું માનું છું અને આ અર્થમાં લાભુભાઇનાં પુરુષાર્થને એક સુખદ સમયોચિત અને સમજપૂર્વકનાં સર્જનાત્મક સદ્‌ભાગ્ય તરીકે આવકારું છું

ઉદાહરણ તરીકે લાભુભાઇનાં પુસ્તકનાં પ્રારંભના પ્રકરણનું શીર્ષક છે ''સંવેદના એક સમાજરૂપી બાગ'' બીજા એક પ્રકરણમાં એમનો વિષય બને છે ''સંવેદના સૃષ્ટિ પર શાંતિનું સામ્રાજય સ્થાપે છે.'' વળી એક પ્રકરણમાં પ્રકૃતિ અને પરમાત્મા સાથેના આપણા તૂટતા જતાં અનુબંધની વાત કરતા લેખકે કેવું મજાનું સૂત્રાત્મક શીર્ષક આપ્યું છે ! લેખક કહે છે : ''સંવેદના કુદરતનાં ઇન્ટરનેટને જોડતો કેબલ છે'' અને એ



જ રીતે આજના આધુનિક યુગમાં સહજ બની ગયેલી સૂક્ષ્મ સ્નેહની ઊણપ અને સંબંધોનાં ખાલીપાનાં રાજરોગનો ઉપચાર બતાવતા હોય તેમ કહ્યું છે કે : ''ખરી સંવેદના ઔષધિ બની વિપત્તિના સમયમાં પણ રક્ષણ આપી ગૌરવ અપાવે છે''

આ રીતે શ્રી લાભુભાઇએ આપણી આજુબાજુ વેરાયેલા, વિખરાયેલા અને જલદી નજરે નહીં ચડતા માનવ સંવેદનાનાં અનેક સૌંદર્યતીર્થ સુધી આપણને દોરી જવાનું પુણ્ય કાર્ય કર્યુ છે. મારા મતે આ બિંદુ ઉપર જાણે અજાણે સર્જકકર્મ અને સંતધર્મ અને શિક્ષકત્વનો શબ્દમર્મ એકરૂપ થઇને ઊભરતો હોય એવું લાગે છે.

શ્રી લાભુભાઇ સોનાણીને તેમના વિદ્યાર્થી કાળથી હું ઓળખું છું ત્યારે પણ અને આજે પણ શ્રી લાભુભાઇ આગવી આત્મસૂઝ, આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે પોતાના કરતા બીજાઓને માટે જીવતીજાગતી વ્યકિત પ્રતિભા તરીકે સતત પ્રભાવિત કરતા રહયા છે. શારીરિક મર્યાદાને માનસિક ચેતનાથી અતિક્રમીને તેમણે એક સ્વસ્થ અને સંપૂર્ણ વ્યકિત તરીકે વિકસતા અને વિસ્તરતા રહીને દિવ્યાંગ ભાઇ બ્હેનોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા સતત મથામણ કરી છે. જેનો હું આંખે દેખ્યો સાક્ષી રહ્યો છું. એક પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ વ્યકિત પણ સમાજનાં સંવાદી વિકાસ માટે પોતાના સાહસ, સજજતા અને સર્જકતા દ્વારા ઉપયોગી પ્રદાન કરી શકે છે; તેના અનેક પ્રમાણો તેમણે આપ્યા છે જેમાનું એક વધુ યશસ્વી પ્રદાન તે તેમનું આ ''સંવેદનાની શોધ'' પુસ્તક બને છે.

શ્રી લાભુભાઇ સોનાણીમાં એક કુશળ વહીવટદાર, એક સ્નેહાળ શિક્ષક, એક જાગૃત સામાજિક કાર્યકર અને એક આજીવન જ્ઞાનપીપાસુ વિદ્યાર્થીની સાથે એક સજજ અને પ્રતિબદ્ધ શબ્દસર્જક ધબકતા રહયા છે અને તેથી જ તેમના જીવનના પ્રત્યેક ધબકારમાં તેઓ ''સંવેદનાની શોધના રસ્તે થઇને વિકસતા અને વિસ્તરતા રહયા છે...''

તેમની જીવનયાત્રામાં આવા બીજા અનેક સર્જકત્વના સૌંદર્ય શિખરો તેમની રાહ જુએ છે અને મને શ્રદ્ધા છે કે તેમની શબ્દયાત્રા એ શિખરો સર કરી સમાજના શ્રેય

અને પ્રેયમાં સક્રિય રહેશે.

તેમને આવી સંવેદનાપૂર્ણ જીવનયાત્રા અને સર્જકયાત્રા માટે મારા શુભ આશિષ અને શુભકામનાઓ પાઠવી ફરી એકવાર શ્રી લાભુભાઇના આ સિદ્ધ સર્જકકર્મને અને ''સંવેદનાની શોધ'' પુસ્તકને આવકારું છું

તા.૧૧ એપ્રિલ, ૨૦૧૯ (ગુરુવાર)

ચૈત્રસુદ છઠ

જસુભાઇ કવિ
(પૂર્વ આચાર્ય અંધજન મંડળ)
અમદાવાદ

## પ્રસારની પાંખે સંવેદનાની સરિતા

ખળખળ વહેતી કોઇ મેદાની પ્રદેશોની નદી કે સરિતાની આ વાત નથી. પરંતુ હૈયામાં ઉમટતા અન્ય પ્રત્યેના લાગણીના સરોવરમાંથી ઝરણાં સ્વરૂપે નીકળી વેદનામાંથી સંવેદનાની સરિતાનું સ્વરૂપ ધારણ કરનાર સરિતા એટલે લોક સંસાર દૈનિકમાં દર મંગળવારે પ્રસિદ્ધ થતી વિશિષ્ટ કોલમ સંવેદનાની શોધ. લેખક - શ્રી લાભુભાઇ સોનાણી સાથે થોડા સમય પહેલા મારા લોક સંસાર દૈનિકના કાર્યાલયમાં મળવાનું થયું ત્યારે તેમની સાથે થયેલ ચર્ચા વિચારણા મુજબ લોક સંસાર દૈનિકમાં તા.૨૦-૦૩-૨૦૧૮થી દર મંગળવારે નિયમિત પ્રસિદ્ધ થયેલ લેખમાળાના કેટલાક ચૂંટેલા લેખોને એક પુસ્તક સ્વરૂપે વાચકો સુધી લઇ જવાના પ્રયાસ વિશે મને જયારે જાણવા મળ્યું ત્યારે મારા હૃદયમાં આ સંવેદનાની સરિતાએ ખળભળાટ મચાવી, અમારા દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ લેખોના વિચારોની દુનિયામાં ગરકાવ કરી દીધો હતો. આ લેખમાળા એટલે 'અંતરિક્ષના પોલાણમાં વિહાર કરતા જીવાત્માથી લઇ માનવતાના મુલકમાં સંવેદનાની વર્ષા આપે છે', કરુણા અને સંવેદના જનને મહાજન બનાવે છે', જગતમાં જેટલું સંપત્તિનું મૂલ્ય છે તેનાથી વધુ મૂલ્ય તો સાચી સંવેદનાનું હોવું જોઇએ', સંવેદના વ્યકિતમાં અર્પણ, દર્પણ અને સમર્પણથી જાગે છે.'



આ તો લેખમાળાના સાગરમાંથી દૈનિકપત્રમાં પ્રસિદ્ધ થયેલા ઉદાહરણરૂપ ઉપાડેલા મોતી છે. જેમ સાગરની ઊંડાઇને જાણવા મરજીવાઓ સાગરમાં ઝંપલાવે છે તેમ સંવેદનારૂપી સાગરને જાણવા અને માણવા વાચકે પુસ્તકના પાને પાને વેદનાની વાતોમાંથી નિતરતા શબ્દનું સ્વરૂપ લઇ અક્ષરબિંદુ વડે પ્રગટતા મોતીનો ચળકાટ જાણવા 'સંવેદનાની શોધ' પુસ્તક વાંચવું રહયું.

આ લેખમાળાએ લોક સંસાર દૈનિકના વાચકોની ભૂખ એવી તો પ્રજજવલિત કરી છે કે મંગળવારથી મંગળવારનો સાત દિવસનો સમય ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રની રાહ જુએ તેમ જોતા હોય છે. આ લેખમાળાને એક પુસ્તક સ્વરૂપમાં વાચકો સુધી લઇ જવા બદલ અમારી સમગ્ર લોક સંસાર દૈનિક ટીમ લેખકને અભિનંદન પાઠવતા હર્ષ અનુભવે છે.

મુન્તઝીર સિદાતર
મૅનેજિંગ તંત્રી - લોકસંસાર દૈનિક
ભાવનગર

## લેખકની આંગળીએ લટાર

બંધ આંખોના દષ્ટિના દ્વાર ઉઘાડી જ્ઞાનના પ્રકાશ વડે લખ ચોરાસીના ફેરાને ટાળવા માનવજીવનને સફળ બનાવવા મારું સતત ચિંતન ચાલતું રહે છે. વેદનાના પ્રદેશમાં મારો ઉછેર થયો હોવાથી મને સાચી માનવતાના દર્શન કરવાની અનેરી તક સાંપડી છે. અમૂલ્ય માનવદેહનું ઋણ અદા કરવા સતત ઇશ્વરનો સંદેશ લઇ અન્યના કલ્યાણ માટે કાર્ય કરવું એ જીવનનો સંકલ્પ બની ગયો છે. સામાજિક ક્રાંતિ અને જાગૃતિ દ્વારા સમાજને નવો રાહ બતાવવા ભૂલા ભટકેલા લોકોને સાચા માર્ગે લઇ આવવાના ઉદ્દેશથી લખવાનો શોખ કેળવી, મારી લેખનયાત્રા આરંભી હતી. સૌ પ્રથમ 'જીવનનો ધબકાર - મારી સ્મરણયાત્રા' અને ત્યારબાદ લોકસંસારમાં શ્રેણીગત કોલમ લખવાનું શરૂ કર્યું. દરમિયાન વાચકોનો સ્નેહ, મમતા અને લાગણીભર્યા વ્યવહારના કારણે તેમા ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી. સંવેદનાની શોધ

કોલમ અંતર્ગત લોકસંસાર દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ લેખમાળા પૈકી ૩૨ ચૂંટી કાઢેલા સંવેદનાની શોધ વિષયને કેન્દ્રમાં રાખી લખાયેલા લેખ આ પુસ્તકમાં પસંદ કર્યા છે. મને આશા છે કે – તે આપ સૌને ગમશે.

વેદનાની વર્ષા વડે તરબતર થઇ સંવેદનાને જાણવા, ભીતરની યાત્રા કરી, ભીતરની ભાગોળે પહોંચવા આપને આ પુસ્તકના અનેક પ્રસંગો વાંચવા ગમશે. સત્ય ઘટના આધારિત તેમજ પૌરાણિક વાર્તાઓ અને કાલ્પનિક કેટલાક લેખો દ્વારા સામાજિક વ્યવસ્થા અને પરંપરાનો નિર્દેશ કરી ખરી સંવેદના સુધી પહોંચવા યત્ન કર્યો છે. સેંકડો વાચકોના દિલમાં આ લખાયેલા લેખોએ ધમસાણ મચાવી પુસ્તક સ્વરૂપે તેને પ્રકાશિત કરવા મને સૂચનો મળતા રહ્યા છે. સૌ કોઇની પ્રેરણાથી પ્રજ્ઞાલોકને ખરા અર્થમાં ગૌરવ મળી રહે તેવા ઉદ્દેશથી આપની સમક્ષ તેને પુસ્તક સ્વરૂપે મૂકતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

લેખક – લાભુભાઇ સોનાણી
જનરલ સેક્રેટરી
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા
ભાવનગર

## ઋણ સ્વીકાર

અંતરમાં જાગતા ભાવો અને અન્ય પ્રત્યેની વેદનાને વ્યકત કરવા હૈયામાં ઊભરાતા લાગણીના પૂરને અક્ષરની અલમારી પરથી ઊતારી શબ્દનો દેહ આપવા પોતાની કલમે એક પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવા જીવનના પ્રત્યેકક્ષેત્રે મને સાથ આપનાર જીવનસાથી નીલા અને દીકરી નિષ્ઠા તેમજ પરિવારના સભ્યો, આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપનાર મારા પથદર્શક શ્રી જસુભાઇ કવિ (પૂર્વ આચાર્ય અંધજન મંડળ-અમદાવાદ), લોક સંસાર દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ લેખોના પ્રતિભાવ આપવા બદલ મૅનેજિંગ તંત્રીશ્રી મુન્તઝીર સિદાતર તેમજ પ્રકાશન, ટાઇપિંગ, સેટિંગ્સ, મુદ્રણકાર્યમાં જેમનો સતત સહકાર મળ્યો છે એવા મારા સ્નેહીમિત્ર શ્રી



સુરેશભાઇ ત્રિવેદી – રત્ના પ્રિન્ટર્સ, પુસ્તકની જોડણી અને હસ્તપ્રત તૈયાર કરવામાં સહયોગ આપનાર શ્રી ઘનશ્યામભાઇ બારૈયા – આચાર્ય શ્રી અંધ ઉદ્યોગ શાળા તેમજ ટાઇપિંગ, સેટિંગ્સ કરનાર ગૌરાંગ મકવાણા, મોઇઝ ત્રવાડી, આ લેખમાળાના અંકોને શ્રાવ્ય સ્વરૂપે પ્રસ્તુત કરવા જેમણે પ્રજ્ઞાચક્ષુમિત્રો માટે પોતાની સુમધુર વાણી દ્વારા વાંચન કરી નિયમિત સાથ સહકાર પૂરો પાડયો છે એવા બેનશ્રી નીતાબેન રેયા, સોશિયલ મીડિયા દ્વારા વાચકો સુધી આ લેખમાળાને પહોંચાડવા સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે તેવાં શ્રી હસમુખભાઇ ધોરડા, શ્રી વીરભદ્રસિંહ ચૌહાણ અને જયેશ પટેલિયા સૌ કોઇ મદદ કરનારનો હું આભાર માનું છું.

લાભુભાઇ સોનાણી



## :: લેખક પરિચય ::

નામ : લાભુભાઇ ટપુભાઇ સોનાણી
જન્મ તારીખ : ૧૫-૦૩-૧૯૬૭
જન્મ સ્થળ : તરસમિયા (ભાવનગર)
કાયમી સરનામું : 'નિષ્ઠાકુંજ', ૧૪-B, શિવાજીપાર્ક, મેરૂબાગ, ફાતિમા કૉન્વેન્ટની બાજુમાં, ઘોઘા રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૨
પત્ર વ્યવહારનું સરનામું : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે, કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧
ફોન ઑફિસ : (૦૨૭૮) ૨૪૨૩૯૧૭ / ૨૫૧૨૦૨૧
મોબાઇલ નંબર : ૯૩૭૬૬૮૮૫૮૪
ઇ-મેલ : ltsonani@gmail.com
contact@ltsonani.com
web : www.ltsonani.com

## :: લાયકાત ::

બી.એ., બી.એડ્.
સંગીત વિશારદ

## :: કુટુંબ પરિચય ::

જીવનસાથી : નીલાબહેન લાભુભાઇ સોનાણી
પુત્રી : નિષ્ઠા લાભુભાઇ સોનાણી

## :: સેવાકીય સંસ્થા સાથે જોડાણ ::

૧) જનરલ સેક્રેટરી : ★ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા - ભાવનગર
★ રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા - ભાવનગર



૨) પ્રમુખ : ★ શ્રી અંધ અભ્યુદય મંડળ - ભાવનગર
★ અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ - ભાવનગર
★ ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ - અમદાવાદ

આ ઉપરાંત રાજયની અનેક સંસ્થાઓ સાથે જુદા-જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહયા છે.

## :: અન્ય પ્રકાશન ::

૧) જીવનનો ધબકાર - મારી સ્મરણયાત્રા
૨) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
૩) ઉપવન

## :: સત્કાર ::

વિવિધ સામાજિક સેવાઓ બદલ લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઇ સોનાણીને વર્ષ-૧૯૯૭થી લઇ આજ સુધીમાં રાજય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ ઍવોર્ડ અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે.

નીકળી પડયો 'તો અંધારા ઓઢી, અજવાળા તમે પાથર્યા,
નાવ મારી ચલાવવા, સઢ તમારા સાંપડયા.

જયારે બ્રહ્માની રાત ખતમ થઇ હશે,
ત્યારે પૃથ્વી પર માનવજીવનની શરૂઆત થઇ હશે.

લખ ચોરાસીના ફેરામાં નિ:સ્વાર્થ રહેવાની દરખાસ્ત થઇ હશે,
ત્યારે માનવની ઇશ સાથે પ્રથમ મુલાકાત થઇ હશે.

## ૧. ગાંધી અંધ ઉદ્યોગ શાળા લઇ લો

કોઇ પણ કાનૂન, નિયમ કે ઉપનિયમ વ્યકિતની સુરક્ષા, સલામતી, સગવડ કે તેને થતા અન્યાયને રોકવા માટે અસ્તિત્વમાં આવે છે. પરંતુ જયાં સંવેદના છે ત્યાં ખરેખર આવા કોઇ માળખાની જરૂર જ રહેતી નથી. જેમ બાગમાં રહેલું એક પુષ્પ પોતાની સુવાસથી સમગ્ર બાગના વાતાવરણને સુગંધિત બનાવી દે છે, તેમ સંવેદનારૂપી પુષ્પ સમાજરૂપી બાગને માનવતાની સુવાસથી સુગંધિત કરી મહેકાવી દે છે. તો વાચક મિત્રો, આપણે સંવેદનાની શોધનાં સમાજરૂપી બાગમાં રહેલા સંવેદનાનાં પુષ્પને શોધી તેની સુગંધ સમગ્ર સમાજમાં પ્રસરે તેવો પ્રયત્ન કરીશું.

એક નાનકડી વાર્તાની મહેક સમાજરૂપી બગીચામાં કઇ રીતે ફેલાય છે ? તે સમજીએ. એક ખેડૂત પોતાના ખેતરમાં હળ ચલાવી રહયો હતો. ભારે પરિશ્રમી અને મહેનતું ખેડૂત પોતાના ખેતરમાં જે પરસેવો પાડતો હતો તે પરસેવાની મહેનત મુજબ કશું પામતો ન હતો. કોઇવાર એક ટંકનું ખાવાનું પણ મળતું નહીં. પત્ની હંમેશાં બીમાર રહેતી હતી. અચાનક બે કિશોર ખેતરની નજીક આવે છે. તેમાંથી એક કિશોરને ખેડૂતની રમૂજ કરવાનું મન થાય છે. તેને તેના સાથી મિત્રે કહ્યું - ‘પેલા ખેડૂતનું આપણે એક બૂટ સંતાડી દેવું છે ?’ સાથી કિશોર તેમ કરવા ના પાડે છે, કારણ કે -તેને ખેડૂતની વેદના અનુભવાતી હોય તેમ કમકમાટી સાથે બોલ્યો, ‘ચાલ રમૂજ કરવી જ હોય તો ખેડૂતના બંને બૂટમાં એક-એક સિલ્વર ડોલર મૂકીને કરી જોઇએ.’ બંને કિશોરો તેમ કરે છે અને થોડે દૂર આવેલા ઝાડ પાછળ સંતાઇ જાય છે. થોડો સમય વીત્યા બાદ પેલો ખેડૂત હળ ચલાવીને વૃક્ષ નીચે પડેલા તેના બૂટ પહેરવા આવે છે. તે બૂટમાં પગ નાંખતા જ બૂટમાં કંઇક હોવાનો ખેડૂતને અહેસાસ થાય છે. તે પગ બહાર કાઢીને તેમાં જોવા લાગે છે અને ખૂબ જ આશ્ચર્ય સાથે બૂટમાં રહેલા સિલ્વર ડોલર જોઇને ચોતરફ જોવા લાગે છે; પણ કોઇ નજરે પડતું નથી. આ શું ! આ સિલ્વર ડોલર બૂટમાં કયાંથી આવ્યા ? તે બીજા બૂટમાં પણ આ જ રીતે જુએ છે અને તેમાં



પણ તેને સિલ્વર ડોલર જોવા મળે છે. હવે તો તેની જિજ્ઞાસા વધી જાય છે. અરે...! આ તો ચમત્કાર થયો ! ખેડૂત આકાશ તરફ જોઇને બોલવા લાગે છે. અરે વાહ...! ઈશ્વર તારી મારા પર કેટલી કૃપા છે. મારી પત્ની બહુ બીમાર છે, તેની સારસાંભળ માટે નાણાંની જરૂર હતી જ, તું મારી કેટલી કાળજી લે છે ! આ બધું બંને કિશોરો વૃક્ષ પાછળ છુપાઇને જોઇ રહ્યા હતા. જે કિશોરને બૂટમાં સિલ્વર ડોલર મૂકી રમૂજ કરવાનું મન થયું હતું, તે કિશોર મોટો થતા વેપારી બને છે. ગરીબોને જરૂરી ચીજવસ્તુઓનું દાન કરવાનો તેનો નિત્યક્રમ બની જાય છે. તે પોતાની કાર એક વખત પાર્કિંગમાં પાર્ક કરતા હતા ત્યારે ખૂબ ઠંડા માહોલમાં પાર્કિંગની આજુબાજુમાં એક વૃદ્ધ ઉંમરનો મજૂર લારી વડે લોકોનો સામાન એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવાનું કામ કરી રહયો હતો. બરફીલા ઠંડા પ્રદેશમાં બરફના પડતા વરસાદ વચ્ચે આ મજૂરને જયારે કામ કરતા જોતો હતો ત્યારે તે વેપારી ખૂબ જ સંવેદનશીલ બની જતો હતો. એક વખત તેને વૃદ્ધ મજૂર પ્રત્યે એવી તો લાગણી થઇ કે પોતાનો રત્નજડિત પોશાક, મોંઘો રેઇન-કોટ અને કિંમતી આભૂષણો તેની પાસે ત્યારે જે કંઇ હતું તે બધું જ પેલા વૃદ્ધને આપી દીધું. વૃદ્ધ પણ ખૂબ જ ખુદ્દાર અને પરિશ્રમી હતો તેથી રેઇન-કોટ સિવાયનું બાકીનું બધું જ તેણે પેલા વેપારીને પરત કર્યું અને ચાલતો થયો.

આવો જ એક કિસ્સો વર્ષ ૧૯૬૧ માં ભાવનગરમાં બન્યો હતો. વર્ષ ૧૯૬૧ માં કૉંગ્રેસનું મહાઅધિવેશન તે વખતે ભાવનગરમાં યોજાઇ રહયું હતું. તત્કાલિન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ ભાવનગરમાં પધારશે તેવા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર ભાવનગરની અંધ ઉદ્યોગ શાળામાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી સમક્ષ સવારની પ્રાર્થના બાદ શિક્ષક દ્વારા વાંચવામાં આવ્યા. સમાચાર સાંભળી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મિત્રોએ નહેરુજીને મળવા માટે બ્રેઇલલિપિમાં વડાપ્રધાનનું સંબોધન કરી તેના પર બૉલપેનથી સરનામું લખાવીને પ્રધાનમંત્રી કાર્યાલયમાં પત્ર મોકલી આપ્યો. નહેરુજીએ બ્રેઇલપત્ર દિલ્હીમાં બ્રેઇલના જાણકાર પાસે વંચાવી તેનું અર્થઘટન કરાવી પોતાની નોટમાં ટપકાવી લીધું.

અધિવેશનના આગલા દિવસે ભાવનગરમાં જવાહરલાલ નહેરુનું આગમાન થવાનું હતું ત્યારે ભાવનગરના ડી.એસ.પી. અને કોંગ્રેસ અગ્રણીઓની મોટી ફોજ ઍરપૉર્ટ પહોંચી ગઇ હતી. પ્રધાનમંત્રીનું પ્લેન ઍરપૉર્ટ પર ઊતરતાં જ નહેરુજીએ ગાડીના ડ્રાઇવરને સૂચના કરી કે : 'ગાડી અંધ ઉદ્યોગ શાળા લઇ લો. મારે અંધજનોને મળવા જવાનું છે.' ડી.એસ.પી., કલેક્ટર અને બીજા અધિકારીઓ અવાક થઇ ગયા. પ્રધાનમંત્રીનાં કાર્યક્રમમાં આવી કોઇ મુલાકાત અગાઉ નકકી કરવામાં આવી ન હતી. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે અગાઉથી અંધશાળાનું નિરીક્ષણ પણ થયું ન હતું. તેમ છતાં અંધજનો પ્રત્યેની લાગણી અને તેમની દૃષ્ટિની મર્યાદાના કારણે તેઓ સામેથી પ્રધાનમંત્રીને એટલા પોલીસ કાફલા વચ્ચે કેવી રીતે મળવા આવી શકે ? તે વિચારી નહેરુજીએ આ તમામ સિરસ્તાની પરવા કર્યા વિના બધા કાર્યક્રમો પડતા મૂકી પ્રથમ અંધ ઉદ્યોગ શાળાની મુલાકાતે ઍરપૉર્ટથી સીધા પહોંચી જવાનું નકકી કર્યું. આ જ છે, સાચી 'સંવેદના.'

વિકલાંગતા વિધેયક - ૨૦૧૬ના સત્તર પ્રકરણમાં કુલ ૧૦૨ કલમોની અસંખ્ય પેટા કલમોમાં વિવિધ જોગવાયો કરી છે. ધારામાં સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં અનેક વિકલાંગોને તેના અધિકારો પ્રાપ્ત કરવા માટે આમતેમ ફાંફાં મારવા પડે છે. વારંવાર કચેરીઓના પગથિયાં ઘસવા પડે છે. અનેક કાનૂની જોગવાઇઓ પછી પણ જવાબદાર અધિકારીની મુલાકાત શકય બનતી નથી ને કાં તો કરેલી રજૂઆતોનાં યોગ્ય ઉત્તર મળતા નથી. આમ, સમાજરૂપી બાગમાંથી પણ સંવેદનાનાં અનેક ઉદાહરણ આપણી નજરે ચડે છે. આપણે ઉપરોકત બંને ઉદાહરણથી સમજી શકીએ છીએ કે-સમાજનાં એક માણસથી બીજા માણસ પ્રત્યેની સંવેદના અને સમાજનાં એક વર્ગથી બીજા વર્ગની સંવેદના સમજી એકબીજાની મદદ માટે હંમેશા આગળ આવવું જ જોઇએ અને તો જ સમાજનું પૈડું સાચી દિશામાં આગળ વધશે.



## ૨. વેદના પારખું સમ્રાટ

વ્હાલા વાચક મિત્રો, સંવેદનાની શોધ પુસ્તકનાં કેટલાક પ્રેરક પ્રસંગો અંતર્ગત આમસમાજના લોકોના હૃદયમાં રહેલી સંવેદનાને ઉજાગર કરવા પ્રયત્ન કરીએ.

એક રાજા હતો. તેના તાબા હેઠળ નાનું પણ સુંદર રાજય હતું. તેના રાજયની આજુ-બાજુમાં સુંદર વન આવેલું હતું. રાજા ખૂબ જ દયાળુ અને પ્રજાવત્સલ હતો પણ રાજાને શિકાર કરવાનો ભારે શોખ હતો. તે નિયમિત હિંસક પ્રાણીઓનો શિકાર કરતો. એવામાં એકવાર તે પોતાના નિત્યક્રમ મુજબ વહેલી સવારે શિકાર કરવા નીકળી જાય છે. એવામાં એક વિશાળ વૃક્ષ નીચે એક સિંહ બેઠો હતો અને તેની સામે પેલો શિકારી રાજા આવી ચડે છે. રાજાની નજર સિંહની આંખ પર પડે છે, જેથી રાજા સ્તબ્ધ થઇ જાય છે. સિંહની આંખમાંથી અનરાધાર આંસુની વર્ષા થતી હોય તેવો પ્રવાહ વહી રહ્યો હતો. આ જોઇ શિકારી રાજાના હૃદયમાં સંવેદના જાગે છે. તે ઘોડા પરથી નીચે ઉતરી સિંહ પાસે પહોંચી જાય છે અને સિંહના પગમાં તીક્ષ્ણ કાંટો વાગેલો જુવે છે. રાજા તે કાંટો સિંહના પગમાંથી ખેંચીને કાઢી નાખે છે. કાંટાની પીડા દૂર થતાં સિંહ શાંતિ અનુભવે છે. રાજાનો હૂંફાળો હાથ સિંહ પર ફરતા તે ગદ્‌ગદિત થઇ જાય છે. રાજા તે દિવસ શિકાર કરવાનું માંડી વાળે છે અને રાજમહેલમાં પરત ફરે છે. એવામાં થોડો સમય જતા પાડોશી રાજા તેનો રાજ વિસ્તાર વધારવાની ભૂખના કારણે લડાઇનું કહેણ મોકલે છે અને હુમલો પણ કરી દે છે. બંને વચ્ચે ખૂબ જ ભયાનક યુદ્ધ થાય છે જેમાં પેલા શિકારી રાજાનો ઘોર પરાજય થાય છે. રાજાને જીવતો પકડી બંદી બનાવી લેવામાં આવે છે. બંને રાજાઓ વચ્ચે વાગ્યુદ્ધ ચાલુ થાય છે. કેટલીક શરતો પણ મુકાય છે. વિજેતા રાજા શિકારી રાજા સાથે શરત મૂકે છે કે તમારે એક દિવસ સિંહ સાથે પાંજરામાં રહેવું પડશે. પરાજય પામેલ શિકારી રાજા કોઇ પણ રીતે વિજેતા રાજા સામે ઘૂંટણીએ પડવા ઇચ્છતો નહોતો. તે ખૂબ જ હિંમત રાખી ભગવાન ભરોસે પેલા

રાજાની શરતનો સહજ સ્વીકાર કરે છે. જંગલમાંથી એક સિંહ પકડી લાવવામાં આવે છે. સિંહને બે-ત્રણ દિવસ કોઇ પ્રકારનું ભોજન આપવામાં આવતું નથી; તેથી તે ભૂખથી આકુળ-વ્યાકુળ બનેલો છે. બીજા દિવસે પેલા કેદી રાજાને લાવી ભૂખ્યા સિંહના પાંજરામાં મોકલવામાં આવે છે. ભૂખ્યો સિંહ આગંતુક માણસના સ્વાગત માટે જે રીતે ઘરધણી દોડે છે તેમ ભૂખ સંતોષવા પેલા શિકારી રાજાને પાંજરામાં પૂરવામાં આવે છે તેવો તેનો કોળિયો કરવા દોડી જાય છે. બંનેની આંખો મળે છે ને સિંહ રાજાને ઓળખી જાય છે અને રાજાના નસીબ તો જુઓ તે સિંહ પેલો જ સિંહ હતો – જે વૃક્ષ નીચે કાંટાથી પીડાતો હતો, અશ્રુની ધારા વહેવડાતો હતો. અચાનક જાણે કે સિંહને બધું જ યાદ આવે છે અને તે પણ રાજા પ્રત્યે સંવેદનશીલ બની હુમલો કરવાને બદલે રાજાની આ હાલત જોઇ આંખોમાંથી અમી વરસાવે છે. બધા માટે આ ક્ષણ અચરજ પમાડે તેવી ઘડી બની જાય છે.

બે-ત્રણ દિવસથી ભૂખ્યા સિંહે સામે આવેલા શિકારને શું કામ જતો કર્યો તે સમજાય તેમ ન હતું. પરાજિત થયેલો શિકારી રાજા તેની શરત પૂર્ણ કરે છે અને આ રીતે યુદ્ધમાં પરાજય પામેલા રાજાનો વિજય થાય છે. અંતે વિસ્તાર વધારવાનાં હેતુથી યુદ્ધ કરનાર રાજા શિકારી રાજાને સત્વરે મુકત કરે છે. આ છે સંવેદનાની જીત ! રાજાએ સિંહના પગમાંથી કાંટો કાઢયો અને તે રીતે તેની સંવેદના પામ્યો. એક હિંસક પ્રાણી પ્રત્યે દાખવેલી સંવેદના આટલું ઊંચું પરિણામ આપી શકતી હોય તો જરૂરિયાતમંદ અથવા શારીરિક કે માનસિક રીતે અક્ષમ વ્યકિતઓ પ્રત્યે જે વ્યકિત કે સમાજ સંવેદના દાખવે છે તેવા લોકોને કેટલું ઉચ્ચ પરિણામ મળી શકે તે વિચારવું જ રહ્યું!

સંગીત અને સંવેદના વચ્ચે ગાઢ સંબંધ રહયો છે. એક પ્રજ્ઞાચક્ષુ વાયોલિનવાદક, સૂરોની સૂરાવલી પ્રસરાવી સૌ કોઇને મંત્રમુગ્ધ કરતો. નાના-મોટા કાર્યક્રમો આપે. ધીમે ધીમે સમય જતા તેના કાર્યક્રમોમાં મોટી ભીડ જમા થવા લાગી. એક દિવસ આ કલાકાર લાકડીના ટેકે ટેકે નિર્જન વિસ્તારમાં રસ્તો કાપી આગળ વધી રહયો હતો. વિશાળ વૃક્ષો વચ્ચે એકલો રસ્તો કાપી રહ્યો હતો. આ જોઇ કેટલાક



લૂંટારાઓ સંપત્તિની લાલચથી તેને પકડે છે. તેની પાસે જે કાંઇ હતું તે આપી દેવાની માગણી કરે છે. લૂંટારાઓ બધું જ લૂંટી લીધા પછી પેલું વાયોલિન જુએ છે. એ આના વિષે કશું જ જાણતા નથી એટલે અચરજથી તે પૂછે છે, ‘આ શું છે ? આ પણ અમને આપી દે...’ પેલો પ્રજ્ઞાચક્ષુ ગળગળા સ્વરે બોલે છેઃ આ વાદ્ય છે. તે પણ તમે મારી પાસેથી લઇ લેવા માગતા હો, તો મને આ વાદ્ય છેલ્લીવાર એક વખત વગાડી લેવા દો.’ લૂંટારાઓ તેના વિશે કશું જ જાણતા નથી તેમ છતાં તેઓ કહે છે-‘હા... ચાલ, જલદી પતાવ.’ હવે પેલો કલાકાર કે જે પ્રજ્ઞાચક્ષુ છે તે વાયોલિન પર પોતાનો એવો તો હાથ અજમાવે છે કે-લૂંટારાઓ જાણે કે બેબાકળા બની જાય છે. તે સાનભાન ગુમાવે છે. જેમ-જેમ વાયોલિનના સૂર લૂંટારાઓના કાને પડે છે તેમ તેમ તેમના હૃદયમાં પણ વાયોલિનના સૂરની સાથોસાથ સંવેદનાના સૂર પણ રેલાવા લાગે છે.

સંગીતની જાદુઇ અસર વચ્ચે લૂંટવા આવેલા લૂંટારાઓ ખુદ જ લૂંટાઇ જાય છે. તેમણે લૂંટેલી તમામ સંપત્તિ પેલા વાયોલિનવાદકના શરણે મૂકી નાચવા લાગે છે. કલાકો સુધી આમ ચાલ્યા કરે છે.આખરે કલાકાર વાયોલિન વગાડવાનું બંધ કરે છે લૂંટારાઓ હવે કલાકારના ચરણોમાં આવી માફી માગી કહે છે : ‘ચાલો, તમારે જયાં જવું હોય ત્યાં તમને મૂકી આવીએ. કારણ કે આવા અવાવરું માર્ગ પર તમને કોઇ હેરાન ન કરે. હવે અમે તમારા સેવક છીએ. તમે ઇચ્છો તે રીતે તમારી સેવા કરવા માંગીએ છીએ.’ આ સંદેશ સમાજરૂપી વાયોલિનમાં સેવારૂપી સંસ્થાઓ ગજ ચલાવી ખરી સંવેદના અને સેવાના સૂરનો સંવાદ સાધે છે ત્યારે પેલા કલાકાર અને લૂંટારાઓની જેમ પીડિત વિકલાંગ વર્ગ, આમસમાજ અને સરકાર વચ્ચે સંવેદનાનો સેતુ બંધાશે અને ખરા અર્થમાં એક ઉત્તમ સમાજનું નિર્માણ થશે.

આજે વિકલાંગો માટે ઘડાયેલ વિકલાંગતા વિધેયક-૨૦૧૬ ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયો તેને લગભગ બે વર્ષ જેટલો સમય થઇ ચૂકયો હોવા છતાં હજુ તેના અમલ માટે માળખાકીય યોગ્ય વ્યવસ્થાતંત્ર સ્થપાયું નથી. તેના પરિણામે રાજયમાં વિકલાંગોને ન્યાય મેળવવા માટે ખૂબ જ મુશ્કેલી વેઠવી પડી રહી છે. આ

બાબત સંવેદનશીલ સરકાર માટે ખૂબ જ ચિંતાજનક બાબત બનવી જોઇએ. આ અંગે સમાજના લોકોએ પણ આગળ આવી સમાજનો એક અખંડ હિસ્સો એટલે કે વિકલાંગ વર્ગ વતી સરકારને જાગૃત કરવા જોઇએ અને તો જ એક સુદૃઢ સમાજની રચના થશે.

## ૩. વેદનાની જીત

એક નાનું ગામ હતું. ગામની બરોબર મધ્યમાં એક બ્રાહ્મણનું ઘર આવેલું હતું. આ બ્રાહ્મણ અને તેની પત્ની પોતાના ત્રણ બાળકો સાથે જેમ-તેમ જીવન ગુજારો ચલાવતાં હતાં. કોઇવાર ખાવાનાં સાંસા પડી જાય ! છેલ્લા ત્રણ દિવસથી બ્રાહ્મણની પત્નીએ-ઘરમાં ખાવાનું કશું નહીં હોવાના કારણે ચૂલો પ્રગટાવ્યો જ ન હતો. બ્રાહ્મણ રોજની જેમ ભિક્ષાવૃત્તિ માટે સવારના નીકળી જાય છે. થોડું ખાવાનું-ઘઉંનો લોટ અને બીજું થોડુંઘણું પણ મળે છે. ઘરે પહોંચતા બ્રાહ્મણ આ બધું તેની પત્નીના હાથમાં મૂકે છે. તેની પત્ની ઝડપભેર રસોઇ બનાવવાના કામે લાગી જાય છે. રસોઇ તૈયાર થતાં પોતાના પતિદેવ અને બાળકોને ભોજન પીરસે છે. હવે પોતાને માટે એક થાળી જમવા માટે બચે છે. અચાનક કોઇ સાધુ દરવાજા પર ટકોરા મારે છે. દરવાજો ખોલતા જ સાધુ બોલી ઊઠે છે : ''મૈયા પાંચ દિનો સે કુછ ખાયા નહિ, કુછ મિલે તો ખિલાઓ.'' બ્રાહ્મણી વિચારે છે- 'મેં તો ત્રણ દિવસથી અનાજ ખાધું નથી પરંતુ સાધુ પાંચ દિવસથી ભૂખ્યા છે ! માટે મારે આ થાળી સાધુને જ પીરસી દેવી જોઇએ.' બ્રાહ્મણી તેમ કરે છે. આવું બીજા બે-ત્રણ દિવસ સુધી ચાલે છે. રોજ જુદા-જુદા વેશમાં સાધુ ઘરે પધારે છે અને આ રીતે ખાવાની માગણી બ્રાહ્મણી સમક્ષ કરતા રહે છે. બ્રાહ્મણી પોતાનો ધર્મ ચૂકતી નથી. તેમના આ વ્યવહારથી સાધુ ખુશ થાય છે અને પોતે બ્રાહ્મણીની પરીક્ષા માટે આમ કરી રહ્યા હતા તેનો સ્વીકાર કરે છે. તે આશીર્વાદ આપે છે કે : મારી ભૂખની તેં વેદના અનુભવી મને જે ભોજન આપ્યું છે તે જ તારા ઘરમાં સંવેદનાનો સાગર બનીને આવશે. થોડા સમય બાદ તે વિસ્તારના રાજાનું



અચાનક મૃત્યુ થાય છે. રાજા નિર્વંશ હોવાથી ગાદી સોંપવા માટે પ્રધાને નગરમાં જે પહેલો પગ મૂકે તેને રાજગાદી સોંપવાનું-રાજાની ઇચ્છા હોવાનું જાહેર કર્યું. વહેલી સવારના ભિક્ષાવૃત્તિના હેતુથી પેલો બ્રાહ્મણ નગરમાં પગ મૂકે છે તે જોઇ પ્રધાન તેનું સ્વાગત કરે છે. તેને હાથીની અંબાડી પર બેસાડી વાજતે-ગાજતે રાજમહેલમાં લાવવામાં આવે છે. મુહૂર્ત વગેરે કઢાવી તેને રાજગાદી પર બેસાડવામાંઆવે છે. આ છે વેદનાની જીત ! વેદના ભલે વ્યકિત પોતે અનુભવે પરંતુ એ જ વેદનાનો અનુભવ જયારે અન્ય વ્યકિતને થાય છે ત્યારે તે 'સંવેદના' બની જાય છે.

ભાવનગરના મુખ્ય શાકમાર્કેટ વિસ્તારમાં આવેલા વિમલ કટલરી સ્ટોરમાં બે અંધજનો પોતાની જીવનજરૂરી ચીજવસ્તુની ખરીદી માટે આજથી લગભગ ૪૩ વર્ષ પહેલા, તે સ્ટોર પર જાય છે. બંને અંધ વ્યકિતઓને આવેલા જોઇને વેપારી સંવેદનશીલ બને છે. કેટલાક પ્રશ્નો પણ પૂછે છે. અંધજનો આ બધા પ્રશ્નોના જવાબ જેમ-જેમ આપતા જાય છે તેમ તેમ વેપારીની જિજ્ઞાસાવૃત્તિ વધતી જાય છે. હવે વેપારીના દિલમાં સંવેદનાનો સાગર હિલોળે ચડે છે. તે અંધજનોને પૂછી જ નાખે છે : ''હું તમારી શાળામાં આવી શકું ?'' અંધજનો બોલી ઊઠે છે : 'હા, હા, અમને બહુ ગમશે, તમે કયારે આવશો ?' વેપારી કહે : 'રવિવારની રજામાં.' આ વેપારી એટલે વિનોદરાય હરિલાલ શાહ કે જેમણે મૃત્યુપર્યંત ૩૩ વર્ષ સુધી શાળાનું પાણી પણ પીધા વગર અવિરત પ્રત્યેક રવિવારે શાળાની મુલાકાત લઇ અંધજનોને ન્યૂઝપેપરનું વાંચન, વિવિધ ચીજ વસ્તુઓની ઓળખ, બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા નાની મોટી સ્પર્ધાઓનું આયોજન, પ્રવાસ-પર્યટન, ચલણી નાણાની ઓળખ, અનાજ અને કઠોળની ઓળખ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવી તાલીમ પામેલા શિક્ષકો જે કામ ન કરી શકે તેવું અમૂલ્ય કાર્ય કોઇ પણ પ્રકારના વેતન વગર એક પણ રવિવારની રજા પાડયા વિના અવિરત ત્રણ-સાડા ત્રણ દાયકા સુધી આ કાર્ય કરી પોતાની સાચી સંવેદનાનાં પ્રજ્ઞાચક્ષુઓને દર્શન કરાવી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. આ વિનોદરાય હરિલાલ શાહનું ૦૫ ઑગસ્ટ, ૨૦૦૮ના રોજ જયારે દુઃખદ

અવસાન થયું ત્યારે સેંકડો અંધજનોએ ખરા વાત્સલ્યનું સાનિધ્ય ગુમાવ્યું. એકત્રિત થયેલા અંધજનોએ આ વીરપુરુષનું નામ કાયમને માટે જીવંત રહે તે માટે ''વિનુભાઇ શાહ સ્મૃતિ સમિતિ''ની રચના કરી, માતબર રકમ એકત્રિત કરી તેમના નામે સંસ્થામાં કાયમી પારિતોષિક યોજના અમલમાં મૂકી. પ્રત્યેક પુણ્યતિથિની યાદગાર ઉજવણી માટે પ્રતિવર્ષ પાંચમી ઑગસ્ટના રોજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ ભંડોળમાંથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. વેદના અને સંવેદનાનો આ જ સાચો સંવાદ છે. તેમના ભગિની ભાનુબેન હરિભાઇ શાહ પ્રત્યેક પુણ્યતિથિએ ઉપસ્થિત રહી બાળકોને વિનુભાઇ શાહની જેમ જ હૂંફ પૂરી પાડે છે. શ્રી વિનુભાઇના પુત્ર વિશાલભાઇ શાહ વિનુભાઇના પગલે રવિવારની રજામાં પોતાના પિતાની જેમ જ સેવાનો નવો ચીલો ચાતરી રહયા છે. વિશાલભાઇના ધર્મપત્ની સિદ્ધિબેન, નાનકડી દીકરી હાર્દિ તેમને આ સેવાકીય કાર્યમાં હૂંફ આપી રહયાં છે. સમાજમાં જયારે આ રીતે સંવેદનાની સરિતા વહેતી થશે ત્યારે જ સંવાદનો સેતુ સધાશે.

કાવ્ય પંકિતમાં કહી શકાય :

વર્ષી વાદળી વેદનાની, થઇ સરિતા સંવેદનાની,
મહેકી રહ્યો છે બાગ માનવતાનો, મુરઝાય નહીં એ છોડ પારિજાતનો.
મારું-તારું કરતા મરી જવાના, મુલક થશે મસાણ,
વાત વસમી ભલે હોય, કાશ, વ્યાકુળ થઇ જવાય,
અન્યના આંસુ લૂછી, જીવન જીવી જવાય.

## ૭. હવે તે અનાથ નથી

એક ગામ હતું. આ ગામમાં દયાળુ, કર્મનિષ્ઠ એક નગરશેઠ રહેતા હતા. આ નગરશેઠનો પરિવાર સંવેદનશીલ, દયાળુ અને બીજાના કામમાં હંમેશા આવવાની તક મેળવી લઇ પોતાના જીવનમાં સુખની અનુભૂતિ ખરા અર્થમાં પામવા યત્નશીલ



રહેતો હતો. નાનો અને સુખી પરિવાર ગામના લોકો માટે આશીર્વાદરૂપ બન્યો હતો. સારા-નરસા પ્રસંગોએ નાની-મોટી આર્થિક મદદ માટે ગામના લોકો હંમેશા નગરશેઠના દ્વાર ખખડાવતા. આવનાર પ્રત્યેક વ્યકિતને નગરશેઠ કે તેના પરિવાર દ્વારા જરૂર નાની-મોટી સહાય મળી રહેતી. આ નગરશેઠને બે પુત્ર હતા. તેનો નાનો પુત્ર એક સામાજિક પ્રવૃત્તિ કરતી સંસ્થામાં ફરજ બજાવતો હતો. નાના પુત્રની પત્ની પણ એક ગર્ભશ્રીમંત પરિવારમાંથી પરણીને આવી હતી. આ દંપતીને એક દીકરો અને એક દીકરી હતાં. તે શાળામાં ભણતાં હતાં. તેઓ શાળાનું હોમવર્ક દાદાજીની મદદથી સમયસર પૂરું કરતાં. દાદાજી સંસ્કારસિંચનના ભાગરૂપે કેટલીક વાતો હંમેશા કરતા રહેતા, વાર્તાઓ પણ કહેતા. એક દિવસની વાત છે. નાના પુત્રની પત્ની રસ્તા પર પસાર થઇ રહી હતી. તે પોતાના બન્ને બાળકોને શાળા બસમાંથી ઉતરતાં પહેલાં સંભાળીને ઘરે લઇ આવવા અગાઉથી પહોંચી જવા ભારે ઉતાવળમાં હતી. અચાનક રસ્તા પર તેને ઝીણો અવાજ સંભળાય છે. તાજું જન્મેલું બાળક રડતું હોય, કણસતું હોય તેવો અવાજ તેના કાને પડે છે. કચરાપેટીમાં તપાસ કરતાં ખરેખર તાજું જન્મેલું બાળક મળી આવે છે. આ બાળકને તે ઉઠાવી લે છે, તેને સાફ કરે છે અને પોતાની ગોદમાં લઇ લે છે. થોડા સમય પછી બાળકને ઊંચકીને તે ચાલવાનું શરૂ કરે છે. સ્કૂલ બસમાંથી ઊતરેલા પોતાના બન્ને બાળકોને સાથે લઇ, મળી આવેલા બાળક સાથે તેઓ ચારે જણ પોતાના ઘરે પહોંચે છે. બાલ્કનીમાં બેઠેલા નગરશેઠ સ્કૂલથી આવતા બાળકો અને પોતાની પુત્રવધૂને જોઇ સામે આવે છે. પુત્રવધૂ પાસે નાનકડું બાળક જોઇને આશ્ચર્ય સાથે પૂછે છે : 'આ બાળક તારી પાસે કયાંથી ?' પુત્રવધૂ ઉત્તર આપે છે : 'તેને કોઇ નરાધમ કચરાપેટીમાં ફેંકી ગયું હતું. બાળકનો રડવાનો, કણસવાનો અવાજ મારા કાને પડયો. મેં તપાસ કરી અને આ કુળદીપક જેવું બાળક મળી આવ્યું. હવે હું તેને મારું પોતાનું બાળક સમજુ છું. હવે તે અનાથ નથી. તે મારા વાત્સલ્ય નીચે મોટું થશે અને સૂરજ-ચંદ્રની જેમ પોતાના ક્ષેત્રમાં પ્રકાશિત બનશે એટલે કે પ્રગતિ પામશે. હું આ બાળકને ખૂબ ભણાવીશ. જયારે આ બાળક સિદ્ધિના શિખરો સર

કરશે ત્યારે કચરાપેટીમાં ફેંકી જનાર તેની જનેતાને ખબર પડશે કે તેણે આ રીતે ઈશ્વરના પ્રસાદનો અનાદર ન કર્યો હોત તો આ બાળક તેનું પોતાનું ગૌરવ બનત.પોતાના પરિવારનું તારણહાર બનત.' નગરશેઠ આ સંવાદ સાંભળી સ્તબ્ધ થઇ જાય છે. આજે તેની આંખોમાં હર્ષના અશ્રુ ટપકી પડે છે. તે વિચારોના વંટોળ વચ્ચે ખૂબ ઝડપથી પોતાનું સંતુલન સાધે છે. આજે શેઠની ખુશીનો પાર નથી, કારણ કે પોતાના દ્વારા અપાયેલા સંસ્કારનું પરિણામ પોતાના જ પરિવાર દ્વારા મળ્યું હતું ! પુત્રવધૂએ પરિવારની પરંપરાને વધારે આગળ લઇ જઇ સાચી માનવતાના દર્શન કરાવતું કાર્ય આજે કર્યું હતું. નગરશેઠ પાસે તેનો પ્રતિભાવ આપવા શબ્દો મળતા ન હતા. તે એટલું જ બોલી શકયા : 'દીકરી, તેં આજે બે કુળ દીપાવ્યા છે - એક તારા પિતાનું કુળ અને બીજું આપણું કુળ. તારી તમામ આશા, આકાંક્ષા ભગવાન પૂર્ણ કરે તેવી હું પ્રાર્થના કરું છું.'

સમય પાણીની જેમ વહેવા લાગ્યો. મળી આવેલા બાળકનું નામ તેની આશ્રિત માતાએ કર્ણ પાડયું હતું. કર્ણ પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજ સુધીના શિક્ષણમાં હંમેશા પ્રથમ નંબરે રહેતો. તે શાળા અને કૉલેજ શિક્ષણના કાર્યકાળ દરમિયાન લોકસેવાની પ્રવૃત્તિમાં હંમેશા મોખરે રહેતો. કૉલેજની એક શિબિર દરમિયાન તેને અનાથ બાળકોની શાળાની મુલાકાતે લઇ જવામાં આવ્યો. આ શાળાના વર્ગખંડો, છાત્રાલય, ભોજનાલય, પ્રયોગશાળા, કૉમ્પ્યૂટરલેબ, શાળાનું ઉત્પાદન કેન્દ્ર વગેરે વિભાગોની મુલાકાત લીધા પછી શાળાના સંચાલિકાએ મુલાકાતી શિબિરાર્થીઓને સંબોધતા જણાવ્યું કે : 'પ્રત્યેક બાળક દેશનો આવતીકાલનો નાગરિક છે. તેના શિક્ષણ અને પુનઃસ્થાપન માટે સરકાર અને સમાજ સહિયારો પ્રયાસ કરે તો જ પ્રત્યેક બાળકને ઉત્તમ શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને રોજગારીની તક મળી શકે. અમારી સંસ્થા આ દિશામાં પા-પા-પગલી કરી રહી છે. એક વિદ્વાન તાલીમ પામેલ કર્મનિષ્ઠ સંચાલકની સંસ્થાને થોડા સમયમાં જરૂર પડશે. ઘણા વર્ષોથી હું આ સંસ્થાનું સંચાલન કરી રહી છું, પરંતુ હવે મારી ઉંમર પાકી ગઇ છે



અને શારીરિક સમસ્યાઓનો સામનો કરી રહી છું. તેથી જો સમયસર સેવાભાવી સંચાલક નહીં મળે તો આવી વિકાસ પામેલ સંસ્થા નામશેષ થશે. તેના ભવિષ્યની ચિંતા મને દિન-પ્રતિ-દિન સતાવી રહી છે.' સંસ્થા સંચાલિકાના સંવેદનશીલ વકતવ્યની અસર શિબિરાર્થી કર્ણ પર થાય છે. તે વિચારોમાં ખોવાય જાય છે. હું જ આ કામ શા માટે ન કરી શકું ? મારે જ આ જવાબદારી અદા કરવી જોઇએ. મારા માતા-પિતાની મંજૂરી લઇ હું સંસ્થા સંચાલિકા બહેનને મારો નિર્ણય જણાવી, તેમને જરૂર સાંત્વના આપીશ. તે પોતાના માતા-પિતાને બધી જ વાત કરે છે. વાત સાંભળતાં જ માતા રોમાંચ અનુભવે છે. એક અનાથ બાળક બીજા અનાથોનો પિતા બનવા શી રીતે સામર્થ્ય મેળવી લેતો હશે ? આ કૃપા તો ઇશ્વરની જ કહેવાય ને ! મનોમંથન કરી તે પોતાના બાળક કર્ણને તેમ કરવાની સંમતિ આપે છે. કર્ણ માતા-પિતાની સંમતિ મળતાં જ સંસ્થા સંચાલિકા પાસે પહોંચી જાય છે. અનાથાશ્રમના સંચાલિકા પોતાનો સંપૂર્ણ કાર્યભાર કર્ણના શિરે મૂકે છે. કર્ણ સંસ્થાનો એવો તો કાર્યભાર ચલાવે છે કે-આ અનાથાશ્રમનું નામ દુનિયાભરમાં ગુંજવા લાગે છે. કર્ણની કરુણાની એવી તો જાદુઇ અસર થાય છે કે સંસ્થાની કોઇ પણ જરૂરિયાત માંગણી કર્યા વિના મિનિટોમાં જ પૂર્ણ થતી. વિશ્વભરમાં આ રીતે સંસ્થાએ અનાથ બાળકોની સેવાના ક્ષેત્રમાં નામના મેળવી નોબલ પુરસ્કાર પ્રાપ્ત કર્યો ! આ બધાની પાછળ વેદનામાંથી નિપજેલ સંવેદના છે ! વેદના અને સંવેદના વચ્ચે સેતુ જોડાશે ત્યારે જ સાચી માનવતાનો માર્ગ પ્રસ્થાપિત થશે.

ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા સેવાના ક્ષેત્રે જયારે નવો ચીલો ચાતરી રહી છે ત્યારે વેદના અને સંવેદનાનાં સંવાદથી અનેક યુવાવર્ગ સંસ્થાની પ્રવૃત્તિઓમાં દિન-પ્રતિ-દિન જોડાઇ રહ્યો છે. ઑગસ્ટ માસના પ્રથમ રવિવારે વિશ્વભરના યુવાનો ફ્રેન્ડશિપ-ડે ઊજવતા હોય છે. ૫ ઑગસ્ટ, ૨૦૧૮ ના રોજ મુંબઇના 'અનમોલ ગ્રૂપ' દ્વારા આવા જ ફ્રેન્ડશિપ-ડે ની ઉજવણી ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે કરીને એક નવો

દાખલો બેસાડયો છે. લાખો અને કરોડોના માલિક કહી શકાય એવા પરિવારના લોકો છેક મુંબઇથી ભાવનગર આવીને સાંજ સુધી અનોખી રીતે આ દિવસની ઉજવણી શાળાના બાળકો સાથે કરે તે જેવી તેવી બાબત નથી. ખરું પૂછો તો આ તો છે- વેદના અને સંવેદનાનો સંવાદ. જયારે આવો સંવાદ આમસમાજમાં વધુ ને વધુ - અનમોલ ગ્રૂપની જેમ ચાલતા ગ્રૂપ અને જૂથ ઊજવતા થશે ત્યારે જ ભારતીય સંસ્કૃતિની સાચી પરંપરાનું નિર્માણ થશે. આ દિશામાં ભાવનગર વાઘાવાડી રોડ પર આવેલો સેમસંગ શોરૂમ અને NITSAN પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ ૧૫-મી ઑગષ્ટના રોજ ૭૨-મા સ્વતંત્રતા દિવસની અનોખી રીતે પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે ઉજવણી કરી ભાવેણાની શાન વધારી છે. જે દેશની આન-બાન અને શાનમાં વૃદ્ધિ કરે છે. આમ, વેદના અને સંવેદના દ્વારા ઉત્તમ સમાજનું શી રીતે નિર્માણ થઇ શકે છે ? તેની પ્રેરણા આપણને ઉપરોક્ત ઉદાહરણમાંથી મળે છે.

વિકલાંગતા વિધેયક-૨૦૧૬ની સંસદ દ્વારા કાનૂની જોગવાયોને બહાલી મળ્યા પછી પણ તેની માળખાકીય વ્યવસ્થાનાં અભાવે અનેક બાધક સીમાઓના કારણે વિકલાંગોને યોગ્ય લાભ મળતો નથી. જયારે અનમોલ ગ્રૂપ, સેમસંગ અને NITSAN પ્રાઇવેટ લિમિટેડ કંપનીની પ્રેરણા અભિભૂત કરશે ત્યારે જ વિકલાંગોને સંવેદનાની સાચી અનુભૂતિ થશે.

## ૫. સંવેદનાએ પ્રગટાવી પ્રગતિની જ્યોત

અઢી-ત્રણ હજાર વર્ષ પહેલાની વાત છે. યુરોપ સહિતના દેશોમાં તે વખતે જન્મથી કે જન્મ પછી આવતા અંધત્વને અભિશાપની નજરે જોવામાં આવતો હતો. ઇંગ્લેન્ડના એક ગામડામાં આવા જ એક જન્મેલા બાળક સાથે ઘટેલી ઘટના વિશે જાણવા જેવી રસપ્રદ વાત છે. સ્વરૂપવાન અને સંપૂર્ણ રીતે તંદુરસ્ત જન્મેલા આ બાળકનું નામ જૉન મેડ કાફે હતું. પરંતુ આ બાળક અઢી-ત્રણ વર્ષનું થાય તે પહેલાં પોતાની બંને આંખોની જયોતિ ગુમાવે છે. પરિવાર અને તેના માતા-પિતાને પણ



આવું થવાનું કારણ કોઇ અભિશાપ હોવાનું લાગવા માંડે છે. આ પરિવાર સાથે સમાજનો વ્યવહાર પણ બદલાવા લાગે છે. તેના ઘરમાં કોઇ પાપી આત્માએ જન્મ લીધો છે તેના કારણે તે એકાએક અંધત્વનો ભોગ બન્યો છે તેવી માન્યતાને કારણે, તેની સાથે તિરસ્કાર ભર્યો વ્યવહાર શરૂ થાય છે. આખરે પરિવાર આ બાળકને અવાવરું જગ્યા પર મૂકી આવી તેનાથી છુટકારો મેળવી લે છે. થોડા સમય પછી પરિવાર સાથે સમાજનો વ્યવહાર બદલાવા લાગે છે. જયારે બીજી તરફ અવાવરું જગ્યા પર છોડી દેવામાં આવેલા બાળકને કોઇ સંવેદનશીલ વ્યકિતનો ભેટો થાય છે. તે આ બાળકનો સામાન્ય બાળકની જેમ જ ઉછેર કરવા લાગે છે. સમય જતા આ બાળક ઘોડેસવારી, બગડેલી ચીજવસ્તુનું રિપેરિંગ અને અવનવી પદ્ધતિઓનો વિકાસ અને સંશોધન માટે કામ કરવા લાગે છે. પાછળથી તે કુશળ તરવૈયો બને છે. સમુદ્રમાં તે માઇલો સુધી દૂર જઇ અનેક સનેત્ર વ્યકિતઓ માટે પણ ભોમિયાની ભૂમિકા ભજવવા લાગે છે. જોજનોની મુસાફરી કરી તેમણે શ્રેષ્ઠ ભોમિયાની નામના મેળવી હતી.

જયારે ઘોડેસવાર તરીકે તે એટલો તો પાવરધો હતો કે એક ઇંગ્લિશ કન્યા એકાએક તેનાથી મોહિત બની કે જે એક કલાક બાદ અન્ય પુરુષ સાથે પરણવાની હતી તે વિચાર માંડીવાળી તેણે આ કુશળ ઘોડેસવાર સાથે લગ્ન કરી લઇ સૌ કોઇ માટે આશ્ચર્ય સર્જ્યું હતું. આ જૉન મેડ કાફે એટલે પાકા રસ્તા તૈયાર કરવામાં ભાંગેલા પથ્થરોનો ઉપયોગ કરવાનો પ્રારંભ કરનાર વિશ્વભરનો પ્રથમ વ્યકિત. જેના કારણે સમગ્ર વિશ્વમાં કરોડો માઇલનાં આપણે પાકા રસ્તા તૈયાર કરી શકયા છીએ. આવી કુશળતા તે કઇ રીતે મેળવી શકયો હશે ! એકાએક આવેલા અંધત્વના કારણે તેના પરિવારે સમાજથી ડરીને પોતાના જ બાળકનો ત્યાગ કર્યો હતો, છતાં કોઇ સંવેદનશીલ વ્યકિતત્વના કારણે ઇશ્વરની કૃપાથી તેનું ઘડતર અને ચણતર થયું; તેના કારણે આ શકય બન્યું હોય તેમ કહી શકાય. વિશ્વમાં આવી અનેક પ્રતિભાઓને આ પ્રકારની સંવેદના જન્મ આપી શકે. જરૂર હોય છે - શુદ્ધ હૃદયથી આવી વ્યકિતઓને

સ્વીકારી તેમના પ્રત્યે સંવેદના દાખવવાની. સંવેદનારૂપી સરિતા જયાં પણ વહે છે ત્યાં વિકાસની લીલોતરી છવાઇ જાય છે.

૧૯૨૮માં ભાવનગરના તે વખતના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી મુંબઇની મુલાકાતે ગયા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે મુંબઇ વિકટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધી બ્લાઇંડની મુલાકાત લીધી. શાળામાં બધા જ અંધ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તે વખતે વિદ્યાર્થીઓને શિક્ષણને બદલે નાના-મોટા ગૃહ ઉદ્યોગો શીખવવામાં આવતા. જેમાં નેતરની ખુરશી ગૂંથવાનો ઉદ્યોગ મુખ્ય હતો. આ ઉપરાંત બીડી કામ, સિલાઇ કામ, પેકિંગ, મસાજ અને તેના જેવા ઘણા કામો શીખવવામાં આવતા હતા. આ શીખવેલા કામનું મૂલ્યાંકન કરવાના હેતુથી સમયાંતરે તેની સ્પર્ધાઓ યોજવામાં આવતી. આવા જ હેતુસર શાળામાં નેતરની ખુરશી ગૂંથવાની સ્પર્ધા યોજાઇ હતી. ભાગ લેનાર પ્રત્યેક અંધ વિદ્યાર્થી ખુરશી ગૂંથણ માટે ઝડપથી આંગળીઓ ચલાવી રહ્યા હતા. જેમાં 'નટુ દોલત ઓઝા' સૌથી મોખરે હતા. તેમણે સૌથી પ્રથમ પોતાનું કામ પૂરું કર્યું એટલે કે બે સવા બે કલાકમાં પોતાની ખુરશી તૈયાર કરી વિજેતાનો દાવો રજૂ કરી દીધો નિર્ણાયકોએ નિર્ણય પણ જાહેર કર્યો. નટુ દોલત ઓઝાને નેતર ગૂંથણ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક આપવા માટે સમારંભ યોજાય છે. સમારંભનાં મુખ્ય મહેમાન મુલાકાતી મહારાજા ભાવેણાના શિરોમણી બને છે. પારિતોષિક લેવા આવેલ નટુને પુરસ્કાર આપતા પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી 'નેતરવાળા'નો ઇલકાબ આપે છે. ત્યારથી તે એન. ડી. નેતરવાળા નામે જાણીતો બને છે. આ જ વિજેતા વિદ્યાર્થીને મહારાજા અંગત રીતે મળે છે. તેની સાથે ઘણી વાતો કરે છે. પરિચય દરમિયાન મહારાજાને ખબર પડે છે કે આ વિદ્યાર્થી તો પોતાના જ ભાવનગર રાજયના ઉમરાળા ગામનો વતની છે. તે પૂછે છે, 'તું અહીં ?' નટુ કહે છે 'બાપુ, આપણા રાજયમાં અંધજનોને શિક્ષણ આપે તેવી શાળા કયાં છે ?' આ ઉદ્‌ગારથી મહારાજાની સંવેદના જાગે છે. તે ભાવનગર આવતા જ શ્રેષ્ઠીઓની મીટિંગ બોલાવે છે. શાળા ચલાવવા એક કમિટીની રચના કરવામાં આવે



છે. નગરશેઠ છગનભાઇ શાહ શાળા શરૂ કરવા પોતાનો બંગલો વગરભાડે શાળાના મકાનનું નિર્માણ થાય ત્યાં સુધી આપવાની શરતે શાળા સંચાલક સમિતિને સોંપે છે અને આ રીતે સત્યનારાયણ રોડ પર છગનદાસ શાહના બે પુત્રો વિઠ્ઠલદાસ અને શ્રી મનહરદાસ શાહના માર્ગદર્શન નીચે પોતાના જ બંગલામાં માત્ર પાંચ વિદ્યાર્થીઓથી ભાવનગરમાં અંધશાળાનો પ્રારંભ થાય છે. આ જ શાળા આજે રાજયની શ્રેષ્ઠ શાળા બની ચૂકી છે, જેમાં પણ મહારાજાની સંવેદના કારણભૂત ગણી શકાય. કેટલીક વખત આપણને પણ અનાયાસે આવા વ્યકિતઓનો પરિચય થતો હોય છે. પરંતુ તે તરફ આપણે લક્ષ્ય આપતા નથી. લક્ષ તો વ્યકિત ત્યારે જ આપી શકે જયારે તેના દિલમાં સંવેદના જાગે. સંવેદના એવા જ દિલમાં જાગતી હોય છે જયાં વેદનાનો જન્મ થયો હોય. જેમણે કદી વેદના અનુભવી નથી તે કદાપિ સંવેદનાનો માલિક બની શકતો નથી. આપણે જોયું કે એક સંવેદનાએ વિશ્વભરને મજબૂત પાકા રસ્તાની ભેટ આપી, જયારે બીજી સંવેદનાએ પ્રજ્ઞાચક્ષુઓને અસરકારક શિક્ષણ આપી શકે તેવી રાજયની મોખરાની શાળા આપી. સમાજમાં જયારે આ રીતે વેદનામાંથી સંવેદના ઉદ્‌ભવતી રહેશે ત્યારે જ મજબૂત અને સુંદર સમાજનું નિર્માણ થશે.

ભાવનગરના નેક નામદાર પ્રજાવત્સલ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ શાળા સ્થાપવા માટે માત્ર કમિટીની જ રચના કરી એવું નથી. તેમણે શાળા ચલાવવા રાજ તરફથી અનુદાન આપવાનું પણ ઠરાવ્યું હતું. જોકે ૧૯૪૭માં આપણને આઝાદી મળી તેના જ પગલે દેશ પ્રજાસત્તાક બને તેવા હેતુથી ભાવનગરના મહારાજાએ સૌ પ્રથમ રાજ અર્પણ કરી સાચા રાજવીનાં દર્શન કરાવ્યા એ ખરું, પરંતુ તેનાથી અંધજનોએ તો સાચા રાહબર ગુમાવ્યા હતા; કારણ કે આજે પણ આ સંસ્થાના પ્રાથમિક વિભાગમાં સરકારશ્રી દ્વારા આચાર્યની જગ્યા મંજૂર કરવામાં આવી નથી, તેમજ વયમર્યાદાના કારણે ખાલી પડેલી શિક્ષકોની જગ્યાઓ ભરવામાં આવતી નથી. બાળકોની સારસંભાળ રાખવા વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી વર્ષોથી બંધ છે. વર્ષો પહેલાં મુકાયેલ ૨૦% કર્મચારી ભરતી કાપનાં લીધે બાળકોના રસોઇઘરની તમામ

જગ્યાઓ ખાલી છે. જોકે આ બધી પરિસ્થિતિઓમાં સંઘર્ષ કરતા અંધજનો માટે 'દિવ્યાંગ' શબ્દ આપી સમાજ અને સરકારે તેનું સન્માન વધાર્યું છે, તે સ્વીકારવું રહ્યું; પરંતુ તેના માટેની સાચી સંવેદના જગાડવાની જરૂર છે.

## ૬. કરેલું કોઇનું જતું નથી

એક કૉલેજમાં પ્રાધ્યાપક વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા. આજે વર્ગખંડમાં પ્રાધ્યાપક એક નવા સંદેશ સાથે, નવી વાત સાથે આગવા સમાજની રચના માટે વિદ્યાર્થીઓને પોતાની ભૂમિકા સમજાવવા માટે તદ્દન જુદી રીતે ઓતપ્રોત કરી, તેના હૃદય સુધી પહોંચવા માગતા હતા. પ્રાધ્યાપકે સમાજરચનાના નિયત પાઠયક્રમમાં મુકાયેલા એકમને પ્રસ્તુત કરવા આગવી શૈલી સાથે વિષયનો પ્રારંભ કરતા કહ્યું : 'જો વિદ્યાર્થી મિત્રો, આજે આપણે ઉત્તમ સમાજરચનાના સમાજના પ્રત્યેક અંગોને વિકસાવવા સમાજ અને સત્તાધીશોએ ભેગા મળી કેવી રીતે કામ કરવું જોઇએ ? તે વિષય પર વિસ્તૃત ચર્ચા કરવી છે, પરંતુ તે પહેલા હું તમારી સમક્ષ એક પ્રયોગ રજૂ કરવા માગું છું. જેને ઝીણવટપૂર્વક નિહાળી હું જે પ્રશ્ન પૂછું તેના ક્રમશઃ આંગળી ઊંચી કરી હું જણાવું તે મુજબ તમારે સૌએ ઉત્તર આપવાના છે. ટેબલ પર પ્રાધ્યાપક એક બરણી મૂકે છે. બરણીમાં સૌ પ્રથમ નાના નાના દડા નાખવામાં આવે છે અને પછી પ્રાધ્યાપક સામે બેઠેલા વિદ્યાર્થીઓને પૂછે છે : 'વિદ્યાર્થી મિત્રો, આ બરણી ભરેલી છે કે ખાલી ? બધા કહે છે : 'સાહેબ, બરણી ભરાઇ ગઇ છે.' હવે પ્રાધ્યાપક થોડી લખોટીઓ ઉપાડે છે અને તે જ લખોટીઓ પેલી બરણીમાં બરણીને ધીમે ધીમે હલાવતા-હલાવતા નાખતા જાય છે. બરણી ઠસોઠસ ભરાઇ જતા પ્રાધ્યાપક ફરી વિદ્યાર્થીઓને પૂછે છે : ''જુઓ, હવે બરણી બરાબર ભરાઇ ગઇ ને ! '' વિદ્યાર્થીઓ એકી અવાજે બોલી ઊઠે છે : 'સાહેબ, હવે તો બરણી પૂરી ભરાઇ ગઇ. હવે તો તેમાં જગ્યા રહી જ નથી.' પ્રાધ્યાપક થોડી રેતી હાથમાં લે છે અને તે પણ પેલી બરણીમાં નાખે છે. દડા અને લખોટીઓ વચ્ચે આ રેતીના કણો ગોઠવાઇ જાય



છે. ફરી પ્રાધ્યાપક વિદ્યાર્થીઓને પૂછે છેઃ 'જુઓ બરણી...' વિદ્યાર્થી પ્રશ્ન પૂરો થાય તે પહેલાં જ બોલી ઊઠે છે : 'અરે ! વાહ સર, હવે તો તેમાં જગ્યા જ નથી એટલે કે બરણી પૂરેપૂરી ભરાઇ ગઇ છે. પ્રાધ્યાપક ટેબલ પર પડેલી પાણીની બોટલ ઉઠાવે છે અને તેમાંથી પાણી બરણીમાં ઠાલવવા લાગે છે. બોટલ આખી ખાલી થઇ જાય છે. વિદ્યાર્થીઓ આ ઘટનાને તાળીઓના ગડગડાટથી વધાવે છે. બધા વિચારમાં પડી જાય છે. ગુરુજીએ પ્રથમ નાના દડા બરણીમાં ભર્યા ત્યારે પણ આપણે કહ્યું હતું કે : 'બરણી સંપૂર્ણ ભરાઇ ગઇ છે.' તેમ છતાં ગુરુજીએ તેમાં કેટલીક લખોટીઓ સમાવી. આપણને પૂછયું હતું કે 'હવે કેમ લાગે છે ?' ત્યારે પણ આપણે કહ્યું હતું કે : 'બરણીમાં હવે તો જગ્યા જ નથી.' તેમ છતાં ગુરુજીએ તેમાં રેતી સમાવી ફરી આપણને પૂછયું કે, 'હવે બરણી ભરાઇ ગઇ છે તેવું તમને લાગે છે ?' આપણે સૌએ એકી અવાજે કહ્યું હતું કે : 'હવે તો સર, બરણીમાં બિલકુલ જગ્યા જ નથી.' તેમ છતાં ગુરુજીએ તેમાં પાણીની આખી બોટલ ખાલી કરી બરણીમાં હજુ જગ્યા છે તે પુરવાર કર્યું , તે ખરેખર અચરજ કહેવાય !

મિત્રો, મારુંતમારું પણ આ વિદ્યાર્થી જેવું જ છે. આપણે જેને દૃષ્ટિહીન, શ્રવણમંદ, માનસિક પછાત, સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, શારીરિક વિકલાંગ કહીએ છીએ તે પણ પેલી બોટલના પાણી જેવા સમાજમાં ભળી જઇ શકે તેવા જ માનવ છે. જેને સમાજનું અભિન્ન અંગ ગણી શકાય તેવા મૂલ્યવાન વિકલાંગ વ્યકિતઓ પ્રત્યે સમાજ અને સરકાર દ્વારા જાણ્યે-અજાણ્યે કોઇ ને કોઇ પ્રકારનો દુર્લક્ષ સેવાય છે. ખરેખર, પ્રાધ્યાપકની વાતને સમજવાની જરૂર છે. બરણીરૂપી સમાજમાં જયારે પ્રત્યેક વર્ગનો પ્રાધ્યાપકની જેમ સમાવવા હકારાત્મક દૃષ્ટિકોણ કેળવાશે ત્યારે જ ઉત્તમ સમાજનું નિર્માણ થઇ શકશે. જે રીતે મજબૂત મકાન બાંધવા રેતી અને સિમેન્ટમાં પાણી ભેળવવું જરૂરી હોય છે તેવી જ રીતે ઉત્તમ સમાજની રચના માટે સંવેદનાની જરૂર પડે છે. આવું ઉપયોગી સમાજલક્ષી શિક્ષણ આપનાર પ્રાધ્યાપકની પત્ની પ્રાધ્યાપક નિવૃત્ત થતાં જ જીવલેણ બીમારીમાં પટકાય છે. પ્રામાણિકતાથી

જીવનપર્યંત નોકરી કરનાર આ પ્રાધ્યાપક પાસે મૂડીમાં રહેવાના મકાન સિવાય ખાસ કશું હોતું નથી. નિવૃત્તિ સમયે આવેલ થોડીઘણી રકમ પુત્રના લગ્ન પ્રસંગે કરેલ કરજ ચૂકવવામાં વપરાય જાય છે. આવક માત્ર માસિક પેન્શન હતું. તેથી પત્નીની સારવાર અને બીજા મેડિકલ રિપોર્ટ માટે રકમ ભેગી કરવી પ્રાધ્યાપક માટે મુશ્કેલ હતું, તેમ છતાં જેટલી પણ રકમ મિત્રવર્તુળમાંથી મળી તે રકમ એકઠી કરી પ્રાધ્યાપક બીમાર પત્ની સાથે અમદાવાદ પહોંચી જાય છે. હૉસ્પિટલમાં જતા જ નિદાન માટે જુદાં-જુદાં રિપોર્ટ કરવામાં આવે છે. રિપોર્ટમાં કૅન્સરની ગાંઠ હોવાનું નિદાન થાય છે, તેથી તેનું ઑપરેશન કરવું જરૂરી છે - તેવું ડૉક્ટર દ્વારા તેમને જાણવા મળે છે. જેમાં બેથી અઢી લાખ જેવો ખર્ચ થશે તેમ પ્રાધ્યાપકને કહેવામાં આવે છે. ૨૪ કલાકની અંદર ઑપરેશન નહીં થાય તો કૅન્સરની ગાંઠ ફાટવાથી દર્દીનું મૃત્યુ થવાની સંભાવના છે. પ્રાધ્યાપક ચોધાર આસુએ રડી પડે છે. હૉસ્પિટલનાં ડૉક્ટર દ્વારા કહ્યા મુજબની ઑપરેશન વગેરેની વિધિ સમયસર કરવામાં આવે છે. બીજા દિવસે બરાબર ચોવીસ કલાક પૂરા થાય તે પહેલા પ્રાધ્યાપકને ડૉક્ટરમિત્રો દ્વારા બોલાવી કહેવામાં આવે છે કે : 'હવે દર્દી એટલે કે તમારા પત્ની ભયમુકત છે તેથી તમે ચિંતા કરશો નહીં.' પ્રાધ્યાપક બોલી ઊઠે છે : 'સાહેબ, ચિંતા હવે જ મારી શરૂ થાય છે. અઢી લાખ ભેગા કરવા મેં મારા તમામ સગાં-સંબંધીઓને મદદ કરવા મોબાઈલ કરી થોડા સમય પહેલા જ પૈસા ઉછીના આપવા માંગણી કરી છે, પરંતુ કોઈના તરફથી રકમ મળવાનું આશ્વાસન મળ્યું નથી. એક વ્યાજવટાવ કરતા પેઢીદારને પણ રકમ મોકલવા કહ્યું છે. હજુ તે પણ આવ્યા નથી. જોકે તે બે એક કલાકમાં જરૂર આવશે પણ વ્યાજ સાથે રકમ તેને શી રીતે પરત કરીશ તેની ચિંતાએ મને ઘેરી લીધો છે.' સાંભળતા જ એક ડૉક્ટર મહાશય બોલી ઊઠે છે : 'સાહેબ, કયા પૈસાની વાત કરો છો ? તમારા પત્નીના ઑપરેશનના પૈસા તો ગઈકાલે જ ભરાઇ ગયા છે.' પ્રાધ્યાપક વિચારમાં પડી જાય છે. તે બોલે છે : 'કોણ આવ્યું હતું ? કોણે પૈસા ભર્યા ?' ડૉક્ટર મહાશય બોલે છે : 'સાહેબ, પૈસા મેં જ ભર્યા છે. તમે જ તો અમને કૉલેજના વર્ગખંડમાં શીખવ્યું હતું, એક બરણીનું



ઉદાહરણ આપીને. ઠસોઠસ ભરેલી બરણીમાં પણ પાણી સમાય જાય છે.' વળી કહ્યું હતું કે : 'ઉત્તમ સમાજની રચના માટે દરેક વ્યકિતએ આ રીતે સમાજનો જયાં ખાલીપો લાગે ત્યાં સમાજની પૂર્તતા માટે તેને ટેકો કરવો, તેને મજબૂતાઇ આપવા અને ઉત્તમ સમાજના નિર્માણ માટે આગળ આવવું જોઇએ. તમે પણ જીવનપર્યંત પ્રામાણિકતાથી નોકરી કરી જે રકમ મળે તેમાંથી ગુજરાન ચલાવી ઉત્તમ સમાજ રચના માટે શિક્ષણકાર્ય સાથે જોડાઇ નિષ્ઠાથી કામ કર્યું છે ત્યારે તમારી પત્નીના ઇલાજ માટે સમાજે પણ યોગદાન આપવું જોઇએ. હું પણ તે જ કૉલજના વર્ગખંડનો વિદ્યાર્થી છું. મેં તમારી પાસેથી ઘણું મેળવ્યું છે. તેમાંથી થોડુંક આપવાનો આજે મને સંતોષ પ્રાપ્ત થયો છે. તમારે હવે કોઇ વ્યાજવટાવ પેઢીનું કરજ લેવાની જરૂર નથી કે તેની ચિંતામાં પડવાની જરૂર નથી. જે રીતે ખેડૂત અનાજનો એક દાણો જમીનમાં વાવે છે, બદલામાં ભગવાન તેને સેંકડો અનાજના દાણા પાછા આપે છે. તે જ રીતે સમાજ માટે ખરા દિલથી પોતાની વેદના જે વાવે છે તેને તંદુરસ્ત સમાજના સભ્યો પોતાની સંવેદનાથી ભરી દે છે. આજે મારા માટે સોનાનો સૂરજ ઊગ્યો છે. ગુરુના દર્શન અને ગુરુને નાનકડી દક્ષિણા આપવાનો અવસર આ બંને ભગવાને મને આપ્યા છે.' ગુરુજી આ સંભાળીને અવાક બની જાય છે. કોઇવાર તે વિચારતા હતા કે, 'ખરી પ્રામાણિકતાનો બદલો શું આવો જ હશે ? પત્નીની જીવલેણ બીમારી મોકલી ભગવાને મારી સાથે અન્યાય શા માટે કર્યો હશે ? ટયુશન કલાસથી જિંદગીભર દૂર રહી જીવનપર્યંત વિદ્યાનું દાન કરનારા પ્રામાણિક માણસને કોઇ થોડા સમય માટે પણ પૈસા ઉછીના આપવા તૈયાર ન થાય તેવા સમાજ અને પરિવારને શું કરવાનો ?' આ બધી વાતોને પોતાના જ વિદ્યાર્થીની ઉદારતાએ મનમાં ધરબી દીધી એટલે જ કદાચ કહેવાયું હશે કે - 'કરેલું કોઇનું જતું નથી.' આપણે પણ આ સંદેશને યાદ રાખીએ. જરૂરિયાતમંદ વિકલાંગોને મદદ કરતા રહીએ.

## ૭. નાના માણસનું મોટું કામ

૧૯૭૦ના સમયની આ વાત છે. તે વખતે ભારતમાં શીતળા, પોલિયો, ટાઇફોઇડ અને મેલેરિયા જેવા અનેક રોગોએ માથું ઊંચકી અનેક વ્યકિતઓના જીવનને ડામાડોળ કરી દે તેવી પરિસ્થિતિ ઊભી કરી હતી. અપૂરતી આરોગ્ય વ્યવસ્થા, સ્વચ્છતાનો અભાવ અને નિરક્ષરતાના કારણે સરકાર આ પ્રકારની સ્થિતિ પર નિયંત્રણ મેળવવા સતત પ્રયત્નશીલ હતી તેમ છતાં અપૂરતી નાણાકીય સ્થિતિના કારણે ધારી સફળતા મળતી નહોતી.

અમદાવાદ પાસેના એક નાનકડાં ગામમાં એક ખેડૂત મજૂર પરિવાર રહેતો હતો. પતિ-પત્ની અને એક દીકરી, માત્ર ત્રણ વ્યકિતનો પરિવાર હતો. પતિ મનસુખભાઇ ખેતમજૂરીમાંથી પેટિયું રળી લેતા. આમ તો, મનસુખભાઇ આ ગામમાં આવીને વસ્યા હોવાથી તેના પોતાના નામે કોઇ જમીનગરાહ નહોતો એટલે કે ખેતી કરી શકે તેવી પોતાની જમીન નહોતી. તેથી મનસુખભાઇ અન્યના ખેતરમાં ખેતમજૂરી માટે જતા. એકવાર કોઇ એક ખેડૂતના ખેતરમાં જુવારની કાપણી ચાલતી હતી. કપાયેલી જુવારના પાથરા ભેગા કરી ખેતરના શેઢે પહોંચાડવાનું કામ મનસુખભાઇ આજે સવારથી કરી રહ્યા હતા. બપોરે ૧૧.૪૫ ની આસપાસ જુવારના પાથરાની ગાંસડી ઊંચકીને શેઢા તરફ જઇ રહ્યા હતા તેવા જ અરસામાં નોળિયાના મુખમાંથી છૂટેલો એક સડસડાટ ભાગતો સાપ મનસુખભાઇના પગ તળે દબાયો. દબાયેલા સાપે મનસુખભાઇને ડંખ માર્યો. આ કોઇ સામાન્ય સાપ ન હતો. કાતિલ ઝેરી સાપના ડંખ સાથે મનસુખભાઇ ધ્રૂજી ગયા. તેનું મોં સુકાવા લાગ્યું. સાપને જોઇને તે ડરી ગયા. શ્વાસોશ્વાસની ગતિ વધી ગઇ. કપાળ પર પરસેવાનાં બિંદુ જામવા લાગ્યા. થોડી જ વારમાં મનસુખભાઇના શરીરમાં ઝેર પ્રસરી જવાના કારણે તે પટકાઇ પડ્યા. આંખો ઘેરાવા લાગી. લગભગ બેભાન જેવી અવસ્થામાં તે ગડથોલિયા ખાવા લાગ્યા. બાજુના ખેતરમાં કામ કરતા કોઇ મજૂરનું તેના પર ધ્યાન



ગયું. તે મજૂરો દોડતા આવ્યા. મનસુખભાઇને બળદગાડામાં વૈદ્ય પાસે લઇ જવામાં આવ્યા. વૈદ્ય નાડી પકડે તે પહેલા જ મનસુખભાઇનું પ્રાણ પંખીડું ઊડી ગયું. પત્ની જયાબેન અને દીકરી પ્રતિક્ષા નોધારાં થયાં. મનસુખભાઇનાં બારમાની વિધિ તો જયાબેને સગાં-સંબંધીઓનાં સહકારથી પૂરી કરાવી પરંતુ તે જ અરસામાં દીકરીને પોલિયો ભરખી ગયો. દીકરીએ પોલિયાનાં હુમલામાં પોતાના પગ ગુમાવ્યા. હવે જયાબેનની જિંદગી દોહલી બની. પોતે મજૂરી કરે કે દીકરીને સંભાળે ! કહેવત છે કે ''બાર સાંધતા તેર તૂટે'' જેવી હાલત જયાબેનની થઇ. જોકે પ્રાથમિક શાળાનાં સંવેદનશીલ આચાર્યના સહકારથી દીકરી પ્રતિક્ષાને પ્રાથમિક શિક્ષણ તો થોડું શાળામાં અને થોડું ઘરે પણ આપવામાં આવ્યું. ગામમાં માધ્યમિક શાળા શરૂ થતાં પ્રતિક્ષાને તેનો લાભ પણ થયો. પરંતુ જયાબેન હવે પ્રતિક્ષાને આગળ ભણાવવા માંગતાં ન હતાં. કારણ કે - પ્રતિક્ષાની કૉલેજની ફી અને હૉસ્ટેલનો ખર્ચ જયાબેન ઉઠાવી શકે તેમ ન હતા. તેથી જયાબેન હંમેશાં પ્રતિક્ષાને કહેતાં : ''લૂલાં-લંગડાને ભણીને શું કરવાનું ! આવા લોકોને નોકરી કોણ આપે ? ભગવાન બે ટાઇમ રોટલા આપે તોય ઘણું. તું હવે ઘરની રસોઇ અને વાસણ, કચરા પોતા કરે તો પણ મને ઘણો ટેકો મળે. તારે હવે ભણવાની જરૂર નથી. '' જયાબેન મનોમન બોલવાં લાગ્યાં : ''આ બાપડીના ભગવાને બંને પગ લઇ લીધાં. હવે એને કોણ લઇ જાય. મારી જાત ચાલે ત્યાં સુધી ઠીક છે પછી આ પારેવડીનું શું થશે ? ''

પ્રતિક્ષાએ જયાબેનને કહ્યું : ''બા, બા જો મેં કેવું સરસ ચિત્ર દોર્યું છે ! આ ચિત્ર મારે અમદાવાદ ચિત્ર અકાદમીમાં આજે મોકલી આપવાનું છે. આજના છાપામાં જાહેરાત આવી છે. ચિત્ર અકાદમી દ્વારા દરેક ચિત્રકારો પાસેથી ચિત્ર મંગાવવામાં આવ્યા છે. શ્રેષ્ઠ પાંચ કૃતિઓને મોટા પુરસ્કાર મળવાના છે.'' જયાબેન : ''તું આ ખોટા રવાડે ના ચડીશ. લૂલાં-લંગડાને પુરસ્કાર કોણ આપે ? છાનીમાની કામે લાગ. કચરા પોતા કર, નહીં તો મારા ભરતકામના આભલાં ટાંકવાનું કામ બાકી છે તે પૂરું કર.આપણી પાસે ચિત્ર મોકલવા માટે ટપાલ ટિકિટ ખર્ચી શકીએ તેવા

ખોટા પૈસા નથી.'' પ્રતિક્ષા મેડી પરની બારી પાસે બેસીને રડવા લાગે છે. તે વિચારોમાં ખોવાઇ જાય છે. ભગવાનને પ્રાર્થના કરે છે : ''હે ઇશ્વર ! મારા પગ ભલે લઇ લીધા પણ હું પ્રગતિ કરી શકું એટલો પૈસો ખર્ચવાની શકિત મારી માને આપી હોત તો કેવું સારું હોત. હવે તો મારે આપઘાત કર્યે છૂટકો છે.'' વિલાયેલા મોઢે બારી બહાર દૃષ્ટિ કરતા ચા-વાળો નજરે પડે છે. આ ચા-વાળો એટલે પ્રતિક્ષાના ઘરની બરાબર પાછળના ભાગમાં ચાની કીટલી ચલાવતો મેહુલ વાઝા. પ્રતિક્ષાને નાનીમોટી મદદ કર્યા કરતો. નિરાશ અને હતાશ થયેલી પ્રતિક્ષાને જોઇ મેહુલ વાઝાએ પૂછયું; ''પ્રતિક્ષા, કેમ નિરાશ છો ? તને શું થયું છે ?'' પ્રતિક્ષાએ કહ્યું : ''મારે આપઘાત કરવો છે. '' મેહુલ વાઝાએ પૂછયું : 'કેમ ? શા માટે ગાંડી આવી વાત કરે છે?' પ્રતિક્ષાએ છાપામાં આવેલી જાહેરાતથી માંડીને પોતાની મા સાથે થયેલા સંવાદ સુધીની વિગતે વાત મેહુલને કરી. મેહુલ કીટલી છોડીને દોડતો પ્રતિક્ષાના ઘરે પહોંચી ગયો. તેણે પ્રતિક્ષા પાસેથી દોરેલું ચિત્ર માંગી લીધું. એક સરસ મજાના રંગબેરંગી કવરમાં તેને પેક કરી, કવર ઉપર ચિત્ર અકાદમી અમદાવાદનું સરનામું લખી પ્રતિક્ષાને કહ્યું : 'હું આના પર ટપાલ ટિકિટ લગાવીને હમણાં જ મોકલી આપું છું.' મેહુલ વાઝાએ ગામની પોસ્ટ ઑફિસમાં જઇ કવર રવાના પણ કરી દીધું. મેહુલ વાઝા એક ગરીબ પરિવારમાંથી આવતો છોકરો હોવા છતાં તેનું દિલ મોટું હતું.તે અવારનવાર અપંગ પ્રતિક્ષાને આર્થિક મદદ કરતો રહેતો. ભણવાના ચોપડા પણ લાવી આપતો. પ્રતિક્ષા બોર્ડની પરીક્ષા મેહુલ વાઝાની આર્થિક મદદ મળવાના કારણે જ પાસ કરી શકી હતી. આઠ જ દિવસમાં પ્રતિક્ષાના ચિત્રને અમદાવાદ ચિત્ર અકાદમી દ્વારા યોજાયેલી સ્પર્ધામાં પ્રથમ સ્થાન મળતા રૂપિયા ૧,૫૧,૦૦૦/-નો એક ચેક અને પ્રમાણપત્રનું પરબીડિયું પ્રતિક્ષાનાં સરનામે ચિત્ર અકાદમી-અમદાવાદ દ્વારા મોકલી આપવામાં આવ્યું. કવર જયાબેનના હાથમાં આવ્યું. અભણ જયાબેન માટે પ્રત્યેક અક્ષર કાળા અક્ષર કુહાડે માર્યા જેવું હતું. તે કશું સમજી શકે તેમ ન હતાં અને તે સમયે પ્રતિક્ષા પણ ઘરમાં નહોતી, તેથી જયાબેન તે કવર લઇને પેલા ચાવાળા મેહુલ વાઝા



પાસે પહોંચી ગયાં. મેહુલે પરબીડિયું ખોલ્યું. રૂ.૧,૫૧,૦૦૦/-નો ચેક, -પ્રતિક્ષા - ચિત્ર સ્પર્ધામાં પ્રથમનો પત્ર, પ્રમાણપત્ર બધું જ જોતા મેહુલ બોલી ઊઠયોઃ ''માસી, પ્રતિક્ષાને રૂપિયા એક લાખ એકાવન હજારનું ઇનામ મળ્યું છે.'' જયાબેન અવાક બની ગયાં. દીકરી માટે ઉચ્ચારેલા લૂલાં-લંગડાં જેવા શબ્દો તેને હવે કોરી ખાવા લાગ્યા. નાજુક દીકરી માટે તેણે દાખવેલી આ પ્રકારની કઠોરતા હવે તેના માટે અસહ્ય લાગવા લાગી. તે પ્રતિક્ષાને શોધવા મેહુલને કશું જ કહયા વિના ત્યાંથી દોડતાં ભાગ્યાં. પ્રતિક્ષા તેની બહેનપણી પાસે બેસીને જયાબેનના ભરતકામના આભલાં લગાવવાનું કામ કરી રહી હતી. જયાબેને પ્રતિક્ષાને બૂમ પાડીને કહ્યું : ''બેટા, તને મોટું ઇનામ મળ્યું. ચિત્ર સ્પર્ધામાં તારો પહેલો નંબર આવ્યો. લે, આ કવર તારી જ આંખે વાંચ.'' હવે પ્રતિક્ષાના દિવસો આવી રહ્યા હતા. તે પુરસ્કારની મળેલી રકમમાંથી અમદાવાદ શહેરમાં પોતાનો ચિત્રકામનો વર્ગ શરૂ કરવા માંગતી હતી. તેમણે થોડા જ દિવસમાં તે વર્ગનો પ્રારંભ કર્યો. સમગ્ર અમદાવાદમાં તેના ચિત્રકામના જાદુએ ધૂમ મચાવી દીધી. તેમણે એક કાર પણ ખરીદી. હવે તે યુનિવર્સિટીની મંજૂરીથી પોતાની ચિત્ર વિદ્યાપીઠ શરૂ કરવા જઇ રહી હતી. તેનું ઉદ્‌ઘાટન મોટાપાયે કરવાનું આયોજન કર્યું. રાજયના મુખ્યમંત્રી અને રાજયપાલને તેમાં આમંત્રિત કરવામાં આવ્યા. પરંતુ નવાઇની વાત એ હતી કે - આ સમારંભના નિમંત્રણકાર્ડમાં ઉદ્‌ઘાટક તરીકે મેહુલ વાઝા (ચાની કીટલીવાળા) નામ લખવામાં આવ્યું હતું. જયારે અન્ય મહાનુભાવોમાં રાજયપાલ, મુખ્યમંત્રી અને બીજા અધિકારીઓ હતા. મેહુલને આ વાતની ખબર પડતા તેના મિત્રોને કહેવા લાગ્યો કે : ''હું આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક તરીકે શી રીતે જઇ શકું ? આટલા મોટા મહાનુભાવો વચ્ચે મારું ઉદ્‌ઘાટક તરીકે આ પ્રતિક્ષાએ નામ લખીને મોટી મૂર્ખાઇ કરી છે. હું તો તેને ના જ પાડી દેવાનો છું.'' આ સંવાદ પૂરો થાય તે પહેલાં પ્રતિક્ષા ત્યાં પહોંચી ગઇ હતી. પ્રતિક્ષાએ કહ્યું : ''મેં મૂર્ખાઇ નથી કરી, મેં તો સાચી મદદ કરનાર વ્યકિતનું મૂલ્ય કર્યું છે. આ મૂલ્ય મારા માટે કોઇ પણ હાદ્દેદારો કરતાં મોટું છે. તેથી ઉદ્‌ઘાટન તો તારા જ હાથે થશે. જે નાવ

સમુદ્રમાં ડુબી જવાની હતી, તે નાવને પાર ઉતારવાનું કામ ખરા નાવિક તરીકે તેં કર્યું છે. રાજયના મુખ્યમંત્રી, રાજયપાલ કે મારી જનેતાએ પણ નથી કર્યું. તેથી આનાકાની કરે તો તને મારા સોગંદ છે.''

હવે પ્રતિક્ષાને મેહુલ કોઇ ઉત્તર આપી શકે તેમ ન હતો. મેહુલ ગદ્ગદિત થઇ ગયો. જયારે વેદના અને સંવેદનાના સેતુ બંધાય છે ત્યારે આ પ્રકારના સંબંધો રચાયા છે. ઉત્તમ સમાજની રચના માટે આવી જ સંવેદના જાગવી જોઇએ.

રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા ૧૪ સપ્ટેમ્બરથી આ પ્રકારની સંવેદના સમાજમાં જગાડવા ''અખિલ હિન્દ અંધજન ધ્વજદિન સપ્તાહ''ની પ્રતિવર્ષે ઉજવણી કરે છે. જેના ભાગરૂપે સંવેદના બૂથ શહેરમાં ઊભા કરી જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. ત્યારે આપણે પણ તેમાં જોડાઇ અંધજનોના કલ્યાણ અર્થે એકત્રિત થતાં ફંડમાં યત્કિંચિત યોગદાન આપી આ કાર્યને વેગ આપીએ એ જ આપણી સાચી સંવેદના ગણાશે.

## ૮. સંવેદના સમાજરૂપી ખેતરનો પાક છે

ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાનું લગભગ કચ્છના નાના રણને સ્પર્શતું એક નાનકડું ગામ. ગામમાં મોટી જાગીર ધરાવતો એક સંવેદનશીલ ખેડૂત હતો. જયાં આજુબાજુના ગામમાંથી અનેક ખેતમજૂરો કામે આવતા. ખેડૂત ધનસુખ પટેલ ભારે સંવેદનશીલ હોવાથી પ્રત્યેકના સુખ-દુઃખમાં સહભાગી બનવા તત્પર રહેતા. ધનસુખ પટેલનો પરિવાર નાનો પણ સુખી હતો. નાના દીકરાની વહુ લક્ષ્મી ભારે દયાળુ અને માયાળુ હોવાથી મજૂર વર્ગના જે કોઇ લોકો ધનસુખ પટેલને ઘરે મળવા કે કોઇ કામકાજે આવે તેને રોટલો પાણી કે ચ-નાસ્તા વિના જવલ્લે જવા દેવા રાજી થતી. આમ તો, બીજાને ખવડાવવું તે લક્ષ્મીનો શોખ હતો. અવનવી રસોઇ અને ઘરકામ કરવામાં કુશળ એવી લક્ષ્મી ધનસુખ પટેલની લાડકી દીકરી જેવી વહુ હતી. જોકે લક્ષ્મીને પણ ધનસુખ પટેલના દરેક કામમાં મદદ કરવાનું બહુ ગમતું. તેને



ધનસુખ પટેલ પર અનેરી લાગણી હતી. ધનસુખ પટેલ પણ દરેક જીવ પ્રત્યે ભારે સંવેદના દાખવતા. લગભગ બસ્સો-અઢીસો વીઘામાં ઘઉં, જુવાર, બાજરાના ડુંડાં ખાવા આવતા પક્ષીઓ પર તે કદી ગોફણ વીંઝતા નહીં. તેના બદલે તે મીઠાં સંગીતના વાદ્યો મોટા અવાજે વગાડવાનું પસંદ કરતા. કોઇવાર કોકિલકંઠી લતા મંગેશકર, મૂકેશ, મહંમદ રફી કે રોમેન્ટિક ગાયક કિશોરકુમારના ગીતો હૉમ થિયેટરમાં બજાવી બેવડો લહાવો લેતા-પક્ષીઓને ઉડાડવાનો અને મનપસંદ સંગીત સાંભળવાનો ! તે કોઇવાર પક્ષીઓને ઉડાડયા પછી પક્ષીઓની ચણ માટે બંધાવેલા ચબૂતરા પર ચણનો પ્રબંધ કરતા. જેથી પક્ષી ઉડાડવાના અફસોસમાંથી મુકત થઇ શકાય. જોકે આ બધા કામમાં નાના દીકરાની વહુ કે જે ધનસુખ પટેલની લાડકવાઇ વહુ હતી તે હંમેશા તત્પર રહેતી. ગામના દરેક લોકો લક્ષ્મીની સેવાચાકરી જોઇ વિસ્મય પામતા, કારણ કે ગામમાં લગભગ ૧૦ જેટલા ચબૂતરા પક્ષીને ચણ નાખવા માટે ધનસુખ પટેલે બંધાવ્યા હતા. દરેક ચબૂતરા પર લક્ષ્મી પક્ષીઓને સમયસર ચણ નાખવામાં આવે તેવી અંગત કાળજી રાખતી. તેમની દેખરેખ નીચે એક સેવાભાવી સમિતિની રચના તેમણે કરી હતી. આ સમિતિ મારફતે લક્ષ્મી આ બધા કામ કરાવતી. ધનસુખ પટેલ પણ પોતે લક્ષ્મીની ચાલતી આ કામગીરી પર દેખરેખ રાખતા. જોકે પટેલે માત્ર પક્ષીઓ માટે જ ગામમાં સેવાની પ્રવૃત્તિઓ વિકસાવી હતી તેમ ન કહી શકાય. તેમણે તો મૂંગાં ઢોર માટે ઘાસવાડા, કૂતરાઓ માટે રોટલા, સાધુ-સંતો માટે સદાવ્રત અને યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવી સાચી માનવતાનું ઉદાહરણ પૂરું પાડયું છે.

સામાન્ય રીતે આપણે સાંભળતા આવ્યા છીએ કે કોઇ પણ વ્યકિત જયારે કોઇ ખોટું કામ કરે છે ત્યારે બીજી તેનું હિત ઇચ્છનાર વ્યકિત તેને કહે છે કે- 'ભાઇ માણસ થા ને ! આ ઉકિત એ પુરવાર કરે છે કે -'હાથ-પગ-માથું અને શરીરના અન્ય ભાગો વ્યકિતને મળે તો પણ તે માણસ છે તેવું ન કહી શકાય. કદાચ સમજો કે બુદ્ધિ પણ હોય તેમ છતાં જયાં સુધી વ્યકિત સંવેદના ન પામે ત્યાં સુધી તે માણસ બનતો નથી. ધનસુખ પટેલ સાચી માનવતાને પામનાર એક વિરલ પુરુષ હતા અને એટલા જ

માટે ઈશ્વરે તેને લક્ષ્મી જેવી વહુ આપી. દીકરાની ગરજ સારે તેવું પાત્ર બની આવેલી પુત્રવધૂ ખરા અર્થમાં કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ જીતવા મેદાને પડેલા અર્જુનના સારથિ તરીકે ભગવાન શ્રી કૃષ્ણ જે રીતે આવ્યા હતા તેવી જ સંસારરૂપી કુરુક્ષેત્રના મેદાનમાં વિજય મેળવવા ખરી માનવતાના સામ્રાજયને પ્રસ્થાપિત કરવા આવેલા ધનસુખ પટેલને પોતાના સારથિ તરીકે લાડકવાઇ વહુના પાત્રમાં લક્ષ્મી આવી, જે ગીતાગાયક શ્રી કૃષ્ણ ભગવાનના કહ્યા મુજબ પુરવાર થાય છે. ભગવાને કહ્યું હતું કે- 'જયારે જયારે આ સંસારમાં ધર્મની હાનિ થશે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરીને આવીશ.' આજે સંવેદનારૂપી ધર્મની હાનિ થઇ રહી છે ત્યારે લક્ષ્મીના સ્વરૂપમાં ભગવાન શ્રી કૃષ્ણ આપણી વચ્ચે આવશે, ત્યારે જ સાચી સંવેદનાનું સમાજરૂપી ખેતરમાં બીજ અંકુરિત થશે. અખબારો અને વીજાણુ માધ્યમમાં સનસનાટીભર્યા સમાચારો પ્રસિદ્ધ કરવા પત્રકારો જેટલો રઝળપાટ કરી રહ્યા છે તેટલા જ સંઘર્ષ કરતા લોકોની વાતો જાણવા અને શોધવા રઝળપાટ કરશે ત્યારે જ ઉત્તમ સમાજનું નિર્માણ થઇ શકશે. જેમણે હાથ-પગ, શ્રવણ શકિત, જોવાની શકિત ગુમાવી છે એવા લોકોને સમાજમાં સમાન તક મળે, તેમને એક સામાન્ય માણસની જેમ જોવાની દષ્ટિ સમાજ કેળવે તેવા ઉદ્દેશ્યથી ભાવનગરની રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લાશાખા અને શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા વર્ષ ૨૦૧૨ થી પ્રજ્ઞાચક્ષુઓમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને પ્રદર્શિત કરવાના ઉદ્દેશ્યથી જુદાં-જુદાં શીર્ષક તળે વિશિષ્ટ પ્રદર્શનનું આયોજન કરે છે. આ પ્રદર્શનમાં ખાસ કરીને શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને ખાસ નિમંત્રિત કરવામાં આવે છે. કારણ કે કોઠારી કમિશનના કહ્યા મુજબ : 'દેશના સાચા ભાવિનું નિર્માણ શાળા કૉલેજના વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે થતું હોય છે.' તેથી સંવેદનશીલ વ્યવસ્થાતંત્રના નિર્માણ માટે, ભાવિ નાગરિકોના ઘડતરના હેતુથી ખરી સંવેદના જગાડવા આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન પ્રતિવર્ષે કરવામાં આવે છે. એક સમય હતો ત્યારે સામાન્ય લોકો કહેતા હતા : 'આંધળો ગાય કાં દળે.' કાં તો અંધ વ્યકિત દળવાનો વ્યવસાય કરી શકે અથવા બહુ બહુ તો તે ગીત-સંગીત દ્વારા પોતાનું



ભરણપોષણ કરી શકે. બાકી બીજું શું કરી શકે ? લગભગ ૨૦૦ વર્ષના ઇતિહાસમાં અનેક વિભૂતિઓનાં સંઘર્ષોનો અભ્યાસ કરીએ તો ખબર પડે કે અંધ વ્યકિતઓ આ સિવાય પણ બીજું ઘણું કરી શકે છે. ૧૮૦૯માં ફ્રાંસમાં જન્મેલા લૂઇ બ્રેઇલે અંધજનો ભણી શકે તેવી લિપિ ૧૮૩૨માં શોધી અને તેને વિકસાવી. ત્યાર પછી દુનિયાભરમાં તેના પર અનેક પરિસંવાદો થયા. લગભગ સો વર્ષ સુધી આના પર વિચારણા થતી રહી. દરમિયાન ૧૯૫૨ માં લૂઇ બ્રેઇલે શોધેલી લિપિના આધારે ભારતીય બ્રેઇલની રચના કરવામાં આવી. આ લિપિના આધારે વિકસેલી ટૅકનોલોજીના સહારે કૉમ્પ્યૂટરની મદદથી આજે અંધજનો સામાન્ય વ્યકિતની જેમ જ કૉમ્પ્યૂટર પર ટાઇપિંગ, સર્ચિંગ, ડેટાની આપ-લે, અપલોડિંગ અને ડાઉનલોડ આ બધું જ કરી શકે છે. દેશની પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા પ્રાંજલ પાટિલે આઇ.એ.એસ. અધિકારી બની સામાન્ય વ્યકિતને જે સફળતા ન મળે તેવી સફળતા મેળવી સૌ કોઇને આશ્ચર્યચકિત કરી દીધા છે. હાલ તેઓ અર્નાકુલમ્ માં કલેકટર તરીકે કાર્યરત છે.

સંસ્થા દ્વારા ચાલતો આ કર્મયજ્ઞ પ્રજવલિત રાખવા સમાજના પ્રત્યેક વર્ગના લોકો આગળ આવી પોતાની સેવા, આર્થિક સહાય અને માનસિક રીતે ટેકો આપશે ત્યારે જ તેમણે યજ્ઞમાં સાચી આહુતિ આપી ગણાશે. ઋષિમુનિના સમયમાં અનેક યજ્ઞો કરવામાં આવતા, તે વખતે ધર્મને ટકાવવાના હેતુથી યજ્ઞ પ્રયોજવામાં આવતા. આજે આ પ્રકારના કર્મયજ્ઞો સમાજને ટકાવવા અને ઉત્તમ સમાજની રચના કરવા માટે કરવામાં આવે છે. તેમાં સમાજના પ્રત્યેક વર્ગના લોકો જોડાઇ તો જ ઉત્તમ સમાજનું નિર્માણ થઇ શકે. નેત્રહીનોની અનેક વિશિષ્ટ શકિતઓને લોકો જેટલા આવકારે છે એટલા તેમની શકિતને અનુરૂપ કામ આપવા તૈયાર થતા નથી. જેઓ સત્તાના ઉચ્ચ સિંહાસન પર બેઠા છે કે જેમના અભિપ્રાયથી આવા અનેક લોકોના ઉજજવળ ભાવિ માટેનો માર્ગ પ્રસ્થાપિત થઇ શકે તેમ છે તેવા લોકોની સાચી સંવેદના જાગે, તેઓ આવા લોકોની સુષુપ્ત શકિતઓથી વાકેફ બને તેવા હેતુથી યોજાતા આ વિશિષ્ટ પ્રદર્શનની મુલાકાત લેવા લોકો આગળ આવશે ત્યારે આવી પ્રવૃત્તિઓને વેગ મળશે.

જે રીતે લંકા પર ચડાઇ કરવા નીકળેલા રામને સમુદ્ર પર સેતુબંધ બાંધવાનો હતો ત્યારે નાનકડી ખિસકોલીએ પણ ગોઠવાયેલા પથ્થર વચ્ચે માટીમાં આળોટી પોતાના શરીર પર લાગેલી માટી પૂરી, ખાઇ ઓછી કરવા પ્રયત્ન કર્યો હતો તેવો જ પ્રયત્ન સમાજના નાનામાં નાના વ્યકિતથી માંડીને ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન વ્યકિતઓએ કરવાનો છે ત્યારે જ સાચી સંવેદનાનું આ પુષ્પ ખીલશે અને મહેકશે.

## ૯. પ્રજ્ઞાપંથી અવાજના અજવાળે

સૌરાષ્ટ્રનું જેને પાટનગર કહી શકાય એવા રાજકોટ શહેરની સૌ કોઇના હૃદયને સ્પર્શી જાય એવી આ વાત છે. રાજકોટના નર્સિંગહૉમમાં ૨૩ ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ એક પડકારરૂપ બાળકનો જન્મ થાય છે.જોકે પ્રારંભમાં પુત્રજન્મની ખુશી પરિવાર અનુભવે છે પરંતુ તબીબી અભિપ્રાય, બાળકના ઝીણવટપૂર્વકના નિરીક્ષણ બાદ સૌ કોઇને ખ્યાલ આવે છે કે આ બાળક તદ્દન અસામાન્ય છે. હોઠ, તાળવું, નાક અને દષ્ટિશકિતથી વિમુખ એવું આ બાળક સાવ વિકલાંગ અને કુટુંબને બોજારૂપ છે તેવું જોનારને લાગવા માંડે છે. પ્રસૂતાની સારસંભાળ અને બાળકની દેખભાળ માટે આવેલી બાળકની દાદીમા ફોન કરી પોતાના પતિ અને બાળકના દાદા કુંવરજીભાઇને નર્સિંગહૉમ તાબડતોબ બોલાવે છે. ડૉકટર સાથે પરિવારના સભ્યોનો સંવાદ અને પરામર્શ થાય છે. કોઇ ડૉકટર બોલી પણ ઊઠે છે : ‘આ બાળક તમારા પરિવાર માટે બોજારૂપ થશે તેથી તેને અત્યારથી જ પૉઇઝનનું ઇન્જેકશન આપી કાયમના માટે શાંત કરી દેવું સલાહ ભર્યું છે’

કુંવરજીભાઇ કે જે આ બાળકના દાદા અને પરિવારના મોભી હતા, બોલી ઊઠે છે : ‘બાળક જેવું છે તેવું ઇશ્વરે આપેલું નજરાણું છે. તેને સાચવવાની યોગ્યતા અમારા પરિવારના સભ્યોમાં છે તેમ સમજી ઇશ્વરે આ પડકારરૂપ બાળકને અમારા ઘરે મોકલ્યું છે. જેનો ઉછેર કરવાની અમારી નૈતિક જવાબદારી છે અને અમે તે જવાબદારી નિભાવીશું. કુંવરજીભાઇ આ બાળકના ઉછેરના કામમાં તે જ દિવસથી



લાગી જાય છે. દાદી અર્થાત્ કુંવરજીભાઇના પત્ની પણ તે કામમાં સાથ આપવા લાગે છે. તેના મમ્મી-પપ્પા અને કાકા-કાકી પણ આ ઉમદા કાર્યમાં હોંશે હોંશે જોડાય છે. સમયના વહેતા પ્રવાહ સાથે બાળકનો બૌદ્ધિક વિકાસ દિન પ્રતિદિન થતો રહે છે. મહામહેનતે કોઇ એક શાળામાં ભણવા માટે પ્રવેશ પણ મળી જાય છે, પરંતુ કહેવાય છે ને કે મુસીબત આવે છે તે કોઇવાર બેવડાતી રહે છે. થોડા સમયમાં આ બાળક ભણતો હતો તે શાળા બંધ થઇ જાય છે. હવે નવી શાળાની શોધ કરવી કુંવરજીભાઇ માટે એટલા માટે અઘરી હતી કે આ પડકારરૂપ બાળકને જોઇને જ કોઇ શાળાના શિક્ષકો પ્રવેશ આપવા તૈયાર થાય તેમ ન હતા. શારીરિક રીતે અક્ષમ દેખાતું આ બાળક પહેલી જ નજરે બોજારૂપ હોવાની ચાડી કરતું હતું; તેથી કુંવરજીભાઇ માટે આ પ્રશ્ન પેચીદો બની ગયો હતો.

દરમિયાન એક શાળાનાં સંચાલક દિલીપ સિંહારનો ભેટો આ બાળક અને કુંવરજીભાઇ સાથે થાય છે. કુંવરજીભાઇ પોતે આ બાળકના એક ઉત્તમ શિક્ષક હતા. તેમણે બાળકને વાર્તા, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ગીત સંગીત જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં મદદ કરી બાળકનું ઉત્તમ ઘડતર કરવા પ્રયત્ન શરૂ કર્યા હતા. તેથી દિલીપ સિંહાર સાથેની મુલાકાત સમયે બાળકને તેમના તરફથી પુછાયેલા સો જેટલા પ્રશ્નોના ઉત્તર પ્રશ્ન પૂર્ણ થાય તે પહેલાં જ બાળકે આપી સંચાલકનું દિલ જીતી લીધું અને એ રીતે તેમણે નવી શાળામાં પ્રવેશ મેળવ્યો. દરેક ધોરણમાં સામાન્ય બાળક કરતાં વધુ માર્ક મેળવી આ વિકલાંગ બાળક હંમેશા પ્રથમ ક્રમે રહેતું. તેથી શિક્ષકો અને સંચાલક માટે આ બાળક પ્રિય થઇ ગયું હતું. તેણે ઉત્તમ સંગીતની તાલીમ મેળવી ખ્યાતનામ કલાકારોને પાછળ છોડી દે તેવા અનેક કાર્યક્રમો આપ્યા. આ બધી અસાધારણ સિદ્ધિના કારણે ‘ઉત્તમ મારુ’ સૌ કોઇના માટે ઉત્તમ બાળક બની ગયો છે. ઉત્તમને ખ્યાતનામ કલાકારો, રાજકીય નેતાઓ મુલાકાત આપી ચૂકયા છે. આ બધી સફળતા કુંવરજીભાઇ મારુની સાચી સંવેદનાના કારણે શકય બની છે.

આવી જ સંવેદના જગાડવા 'પ્રજ્ઞાપંથી અવાજના અજવાળે' શીર્ષક તળે યોજાયેલા ત્રિદિવસીય વિશિષ્ટ પ્રદર્શનમાં મુલાકાતે આવેલી શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ પૈકી મુલાકાત લેનાર ભાવનગર શહેરની ચિત્રા જી.આઇ.ડી.સી. ગુરુકુળ વિશે આ લેખમાં વાત કરવી છે. સંવેદના આમ તો ખરીદી શકાય તેવી સંપત્તિ નથી, તેથી તેનું મૂલ્ય આર્થિક રીતે આંકી શકાય નહીં. જેઓ વેદનાના પારખું અને સંસ્કારવિદ્યાના માહિર હોય છે તે જ આ સંપત્તિના માલિક બની શકે છે. આવા જ એક માલિક કે જેઓ ચિત્રા જી.આઇ.ડી.સી ગુરુકુળ પ્રાથમિક વિભાગના આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે એવા ઘનશ્યામભાઇ મેતલિયા કે જેઓ માત્ર શિક્ષણકાર્ય કરતા નથી પરંતુ ઉત્તમ સમાજરચનાના સાચા રાહબર પણ છે. તા.૨૭/૦૯/૨૦૧૮ નો આ દિવસ હતો. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના કેમ્પસમાં યોજાયેલ વિશિષ્ટ પ્રદર્શનમાં શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઊમટી રહ્યા હતા. બપોરના લગભગ ૧૨:૩૦ કલાકે ડાર્કકૉફી પૅન્ટ અને આઇવરી બિસ્કિટ કલરમાં લાઇનવાળુ શર્ટ પહેરેલા લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓ એક પછી એક બસમાંથી ઊતરે છે. સ્વયમ્ શિસ્તમાં ચાલતા આ વિદ્યાર્થીઓમાં જાણે ભારોભાર સંવેદના અગાઉથી જ ધરબી દીધી હોય તે રીતે મક્કમ પગલે આગળ વધતા આ વિદ્યાર્થીઓને જોઇને સૌ કોઇને અનેરો આનંદ થાય. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા ઊભા કરાયેલ આ સત્તરેસત્તર ઝૉનની વિદ્યાર્થીઓ મુલાકાત લેતા આગળ વધતા જોવા એક મિનિટ પણ ગુમાવવી પરવડે નહીં તેવી આ ક્ષણ હતી. શાળાના આચાર્ય ઘનશ્યામભાઇ મેતલિયા ધીરગંભીર રીતે તેનું નેતૃત્વ લઇ રહ્યા હતા અને વિદ્યાર્થીઓને કહેતા હતા : 'તમારી પાસે બધા જ અંગો છે તેમ છતાં તમે લોકો એવું કરી શકતા નથી જયારે આમાના કેટલાય લોકો પાસે સૂર્યનો પ્રકાશ જોવાની પણ દૃષ્ટિ નથી તેવા તમામ લોકો પોતાપોતાની કેટલી સુંદર પ્રવૃત્તિ કરી રહ્યાં છે! કૉમ્પ્યૂટર, વિજ્ઞાનનાં પ્રયોગો, મોટર રિવાઇન્ડિંગ અને હૉમ સાયન્સ જેવી પ્રવૃત્તિઓ તો તમે જુઓ. અને હા, ઉદ્યોગમાં પણ બાળકો કેવી સુંદર મજાની જુદી-જુદી ચીજવસ્તુઓ બનાવી રહ્યા છે ! તમને



બધાને મજા આવે છે ને ? આપણી શાળાનાં હજી ઘણા વિદ્યાર્થીઓ આ બધું જોવાથી વંચિત રહ્યાં છે તે બધાને આવતી કાલે ફરી લાવવા છે ને ?' છસ્સોએ છસ્સો વિદ્યાર્થીઓ ગગનભેદી અવાજે બોલી ઊઠે છે : 'હા-હા સર, લાવવા જ જોઇએ.' વિદ્યાર્થીઓના મળેલા ઉત્તર મુજબ તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ ફરી આ જ શાળાના બાકીના બીજા છસ્સો વિદ્યાર્થીઓ ગઇકાલની જેમ બરાબર ૧૨:૩૦ કલાકે આવી પહોંચે છે. અગાઉનાં વિદ્યાર્થીઓની જેમ જ પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા ઊભા કરાયેલા તમામ ઝૉનની મુલાકાત વિદ્યાર્થીઓ લઇ સંગીતઝૉનની સામે આવી બેસી જાય છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા એક પછી એક રજૂ થતા ગીતો વિદ્યાર્થીઓ શાંત બેસી સાંભળવા લાગે છે. કોકિલકંઠી જયોતીષા પરમાર-હાર્મોનિયમ, ઓર્ગન અને તબલાંના સંગાથે - ઓ મા તૂ કીતની પ્યારી હૈ... ગીત લલકારી બાળકોને મંત્રમુગ્ધ કરે છે. ટ્રૅક પર પણ ફિલ્મી ગીતો સંભળાવી, લતાજીની પ્રતીતિ કરાવી, વાતાવરણ આહ્લાદક બનાવી દે છે. દરમિયાન સંસ્થાના સંચાલક સાથે ફોટોગ્રાફી કરવામાં આવે છે. ગીત-સંગીત શમતા અંધ ઉદ્યોગ શાળાના આચાર્ય ઘનશ્યામભાઇ બારૈયા બાળકોને આવકારે છે. આવકાર પ્રવચન પૂર્ણ થતા ગુરુકુળ જી.આઇ.ડી.સી. પ્રાથમિક વિભાગના આચાર્ય ઘનશ્યામભાઇ મેતલિયા બાળકોને સંબોધન કરતા કહે છે કે : 'વિદ્યાર્થીમિત્રો, તમે આ શાળાના બાળકોની વિશિષ્ટ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલી તમામ પ્રવૃત્તિઓ જોઇ ને ? તમને તે કેવી લાગી ? આ બાળકો પણ તમારી જેમ વિજ્ઞાનના પ્રયોગો, કૉમ્પ્યૂટર અને બ્રેઇલલિપિની મદદથી પુસ્તકો વાંચે છે ને ? બાળકો તમને કદાચ ખબર નહીં હોય આ શાળામાં ૧૫૦ થી વધુ બાળકો ભણે છે અને તેમાય ૧૦૦ બાળકોની વિદ્યાર્થી દીઠ રૂા.૧૦૦૦ની મર્યાદામાં રાજયના સમાજ સુરક્ષા ખાતા દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ઉપરાંત આપણી જેવી જુદી જુદી શાળાઓમાં જુદી-જુદી ખામી ધરાવતા ૩૦૦થી વધુ બાળકો ભણી રહયા છે. તેના માટે લગભગ ૫૦ જેટલા શિક્ષકો શાળાએ રોકયા છે. તેના શૈક્ષણિક સાધનો, શિક્ષકોની મીટિંગો, જરૂરી સ્ટેશનરી, પુસ્તકો આ બધો ખર્ચ સંસ્થા ઉઠાવે છે. અંધ

ધ્વજદિન સપ્તાહ નિમિત્તે આપણી શાળાએ આવા બાળકોના વિકાસ માટે લગભગ ૧૨,૫૦૦/- જેવી રકમ એકત્રિત કરી આજે શાળામાં જમા કરાવી છે. જે આપણી શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ઘણી ઓછી ગણાય, બરોબર ને બાળકો ! બાળકો એકી અવાજે સૂર પુરાવે છે. ઘનશ્યામભાઇ આગળ ઉમેરે છે : તો આપણે વધુ રકમ ભેગી કરીશું ને ?' તેમાં પણ વિદ્યાર્થીઓ હકારમાં સૂર પુરાવે છે. ખરેખર, ઘનશ્યામભાઇની સાચી સંવેદના અને ઉત્તમ સમાજ રચના માટે તે વિદ્યાર્થીઓમાં વૈચારિક ક્રાંતિ લાવવા સાચી કેળવણીનું સિંચન થઇ રહ્યું છે તે અન્ય કોઇ વિદ્યાપીઠમાં થતું હશે કે કેમ ? તે શોધવું રહ્યું. તેમણે માનવમંદિરને માન આપી વિદ્યાર્થીઓને ઉદાર હાથે ફાળો આપવા જે અપીલ કરી તે સૂચવે છે કે એક શિક્ષક શું કરી શકે છે ! શિક્ષક ધારે તો સમાજને ધરમૂળથી પરિવર્તિત કરી શકે. સમાજને જોડવાનું સંવેદના જ કામ કરે છે. માટે જ આવી સંવેદના વિદ્યાર્થીકાળમાં જાગે તેવા ઉમદા હેતુસર વર્ષ ૨૦૧૨ થી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીયઅંધજન મંડળ ભાવનગર જિલ્લાશાખાના સંયુકત ઉપક્રમે પ્રતિવર્ષે આ પ્રકારના વિશિષ્ટ પ્રદર્શનો જુદાં જુદાં શીર્ષક તળે યોજવામાં આવે છે. આ વખતના 'પ્રજ્ઞાપંથી અવાજના અજવાળે' શીર્ષક તળે યોજાયેલ વિશિષ્ટ પ્રદર્શનમાં લગભગ ૧૨૦ થી વધુ શાળા-કૉલજો અને સંસ્થાઓએ મુલાકાત લઇ અનેરો ઉત્સાહ વધાર્યો છે. હજારોની સંખ્યામાં ઉમટી પડેલા વિદ્યાર્થીઓએ સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓને બિરદાવી છે. વોટ્સએપ, ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી તેને વિસ્તારી છે. જો આ રીતે આવી પ્રવૃત્તિને ટેકો મળતો રહેશે તો આવતા દિવસોમાં દરેક ક્ષેત્રે પ્રજ્ઞાચક્ષુઓને નોકરી-ધંધા અને સામાજિકક્ષેત્રે યોગ્ય તક મળશે અને તેઓ પણ સામાન્ય વ્યકિતની જેમ દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી શકશે.



## ૧૦. રંગ છે રસિકભાઇને

ગગનભેદી ઇમારતની સાતમી મંજિલ પર સોનાની ખાટ અને ચાંદીનાં સળિયે હીરામાણેકથી શોભતો હીંચકો ચાલે છે. હીંચકા પર દેવી લક્ષ્મીજી અને ખુદ પરમકૃપાળુ પરમેશ્વર વિષ્ણુ ભગવાન ઝૂલી રહ્યા છે. નવા વરઘોડિયાની માફક આજે જાણે બંને માટે નિરાંતનો દિવસ ઊગ્યો હોય તેમ પરસ્પર મીઠો સપ્તરંગી સંવાદ છેડાઇ રહ્યો છે. દેવી લક્ષ્મીજી એકાએક પ્રશ્ન પૂછે છે : 'પ્રભુ, તમારી બનાવેલી સુંદર મજાની સૃષ્ટિમાં અસમાનતા શા માટે ?' વિષ્ણુ ભગવાન ખડખડાટ હસી પડે છે અને બોલી ઊઠે છે : 'દેવી, એટલી સહેલી વાત તમે કેમ સમજી શકતા નથી ? આકાશગંગાના પ્રત્યેક ગ્રહો, ઉપગ્રહો અને તારાઓ એકમેકના પરિપ્રેક્ષ્યમાં ગતિ કરી રહ્યા છે. જે રીતે રસ્તા પર મુસાફર આગળ વધે છે તેમ આકાશગંગાના આ માર્ગમાં આ બધા આગળ ને આગળ ગતિ કરવા મથતા રહે છે અથવા એમ કહો કે ઘૂમતા રહે છે. દરેક આગળ વધતા ગ્રહો, ઉપગ્રહો, તારાઓ કે ધૂમકેતુઓ પણ જે માર્ગ પરથી પસાર થતા રહે છે તે માર્ગમાં કાં તો સરળતા કે અંતરાયો આવતા જ હોય છે. જે રીતે સ્પર્ધક વિઘ્નદોડ સ્પર્ધામાં રાખવામાં આવેલી આડશો પાર કરી આગળ વધી જાય છે, તે રીતે આગળ વધવાની ઇચ્છા ધરાવનાર દરેકે વર્તવું રહ્યું. જે રીતે રાત પછી દિવસ, દુઃખ પછી સુખ, ગરમી પછી ઠંડી, અનાવૃષ્ટિ પછી વૃષ્ટિનો લાભ સૃષ્ટિને મળતો રહે છે. તેવી જ રીતે જે જીવ અન્યના કલ્યાણ માટે કાર્યરત રહે છે, તેવા પ્રત્યેક જીવ સુખરૂપી સંપત્તિને પામે છે. જે રીતે શિક્ષક વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યા બાદ વિદ્યાર્થીઓ શું શીખ્યા છે તે જાણવા તેની કસોટી કરે છે, તેને પ્રશ્નો પૂછે છે, તેવી જ રીતે સૃષ્ટિ પર અવતાર ધારણ કરનાર પ્રત્યેક જીવની ગતિનું મૂલ્યાંકન કરી તેના આધારે સૃષ્ટિમાં અવતાર ધારણ કરનાર પ્રત્યેક જીવને સુખ કે દુઃખ આપી તેમનો ભાવિ કાર્યક્રમ ઘડી શકે તેવા હેતુસર સૃષ્ટિમાં અસમાનતા જોવા મળે છે. બધું જ બરોબર હોય તો તંત્ર ચાલી શકે જ નહીં. સમુદ્રમાં જયારે હળવું દબાણ સર્જાય છે, ત્યારે જ

વરસાદ માટેનું યોગ્ય વાતાવરણ ઊભું થાય છે. ખેતરમાં વાવેલા પ્રત્યેક કણ માત્ર વરસાદથી જ વિકાસ પામતા નથી પરંતુ તેને પણ સૂર્યની કઠોરતાની જરૂર પડે છે. જયાં સૂર્યના કિરણો પહોંચતા નથી ત્યાં વનસ્પતિનાં છોડ, ફૂલઝાડ કે અનાજ જેવા પાક લઇ શકાતા નથી. તમે જે સૃષ્ટિમાં જુઓ છો તે જ આપણું જીવસૃષ્ટિનું સંસારરૂપી ખેતર છે. જેમાં જીવતા અને વિકાસ પામતા પ્રત્યેક જીવ આપણું ખરું ઉત્પાદન છે. અસમાનતાના કારણે જીવો-જીવો વચ્ચે સંવેદનાનો સેતુ રચાય છે. એમ કહો કે આવા સેતુ માટે બળવાન  જીવોને નબળા જીવો સાથે જોડવા હું પોતે પ્રેરણા બની એના અંતરની યાત્રા કરું છું અને એ રીતે સંસારના પ્રત્યેક જીવો વચ્ચે સંવેદનાનો સેતુ જોડાતો રહે છે. બીજી રીતે કહુ તો બૅલેન્સ માટે બન્ને પલ્લાં સરખાં થાય ત્યારે યોગ્ય મૂલ્ય પ્રાપ્ત થાય છે. જે રીતે વેપારી એક ત્રાજવામાં ગ્રાહકે માંગેલી વસ્તુ મૂકે છે અને બીજા ત્રાજવામાં વજનિયું મૂકે છે. બંનેનુ વજન સમાન થાય ત્યારે જ વેપારી ગ્રાહક પાસેથી તેની કિંમત વસૂલ કરી શકે છે. આવું જ આ સંસારરૂપી સૃષ્ટિમાં ચાલે છે. અસમાન પલ્લામાં એક બાજુ પીડિત, દુઃખી કે પડકારરૂપ વ્યકિતઓ સંઘર્ષ કરી રહ્યાં છે; જયારે બીજી તરફ સંસારમાં જેને શોભારૂપ પદ ઇશ્વર દ્વારા મળેલી મૂલ્યવાન શકિતનાં કારણે મળ્યું છે તેવા સમાજનાં જે વજનિયાં કહેવાય છે, તેમને બૅલેન્સ કરવાનો મેં પોતે પડકાર આપ્યો છે. જેઓ આ પડકાર ઝીલી શકે છે. તે જ જીવનનું ખરું મૂલ્ય પામી શકે છે.

જે જીવ બીજાના કલ્યાણ માટે ઉપયોગી કે નિરુપયોગી બાબ્બત જોયા વિના આ માર્ગમાં યત્કિંચિત યાત્રા કરવા યત્ન કરે છે, તે જ જીવ મોક્ષરૂપી ધામને પામે છે. આનાથી ઊલટું જે જીવ તેનાથી નબળા જીવને ઉતરતો સમજી તેના અસ્તિત્વને ભૂંસી નાખવા હંમેશા રચ્યો-પચ્યો રહે છે, તે જીવ આ સંસાર પર હંમેશા યાત્રા કરતો જ રહે છે. ઉપયોગી કે નિરુપયોગી બાબ્બત પર જે સમભાવ રાખે છે, તે ખરો યોગી છે.આ સૃષ્ટિ પર તમે જે અસમાનતા જુઓ છો તે જ મારી ખરી લીલા છે. પરંતુ જે તમને સમાન લાગે છે, સરળ લાગે છે; તે ખરેખર ખતરાની ઘંટડી છે. જોકે આ બધી વાત



તમને અત્યારે નહીં સમજાય, પરંતુ સંસારના જીવોનું મહાસંમેલન અંતિમ કસોટી માટે જયારે આપણે બોલાવશું ને, ત્યારે દરેક જીવના સ્વમુખે તમને આ બધું જાણવા મળશે.

મારે આ સંસારરૂપી સૃષ્ટિમાં પૃથ્વીગ્રહ પર આવેલા, એશિયાખંડના, ભારત દેશના, ગુજરાત દહોદ વિસ્તારનું ઉદાહરણ આપી એક વાત કરવી છે. રાજુ નામનો એક નેત્રહીન વ્યકિત કે જે પોતાની જીવનયાત્રા આગળ ધપાવી રહ્યો છે. થોડા સમય પહેલા તેના માતા-પિતા મૃત્યુ પામ્યાં. આ છોકરાના પિતાનો નાનો ભાઇ એટલે રાજુનાં કાકા, મોટાભાઇની ગેરહાજરીમાં રાજુની બધી સંપત્તિ હડપ કરી જાય છે. હવે રાજુ રસ્તા પર આવી જાય છે. તે એક મંદિરથી બીજા મંદિરની યાત્રા કરવા લાગે છે. આમ, ફરતા-ફરતા તે રંધોળાનાં ભાવનાથ મહાદેવનાં મંદિરે આવી પહોંચે છે. ત્યાં એલ.ડી. પટેલ હાઇસ્કૂલના શિક્ષકો અને કલાર્ક રસિકભાઇ મેંદપરાના પરિચયમાં તે આવે છે. સંવેદનશીલ રાજુની તમામ વિગતો મેળવે છે. માહિતી એકત્રિત કરી આ અનાથ યુવાનને મદદ કરવા મનોમન સંકલ્પ કરે છે. કલાર્ક રસિકભાઇ ટેલિફોનનું રિસીવર ઉઠાવે છે. ફોન ઉઠાવી તેઓ કહે છે : 'હેલો, અંધ ઉદ્યોગ શાળા ?' સામે છેડેથી ટેલિફોન રિસેપ્શનિસ્ટ પંકજભાઇ ત્રિવેદી બોલી ઊઠે છે : 'બોલો, કોનું કામ છે ?' કલાર્ક આગળ ઉમેરે છે : 'હું રંઘોળાથી બોલું છું. અહીં મંદિરમાં બંને આંખે અંધ રાજુ નામનો યુવાન પોતે અનાથ છે તેવું કહે છે, તેનું કોઇ નથી. આનું કંઇ થઇ શકે ?' પંકજ ત્રિવેદી કાર્યાલયમાં ફોન ટ્રાન્સફર કરે છે. સંસ્થાના સંચાલક સાથે કલાર્કનો સંવાદ થાય છે. સંચાલક રાજુને ભાવનગર અંધશાળામાં મોકલી આપવા જણાવે છે. રાજુ બીજા જ દિવસે શાળાના કાર્યાલયમાં આવી પહોંચે છે. તેના પ્રમાણપત્ર અને શૈક્ષણિક અભ્યાસક્રમને ધ્યાને લઇ ઉંમરગામમાં એક સંસ્થાના સંચાલક પંકજભાઇ ડગલીને રાજુની યોગ્યતા મુજબ્બ કામ આપવા અને પોતાના છાત્રાલયમાં રહેવાની સગવડ કરી આપવા ભલામણ કરવામાં આવે છે. પંકજભાઇનો સાનુકૂળ પ્રત્યુત્તર મળતા રાજુને તાબ્બડતોબ્બ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના સંચાલક દ્વારા

ઉંમરગામ મોકલી આપવામાં આવે છે. નિરાધાર, નેત્રહીન વ્યકિત પ્રત્યે રસિકભાઇ મેંદપરાની જે સંવેદનાભરી દષ્ટિ પડી અને તેના દિલમાં સંવેદના જાગી, જેના કારણે નિરાધાર અંધ એક છત્રછાયા પામી શકયો. આજે જેઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન છે તેવા સત્તાધીશોના દિલમાં જયારે રસિકભાઇ જેવી સંવેદના જાગશે ત્યારે જ અસમાન પલ્લું સંવેદનાના ભારથી તોળાઇને ઝૂકી પડશે. સમભાવ દષ્ટિકોણ વડે સાચું જગત નિહાળી શકશે. જગતમાં જેટલું સંપત્તિનું મૂલ્ય છે, તેનાથી વધુ મૂલ્ય તો સાચી સંવેદનાનું હોવું જોઇએ. જે રીતે રસિકભાઇ મેંદપરાની સંવેદનાથી રાજુનું નવું જીવન શરૂ થયું છે, તેવા જ આ માર્ગના અનેક પ્રવાસીઓ માટે શિક્ષિત લોકોએ પોતાની સાચી દષ્ટિ કેળવી સંવેદના જગાડવી પડશે.

## ૧૧. ઇશ્વરનો અવતાર

પૂર્વે વંદનપુર રાજયમાં એક રાજા રાજય કરતો હતો. તે ભારે સંવેદનશીલ રાજવી હતો. પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી. તેમણે પ્રજાના દિલ જીતી રાજયનો વિસ્તાર વિસ્તાર્યો હતો. તે રાજય વિસ્તાર માટે કદી યુદ્ધ કે લડાઇને મહત્ત્વ આપતો નહીં. પરંતુ જે તે વિસ્તારની પ્રજાની સમસ્યાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી તેના સુચારુ ઉકેલનો ઉપાય કરી આપવાની જે તે વિસ્તારના રાજા કે પ્રજાને ખાતરી આપી પોતાના સામ્રાજય સાથે જોડાવા આમંત્રણ આપતો. આમંત્રણ સ્વીકારનાર રાજયને તેના સઘળા લાભ આપી તે રાજયની પ્રજાને પણ પોતીકી બનાવી, ઉત્તમ સંવેદનશીલતાના દર્શન કરાવી, સફળ રાજવીની પ્રસિદ્ધિ તેમણે મેળવી હતી.

છેલ્લા ૧૨ વર્ષથી વંદનપુર રાજયમાં વરસાદનું એક ટીપું પણ પડયું ન હતું. ભારે દુષ્કાળ વચ્ચે પ્રજાને જીવન ગુજારો ચલાવવો મુશ્કેલ થઇ પડયો હતો. આકુળ-વ્યાકુળ બનેલી પ્રજાને જોઇ રાજા ભારે દુઃખી થઇ જાય છે. ઠેરઠેર રામધૂનના કાર્યક્રમ યોજાય છે. ઉપવાસ, એકટાણાં જેવા અનેક ઉપયો કર્યા પછી પણ વંદનપુરમાં એક પણ વાદળ દેખાતું નથી. ધોમ ધખતા તાપ વચ્ચે વૃક્ષો પણ સુકાવા લાગે છે. હવે પ્રજા



દિવસે-દિવસે ભૂખમરાના કારણે મૃત્યુ પામવા લાગે છે. આ બધી પરિસ્થિતિ નિવારવા અને તેના સુચારુ ઉકેલ માટે રાજા દેશ-વિદેશનાં વિદ્વાનો, વેપારીઓ અને નગરજનોની એક બેઠક બોલાવે છે. સભામાં ઉપસ્થિત સૌ કોઇને આવકારી સંવેદનશીલ રાજવી યજ્ઞપંથ બોલી ઊઠે છે : 'વિદ્વાન મિત્રો, છેલ્લા દસ-બાર વર્ષથી મેઘરાજા રિસાયા છે. પશુ-પંખી અને નગરજનોની જિંદગી દોહ્યલી બની છે ત્યારે આ લોકોને જીવતા રાખવા આપણે શું કરી શકીએ ? એક વણિક વેપારી ઊભા થઇ બોલી ઊઠે છે : 'પ્રજાવત્સલ મહારાજ યજ્ઞપંથને મારા વંદન. મારી પાસે અઢળક સંપત્તિ છે. જે પ્રજાના કલ્યાણ માટે હું આપના ચરણમાં અર્પણ કરું છું.' બીજા નાના-મોટા વેપારીઓ પણ આ વણિક વેપારીની જેમ પોતાની થોડીઘણી સંપત્તિ પ્રજાના હિત માટે રાજાને અર્પણ કરવા તૈયાર થાય છે. તેમ છતાં રાજય વિસ્તાર મુજબ આ જાહેર થયેલી રકમ પૂરતી ન હતી. તે જોઇ રાજા યજ્ઞપંથ બોલી ઊઠે છે : 'હું પણ આ વેપારીબંધુઓ દ્વારા પ્રજાના કલ્યાણ માટે શરૂ કરવામાં આવેલ અર્પણયજ્ઞમાં મારું યોગદાન આપીશ. રાજમહેલ, રાણીવાસ, રોકડ તથા સુવર્ણમુદ્રા અને દરેક આભૂષણ, સુવર્ણ સિંહાસન, ગગનભેદી કિલ્લા સહિતનું બધું જ પ્રજાના કલ્યાણ માટે, પ્રજાની જીવાદોરી માટે અર્પણ કરું છું. તાબડતોબ આ બધી સંપત્તિની હરાજી કરવા ઢંઢેરો પીટવા મારો આદેશ છે. આ કાર્યમાં આપણે વધુ સંપત્તિનું મૂલ્ય પ્રાપ્ત થાય તેવા હેતુસર આજુબાજુના રાજયનાં રાજાને આમંત્રિત કરવા નિર્દેશ છે. સાંભળી સભાના લોકો અવાક બની જાય છે. હિંમત કરી કોઇ વિદ્વાન મહાશય બોલે છે : 'યજ્ઞપંથ મહારાજના ચરણોમાં મારા વંદન. ક્ષમા કરજો. આપ આ બધી સંપત્તિ અર્પણ કરી જીવન શી રીતે જીવશો ? તે કૃપા કરી જણાવો, પછી જ આ અંગે ચર્ચા થઇ શકે.' સાંભળી રાજા યજ્ઞપંથ નમ્રભાવે કહે છે : 'હું ઘાસની ઝૂંપડી બનાવીને રહીશ. તે પણ નહીં મળે તો સૂકાં પર્ણ શોધીશ. તે પણ નહીં મળે તો નદીની ભેખડમાં આશ્રય લઇ મારો જીવનનિર્વાહ ચલાવીશ. જે કંઇ વનફળ મળશે તે એક વખત આરોગી દિવસ પૂરો કરીશ. આવા સમયે પ્રજાને લૂંટી સત્તાના સિંહાસન પર બિરાજમાન થઇ રાજ

ચલાવવું તે ઘોર પાપ છે. મારી સંપત્તિમાંથી જે કંઇ ધન મળે તે પ્રજા સુધી પહોંચતું કરવાનો પણ મારો આદેશ છે.'

આપણે જોયું સંવેદનશીલ રાજવી કેવી ઉમદા વિચારધારા સાથે રાજયની પ્રજાનાં કલ્યાણ માટે પોતાએ મેળવેલી સંપત્તિનો ઉપયોગ કરતા હોય છે. જયારે સત્તાના લાલચું સત્તાધીશો પોતાને મળેલી ખુરશીનો, પોતાને મળેલી સત્તાનો આડેધડ ગેરઉપયોગ કરતા હોય છે. સંવેદનાથી સમૃદ્ધ રાજવી પોતાની ખરી સત્તાનો માલિક બને છે. આવા પ્રત્યેક માલિક શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યા મુજબ ઇશ્વરનો અવતાર છે. પરંતુ જેઓ આવી સત્તાનો ગેર ઉપયોગ કરે છે તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યા મુજબ ઇશ્વરરૂપી વિનાશક શકિત છે. સર્જન અને વિસર્જન એક સિકકાની બે બાજુ હોવા છતાં સર્જન ચડિયાતું કહેવાય છે. તેથી પ્રત્યેક મનુષ્યે આ ઉકિતને વધુ ધ્યાનમાં લઇ સર્જનશીલ બનવા સંવેદનાની પારાશીશી મેળવવી રહી. સંવેદના સમાજનો સેતુ છે. તેના વડે સમાજ જોડાઇ છે.

આવી એક સંવેદનામૂર્તિ કે જેઓએ અનેક સામાજિક પ્રતિકૂળતાઓને પરાસ્ત કરી પોતાની પ્રજ્ઞારૂપી તીવ્ર દૃષ્ટિ વડે પ્રજ્ઞાચક્ષુ બહેનોની પ્રગતિ માટે નવી કેડી-કંડારી એવા શ્રી મુકતાબેન. મુકતાબેનનો જન્મ ૦૨ જુલાઇ ૧૯૬૨નાં રોજ અમરેલી જિલ્લાના નાના આંકડિયા ગામમાં ખેડૂત પાટીદાર પરિવારમાં થયો હતો. બાલ્યાવસ્થામાં જ તેમણે આંખોના નેત્ર ગુમાવ્યાં. ભાવનગરમાં આવેલી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. તેમજ ઉચ્ચ અભ્યાસનું શિક્ષણ અને પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષકો માટેના તાલીમી એક વર્ષનાં ડિપ્લોમા અભ્યાસનું શિક્ષણ તેમણે અમદાવાદમાં મેળવ્યું. યુવા અવસ્થામાં અમરેલીની શાળામાં તેઓ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયાં. દેશભરમાં શાળા માટે દાતાઓનો સંપર્ક કરી માતબર ફંડ એકત્રિત કરી શાળાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ દરમિયાન તેમણે ટ્રસ્ટી મંડળમાં સહમંત્રી તરીકે સેવા આપી પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓને વેગ આપવા પ્રયત્નો હાથ



ધર્યાં. નવી પ્રાથમિક શાળા પણ તેમના સક્રિય પ્રયાસોના કારણે શરૂ કરવાનું શકય બન્યું. આ દરમિયાન તેઓ વર્ષ ૧૯૯૪ માં શાળાના માધ્યમિક વિભાગના આચાર્યશ્રી પંકજભાઇ ડગલી સાથે લગ્નગ્રંથિએ જોડાયાં. આ દંપતીએ પ્રજ્ઞાચક્ષુ બહેનોના ઉત્થાન માટે સુરેન્દ્રનગર ખાતે 'પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજ' નામની સંસ્થાની શરૂઆત કરી. જેમાં આજે ૨૦૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ બહેનો એક યા બીજા પ્રકારની સેવાઓ મેળવી રહી છે. શ્રી મુકતાબેનના પ્રયત્નથી શરૂ કરાયેલ આ સંસ્થામાં કોઇ પણ ઉંમરની પ્રજ્ઞાચક્ષુ બહેનોને પ્રવેશ આપવામાં આવે છે. તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓનો અભ્યાસ કરી તેને વિશેષ રીતે તાલીમબદ્ધ કરવામાં આવે છે. આવી તાલીમ પામેલી પ્રજ્ઞાચક્ષુ બહેનોને યોગ્ય મુરતિયો શોધી આપી લગ્ન કરી આપવામાં આવે છે. કોઇ પણ દીકરીના લગ્ન પ્રસંગે આ દંપતી માતા-પિતા બની ઘરની સંપૂર્ણ ઘરવખરી સાથે કન્યાદાન આપે છે. એટલું જ નહીં તેના દરેક પ્રસંગે તે માતા બની પ્રસૂતા સુધીના તમામ કાર્યો કરી રહ્યાં છે. આજ સુધીમાં તેમણે અનેક પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને આ રીતે સ્થાપિત કરી છે. આર્થિક રીતે તેનો હિસાબ લગાવીએ તો તેમણે આવી દીકરીઓને લગ્ન પ્રસંગે કરોડો રૂપિયાનો કરિયાવર કર્યો છે. જે દીકરી પોતાની જાતે દિનચર્યા કરી શકતી ન હોય તેના મળમૂત્ર ઉપાડવા સહિતના કામ જે રીતે મુકતાબેન આજે કરી રહ્યાં છે તે જોતા તેને વિશ્વનો શ્રેષ્ઠ નોબલ પુરસ્કાર આપવામાં આવે તો તે પણ તેમની આ સેવા માટે ઊણો ઊતરે તેવું તેમનું કામ છે. મુકતાબેનને જીવતી-જાગતી સંવેદનાની મૂર્તિ કહી શકાય. તેને મળવાની અને તેમની આ પ્રવૃત્તિ જોવાની તક મને ઘણી વખત મળી છે, એના કરતાં તેમના વિશે લોકો જે ચર્ચા કરી રહ્યાં છે તે જયારે મારા કાન સુધી વાત પહોંચે છે ત્યારે હું તેના જવાબમાં એટલું જ કહું છું કે- 'મુકતાબેન પ્રજ્ઞાચક્ષુઓની મધર ટેરેસા છે.' વર્તમાન સમયમાં જેમની સેવા નિર્વિવાદ અને પ્રશંસનીય છે એવા મુકતાબેન ડગલીની કામગીરીના અનેક પ્રસંગો અહીં ટાંકવા જેવા છે, પરંતુ એમાંનો એક પ્રસંગ હું સંક્ષિપ્તમાં નોંધવા ઇચ્છું છું.

૨૦૧૧માં એકવાર મારે સુરેન્દ્રનગર પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજની મુલાકાતે

જવાનું થયું. ત્યારે શ્રી મુકતાબેન ડગલીનાં ખોળામાં બેઠેલી સંપૂર્ણ અંધત્વ ધરાવતી લગભગ ચારેક વર્ષની દીકરીનો પરિચય થયો. આ દીકરી મુકતાબેનને મમ્મી કહીને બોલાવતી હતી. માતા સાથે બાળક જે લાડ કરે તેવા જ લાડ સાથે તે વર્તી રહી હતી. જયારે એ દીકરી વિશે મને જાણવા મળ્યું ત્યારે ખબર પડી કે મુંબઇમાંથી મળી આવેલી કોઇ અનાથ આ અંધ દીકરી હતી. તેને કોઇ કચરાપેટીમાં ફેંકી ગયું હતું. પોલીસે સંભાળ લઇ જરૂરી કાર્યવાહી બાદ આ દીકરીને સંભાળવા માટે પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજમાં મુકતાબેનને સોંપી હતી. ત્યારથી જ તેઓ આ દીકરીનો ઉછેર કરી રહ્યાં હતાં. તેથી દીકરીની સમજ એવી જ હતી કે તેની માતા મુકતાબેન જ છે. આવો જ એક બીજો પ્રસંગ ત્યારે મને એ પણ જોવા મળ્યો, અમે બહેનોનાં છાત્રાલયમાં મુકતાબેન સાથે સંસ્થાની સગવડ નિહાળી રહ્યાં હતાં. દરમિયાન લગભગ ૬૫ વર્ષના સાવ મંદબુદ્ધિ ધરાવતા એક અંધ માજી જોયાં. જેનો ઝાડા-પેશાબ પર પણ કાબૂ ન હતો. મંદબુદ્ધિ હોવાથી વર્તનની પણ ઘણી સમસ્યાઓ હતી, પરંતુ મુકતાબેન આ માજીની અંગત ખૂબ કાળજી લઇ રહ્યાં હતાં. તેઓ શાંતિથી માજી સાથે વાત કરે, તેને ભાવતી વાનગી જમાડે અને તેની સફાઇની કાળજી પણ રાખે. આ બધી બાબતમાં નવાઇની વાત એ છે કે મુકતાબેન ડગલી પોતે પણ સંપૂર્ણ અંધ છે. તેથી આ બધા કામ તેમને હાથના સ્પર્શ વડે જ કરવા પડે. તેથી તેમના માટે આ ઘણું કપરું ગણાય. તેમ છતાં કોઇ પણ પ્રકારની સૂગ રાખ્યા વગર તેમને આ કામ કરતાં જોઇ મને તો એવું જ લાગતું હતું કે- જે રીતે શ્રી કૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે- 'માણસમાં બુદ્ધિ હું છું' તે જ વાતને હું આગળ લઇ જાઉં તો મારે કહેવું છે કે- સંવેદનાની જો કોઇ પ્રતિકૃતિ હોય, કોઇ મૂર્તિ હોય તો તે મુકતાબેન ડગલી છે. આ સેવાનિષ્ઠ દંપતીને મારા શત શત વંદન...



## ૧૨. બીજનું જતન

પાંચાલ પ્રદેશની આ વાત છે. અહીં તરણેતરના મેળાનું અનેરું મહત્ત્વ છે. વર્ષો પહેલા આવો જ એક તરણેતરનો મેળો યોજાવાનો હતો. ત્યારે વાહન વ્યવહાર અને આજે જે ટેકનોલોજીની સગવડો છે તેવી સગવડ ન હતી. સંદેશા માત્ર પોસ્ટકાર્ડ, પરબીડિયું કે આવતા જતા લોકો સાથે સંદેશો કરી માહિતીની આપ-લે કરવામાં આવતી. કોઇ વિકાસ પામેલા ગામડામાં ગણ્યાં ગાંઠયાં ઘરોમાં કોઇ કોઇ જગ્યાએ ટેલિફોન જોવા મળતા. બાકી ઝડપથી કોઇ સંદેશ આપવાનો હોય અને અંતર લાંબું હોય તો સુધરેલા લોકો તાર મોકલીને સંદેશાની આપ-લે કરતા. આ પાંચાલ પ્રદેશમાં એક નાનકડું ગામ હતું. આ ગામમાંથી ઘણા લોકો તરણેતરનો મેળો જોવા આગળ વધી રહ્યા હતા. એવામાં એક દંપતી પોતાના પાંચ વર્ષના બાળક સાથે આ બધા લોકો સાથે જોડાય છે. આ દંપતીને આ એક માત્ર દીકરો હતો. તેને ઉછેરવાના, ભણાવવા ગણાવવાના ઘણા મોટા કોડ હતા. દંપતી પોતાના પુત્ર પર ભારે પ્રેમ વરસાવતા એટલે જ આજે તેઓ આ નાનકડા પુત્ર સાથે તરણેતરના મેળામાં ભાગ લેવા જઇ રહ્યાં હતાં. મેળામાં પહોંચતાં જ ભારે કોલાહલ વચ્ચે ફેરિયાઓ બૂમાબૂમ કરી રહ્યા હતા. પાંચ રૂપિયાના પાંચ પિપૂડા લઇ લો, પાંચ રૂપિયાના પાંચ... પિપૂડાવાળાની આજુબાજુ બાળકોના મોટાં ટોળાં વળ્યાં હતાં. એક પછી એક બાળકને પિપૂડાવાળો પિપૂડા પૈસા વસૂલ કરી વારા ફરતી આપી રહયો હતો. લગભગ સાતેક વર્ષની એક દીકરી હાથમાં પિપૂડા લઇ વિલાયેલા મોઢે ઊભેલી જાણે સમજો હમણાં રડશે કે રડી! ચકરવકર જોતી કશુંક શોધતી હોય તેવી મુદ્રામાં આકુળ-વ્યાકુળ થઇ ગયેલી સુનીતાને પેલા નાનકડા ગામમાંથી લગભગ પાંચેક વર્ષના પોતાના દીકરા સાથે મેળામાં ભાગ લેવા આવેલા પતિ-પત્ની જુએ છે. દીકરીને પોતાની પાસે બોલાવે છે. રડવાનું કારણ પૂછે છે. દીકરીના ગળામાં ડૂમો ભરાઇ ગયેલો હોવાથી તે ઉત્તર આપી શકતી નથી. અવાક બની ગયેલી દીકરીને જોઇ અનસૂયાબહેન પોતાના પતિ વૃજલાલ સાથે દીકરી

પાસે પહોંચી જાય છે. દીકરીને પોતાની સોડમાં સમાવી લઇ ધીમેકથી પૂછે છે : 'બેટા, શું થયું છે ? આમ હતાશ, નિરાશ અને રડવા જેવી કેમ થઇ ગઇ છો ? હવે થોડું દીકરી બોલવા પ્રયત્ન કરે છે. મા...રા...બા...પુ...જી... દંપતી સાંભળીને સમજી જાય છે કે આ દીકરી તેના બાપુજીથી છૂટી પડી ગઇ લાગે છે. અનસૂયાબેન દીકરીને સાંત્વના આપે છે. ધીમે ધીમે તેના પિતાનું નામ પૂછે છે. તે શી રીતે તેનાથી છૂટી પડી ગઇ છે તે જાણવાનો પ્રયત્ન કરે છે. દીકરી આ બધું તૂટક તૂટક પરંતુ વિગતવાર જણાવે છે. પિપુડા ખરીદવા આવેલી આ દીકરી રમકડાં જોવામાં ધકકે ચઢી જાય છે અને પોતાના પિતાથી છૂટી પડી જાય છે. મહાપ્રયત્ન પછી પણ દીકરીને તેના પિતા દેખાતા નથી. પેલી બાજુ દીકરીના પિતાની સ્થિતિ પણ આવી જ થાય છે. આખરે પિતા હારીને દીકરી નહીં જ મળે તેમ સમજી દીકરી મળી જાય તે માટે ઇશ્વરને રિઝવવા મંદિરનો આશરો લે છે. આ બાજુ અનસૂયાબહેન અને વૃજલાલ પોતાના દીકરા સાથે આ મળી આવેલી દીકરીને લઇને મેળામાંથી પોતાને ગામ જવા નીકળવાની તૈયારી કરે છે. અનુસૂયાબહેન દીકરીને કહે છે : 'તું બેટા, ચિંતા કરીશ નહીં.' આજથી અમે જ તારા માતા-પિતા છીએ અને આ પરેશ તારો નાનો ભાઇ છે. તે તારી સાથે રમશે અને તું એની સાથે રમીશ. બોલ તને ગમશે ને ? અમે તારો ઉછેર કરીશું. તને અમારા ગામમાં સાથે લઇ જઇ ભણાવીશું અને મોટી સાહેબ બનાવીશું. તું અમારી સાથે રહીશ ને બેટા ?' દીકરી સુનીતા હકારમાં ડોકું હલાવી દંપતી સાથે ચાલવા લાગે છે. પરેશ અને સુનીતા એકબીજાની આંગળી પકડી અનસૂયાબહેન અને વૃજલાલની પાછળ પાછળ ગામના રસ્તે ચાલવા લાગે છે. અનસૂયાબહેન મલકાતાં મલકાતાં બોલે છે : 'મને તો સુનીતા બહુ વહાલી લાગે છે. તેની સાથે પૂર્વ જન્મનું મારે ચોકકસ લેણું હશે. ભગવાને મને ફૂલ જેવી ઉછરેલી દીકરી આપીને મારા ઉપર ઉપકાર કર્યો છે.' વૃજલાલ પણ હકારમાં ડોકું હલાવતા તેની સાથે રસ્તો કાપતા રહે છે. મીઠો સંવાદ જાણે રેડિયો પર વાગતા સુમધુર સંગીત જેવો લાગે છે. સુનીતાના મગજમાં વિચારના વંટોળો ચાલે છે. હવે મારું શું થશે ? શું મારા પિતા હવે પછી મને કયારેય મળી નહિ શકે ? મારે તેમના



વિના જીવન જીવવું પડશે ? અનસૂયા આન્ટી અને વૃજલાલ અંકલ ખરેખર મારો ઉછેર પોતાના બાળક જેમ કરશે ખરા ? આ બધા જ પ્રશ્નો સુનીતાના મગજ પર કબજો જમાવીને બેઠા હતા. થોડી જ વારમાં ગામની ભાગોળે વિલાયતી નળિયાવાળું, મોટા વરંડામાં શોભતું મકાન દેખાય છે. લાકડાનો નકશીકામ કરેલો ડેલો ઉઘાડતા વૃજલાલ બોલી ઊઠે છે : 'સુનીતા, આ આપણું ઘર છે. આવ, અંદર આવ. વરંડો ખૂબ મોટો છે. તને તેમા પરેશ સાથે રમવાનું ગમશે.' દિવસ પછી દિવસ વિતવા લાગે છે. વૃજલાલ પોતે ઢોર ડૉકટર હતા. પશુઓ બીમાર પડે એટલે વૃજલાલને અડધી રાત્રે પણ પશુપાલકોના ઘરે જવું પડતું. આવા જ કારણોસર ગામના કોઇ પશુપાલક રાત્રિના સાડા બાર કલાકે આવીને વૃજલાલનો ડેલો ખખડાવે છે અને બોલે છે : 'સાહેબ, મારી ભેંશ ભારે બીમાર છે. કશું જ ખાતી નથી કે પાણી પણ પીતી નથી. આપ જલદી આવો, નહીં તો મારી ભેંશ મરી જશે.' સાંભળતા જ વૃજલાલ પોતાની દવાની પેટી લઇને દોડતા બહાર આવે છે. પશુપાલકની પાછળ-પાછળ ચાલવા લાગે છે. પશુપાલક ઘર આવતા જ ડેલો ઉઘાડી બોલે છે :'ડૉકટર સાહેબ, જુઓ સામેના વાડામાં ગમાણમાં બાંધેલી ભેંશ બીમાર છે. જુઓ તે ઊભી પણ નથી થતી.' ડૉકટર સાહેબ તેની પાસે જઇ ભેંશને તપાસે છે. એકાદ ઇન્જેકશન પણ મારે છે. થોડી દવાઓ આપે છે. પછી બોલે છે : 'થોડું સૂકું ઘાસ આપો. એકાદ-બે દિવસમાં બધું ઠીક થઇ જશે. થોડો અપચો છે. ચિંતા કરવા જેવું નથી. આફરો પણ ચડયો છે. તે દવાના કારણે બેસી જશે.' ડૉકટર પાછળ ફરીને ચાલવા જાય છે ત્યાં જ તેના પગમાં સાપ આવી જાય છે. દબાયેલો સાપ ડૉકટરને ડંખ મારે છે. કિંગ કોબ્રા નામના સાપે ડૉકટરને ડંખ દીધો હોવાથી તેને જો તાબડતોબ સારવાર ન મળે તો તે કેસ બચાવવો અઘરો થઇ પડે તેમ હતો. ગામ અંતરિયાળ વિસ્તારમાં હોવાથી વાહન વગેરેની સગવડ થાય તેમા સમય ઠીક ઠીક નીકળી જાય. મહામહેનતે બળદગાડું માંડ મળે છે. તેમા ડૉકટરને સુવાડી સુરેન્દ્રનગરની હૉસ્પિટલમાં લઇ જવા ગાડું ચલાવવામાં આવે છે. પરંતુ આ બાજુ ડૉકટરના શરીરમાં ખૂબ ઝડપથી ઝેર પ્રસરવા લાગે છે. થોડીવારમાં જ ડૉકટર

બેભાન થઇ જાય છે. મોઢામાં ફીણ આવવા લાગે છે. હજુ તો માંડ અડધો રસ્તો કાપ્યો હશે ત્યાં જ ડૉક્ટરનું પ્રાણપંખેરુ ઊડી જાય છે. આ બધી માહિતી અનસૂયાબહેનને મળે છે. તે ભારે દુઃખી થઇ જાય છે. અનસૂયાબહેનનું ઘર આજે રોકકળથી હલબલી ઊઠે છે. ગામમાં દુઃખનું મોજું ફરી વળે છે. સુનીતા અને પરેશ ચોધાર આંસુએ રડી રહ્યાં છે. જયારે અનસૂયાબહેન જાણે લાકડું પડ્યું હોય તેમ સૂનમૂન અચેતનની જેમ પડયાં છે. કોણ કોને સાંત્વના આપે ? જયારે દુઃખ આવે ત્યારે ચોરેકોરથી આવે, તેમ આજે અનસૂયાબહેન માટે પણ બન્યું હતું. ખૂબ આનંદ અને સુખમાં રહેતો પરિવાર એકાએક દુઃખમાં સપડાઇ જાય છે.

નદીના વહેતા પ્રવાહની જેમ સમય ફરી વખત વહેવા લાગે છે. અનસૂયાબહેન આઘાતમાંથી કેમેય કર્યા બહાર નીકળી શકતાં નથી. તેનું હૃદય નબળું પડી જાય છે. એક દિવસ તેને હૃદયરોગનો હુમલો આવે છે. છાતીમાં મૂંઝારો અને અસહ્ય દુઃખાવો સહન કરતાં અનસૂયાબહેન દીકરી સુનીતાને કહે છે : 'બેટા, તારે હવે પરેશને સંભાળવાનો છે. સગી માતાનો રોલ તારે ભજવવો પડશે. હું થોડા સમયમાં જ ગામતરું કરવાની છું. તું મને વચન આપ કે તું પરેશની સંભાળ માટે લગ્ન નહીં કરે. તારે તેની આજીવન સંભાળ રાખવાની છે. તેના લગ્ન પણ તારે તેની મોટી બહેન બની એક માતાની જેમ કરી આપવાના છે. સુનીતા હકારમાં ડોકું હલાવે છે. સુનીતાનો ઉત્તર મળતા જ અનસૂયાબહેન પોતાનો અંતિમ શ્વાસ લઇ કાયમ માટે ગામતરે નીકળી જાય છે. હવે સઘળી જવાબદારી સુનીતાના શિરે આવે છે. સુનીતા પોતાના ધર્મના નાનાભાઇનો ઉછેર ખૂબ લાડકોડથી કરતી રહે છે, તેને ભણાવે છે, મેડિકલ કૉલેજમાં પણ એડમિશન અપાવી ઉચ્ચ શિક્ષણ અપાવે છે ' અને એ રીતે પરેશ પણ ડૉક્ટર બનીને બહાર આવે છે. પરેશની સાથે જ અભ્યાસ કરતી અને ડૉક્ટર બનેલી એક યુવતી સાથે સુનીતા પરેશના લગ્ન કરાવી આપે છે. બંનેનો સંસાર ચાલવા લાગે છે. પરંતુ સુનીતા પ્રત્યેની પરેશની લાગણી અને લગાવની ઇર્ષ્યા પેલી ડૉક્ટર યુવતીને કોરી ખાવા લાગે છે. તે વાતેવાતે સુનીતા સાથે ઝઘડો કરવા લાગે છે. પરેશની સુનીતા



પ્રત્યેની અનહદ લાગણીથી કંટાળેલી ડૉક્ટર યુવતી પરેશ પર હવે સુનીતાના આડા સંબંધ હોવાના આક્ષેપો કરવા લાગે છે. સુનીતાના કાને તે વાત પડતા સુનીતા દુઃખી થઇ જાય છે. સગાભાઇથી પણ વિશેષ સમજી પ્રેમથી નાનાભાઇ તરીકે જેનો ઉછેર કર્યો હતો તેની જ સાથે આડાસંબંધના આક્ષેપો સુનીતા સહન કરી શકતી નથી. બાળપણમાં પિપૂડાની ખરીદી કરતી વેળાએ પિતાથી છૂટી પડેલી સુનીતા આજે ફરી વખત એવી જ સ્થિતિમાં મુકાઇ ગઇ. જેને પોતાના પ્રાણથી પણ વધુ પ્રીત કરી સગા ભાઇની જેમ ઉછેરી, ભણાવી-ગણાવી, ડૉક્ટર બનાવી એક ડૉક્ટર યુવતી સાથે લગ્ન કરાવી આપનાર આ સ્ત્રી સાથે પોતાના અંગત સ્વાર્થ ખાતર આ પ્રકારનો આક્ષેપ મૂકી, પરિવારથી વિમુખ કરવા સુનીતા સાથે જે વ્યવહાર થયો તે જ સમાજની સ્વાર્થવૃત્તિ બતાવે છે. જે દંપતીએ પારકી દીકરીને પોતીકી સમજી ઉછેર કરી ખરી સંવેદના બતાવી હતી, તે જ દંપતીનો પરિવાર આજે સુનીતા પર આક્ષેપો કરી સલામત જીવન જીવવા પ્રયત્ન કરતી ડૉક્ટર યુવતીના કારણે વામણો પુરવાર થઇ રહ્યો હતો. તેમ છતાં સુનીતા પોતાના ધર્મના નાનાભાઇ માટે ઘર છોડી પોતાનું જીવન ઇશ્વરના આધારે મૂકી ચાલી નીકળે છે. સંવેદનહીનતાના કારણે આવી અનેક યુવતીઓ મંજિલ વિનાની મુસાફરી કરી રહી છે, ત્યારે જાગેલી સંવેદનાનું બીજ મૂરઝાય નહીં એવી સમાજે કાળજી લેવી જોઇએ.

## ૧૩. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા

નદીના કિનારે શોભતું સોનાવટી નામનું ગામ આવેલું હતું. ગામમાં આજે ગીતાબેન ઘરના વરંડામાં ઘેઘૂર લીંમડા નીચે બેઠાં બેઠાં ભરતકામ કરી રહ્યાં હતાં. તેની આસપાસ લગભગ પાંચેક વર્ષનો એક બાળક જુદી જુદી ઘરની નકામી ચીજવસ્તુઓ ભેગી કરી રમી રહ્યો છે. આજથી સાતેક વર્ષ પહેલા આ ઘરમાં ગીતાબેન આવ્યાં હતાં. મોહનભાઇ સાથેનો તેમનો સંસાર સૌ કોઇની નજરે ઇર્ષાપાત્ર બને એ રીતે ચાલતો

હતો. જોકે મોહનભાઇનું આ બીજું લગ્ન હતું. તેમ છતાં પતિ-પત્ની વચ્ચે પ્રેમની ગાંઠ એવી તો બંધાઇ ગઇ હતી કે એકબીજા વિના તેઓ એક મિનિટ પણ રહી શકતાં નહીં. લગ્નના લગભગ ચોથા વર્ષે જાણે આ દંપતી પર ઈશ્વર રૂઠયો હોય તેમ કાળ બની આવી પરિવારને વેરવિખેર કરી નાખે છે. ગંભીર માર્ગ અકસ્માતમાં મોહનભાઇનું દુઃખદ અવસાન થાય છે. હવે ગીતાબેનના કપરા દિવસો શરૂ થાય છે. વળી, અગાઉની મોહનભાઇની પત્નીનો એક દીકરો પણ હતો, જેની સંભાળ પણ ગીતાબેને રાખવાની હતી. તેથી ગીતાબેન ભરતકામ કરીને થોડુંઘણું આર્થિક ઉપાર્જન કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરતાં હતાં. મોહનભાઇની પ્રથમ પત્નીનો પુત્ર ૨૧ વટાવી ચૂકયો હતો. તેના લગ્ન કરવાની ચિંતા ગીતાબેનને દિવસે દિવસે કોરી ખાવા લાગી હતી. આજે તે દીકરાને જોવા મહેમાન આવવાના હતા. ગીતાબેન છોકરાને ઠેકાણે પાડી નિરાંતનો શ્વાસ લેવાં માંગતાં હતાં. મોહનભાઇના અંગત મિત્ર રસિકભાઇ લગભગ પાંચ-સાત નવા વસ્ત્રમાં શોભતા માણસો સાથે પ્રવેશ કરતા બૂમ પાડી ઊઠે છે : 'ગીતાભાભી, સંજય ઘરમાં છે કે ? ભાભી સંજયને બોલાવો. મહેમાન આવી ગયા છે.' ગીતાબેન સ્મિત વેરતા બધાને આવકાર આપે છે. એટલામાં પાંચેક વર્ષનો બાળક દોડતો આવે છે અને બોલી ઊઠે છે : 'સંજયભાઇ મારી માટે ઘણીબધી ચોકલેટો લઇને આ આવી ગયા.' કોલાહલ વધી જાય છે. એક બીજાનો પરિચય થતાં રસિકભાઇ મોકો જોઇને કામની વાત આગળ ચલાવવા પોતાની વાત મૂકે છે : 'આ સંજય. તેણે હમણાં જ સ્નાતક પૂરું કર્યું. અનુસ્નાતકનો અભ્યાસ ચાલે છે. પિતાનો ધીકતો ધંધો પણ સંભાળે છે. ઘરમાં માત્ર ત્રણ જણાંનો પરિવાર છે. આટલો મોટો વરંડો, માલઢોર, ઘરેણાં અને બીજું ઘણું બધું. મોટી મિલકતનો આસામી છે અને ગીતાભાભીનો સ્વભાવ માયાળુ હોવાને કારણે દીકરી સ્વર્ગનું સુખ ભોગવશે.' આખરે બધું પાકું થઇ જાય છે. ગીતાબેન માટે આજે જાણે સોનાનો સૂર્ય ઊગ્યો હતો. ઘડિયા લગ્ન લેવાય છે. ગીતાબેનના ઘરમાં લક્ષ્મી વહુ બનીને આવે છે. ગીતાબેન લક્ષ્મીને બોલાવી પોતાની પાસે બેસાડી તેના માથા ઉપર હાથ મૂકી કહે છે : 'બેટા, સામે રમી



રહ્યો છે તે છોકરો તારો દિયરો છે પણ તેને પોતીકો જણ્યો જાણજે. તારે તેની સંભાળ લેવાની છે, મોટો પણ કરવાનો છે. તેને ધંધે પણ લગાડવાનો છે અને તેના લગ્ન પણ તારે જ કરાવી આપવાના છે. તારા બાપુજીના મૃત્યુ પછી મારી તબિયત સારી રહેતી નથી. બ્લડ પ્રેશર રોજ વધતું જાય છે. હૃદય પણ સાવ નબળું પડી ગયું છે. ગયા વર્ષે અમદાવાદ બાયપાસ સર્જરી કરાવી હતી, એટલે જ મને સંજયના લગ્નની ઉતાવળ હતી. તું અને મારો દીકરો કાયમ સુખી રહો એવો મારો આશીર્વાદ છે. સમય વહેવા લાગે છે. જોતજોતમાં ત્રણેક વર્ષ પૂરા થઇ જાય છે. લક્ષ્મીને પણ સારા દિવસો વીતવા લાગે છે. ગીતાબેન માટે આ આનંદની ઘડી તો હતી જ પણ ગીતાબેન માટે ચિંતાની વાત તો એ હતી કે હવે ગીતાબેન અનેક શારીરિક સમસ્યાઓમાં સપડાઇ ગયાં હતાં. છાતીમાં રોજ દુઃખાવો અને મૂંઝારો લાગતો. હવે, ગીતાબેન માટે તેની સારવાર કરાવવી આર્થિક રીતે પરવડે તેમ નહોતું. તેથી અમદાવાદના ડૉકટરે જે દવાઓ લખી આપી હતી, તે દવાઓ જરૂર પડે તેમ મેડિકલમાંથી મંગાવી તેઓ દિવસો પસાર કરી રહ્યાં હતાં. એક દિવસ એકાએક ગીતાબેનને હૃદયનો તીવ્ર હુમલો આવે છે. ગીતાબેન લક્ષ્મી સામે જોઇને આંખના ઇશારા વડે લક્ષ્મી પાસેથી અગાઉ માંગેલ વચનની યાદ આપી, કાયમના માટે આંખ બંધ કરી દે છે. લક્ષ્મી ગીતાબેનની અચાનક વિદાયથી બેબાકળી બની જાય છે. ગીતાબેનની અંતિમવિધિ ગામલોકોની વિશાળ હાજરીમાં લક્ષ્મી અને તેનો દીકરો સંજય પૂરી કરાવે છે. દરમિયાન લક્ષ્મી પોતે પુત્રને જન્મ આપે છે. હવે લક્ષ્મી પોતાના બાળકનાં ઉછેરમાં લાગી જાય છે. દિવસ પછી દિવસ વીતવા લાગે છે. લક્ષ્મીનો પુત્ર પણ ભણીગણી હોશિયાર બની કામે લાગી જાય છે. ગીતાબેને લક્ષ્મી પાસેથી જે વચન માંગ્યું હતું તે, લક્ષ્મીનો દિયર લગભગ ૨૫ વર્ષનો થયો હતો. તેથી તેને પરણાવવાની જવાબદારી લક્ષ્મીએ અદા કરવાનો સમય પાકી ગયો હતો. લક્ષ્મી સગાં-સંબંધીઓને ગુણવાન દીકરી બતાવવા કહેતી રહે છે. પરંતુ યોગ્ય કન્યા મળતી નથી. બીજી તરફ લક્ષ્મીનો પુત્ર જે કૉલેજમાં અભ્યાસ કરતો હતો. તે જ કૉલેજની છોકરી સાથે લગ્નગ્રંથિથી જોડાવાનો કોલ અગાઉથી આપીને ઘરે

આવી લક્ષ્મીને કહે છે : 'તમારે મારા માટે દીકરી જોવા રણજીતપુર ગામ જવાનું છે. તેના મા બાપને મળી નકકી કરવાનું છે. યુવતીએ મને સંમતિ આપી છે.' સાંભળતાં જ લક્ષ્મી બોલી ઊઠે છે : 'હજુ તારા માટે હું કન્યા જોવા જઇ શકીશ નહીં. મારા પર એક બહુ મોટી જવાબદારી છે. જયાં સુધી અંકલ માટે કોઇ છોકરી નહીં મળે ત્યાં સુધી તારા લગ્ન વિશે વિચાર પણ કરી શકાય નહીં. ગીતાબેનને આપેલો કોલ જાણે લક્ષ્મી મનોમન યાદ કરતાં કરતાં બોલી રહી હતી, કારણ કે ગીતાબેનની પીડાં અને વેદના ખુદ લક્ષ્મીએ તે સમયે અનુભવી હતી. કોઇ પણની પીડા કે વેદના જયારે પોતીકી પીડા બની જાય છે ત્યારે જ ખરી સંવેદના જાગે છે અને જાગેલી સંવેદના કદી વ્યકિતને પોતાનાં મકકમ ઇરાદાથી ચલિત થવા દેતી નથી, એટલે જ કહેવું જોઇએ કે : 'સશકત સમાજના નિર્માણ માટે સાચી સંવેદનાની જરૂર છે.' આજે દિવસે દિવસે સંયુકત કુટુંબો તૂટી રહ્યાં છે. આપણી સંયુકત કુટુંબ વ્યવસ્થા લગભગ ભાંગીને ભૂકો થઇ ગઇ છે. પતિ-પત્ની સિવાય ઘરમાં, પરિવારમાં અન્ય કોઇ સભ્ય માટે લગભગ હવે જગ્યા બચી નથી, ત્યારે સુશીલ સમાજે આ દિશામાં વિચારણા કરવાનો સમય પાકી ગયો છે. ભારતની સંયુકત કુટુંબની પરંપરાને જો આપણે ભૂલીશું તો ખરી માનવતાને પણ પામી શકીશું નહીં. આપણે જોયું કે ગીતાબેને અગાઉની પત્નીના પુત્રને થાળે પાડવા કેટલી નૈતિકતાપૂર્વક કાર્ય કર્યું ! અને એ જ પગલે ચાલવા નવવધૂને પણ ઉપદેશ આપ્યો અને નવવધૂ લક્ષ્મીએ તે પુરવાર પણ કર્યો. આ જ છે ખરી સંયુકત કુટુંબ વ્યવસ્થા. આ વ્યવસ્થાને સેતુરૂપ જોડે છે ખરી સંવેદના. જયારે અન્યનું દુઃખ વ્યકિત પોતે અનુભવે અને પોતાનું દુઃખ બાજુ પર રાખી પરિવારના સભ્યની ચિંતા કરે ત્યારે જ ખરી માનવતા મહેકે છે.

સંવેદના કો જાકે પૂછો કિ : ઉન્હેં કયાં શિકાયત હૈ ?
હમે તો વેદના મેં ભી સંવાદ હૈ યહી સચ્ચી સંવેદના હૈં.



## ૧૪. રાજધર્મ

વિજયના ટંકાર પછી શ્રી રામચંદ્ર ભગવાને લંકાનું રાજય વિભીષણને સોંપી અયોધ્યા તરફ પ્રયાણ કર્યુ. ભગવાન શ્રી રામે યાત્રા દરમિયાન પોતાની સમદષ્ટિથી અનેક જીવોની સમસ્યાઓના ઉકેલ માટે એક યા બીજી રીતે જીવોનો કલ્યાણનો માર્ગ પ્રસ્થાપિત કર્યો. બીજી તરફ અયોધ્યાવાસીઓ રામના વિયોગથી ૧૪ વર્ષથી વ્યથિત હતા. કૃષ્ણપક્ષની ચૌદમી તિથિનો આ દિવસ અયોધ્યાવાસી માટે સમસ્યાનો છેલ્લો દિવસ હતો. ચૌદસની છેલ્લી રાત્રી પસાર કરવી અયોધ્યાના લોકો માટે ખૂબ કષ્ટદાયી રહી. કેમેય કરી સમય પસાર થતો નહોતો. તેથી નગરજનોએ આ રાત્રીને 'કાળીરાત્રી'નું નામ આપ્યું. ત્યારથી આ દિવસને આપણે કાળી ચૌદસ તરીકે મનાવીએ છીએ.

સામાન્ય રીતે કાળું અનિષ્ટનું પ્રતીક છે, પરંતુ કોઇવાર તે આનંદદાયી પણ નીવડી શકે છે. ભગવાન રામચંદ્ર અયોધ્યાનગરીની ભાગોળે આસો માસની કૃષ્ણપક્ષની ચૌદસના દિવસે પહોંચી ગયા હતા. પરંતુ ૧૪ વર્ષના વનવાસનો તે અંતિમ દિવસ હોવાથી તેઓ રાજમહેલમાં જઇ શકે તેમ ન હતા. આ બાજુ અયોધ્યાનગરીના નગરજનો પેલી કૃષ્ણ ભગવાનની ગોપીઓની જેમ ભાન ભૂલ્યા હતા. તેથી કેટલો સમય પસાર થઇ ગયો છે તેની કોઇને ખબર ન હતી. પરંતુ વિદ્વાનો દ્વારા ભગવાન રામચંદ્ર અયોધ્યા પધારી રહ્યા છે તેવી નગરમાં જાહેરાત કરવામાં આવતા તે રાત્રીના લોકોને ખ્યાલ આવ્યો કે આવતીકાલે ભગવાન રામ આવશે. પરંતુ જેની આપણે રાહ જોતા હોઇએ, પ્રતીક્ષા કરતા હોઇએ એ આપણને મળે નહીં ત્યાં સુધી આપણને ચેન પડતું નથી, કારણ કે આપણી તે પ્રત્યે ઉત્સુકતા વધી જતી હોય છે. આવી જ હાલત અયોધ્યાવાસીઓની થઇ હતી. આપણી બીજી માન્યતા મુજબ આ દિવસે તાંત્રિક લોકો તંત્ર-મંત્રની વિધિ માટે ઘણા પ્રયોગો, સાધના કરતા હોય છે. આ બધું રામચંદ્રના અયોધ્યા આગમનના અંતિમ દિવસની રાત્રી સાથે શી રીતે જોડાયું હશે ?

તેવો પ્રશ્ન સૌ કોઇને ઉદ્ભવે. આ માટે ઘણાં વિદ્વાનો, શાસ્ત્રો, ગ્રંથો, પુસ્તકોનો આશરો લીધા પછી હું એટલું જ કહી શકું કે – 'આ બધી જ પ્રક્રિયા ઘટી છે તે એક પ્રકારની વેદના છે.' વ્યકિત જયારે કંઇ પણ ગુમાવે છે, મનગમતું મેળવી શકતો નથી ત્યારે તે વેદના અનુભવે છે. સમાજ પણ આ પ્રકારની વેદનાથી વ્યથિત છે. આપણે ભગવાન શ્રી રામમાંથી જે મેળવવું જોઇતું હતું તે પામી શકયા નથી અથવા બીજી રીતે જો વિચારીએ તો ભગવાન શ્રી રામચંદ્રનું ચરિત્ર આપણી સમજમાં આવ્યું જ નથી. જે અયોધ્યાવાસીઓ જેના વિના ૧૪ વર્ષ સુધી વ્યથિત રહ્યા, દુઃખી થયા તેની વેદનાને પામી રામચંદ્રમાં ખરી સંવેદના જાગી અને એટલે જ કદાચ તેમણે પોતાના ઉત્તમ રાજધર્મ દ્વારા અયોધ્યાવાસીઓના દિલ જીતી લીધા. આજે પણ સાચા રાજધર્મને સમજવા રામરાજયનું ઉદાહરણ આપવામાં આવે છે, કારણ કે રામચંદ્ર એક એવા રાજા હતા કે જેમણે કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના પ્રજાના દરેક વર્ગને સમાનદષ્ટિએ જોઇ, સમાન સંપત્તિ, સમાન સુખ પ્રાપ્તિ થાય તે દિશામાં કામ કર્યું. આવા રાજવી અયોધ્યાની પ્રજા પામી શકી કારણ કે તેમણે ૧૪ વર્ષની વેદના ભોગવી. મહારાજા દશરથના શાસનકાળથી અયોધ્યાની પ્રજા બહુ સુખી હતી જ. તેમ છતાં આજે આપણે સાચા રાજવીની ઓળખ આપવા માટે રામરાજય શબ્દનો ઉપયોગ કરીએ છીએ. એવી જ વાત રાજનીતિની છે. આપણે ત્યાં ઉકિત ગવાય છે – 'રઘુકુળ રીતિ સદા ચલી આઇ, પ્રાણ જાય અરુ બચન ન જાઇ.'

અહીં રામરીતિ કહેવામાં આવતી નથી. જોકે આ બંને વાત સૂર્યવંશી કુળને જ લાગુ પડે છે. રઘુરાજાની નીતિ-રીતિ ઉત્તમ હતી. તેની તુલના કોઇ પણ સાથે કરવી મુશ્કેલ છે એટલે કે શાસકે નીતિ-રીતિ રઘુરાજાની જેવી રાખવી જોઇએ. પરંતુ શાસકે રાજધર્મ ભગવાન રામચંદ્ર જેવો બજાવવો જોઇએ કારણ કે અયોધ્યાવાસીની વેદના રામચંદ્રએ જ અનુભવી હતી. એટલે તેમણે રાજધર્મ ખાતર અયોધ્યાના સામાન્ય નાગરિક એવા ધોબીના આક્ષેપથી પોતાની અર્ધાંગના, જીવનસાથી સીતામાતાનો અગ્નિ પરીક્ષા આપ્યા પછી પણ-ત્યાગ કર્યો હતો. આજકાલ શાસકો આવી અગ્નિ



પરીક્ષા ન આપે તો તેમાં જનતા કોઇ વાંધો લેવા માંગતી નથી. આવા ભ્રષ્ટ નેતાઓ ગાદી છોડવા તૈયાર થતા નથી. જેને આપણે ન્યાય આપવા માટે ન્યાયતંત્રની શૃંખલામાં સ્થાન આપ્યું છે તેવી તાલુકા-જિલ્લા કે રાષ્ટ્રીયકક્ષાની અદાલતોએ આપેલા ચુકાદાને અનેક નેતાઓએ ઠોકર મારી સત્તાના સિંહાસન જમાવી રાખ્યા છે. લોકપ્રિયતા વધારવા જેમણે પ્રજાના કલ્યાણ માટે સમગ્ર જીવન નદીના પ્રવાહની જેમ વહેતું મૂકી આખી યાત્રા પૂરી કરી છે એવા લોકોને ઢાલ બનાવી પોતાની સત્તા ટકાવવા જે નુસખાઓ રચાય છે તે કદાચ પેલા અયોધ્યાવાસીની કાળીચૌદશની રાત્રી કરતા પણ જેને આપણે લોકતંત્ર કહીએ છીએ તેવી લોકશાહી પ્રણાલીની પ્રજા માટે ભયંકર છે.

ચૌદ વર્ષ સુધી જે પ્રજાએ પોતાના રાજાના વિયોગમાં દિવસો પસાર કરી, બધું સુખ બાજુ પર મૂકી ભગવાન રામ વહેલી તકે અયોધ્યામાં પરત ફરે તેવી સતત આરાધના કરી તેવી પ્રજા માટે ભગવાને અંધારી અમાસનો દિવસ દિવાળીના રૂપમાં ઝગમગતો બનાવી આપ્યો. કારણ કે દિવાળીના દિવસે ભગવાન રામચંદ્રનો રાજયાભિષેક થયો. ઠેર ઠેર મીઠાઇઓ વહેચાઇ, દુંદુભિઓ વાગી, સાથિયા પૂરાયા. આ એવો દિવસ હતો કે જેને આજે પણ આપણે યાદ કરીએ છીએ. અયોધ્યામાં તે દિવસથી સ્થપાયેલું રામરાજય લગભગ અગિયાર હજાર વર્ષ ચાલ્યું. આજે અગિયાર હજાર દિવસ રાજ ચાલ્યું ન હોય ત્યાં શાસક એવા તો ફૂંફાડા મારે છે જાણે પ્રજા તેની તાબેદાર બની વાહ, વાહ કરતી રહે. તેની વગાડેલી મોરલીના તાલે નાચતી રહે અને અસત્યોની વચ્ચે પ્રજા એવી તો અટવાઇ જાય કે અંધારી રાત્રે કોયલો શોધવો દુષ્કર બને તેવી હાલત આજના લોકતંત્રની થઇ છે. વિદેશી સલ્તનતમાંથી મુકિત અપાવી પ્રજાને સ્વતંત્ર બનાવવા અનેક દેશવાસીઓએ પોતાની કુરબાની આપી તે વાતને આજે રૂપેરી પડદાની ફિલ્મ બનાવી દીધી છે. જયારે બીજી તરફ ઇતિહાસમાં ડોકિયું કરતા ભગવાન રામચંદ્ર, બંધુ લક્ષ્મણજી અને સીતામાતા ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યાં હતાં; ત્યારે બપોરનાં ભોજનાર્થે વનફળ આરોગી પગપાળા ઘોર જંગલમાં

પોતાની યાત્રા કરી રહ્યાં હતાં. ધોમધખતા તાપ વચ્ચે માતા સીતાને ગળામાં સોસ પડવા લાગે છે. પોતાની તરસ છિપાવવા સત્વરે પાણીનો પ્રબંધ કરી આપવા ભગવાન રામ પાસે માંગણી કરે છે. સીતામાતાની પાણી માટેની માંગણી સાંભળી ભગવાન રામ, લક્ષ્મણજીને તે વ્યવસ્થા કરવા ઈશારો કરે છે. ચોતરફ તપાસ કર્યા પછી પણ લક્ષ્મણજીને પીવાનું પાણી કયાંય દેખાતું નથી. લક્ષ્મણજી આકુળ-વ્યાકુલ થતા બૂમ પાડી બોલી ઊઠે છે : 'અરે, કોઇ સાંભળે છે મારો અવાજ. પશુ, પંખી, પ્રાણી- જે કોઇ સાંભળે તેને મારી વિનંતી છે. મને પીવાનું પાણી મેળવી આપવા મદદ કરો. પાણી કયાં મળશે ?' આકાશમાં ઊડતા મોરના કાને આ અવાજ પડે છે. લક્ષ્મણજી પાસે જઇને મોર તે નિર્દેશ કરે છે. હું જે દિશામાં આગળ વધુ તેની પાછળ તમે લોકો ચાલવા લાગો. થોડા થોડા અંતરે તમને માર્ગ બતાવવા માટે હું મારું એક પીછું જમીન પર ખેરવીશ. ખરેલાં પીંછાના રસ્તે તમે આગળ વધતાં રહેશો એટલે એક મોટું સરોવર તમને જોવા મળશે. કહ્યા મુજબ મોર આકાશમાં ઊડતા ઊડતા પગપાળા આવતા આ રામચંદ્ર ભગવાનના પરિવારને મોરપીંછ દ્વારા માર્ગનું નિર્દેશન કરતા કરતા પાણીના સરોવર સુધી લઇ જાય છે. સરોવર આવતા ભગવાન રામ સહિત સીતામાતા અને લક્ષ્મણજી પણ પાણી દ્વારા પોતાની તરસ છિપાવે છે. બીજી તરફ મોરપીંછ ખેરવનાર મોર તે સ્થળ પર જ મૃત્યુ પામે છે. કારણ કે મોર અમુક ઋતુમાં જ પોતાના મોરપીંછ ખેરવી શકે. તે પોતાની ઇચ્છા મુજબ એ પીંછ ખેરવે તો તેનું અવશ્ય મૃત્યુ નીપજે. આ વાતની મોરને ખબર હોવા છતાં સીતામાતાની તરસ છિપાવવા માટે તેમણે આ રીતે પોતાની ઇચ્છા મુજબ માર્ગ બતાવવા માટે મોરપીંછ ખેરવી પોતાની સંવેદના દર્શાવી પોતાનો અહોભાવ વ્યકત કર્યો. બદલામાં ભગવાન રામે કૃષ્ણ અવતારમાં મોરપીંછને પોતાના મુગટમાં ધારણ કરી સમગ્ર મોરપક્ષી જાતિને અમર બનાવી દીધી.

રૈયત અને રાજા વચ્ચેનો સંવેદનાનો સંબંધ જયારે આ રીતે સ્થાપિત થશે ત્યારે જ ઉત્તમ રાજવી અને ખરા દેશભકતનું મૂલ્ય અંકાશે. દેશના સાર્વભૌમના રક્ષણ



માટે જેમને સત્તાનું સિંહાસન સોંપવામાં આવે છે તેવા પ્રત્યેક સત્તાધીશને હોદ્દો અને ગરિમાના શપથવિધિ કરાવવામાં આવે છે. પરંતુ દુઃખની વાત તો એ છે કે આવી શપથવિધિ જે સત્તાધીશને કરાવવામાં આવે છે તેને નથી ગરિમાની કે હોદ્દાની પરવા. કારણ કે નથી તેને કોઇ વેદના કે નથી સંવેદના. જયાં સુધી વેદના અને સંવેદના પરસ્પર જોડાશે નહીં ત્યાં સુધી રામરાજય સ્થાપી શકાશે નહીં.

## ૧૫. સંવેદનાની વર્ષા

મોહનદાસ ગાંધી દાદા અબ્દુલ્લાના અદાલતી કેસ માટે દક્ષિણ આફ્રિકા ખાસ ગયા હતા. આ કેસની કામગીરી દરમિયાન તેમનો દક્ષિણ એશિયાના અનેક લોકો સાથે પરિચય કેળવાયો. કેટલાક દુઃખી લોકો માટે મોહનદાસ ગાંધીએ સત્તાતંત્ર સમક્ષ તેની સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્નો શરૂ કર્યા. દરમિયાન ત્યાંની સરકાર દ્વારા થતા અન્યાયો સામે પણ ગાંધીજીએ બંડ પોકારવાનું શરૂ કર્યું. તેમને ન્યાય અપાવવા રજૂઆતો, સંગઠનશકિત કામે લગાડી લોકોમાં પોતાનું ઠીક ઠીક પ્રભુત્વ ઊભું કર્યું. દરમિયાન ગાંધીજીને ભારત આવવાનું થયું. ભારત આવવા માટે ગાંધીજી આફ્રિકામાંથી નીકળે તે પહેલા ત્યાંના લોકોએ એક વચન માંગ્યું કે : 'તેઓ જયારે ગાંધીજીને બોલાવે ત્યારે તેઓ હાજર થશે.' તે શરતે ભારત આવેલા મોહનદાસ ગાંધીને તાબડતોબ દક્ષિણ આફ્રિકા  આવી જવા ખબર મળે છે. ૧૮૯૩ના ડિસેમ્બરની પહેલી તારીખના રોજ ઉપડનાર સ્ટીમરમાં દક્ષિણ આફ્રિકા જવા માટે ગાંધીજી પોતાના પરિવાર સાથે નીકળે છે. તે વખતે ભારતમાં મુંબઇમાં અને બીજા શહેરોમાં પણ મરકીના રોગે માથું ઊંચકયું હતું. આથી ભારતમાંથી આફ્રિકા આવતા લોકોને શારીરિક તપાસ થયા પહેલા ડર્બનમાં પ્રવેશ મળતો નહોતો. તેથી ડર્બન પહોંચ્યા પછી આ શારીરિક તપાસ કરાવવી ગાંધીજીના પરિવાર માટે જરૂરી હોવાથી સ્થળ પર પહોંચવાનો વિલંબ તેમણે સહન કરવાનો જ હતો.

દરમિયાન દરિયામાં ભારે તોફાન જાગે છે. કપ્તાન માટે સ્ટીમર સંભાળવી,

ઉતારુઓને સલામત પહોંચાડવા જાણે પડકાર બની જાય છે. પવનની અને પાણીની એવી તો ઝાપટો લાગે છે કે હમણાં સ્ટીમર તૂટશે અને ગાબડું પડવાથી પાણી સ્ટીમરમાં ઘૂસી જશે અને સ્ટીમર ડૂબશે, કાં તો સ્ટીમર ઊંધી પડશે. શું થશે તેના વિચારોમાં કપ્તાન સહિત બધા લોકો ગરકાવ થઇ જાય છે. માત્ર મોહનદાસ ગાંધી જાણે તોફાનને પડકાર ફેંકતા હોય તે રીતે વર્તી રહ્યા છે. બધાના ખબરઅંતર પૂછતા રહે છે. ભગવાનની પ્રાર્થના કરવા નિર્દેશ કરતા સૌ કોઇને હિંમત આપે છે. જોકે અનુભવી કપ્તાન માટે આ તોફાન નવું ન હતું, તેમ છતાં કપ્તાનના ચહેરા પર પણ ગભરાટ દેખાતો હતો. ભજનકીર્તન કરતાં સ્ટીમરના લોકો જેમતેમ સમય પસાર કરી રહ્યા હતા. પરંતુ મોહનદાસ ગાંધી માટે, પોતાના ભાવિ જીવન માટે આ આવેલું તોફાન કશુંક સૂચવી રહ્યું હતું. તેના માટે આ જાગેલું બાહ્ય તોફાન આંતરિક તોફાન સામે લડવા શકિતમાન બનાવવા માર્ગ પ્રસ્થાપિત કરી રહ્યું હતું. લગભગ ૨૪ કલાક ચાલેલું તોફાન આખરે શાંત પડે છે. કપ્તાન ઉતારુઓને જાહેરાત કરી જણાવે છે : 'તોફાન ગયું છે. હવે આપણે સૌ સલામત છીએ.' લગભગ ત્રણ જ દિવસમાં સ્ટીમર ડર્બનના બારા પર પહોંચે છે. તેની લગોલગ ચાલી આવતી અને મુંબઇથી ઉપડેલી નાદરી સ્ટીમર પણ ડર્બન આવી પહોંચે છે. બંને સ્ટીમરનાં ઉતારુઓની શારીરિક તપાસ શરૂ થાય છે. નામ નોંધણી ચાલે છે. મોહનદાસ કરમચંદ ગાંધી આફ્રિકા આવનાર ઉતારુની યાદીમાં નામ નોંધાતા ત્યાંના ગોરા લોકોને તેની ખબર પડે છે. અગાઉ આફ્રિકામાં ગોરા લોકો સામે જંગ ખેડનાર મોહનદાસ ગાંધી પરત આવ્યા છે એવી ખબર પડતા વિરોધી લોકોનો ધસારો વધવા લાગે છે. માનો કે વિરોધનો વંટોળ ઉપડે છે. સ્ટીમરના કપ્તાનને અંગ્રેજ અધિકારી એસ્કમ્બેનો સંદેશ મળે છે કે, 'ગાંધીને ત્યાં જ રોકી રાખશો. ગોરા લોકો તેના આગમનથી ઉશ્કેરાયા છે. તેનો જીવ જોખમમાં છે. સુપરિન્ટેન્ડેન્ટ ટેટમ તેને આવીને તેડી જશે. કપ્તાને આ સંદેશ મોહનદાસ ગાંધીને આપ્યો અને તેમણે તેમ કરવાની સંમતિ પણ આપી. પરંતુ તે દરમિયાન મિસ્ટર લૉટન આવ્યા અને તેમણે કહ્યું કે : 'ગાંધીને હું મારા જોખમે સાથે લઇ જાઉં છું.' તેના પરિવારના સભ્યોને



રૂસ્તમજી શેઠના ઘરે ગાડીમાં મોકલી આપી, ગાંધીને કહે છે : 'આપણે સરિયામ રસ્તે પગપાળા નીકળી જઇએ.' મિસ્ટર લૉટન અને મોહનદાસ ગાંધી રૂસ્તમજી શેઠના ઘરે જવા પગપાળા નીકળે છે. રસ્તામાં કેટલાક ગોરા છોકરાઓ બૂમાબૂમ કરે છે, 'ગાંધી... ગાંધી... ગાંધી...' તેમાના કેટલાક લોકો તેના પર નકામા પદાર્થો ફેંકે છે. કેટલાક તમાચાઓ પણ મારવા લાગે છે. ગાંધીને તમ્મર ચડી જાય છે. પોતાની જાતને માંડ સંભાળે છે. રસ્તા પર આવતા મકાનના દરવાજાની જાળી પકડી ગાંધીજી માંડ સમતોલન રાખે છે. દરમિયાન ગાંધીજીના પરિચિત પોલીસ અધિકારી ઍલેકઝાન્ડરના પત્ની મિસિસ ઍલેકઝાન્ડર ગાંધીજીની વહારે આવે છે. વરસાદ કે તડકો ન હોવા છતાં પોતાની છત્રી ખોલીને તે ગાંધીજીની બાજુમાં ઊભા રહી જાય છે. તેથી ટોળામાંથી કોઇ પણ હુમલો કરે તો તેની ઇજા મિસિસ ઍલેકઝાન્ડરને પણ થાય. તેથી ટોળાના લોકો થોડા શાંત પડી જાય છે. માંડ માંડ ગાંધીજીને મિસ્ટર લોટન રૂસ્તમજી શેઠના ઘર સુધી પહોંચાડે છે. રૂસ્તમજી શેઠના ઘરની આસપાસ ગોરા લોકો ઘેરો ઘાલી : 'ગાંધી અમને સોંપી દો.' ના નારા લગાવે છે. જોકે રૂસ્તમજી શેઠના ઘરમાં ભારે શાંતિ હતી, પરંતુ બહાર હજારો લોકોના નારા સંભળાતા હતા : 'ગાંધી અમને સોંપો. અમે અહીંથી ગાંધીને લીધા વિના જવાના નથી.' અંગ્રેજ પોલીસ અધિકારીઓ માટે પણ આ ઘડીએ સંભાળવું કપરું થઇ પડ્યું હતું. આખરે કોઇ પોલીસ અધિકારીની કુશાગ્ર બુદ્ધિથી ગાંધીને વેશપલટો કરાવી ત્યાંથી સહીસલામત પોલીસ સ્ટેશને લઇ જવામાં આવે છે અને પછી તે જ અધિકારી દ્વારા જાહેર કરવામાં આવે છે કે : 'અહીં ગાંધી નથી, તમારો શિકાર કયારનોય છટકી ગયો છે.' રૂસ્તમજી શેઠનું મકાન તમે ઇચ્છો તો તપાસી શકો છો. ગોરા લોકો શરમિંદા બની પોતાની લીલા સંકેલી લે છે.

જેને આપણે અહિંસાના પૂજારી અને વિદેશી સલ્તનતના પાયા હચમચાવનાર મહાત્મા ગાંધી તરીકે ઓળખીએ છીએ તેના, ખરા જીવનને કે તેમણે બીજા માટે વેઠેલા જોખમો અને અન્ય માટે ભોગવેલી તકલીફોને જાણી નથી.

ગાંધીજીની વેદનાને આપણે કદી પામવાનો પ્રયત્ન કર્યો નથી. જેમણે કોઇ પણ પ્રકારનું સત્તાનું સિંહાસન ભોગવ્યું નથી કે તે માટે તમન્ના રાખી નથી તેવા મહાન પુરુષ કે જેને ગીતાગાયક કૃષ્ણની માફક પ્રજાકલ્યાણનો 'યજ્ઞપુરુષ' કહી શકાય, તેવા મહાન વ્યકિતને આઝાદ ભારતના નાગરિકે બંદૂકની ગોળીથી ઠાર કરી ભારતીય પ્રજાનું વાસ્તિવિક ચિત્ર દુનિયાના લોકો સામે મૂકયું છે, તે ઘટના જ આપણી સંવેદનહીનતા દર્શાવે છે.

જે દીપક પોતે સળગીને અન્યને પ્રકાશિત કરવા પ્રયત્ન કરે છે, તે જ દીપકને આપણે બુઝાવી દઇએ છીએ. આપણે કદી એ પણ વિચારતા નથી કે સળગેલો દીપક એકાએક બુઝાઇ જશે તો અંધકાર આપણે પણ સહન કરવો પડશે. જે દેશની પરંપરા અન્યને સુખી કરવાની છે, અન્ય માટે પોતાની સંપત્તિ અર્પણ કરવાની છે. તે દેશની પ્રજા આજે ભ્રષ્ટ નેતૃત્વને કારણે ભરમાઇ રહી છે. કહેવાતા લોકતંત્રના નામે નેતાઓ દિવસે-દિવસે સાંઠગાંઠ કરી મોટી સંપત્તિ હડપી રહ્યા છે. વર્તમાનપત્રના પેજના પેજ ભરાઇ તેટલી ઘટનાઓ ભ્રષ્ટ નેતાઓ દ્વારા આચરવામાં આવી રહી છે. જયારે બીજી તરફ દેશના અનેક શહીદો દ્વારા આઝાદી માટે પોતાના પ્રાણની આહુતિ આપી પ્રજાકલ્યાણ માટે સ્થપાયેલી લોકશાહી અનેક દૂષણોથી દિન-પ્રતિદિન દુષિત થઇ રહી છે. જાતિ, જ્ઞાતિ, ધાક-ધમકી, આડંબર, પોકળ વચનો જેવા નુસખા વડે સત્તા મેળવી લેતા નેતાઓ દરેક રાજકીય પક્ષમાં 'પારસમણિ' કહેવાય છે. રાજકીય લાભ ખાટવા આવા નેતાઓ કોઇ પણ પક્ષમાં હોય પોતાની સાંઠગાંઠ કરી ઇચ્છિત લાભ મેળવી લે છે. ગુજરાતી કહેવત અહીં ટાંકવા જેવી લાગે છે; 'વર મરો, કન્યા મરો, મારું તરભાણું ભરો.'

મહાત્મા ગાંધીએ દેશને આઝાદ કરવા પોતાનું સમગ્ર જીવન હોડમાં મૂકયું, કારણ કે તેમણે પ્રજાની વેદના અનુભવી. તેમણે અનુભવેલી વેદનાના કારણે લાખો લોકોનો સહકાર તેમને મળ્યો. તેમાં માત્ર ભારતીય લોકોએ જ મહાત્મા ગાંધીને સહકાર આપ્યો છે તેમ ન કહી શકાય. આપણે જોયું કે દક્ષિણ આફ્રિકામાં પોલીસ



અધિકારીના પત્ની મિસિસ એલેકઝાન્ડરે જોખમ ઉઠાવી ગાંધીજીનું રક્ષણ કર્યું હતું. ગાંધીની ખરી વેદના ઓળખી હતી, જાણી હતી. જેઓ પોતાની વેદના કોઇ અંગત સ્વાર્થ વિના સહન કરવા તૈયાર થાય છે ત્યારે તે ખરી સંવેદના પામી શકે છે. આપણા દેશની પ્રજાએ વિચારવાનો સમય પાકયો છે, કારણ કે આજે સત્તાધીશો જે પ્રકારની જાહેરાતો કરે છે, તેનું વાસ્તવિક પરિણામ આપણને જોવા મળતું નથી. તેનું કારણ આવા નેતાઓની પ્રજા પ્રત્યેની સંવેદનાનો અભાવ છે. જેને પ્રજાની ચિંતા નથી, જેઓ પ્રજાનું દુઃખ સમજી શકતા નથી કે સમજવા માગતા નથી, સમજી શકે તેવું દિલ ધરાવતા નથી તેવા નેતાઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન હશે તો ગાંધી પછી લોકતંત્રનું પણ આજ નહિ તો કાલ ખૂન થશે કે હત્યા થશે તે નિશ્ચિત છે.

જે પ્રજાએ આઝાદી માટે આખું જીવન ખર્ચનાર મહાત્મા ગાંધીની સંવેદના જાણી નહીં તે પ્રજા ખરી લોકશાહી શી રીતે ભોગવી શકે ? આપણે ત્યાં કહેવાય છે કે : 'જેવા રાજા તેવી પ્રજા, જેવી પ્રજા તેવો રાજા.' જયાં સુધી કામચોરી, અન્યની સંપત્તિ ઝૂંટવી લેવી, એનકેન રીતે સઘળું તાબે કરવું-જેવા અવગુણોથી પ્રજા મુકત નહીં થઇ શકે ત્યાં સુધી આપણે ખરી લોકશાહીના ફળ ચાખી શકીશું નહીં, કારણ કે વેદના વિના સંવેદના જાગતી નથી. અર્પણ અને સમર્પણ એક સિકકાની બે બાજુ હોય છે. જેટલું તમે સમર્પણ કરશો, એટલું જ તમને અર્પણ થશે. ગાંધીએ જીવન સમર્પિત કર્યું અને પ્રજાએ તેને મહાત્માનું બિરુદ આપ્યું. વેદનાના વાદળો સંવેદનાની વર્ષા આપે છે - માટે જ દુનિયાભરમાં આજે ગાંધીજીને મહાત્મા ગાંધી તરીકે ઓળખવામાં આવે છે.

## ૧૬. મહાજન

ભગવાન મહાવીર પોતાની તપશ્ચર્યા કરી રહ્યા હતા. આસપાસમાં પોતાની ગાયો ચરાવતો ગોવાળ કોઇક કામ અર્થે થોડો દૂર ફરવા જાય છે. ગોવાળ પોતાનું કામ પતાવી પરત આવે છે ત્યારે ચરી રહેલ ગાયોમાં ખૂબ સુંદર એવી રાતી ગાયને જોતો નથી. તે ગાય શોધવા લાગે છે. શોધતા-શોધતા પેલા તપશ્ચર્યા કરી રહેલા, વૃક્ષ નીચે બેઠેલા મહાત્મા તેની નજરે પડે છે. ગોવાળ તેમની પાસે જઇને બોલી ઊઠે છે : ‘ભગત, મારી રાતી ગાય જતા જોઇ ?’ મહાત્મા તરફથી કોઇ જવાબ મળતો નથી. તે સમાધિ લગાવીને તપશ્ચર્યા કરી રહ્યા હતા. ગુસ્સે ભરાયેલો ગોવાળ મહાત્મા પાસે જઇ લોખંડનો સળિયો મહાત્માના કાનમાં ઘુસાડી કહે છે. ‘તને સંભળાતું નથી ? હું કયારનો તને પૂછું કે, મારી રાતી ગાય કયાં ગઇ ?’ તેમ છતાં ભગવાન મહાવીર સ્વામી એકચિત્ત સમાધિ લગાવી ભગવાનની આરાધના કરતા રહે છે. બન્ને કાનમાંથી લોહી ટપકવા લાગે છે, છતાં તેની અસર ભગવાન મહાવીર સ્વામી પર જરા પણ થતી નથી. તેનું મન ઈશ્વર સાથે લાગેલ હોવાથી તેને ગોવાળની વાત સંભળાતી નથી. કાનમાં લોખંડના સળિયા ઘુસાડવા છતાં તેની વેદના પણ તેને થતી નથી, કારણ કે તેમણે શરીર અને મન પર વિજય મેળવ્યો હતો. તેથી જ તેને ઇન્દ્રિયોના વિજેતા મહાવીર સ્વામી તરીકે ઓળખવામાં આવે છે. પોતાના પર હુમલો કરનાર પર પણ સમભાવ દાખવવો, અન્યની વેદનાનો પોતે અનુભવ કરી સંવેદનશીલ વ્યવહાર સાથે તેનું ભલું કરવા હંમેશા તત્પર રહેવા તેમણે સંદેશ આપ્યો છે. આ સંદેશને લઇને આગળ વધતા જૈન સમાજના અનેક રત્નો ઇતિહાસમાં નજરે પડે છે. આજે પણ આ સમાજે એ ઉમદા સંવેદના હૃદયસ્થ કરી જીવમાત્ર પ્રત્યે સંવેદના અને કરુણા દાખવવા કઠોર તપશ્ચર્યા કરી હોય તેવા અનેક દાખલા જોવા મળે છે; એટલે જ આપણે આ લોકોને ‘મહાજન’ તરીકે ઓળખીએ છીએ.

લગભગ ૧૭૦૦ વર્ષના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો વસ્તુપાળ, તેજપાળ,



ભામાશા, જગડુશા, વર્તમાનમાં જોઇએ તો દીપચંદ ગાર્ડી, સી. યુ. શાહ, કાંતિલાલ નારણદાસ શાહ જેવા અનેક મહાનુભાવો કે જેણે પોતાની પવિત્ર લક્ષ્મી પ્રજાના કલ્યાણ માટે અર્પણ કરી અને હજુ પણ તેમના વંશજો આ યજ્ઞને પ્રજવલિત રાખી રહયા છે. પોતાના પગ તળે એક નાનકડા જંતુને પણ હાનિ ન પહોંચે તેવા હેતુથી મહારાજ સ્વામીઓ હંમેશા ખુલ્લા પગે જમીન પર ચાલવાનું પસંદ કરે છે અને અન્યને પણ તેમ કરવા દોરે છે. પોતાના પ્રેરક પ્રવચનમાં જીવમાત્ર પ્રત્યે દયા અને કરુણા દાખવવા ઉપદેશ આપે છે. એટલે આજે આટલા વર્ષો પછી પણ જૈન લોકો માટે આપણે ‘મહાજન’ શબ્દ વાપરતા હર્ષ અનુભવીએ છીએ. કારણ કે તેઓ ખરા અર્થમાં મહાજન છે. જેમણે પોતાની ઇન્દ્રિયો પર વિજય મેળવી ખરા માનવધર્મને પ્રગટ કર્યો છે તેવા સમાજને વંદન છે.

આજે પણ જયારે જયારે જૈન સમાજના કોઇ પણ સભ્ય સાથે પરિચયમાં આવવાનું થાય છે ત્યારે એના સાથેના સંવાદના પ્રત્યેક શબ્દોમાં ખરી સંવેદના નીતરતી દેખાય છે. કોઇ પણ માટે તેઓ હંમેશા મદદ માટે આગળ આવતા હોય છે. પછી તે પાંજરાપોળ હોય, વસ્ત્રહીન, ભૂખ્યા, તરસ્યા, શારીરિક કે માનસિક વિકલાંગ લોકો હોય-કોઇ પણને જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તે માટે પોતાની શકય તેટલી સંપત્તિ તેઓ અર્પણ કરવા આગળ વધતા રહ્યા છે. આપણે જોઇએ તો અનેક શાળાઓના ભવન, છાત્રાલયો, દવાખાના, આશ્રયઘરો, ગૌશાળાઓ અને ધર્મશાળાઓ પર જૈન સમાજના મહાનુભાવોના નામ શોભતા જોવા મળે છે. પ્રમાણમાં ખૂબ નાનો સમાજ હોવા છતાં અથાક પરિશ્રમથી તેણે અગણિત વિસ્તારમાં ઉપરોકત સેવાઓ વિસ્તારી છે અને હજુ આવી સેવાઓના વિસ્તાર માટે પોતાની સઘળી ધન-સંપત્તિ આપતા કદી ખચકાતા નથી.

મને આ સમાજના ઘણા લોકો સાથે અંગત પરિચય કેળવવાની અનેક તક સાંપડી છે. મેં આ પરિચય દરમિયાન હમેશાં જોયું છે કે આવા લોકો માનવ સેવાને વધુ મહત્ત્વ આપતા હોય છે. માનવસેવાના કોઇ પણ કાર્યો જેવા કે શિક્ષણ, આરોગ્ય,

ભોજન, વિશ્રામગૃહ જેવી પ્રવૃત્તિઓને જીવંત રાખવા તેમની પાસે કોઇ પણ રકમની માગણી કરીએ તો આ સમાજના સભ્યો કદી નારાજ કરતા નથી. કદાચ દરખાસ્તના પ્રમાણમાં વધઘટ થઇ શકે પરંતુ મુકાયેલ દરખાસ્ત કદી સમાજ દ્વારા ઠુકરાવવામાં આવી હોય એવું મને યાદ નથી. હંમેશા નિર્ધન લોકોના કલ્યાણ માટે કંઇ ને કંઇ કરતા રહેવું, આવા લોકો માટે થોડીઘણી સંપત્તિ અર્પણ કરતા રહેવું – તે તેમનો જીવનમંત્ર હોય છે.

થોડા સમય પહેલાં આવા જ એક મહાજનના પરિચયમાં હું આવ્યો. આ મહાજન એટલે જ મુંબઇની દહીંસર સ્પોર્ટ્સ ક્રિકેટ કલબના સૂત્રધાર એવા શ્રી પ્રવીણભાઇ ગોગરી કે જેઓ અંડર ૧૬ ખેલાડીઓની ટીમ સાથે થોડા સમય પહેલા ભાવનગર ભરૂચા ક્રિકેટ કલબમાં એક ક્રિકેટ ટુર્નામેન્ટ માટે, પોતાની ટીમ લઇને આવ્યા હતા. ક્રિકેટ મેચ પૂરી થતા તેઓ ખેલાડીઓ સાથે ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની મુલાકાતે આવી પહોંચે છે. તે સમયે મારો પરિચય તેમની અને ટીમનાં અંડર ૧૬ ખેલાડીઓ સાથે થાય છે. તેઓ શાળાની પ્રવૃત્તિઓથી અભિભૂત બને છે અને શાળાના એક વિદ્યાર્થીને વાર્ષિક સ્પૉન્સર પણ કરે છે. બાદ શાળાના વિભાગોની મુલાકાત પૂર્ણ થતા તેઓ મારું વિઝિટિંગ કાર્ડ માંગે છે. કાર્ડ લઇને તેઓ ખેલાડીઓ સાથે પોતાને આપવામાં આવેલ ઉતારા તરફ નીકળી જાય છે.

મુંબઇ પહોંચ્યા પછી દહીંસર સ્પૉર્ટ્સ કલબની મીટિંગમાં તેઓ અંધ ઉદ્યોગ શાળાની મુલાકાત વિશે સભ્યોને વિગતે માહિતી આપી જણાવે છે અને સાથોસાથ કલબના આગામી વાર્ષિક સમારંભમાં શ્રીકૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રજ્ઞાચક્ષુ સંચાલકશ્રી લાભુભાઇ સોનાણીને 'ચીફ ગેસ્ટ' તરીકે કલબના ખર્ચે આમંત્રિત કરવા મીટિંગમાં દરખાસ્ત પણ રજૂ કરે છે. દરખાસ્ત મંજૂર થતા તા.૦૫/૧૧/૨૦૧૮ના રોજ યોજાનાર કલબના વાર્ષિક સમારંભમાં 'ચીફ ગેસ્ટ' તરીકે ઉપસ્થિત રહેવા મને તથા મારા સમગ્ર પરિવારને નિમંત્રણ મોકલી આપવામાં આવે



છે. મોકલાયેલ નિમંત્રણ મુજબ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમે લોકો મુંબઇ જવા તા.૦૪/૧૧/૨૦૧૮ના રોજ સાંજના ભાવનગરથી ઉપડતી બાંદ્રા ટ્રેનમાં રવાના થઇ જઇએ છીએ. ટ્રેનમાં પહોંચતા જ કલબના સભ્ય એવા વીરેનભાઇ જેઠવાનો ફોન પણ આવે છે, 'સર, ટ્રેન ઉપડી કે ? તમે કયા કોચમાં બેઠા છો ? તમારો કોચ નંબર અને ઉતરવાનો સમય મને મોકલી આપો, જેથી હું આપને રિસીવ કરી શકું.' અમો બોરીવલી પહોંચીએ તે પહેલા જ પ્રાધ્યાપક વીરેનભાઇ જેઠવા અમારી અગાઉથી જ પ્રતીક્ષા કરી રહ્યા હતા. પહોંચતા જ તેઓ અમને દહીંસર સ્વામિનારાયણ મંદિર વિશ્રામગૃહ લઇ ગયા. ત્યાં અમારી સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજના કાર્યક્રમ પહેલાં તેઓ અમને કાર્યક્રમમાં લઇ જવા માટે લેવા આવશે તેમ કહી તેઓ ગયા. દરમિયાન કલબના મુખ્ય સૂત્રધાર પ્રવીણભાઇ ગોગરીનો મારા મોબાઇલ પર ફોન આવે છે : 'તમે સુખરૂપ પહોંચી ગયા છો ને ? તમારી વ્યવસ્થામાં કોઇ કચાશ લાગે તો મને જરા ફોન કરશો.' સગવડ ખૂબ સારી હતી. સંભાળ પણ ઠીકઠીક રાખવામાં આવી હતી. તેમ છતાં ફરી પ્રવીણભાઇનો મારા મોબાઇલ પર ફોન આવે છે : 'તમો હજુ ભોજનાલયમાં કેમ પહોંચ્યાં નથી ? ભોજન વગેરે પતાવી આરામ કરો. આજે તમારે તમારા જીવનસંઘર્ષ પર થોડી પ્રેરક વાતો કરવાની છે. વકતવ્ય પણ લાંબું આપવાનું છે, તેથી બરાબર આરામ કરી લો. તમને કાર્યક્રમમાં સમયસર અમારા કલબ મેમ્બર્સ વીરેનભાઇ જેઠવા લેવા આવી પહોંચશે.' ખરેખર બપોરના ૪:૦૦ના ટકોરે વીરેનભાઇ આવી પહોંચ્યા. મુંબઇની દોડધામ વચ્ચે આટલી કાળજી રાખવી સહેલી નથી તેમ છતાં, સમયસર મુંબઇના ભારે ટ્રાફિક વચ્ચે તેઓ પોતાની ગાડીમાં અમને કાર્યક્રમના સ્થળે લઇ જઇ રહ્યા હતા. વચ્ચે પણ વીરેનભાઇના મોબાઇલ પર પ્રવીણભાઇનો ફોન આવે છે : 'હૉટેલમાં નીચેના ફ્લોર પર લાભુભાઇને ચા-પાણી, નાસ્તો કરાવ્યા પછી જ કાર્યક્રમ હૉલમાં લાવશો. અમે લોકો કાર્યક્રમની તૈયારી કરીશું, તમારે માત્ર લાભુભાઇ અને તેના પરિવારની સંભાળ રાખવાની છે.' પ્રવીણભાઇની સૂચના મુજબ વીરેનભાઇએ અમારી બધી સગવડતાઓ સાચવી.

કાર્યક્રમનો સમય થતા તેઓ અમને કાર્યક્રમના હૉલમાં લઇ જઇ રહ્યા હતા. હૉલના દરવાજે પહોંચતા જ હૉલમાં બિરાજમાન ખેલાડીઓ, આમંત્રિત મહાનુભાવોએ તાળીઓના ગડગડાટ સાથે અમારું સ્વાગત કર્યું. મંચ સુંદર સજાવેલ હતો. આકર્ષક અંગ્રેજી ભાષામાં કાર્યક્રમની ઉદ્‌ઘોષણા ૨૦૧૧ના વર્લ્ડકપમાં મૅનેજર તરીકે ઇન્ડિયન ક્રિકેટટીમમાં જેમણે ભૂમિકા ભજવી હતી, એવા અજય શેઠ કરી રહ્યા હતા. ઉદ્‌ઘોષકની ભાષા અને ઉદ્‌બોધન જોતા મંચ ઉપર ઘણા મહાનુભાવો બિરાજમાન થવાના હશે તેવું મને લાગતું હતું, પરંતુ જયારે અજયભાઇ શેઠે મંચ પર બિરાજમાન મહાનુભાવોની યાદી જાહેર કરી ત્યારે મારા અચરજનો કોઇ પાર રહ્યો નહીં; કારણ કે મારી જિંદગીમાં પ્રથમવાર આવું જોયું હતું ! ઉદ્‌ઘોષકે અંગ્રેજી અને હિન્દી ભાષામાં ઉદ્‌ઘોષણા કરતા કહ્યું કે : ‘આજના આપણા ચીફ ગેસ્ટ કે જેમણે આંખોના અંધારાને બાજુ પર મૂકી અનેક વ્યકિતઓના જીવનમાં સોનેરી સવારના અજવાળાની ચમકતી ઉષાના કિરણો પાથર્યા છે, તેવા – શ્રી લાભુભાઇ સોનાણીને મંચ પર લઇ આવવા કલબના મુખ્ય કર્તાહર્તા પ્રવીણભાઇ ગોગરીને હું રિક્વેસ્ટ કરીશ.’ બાદમાં તેમણે ઉમેર્યું : ‘કલબના મહાનુભાવોને મારી નમ્ર અપીલ છે કે લાભુભાઇના સેવાયજ્ઞમાં જેમણે દીવેલ પૂરવાનું કામ કર્યું છે તેવા, લાભુભાઇના જીવનસાથી નીલાબેન અને દીકરી નિષ્ઠાને પણ મંચ પર દોરી લાવવામાં આવે.’ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા. ખ્યાતનામ પત્રકારો, સામાજિક કાર્યકરો અને કલબના પદાધિકારીઓ આ બધા જ અમારી સામે બેઠેલા હતા. કલબના મુખ્ય સૂત્રધાર એવા પ્રવીણભાઇ ગોગરીએ મારું ખાસ સ્મૃતિચિહ્નથી સ્વાગત કરી પરિવારના સભ્યોનું પણ વિશિષ્ટ મોમેન્ટોથી સન્માન કર્યું હતું અને તેમણે ઉદ્‌ઘોષક એવા અજયભાઇ શેઠ મારફતે સંદેશ પાઠવ્યો હતો કે, ‘આજે મંચ પર માત્ર જીવન સાથે જેમણે સંઘર્ષ કર્યો છે તેવા વકતાને આપણે માણીશું અને તેમના વરદ હસ્તે ટુર્નામેન્ટમાં ઉજજવળ દેખાવ કરનાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે.’ લગભગ અઢી–ત્રણ કલાક ચાલેલ આ કાર્યક્રમમાં વર્ષો પછી જનકરાજાની સભામાં અષ્ટાવક્રને પ્રવચન માટે જે સન્માન



આપવામાં આવ્યું હતું. તેવું જ સન્માન આજે દહીંસર સ્પૉર્ટ્સ ક્રિકેટ કલબ દ્વારા અમારું થઇ રહ્યું હતું. તે પ્રસંગ અમોને હંમેશના માટે યાદ રહેશે; કારણ કે, કરુણા અને સંવેદના જનને મહાજન બનાવે છે.

## ૧૭. સેવાનો શમિયાણો

જે રીતે ઘટાદાર વૃક્ષ વરસાદી વાદળને આકર્ષે છે, તે જ રીતે સમભાવ અને સંવેદનારૂપી શકિત ધરાવનાર વ્યકિતત્વ સેવા, સમર્પણ, કર્મનિષ્ઠાના ગુણ વડે સેવાના શમિયાણાને સજાવે છે. કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના કરવામાં આવતી માનવસેવાના આ શમિયાણાને ટેકો આપવા, તેને ટકાવી રાખવા, તેને મજબૂત બનાવવા સંવેદનાની મૂડી જેમ વાપરવામાં આવે તેમ તેમ તેમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી રહે છે. તેનો વ્યાપ વધતો રહે છે. સામાન્ય રીતે વિશિષ્ટ હેતુસર સ્થપાયેલ સંગઠન કે સંસ્થા જયારે પોતાના ઉદ્દેશને સિદ્ધ કરવા નકકી કરાયેલ નિયમો, બંધારણથી જયારે ચલિત થઇ તેમાં વેપારીધોરણો દાખલ કરે છે, સંસ્થા કે સંગઠનને સલામત બનાવવા મોટું નિભાવફંડ ઊભું કરવા પ્રયત્નશીલ બને છે. લાભાર્થીઓના હિતને બાજુ પર રાખી મોટી મિલકત કે નિભાવફંડના જોરે સંસ્થાને સ્વાવલંબી બનાવવા તેના રખેવાળો કામ કરવા લાગે છે ત્યારે તેમાં કોઇવાર સમયાંતરે કુસંપ ઊભો થાય છે. જે રીતે મજબૂત ઇમારતને લાગેલી ઊધઇ સમય જતા તેને નામશેષ કરી નાખે છે તેવી જ રીતે માનવકલ્યાણના ઉદ્દેશ્યથી રચાયેલા સંગઠન કે સંસ્થા વેરવિખેર થઇ જાય છે. કારણ કે ગુજરાતી કહેવત પ્રમાણે : ‘જર, જમીન ને જોરુ; ત્રણ કજિયાના છોરું.’

જેવી સંસ્થા મોટી મિલકત ઊભી કરે છે તેવી જ સંસ્થામાં ખટપટ થાય છે. જેમ–જેમ સંસ્થાની મિલકત અને નિભાવફંડ વધવા લાગે છે તેમ તેમ તેના સંચાલકો વચ્ચે સત્તાની હરીફાઇ શરૂ થાય છે. સંસ્થા પર અંકુશ મેળવવા વર્ષોથી સાથે રહેલા લોકો પણ નાના નાના ગ્રૂપમાં વહેંચાઇ જઇ સંખ્યાબળનો ઉપયોગ કરી સઘળું તાબે કરવા કામે લાગી જાય છે અને પરિણામે સંસ્થામાં ઝઘડાનો માહોલ ઊભો થાય છે.

આવા લોકો પૈસાના જોરે તે બધી જ પ્રવૃત્તિઓનો માલિક બની શકશે તેમ સમજવા લાગે છે.

કેટલીકવાર પ્રવૃત્તિઓ કાગળ પર રહી જાય છે, હેતુઓ બદલાઇ જાય છે, લાભાર્થીઓની હાલત કફોડી બને છે, સંસ્થા કે સંગઠન વ્યકિતગત માલિકીની પેઢી બની જાય છે. નિરંકુશ થયેલ સંસ્થા સંચાલક સંસ્થારૂપી પેઢી પોતાનો ઇજારો હોય તેમ સમાજને લાભ કે ફાયદો કરવાને બદલે વ્યકિતગત હિતને પોષવા લાગે છે.પરિણામે સંસ્થા કે સંગઠનનું પતન થાય છે.

ખરું પૂછો તો કોઇ પણ સમાજ કે વ્યકિતઓના સમૂહ દ્વારા કોઇ પણ સંગઠન કે સંસ્થા ત્યારે જ અસ્તિત્વમાં આવતા હોય છે જયારે તેના લભાર્થીને તેની જરૂર હોય. એવી જરૂરિયાતો પૂર્ણ કરવા મુખ્યત્વે બે તત્ત્વ અનિવાર્ય છે : (૧) ભૌતિક (૨) માનવીય

(૧) ભૌતિક તત્ત્વ : કોઇ પણ સંસ્થા ચલાવવા જમીન, મકાન, પાણી, વીજળી, વિવિધ પ્રકારની સાધન સામગ્રીની જરૂર પડે છે – એ ભૌતિક તત્ત્વ છે.

(૨) માનવીય તત્ત્વ : લાભાર્થી–કર્મનિષ્ઠ કાર્યકરો, સંચાલક, પ્રવૃત્તિ ચલાવવા માટે જરૂરી આર્થિક ભંડોળ કે જે સંચાલક સભ્યો દ્વારા એકત્રિત કરવામાં આવતું હોય છે. જરૂરિયાત મુજબ સમયસર આ બધું એકત્રિત કરી શકે તેવી શાખા ધરાવતું નિષ્ઠાવાન માનવબળ કે સંગઠન–એ માનવીય તત્ત્વ છે.

સંસ્થાની ભૌતિક વ્યવસ્થા તેના લાભાર્થીની સંખ્યા મુજબ જે સંસ્થા ઊભી કરી શકે તે સંગઠન કે સંસ્થા પોતાના ક્ષેત્રે સારી રીતે કાર્ય કરવા સમર્થ નીવડે છે. પરંતુ જરૂરિયાત કરતાં હેતુઓને બાજુ પર મૂકી વધુ પડતી સગવડ ઊભી કરવા જે કોઇ સંગઠન પોતાના કાર્યક્ષેત્રમાં મિલકત કે સંપત્તિનો કબજો જમાવવાં રચ્યાપચ્યા રહી કામ કરતા હોય છે તે સંગઠન આખરે તેના લાભાર્થીઓથી વિમુખ બનવા લાગે છે. તેથી આવી સંસ્થા કે સંગઠન આત્મા વગરના શરીરની જેમ નિષ્પ્રાણ થઇ જાય છે. જાજરમાન વ્યકિતત્વ ધરાવનાર અને સમાજનો તારણહાર મૃત્યુ પામતા તેનું કોઇ



મૂલ્ય રહેતું નથી, તેવી જ વાત સંગઠન કે સંસ્થાને લાગુ પડે છે. કારણ કે સંસ્થામાં લાભાર્થીની વેદનાની વાત નથી ત્યાં શી રીતે સંવેદનાનું પારિજાત પુષ્પ ખીલી શકે ? જાહેર સંસ્થાઓએ તેના પારદર્શક હિસાબો અને સેવા દ્વારા લાભાર્થી અને દાતાઓને જીતીને સેવાના શમિયાણાને સજાવતા રહેવું જોઇએ.

કોઇ પણ સંગઠન ત્યારે જ સફળ થયું કહેવાય જયારે તેની જે ઉદ્દેશ અને હેતુ માટે, તેના લાભાર્થીઓના કલ્યાણ અને વિકાસ માટે સ્થાપના કરવામાં આવી હોય, તે ખરા અર્થમાં બર આવે એટલે કે વાસ્તવિક રીતે લાભાર્થી સુધી સેવાના ફળ પહોંચી શકે તેવી વ્યવસ્થાને સંસ્થાએ અપનાવી હોય. જાહેર સંસ્થા પોતાના હેતુઓ માટે નિભાવ ફંડ કે મિલકતના બદલે તેના લાભાર્થી પ્રત્યેની સાચી સંવેદનાથી સમાજના સહકાર વડે શોભવી જોઇએ અથવા એમ કહો કે આવી સંસ્થા વખતોવખત સમાજનો સહયોગ પ્રાપ્ત કરી શકે તેવા નિષ્ઠાવાન માણસોથી ગતિશીલ રહેવી જોઇએ. સંસ્થાને કોઇ પણ પ્રવૃત્તિ માટે જરૂરી આર્થિક મદદ સમયસર મળી રહે તેવી શાખ ધરાવતા લોકો જયારે સંસ્થામાં કાર્યકર તરીકે કોઇ પણ સ્વાર્થ વગર કામ કરવા આતુર હોય ત્યારે જ સંસ્થા પોતાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક આગળ વધી શકે. જે કોઇ સંસ્થા કે સંગઠન પોતાની પ્રવૃત્તિ માટે થનાર વાર્ષિક ખર્ચ સમયસર પોતાની શાખ વડે એકત્રિત કરી લેવા સામર્થ્ય ધરાવતી હોય તે જ સંગઠનને નૈતિક રીતે કાર્ય કરવાનો અધિકાર છે. તેનાથી ઊલટું સંગઠનના લોકોને ભાવિ પ્રવૃત્તિ માટે આર્થિક મદદ મળશે કે કેમ ? તેવી શંકાના કારણે મોટું નિભાવફંડ ઊભું કરવા, લાભાર્થીના કલ્યાણના હેતુને બાજુ પર મૂકી, ભંડોળ ભેગું કરવા હેતુવિરુદ્ધ પ્રવૃત્તિઓને પોષવી પડે; તેવા કોઇ પણ કાર્યને સેવાના શમિયાણામાં સ્થાન નથી.

મહાત્મા ગાંધી આફ્રિકામાં હિંદીઓના કલ્યાણ માટે 'નાતાલ ઇન્ડિયન કોંગ્રેસ' નામની સંસ્થા ઊભી કરી જયારે કામ કરતા હતા ત્યારે તેમની પોતાની કર્મનિષ્ઠાને કારણે આંદોલનની પ્રવૃત્તિઓને વેગ મળતો. સંસ્થા આંદોલનની પ્રવૃતિઓને ચલાવવા સમયસર જરૂરી અનુદાન મેળવી લેતી, કારણ કે મહાત્મા ગાંધી

પ્રત્યે લોકોને સમભાવ હતો. મહાત્મા ગાંધી હિંદીઓના કલ્યાણ માટે રાત દિવસ જોયા વિના સતત કાર્ય કરતા રહેતા. તેમની આ શાખના કારણે લોકો ઉદાર હાથે સંસ્થાની જરૂરિયાત મુજબ સંસ્થાએ ઠરાવેલ સભ્ય ફી કે વધારાની સહાય પણ સમયસર આપતા રહેતા હતા. પરંતુ મહાત્મા ગાંધીને કોઇ કામ અર્થે હિન્દુસ્તાન આવવાનું થયું. ભારતમાં તે વખતે અંગ્રેજોનું રાજ હતું. અંગ્રેજો સામે પ્રજાને ન્યાય અપાવવા હિન્દુસ્તાનભરમાં ભારત આવ્યા પછી તેમને ભ્રમણ કરવું પડ્યું. તેથી તેઓ લાંબો સમય સુધી દક્ષિણ આફ્રિકા જઇ શકયા નહીં. મહાત્મા ગાંધીની ગેરહાજરીમાં નાતાલ ઇન્ડિયન કોંગ્રેસના મંત્રી તરીકે શેખ આદમમિયાંએ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી. તેમણે સભા સમક્ષ પ્રસ્તાવ લાવી સંસ્થા ચલાવવા નિભાવફંડ ઊભું કરવા પ્રયત્ન શરૂ કર્યા. તેમને તેમાં સફળતા પણ મળી હતી. મહાત્મા ગાંધી હિન્દુસ્તાનમાંથી પરત આફ્રિકા પહોંચ્યા ત્યાં સુધીમાં લગભગ એક હજાર પાઉન્ડ જેટલું ફંડ સંસ્થાએ એકત્રિત કરી લીધું હતું. ગાંધીજીને તે વાતની ખબર પડતા તેમણે શેખ આદમમિયાએ આરંભેલી યાત્રાને આગળ વધારી. ગાંધીજી માનતા હતા કે સંસ્થા ચલાવવા થોડી મોટી રકમ ભેગી કરી જમીન અને મકાન ખરીદવા, તેને ભાડે આપી ભાડામાંથી મળતી આવકમાંથી સંસ્થાનો વહીવટી ખર્ચ ખૂબ સારી રીતે થઇ શકશે ને વારંવાર આર્થિક ભંડોળ માટે સંસ્થાએ પ્રયત્ન કરવો પડશે નહીં. સમય જતાં ગાંધીજીની ઇચ્છા મુજબ પાંચ હજારથી વધુ પાઉન્ડ સંસ્થાએ એકત્રિત કર્યા. તેમાંથી જમીન અને મકાનો ખરીદાયા. અંગ્રેજો સામેની ભારતીયો દ્વારા ચલાવાતી લડતને ટેકો આપવા જેવા ગાંધીજી ભારત આવ્યા તેવી જ સંસ્થામાં ખટપટ શરૂ થઇ. સંસ્થામાં એવી તો ખટપટ થઇ કે મિલકતનું ભાડું સંસ્થાને મળવાને બદલે અદાલતમાં જમા થવા લાગ્યું. આવું ત્યારે જ બને છે જયારે વ્યકિત નિમ્નલિખિત કણિકામાં ગરકાવ થવા લાગે છે.

એક અમસ્તી લીટી લખવા, ચોક તમારો માંગુ;
બીજાની જોઇ મોટી લીટી, ડસ્ટર કામે લગાવું.



લોકતંત્રની વાતો કરતો, ગાજરની પિપૂડી બજાવું;
મળે જો તક મને તો મુખમાં તે દબાવું.
કોઇના દોષ દેખાડી તમને, તરભાણું મારું જમાવું;
સત્યના વાઘા પહેરી, અસત્યના ઓજાર સજાવું.
દંભી જગતના દર્પણ દેખી, દોષ ના છુપાવું;
પ્રાર્થું પ્રભુ! બંધ આંખોના જરૂખે, 'ઝગમગ' ખરું જગત નિહાળું

## ૧૮. પ્રગટમુનિ

અર્વાચીન સમયના એક પ્રગટ મુનિની આ વાત છે. ભારત વર્ષમાં મોટા શહેરોમાં પ્રજા કલ્યાણ માટે તેઓ વિહાર કરી રહ્યા હતા. માર્ગમાં તેમના દર્શન માટે લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા હતા. રસ્તામાં તેઓનો ભેટો એક ખૂબ મોટા પ્રતિષ્ઠિત વેપારી સાથે થાય છે. વેપારી પોતાની પેઢીમાં બાપજીને પધારવા વિનંતી કરે છે. આ વેપારી લગભગ દેશના વાણિજય તંત્રનો પ્રાણ હતો. તેમનો કાબૂ સત્તાતંત્ર પર પણ સારો એવો હતો તેથી તેમની કે તેમના મળતિયાઓની સત્તાતંત્ર દ્વારા તેમણે કરેલ ઉત્પાદિત કે વેચાણ કરેલ ચીજવસ્તુ, સાધન સામગ્રી, ખાદ્ય પદાર્થો કે આવી બીજી અન્ય કોઇ પણ સામગ્રીની ગુણવત્તા અંગે કદી સત્તાતંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા તજવીજ કે તપાસ થઇ શકી નહોતી. સત્તાતંત્ર પર કમાન્ડ ધરાવતા વેપારીના કારણે દેશના ગ્રાહકોને ભારે સહન કરવું પડતું.

દેશના વાણિજયતંત્રની ધુરા જેણે વર્ષોથી ધારણ કરી રાખી હતી તેવા વેપારીના પ્રતાપે તેના ગ્રૂપના ઉદ્યોગપતિઓ-વેપારીઓ પ્રજાને લૂંટી અઢળક ધન કમાઇ રહ્યા હતા. આ વેપારી આજે પ્રગટમુનિના આશીર્વાદ મેળવી વધુ ધન કમાઇ લેવા માર્ગ મોકળો કરવા માંગતો હતો. મુનિ વેપારીની બધી વાત સમજતા હોવા છતાં વેપારી પર તેઓ સર્વે રીતે પોતાનો રાજીપો વ્યકત કરતા હોય તેવો બાહ્યાચાર કરી વેપારીની અંતરની ઊંડાઇ પામવા માંગતા હતા. મુનિશ્રી વેપારીના વ્યાવસાયિક

ક્ષેત્રમાં સંકળાયેલા પ્રત્યેક કર્મચારીઓ, ભાગીદારો, અધિકારીઓને ઉદ્દેશીને કશુંક કહેવા ઇચ્છતા હતા. તેથી આજે વેપારીની ધીકતી પેઢીમાં પગલા કરી ખરા અર્થમાં તેને પ્રજાભોગ્ય બનાવવા ઇશ્વરને પ્રાર્થી રહ્યા હતા. જોકે વાણિજયતંત્રનો જેને પ્રાણ કહી શકાય તેવો આ વેપારી ગાંજયો જાય તેમ ન હતો. તેથી તેમણે મુનિશ્રીના સ્વાગત માટે જે વૈભવી વ્યવસ્થા, સગવડ અને પરંપરાગત કરવામાં આવતા વ્યવહાર મુજબ સઘળું આકર્ષણ ખડું કર્યું હતું. વેપારી આ પ્રકારના વ્યવહારથી પોતાના વ્યવસાયના રખોપા માટે જાણે જાગૃત થઇ મુનિના આશીર્વાદ સાથે પ્રજાને વધુ લૂંટવા સત્તાતંત્ર પર પોતાની કમાન્ડ જમાવવા લક્ષ્મીના જોરે વિજયનો ટંકાર કરવા માંગતો હતો. પ્રગટમુનિ પોતાની પ્રાગટય શકિત વડે બધું જાણવા છતાં વેપારી દ્વારા ઊભી કરાયેલી આભાને નામશેષ કરવા પોતાની ઊર્જાનો પ્રકાશ પાથરી જાણે પ્રકાશિત કરવા યત્ન આદર્યો હોય તેમ નિયંત્રણોને પોતાની આગવી શકિત દ્વારા નાબૂદ કરવા, જર્જરિત કરવા કેમ જાણે સંકલ્પ ન કર્યો હોય તે રીતે ધીમે પગલે પ્રવેશ આરંભ્યો હતો. કોઇ પણ સત્તાતંત્ર એવું માને છે કે દેશમાં રહેતા પ્રત્યેક નાગરિકો તેઓ જે નિયંત્રણો મૂકશે તેને મને-કમને પ્રજા અનુસરવા લાગશે. આવા લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા જે તંત્ર દ્વારા પ્રયાસ થવો જોઇએ તેના બદલે તેના દ્વારા થતા કાર્યમાંથી તેના મળતિયા લોકો વધુ ને વધુ આર્થિક ઉપાર્જન કરી શકે તેવી યોજનાઓ ઘડી કાઢવી. આવી ઘડાયેલ યોજનાઓ બર આવે તેવા હેતુઓને ટેકો કરે તેવા લોકોને લાભ કે ફાયદો પહોંચાડવો. સરકારની આ યોજનાઓને પોષે એવી મંશા ધરાવતા સત્તાતંત્રના કેન્દ્ર સ્થાને બિરાજમાન એવા આ વેપારીએ દેશમાં જે પોતાનો જાદુ પાથર્યો હતો તેની જાણ મુનિશ્રીને અગાઉથી જ થઇ હોવા છતાં પિતા જે રીતે પોતાના બાળકનાં દોષોને નજરઅંદાજ કરી; તેની શકિતઓને વિકસાવવા, સઘળું જતું કરવા તૈયાર હોય છે તેમ, આજે પ્રગટ મુનિ વર્તી રહયા હતા. કેટલાક એવું માને છે કે બુદ્ધિશકિતના વ્યાપ વડે પૈસા અને સંપત્તિ દ્વારા ધરખમ સત્તાધીશ વ્યકિતને પણ ઝુકાવી શકાય. ખાવું, પીવું કે જીવન જરૂરી વસ્તુઓને પ્રાપ્ત કરવી એ જીવનની સફળતા છે તેથી કોઇ પણ તેના



નિયંત્રણ નીચે આજ નહીં તો કાલ જરૂર આવશે એટલે ઘણી વખત કેટલાક લોકો ગભરાઇને આવા અન્યાયો સામે ચૂપ થઇ જતા હોય છે. તો કોઇવાર કઠપૂતળીની જેમ તેના પર લાદવામાં આવે તેવા કામ કરવા તૈયાર થઇ જાય છે.

વેપારી આ સિદ્ધાંતને લઇ ધારી સિદ્ધિ હાંસલ કરી રહ્યો હતો. જોકે આના કારણે દેશની પ્રજા પાયમાલ થઇ રહી હતી. વેપારી અને સત્તાતંત્રની આ જુગલબંધીએ પ્રજાની કમર ભાંગી નાખી હતી. કહેવાતા લોકતંત્રના નામે લક્ષ્મીની લપાટે સૌના ચહેરા રંગી નાખ્યા હતા.

સોનેરી પ્રભાતથી શરૂ થતી પ્રવૃત્તિઓમાં વ્યકિતના જીવન સાથે કરવામાં આવતા ચેડા સત્તાતંત્રની આદત થઇ ગઇ હતી. દૂધમાં યુરિયા, ઘીમાં ચરબી, ખાંડમાં લોખંડ કે હાડકાનો ભૂકો-કોને ખબર કેટલી ચીજો ભેળસેળ કરી વેચાતી હશે ? કેટલા ટન અખાદ્ય પદાર્થ ખાદ્ય પદાર્થમાં ભેળવી દઇ બેવડી કે ચોવડી કમાણી કરી લેવામાં આવતી હશે ! હા, આ બધું કરવું જ પડે; કારણ કે સત્તાતંત્રના નિર્માણ માટે કરવામાં આવતી ચૂંટણીમાં અઢળક નાણાં નેતાઓને બિનશરતી રીતે ધીરવા પડતા હોય છે ત્યારે તો દર પાંચ વર્ષે રમાતો આ ખેલ ભલે પ્રજા માટે તે તેની કમર તોડનારો હોય, તેની પીઠમાં ખંજર ભોંકનારો હોય પણ તે ખેલ્યા વગર છૂટકો છે ? મુનિ આકુળ-વ્યાકુળ હોવા છતાં આજે વેપારીના પટમાં શાંતચિત્તે પોતાની લીલા પાથરી પ્રજા કલ્યાણ માટે કશુંક કરવા માગતા હતા.

લગભગ પાંચ ફૂટ ઊંચા ઊભા કરાયેલા મંચ પર બિરાજમાન થઇ પ્રગટમુનિએ પોતાના વકતવ્યનો પ્રારંભ કર્યો : 'માનવજીવન પ્રભુની અણમોલ ભેટ છે. સત્તા કે સંપત્તિ જીવનનિર્વાહ પૂરતી મેળવવી માનવનું કર્મ છે અને તેથી જ તેને ધર્મતુલ્ય પણ માની શકાય. ધર્મ ધારણ કરવાથી શરૂ કરી અંતિમ શ્વાસ સુધી વ્યકિત સાથે જોડાયેલો રહે છે. તેથી જ તે કોઇ પણ રીતે એળે જવો ન જોઇએ. જીવનમાં નકારાત્મકતા વ્યકિતની ઘોર ખોદે છે. તેથી તેનું જીવનમાં સ્થાન નથી. ધન-સંપત્તિના આશ્રયથી આચરેલી નકારાત્મકતા વ્યકિતની માનવતાનું પતન કરે છે. તેની લાલચ

વ્યકિતને મોહાંધ બનાવે છે. કદાચ તેના જોરે વ્યકિત અધિપતિ બની શકે પરંતુ આખરે તેનું અધઃપતન થાય છે. વધુ પડતું કમાયેલું ધન મૃત્યુ સમયે ખપ લાગતું નથી, પરંતુ અન્યના અંતરમાં જાગેલી વેદનાને જાણી પ્રગટેલી 'સંવેદના' કોઇ પણ વ્યકિતને પ્રગટમુનિ બનાવી શકે છે. તેથી જીવનમાં સંપત્તિના બદલે સંવેદનાને સ્થાન મળવું જોઇએ. અન્યના હૃદયની પીડા જયારે વ્યકિત પોતે પામે છે, ત્યારે જ તે પરદુઃખભંજન બને છે. આજે દેશમાં સત્ય અને અહિંસાની તલવાર વડે પ્રાપ્ત આઝાદીના ફળ ચાખવા ઇચ્છતી પ્રજા ગણ્યા-ગાંઠયા લોકોના કારણે ઊલમાંથી ચૂલમાં પડયાનો અનુભવ કરે છે. તે નિવારવા પ્રેમશસ્ત્રની આવશ્યકતા છે. જે રીતે રડતા બાળકને ચોકલેટ આપી શાંત કરી શકાય છે, તે જ રીતે ડગલે ને પગલે થતા અન્યાયથી દિવસે-દિવસે નિયંત્રિત થતી પ્રજાને મૂલ્ય અને ન્યાયના શસ્ત્રથી રક્ષિત કરી શકાય છે. તેમને શિક્ષણના પ્રકાશ વડે અજ્ઞાનના અંધકારમાંથી બહાર લાવી, લક્ષ્મીની લાલચમાંથી ઉગારી ખરા લોકતંત્રના પ્રહરીની પસંદગી કરવા માટે જ્ઞાત કરવાની જરૂર છે. સંવાદની મૂડી દેશના પ્રત્યેક નાગરિકની સમૃદ્ધિ બને, ડર અને ભયનું નિર્મૂલન થાય. સત્તાધીશો અદના માણસની વાત સાંભળી શકે તેવી કર્ણશકિત પ્રાપ્ત કરે. તેમની દૃષ્ટિ સંપત્તિવિહીન લોકો સુધી પહોંચી શકે તેવી તેજસ્વી બને. દેશનું પર્યાવરણ સૌ કોઇ માટે સુખકર રહે તેની કાળજી દેશનો પ્રત્યેક નાગરિક રાખી શકે તેવી સમજણશકિત સર્વત્ર વ્યાપે. જે નથી તેની પાછળ હરણની માફક દોડવાને બદલે, જે છે તેને માણવા, જાણવા ઇશ્વર શકિત આપે. પ્રત્યેકના કલ્યાણ માટે આત્મનિરીક્ષણ કરવાની દૃષ્ટિ દેશના નાગરિકો પ્રાપ્ત કરે. તેમજ નિખાલસતા, વિશ્વાસ, લાગણીનાં તંતુ વડે દેશની પ્રજા એકમેક સાથે જોડાઇ ભાવનાત્મક સંવાદ સાધી ખુદની વ્યથા અન્યની વ્યથાથી અલ્પ છે તેમ સમજી વિચારોના વટવૃક્ષની છાંયામાં હૈયાનાં હિલોળા લેતા સરોવરની હવાના હળવા સ્પર્શે જાગતા બિંદુઓની સરગમમાંથી નીતરતા સંવેદનાના સંગીતથી-હે ઇશ્વર ! આ દેશના પ્રત્યેક નાગરિકને તરબતર કરી ખરી માનવતાના દર્શન કરાવ.



''પ્રાર્થું પ્રભુ ! તને જાણી, વ્યથા મારી,
દેજે જ્ઞાનભરી આભ અટારી.''

સંબંધો તોડતા પહેલા જરા એ વિચારો તે જોડતા તમને કેટલો સમય લાગ્યો હતો ? પતિ-પત્ની જે લગ્નના સેતુથી એકમેક સાથે જોડાય છે તે જ યુગલ થોડા જ સમયમાં નજીવી બાબતે ઝગડવા લાગે છે. જે દેશને અનેક અરમાનો સાથે દેશના સ્વાતંત્ર્ય વીરોએ આઝાદ કરવા પોતાના પ્રાણની આહુતિ આપી, તે જ દેશના લોકોની આઝાદીના ભોગે સંપત્તિ હડપી લેવા આપણે દિશા ભૂલ્યા છીએ તે કદાચ આપણું અધઃપતનનું કારણ બનશે. તેથી આપણે જાગીએ. જે પતિ અગ્નિની સાક્ષીએ પત્નીને કોલ આપી જીવનસાથી તરીકે જોડાય છે. તે જ સ્ત્રીને તેની સાથે જોડાયેલો પુરુષ તેની ગેરહાજરીમાં દગો કરે છે. જે પ્રજા પોતાના કલ્યાણ માટે નેતાઓને ચૂંટણીમાં ચૂંટી કાઢે છે તે જ નેતાઓ તેના મતદારોને પણ છોડતા નથી. રાજકીયપક્ષમાં પોતાનું કદ જમાવવા ગમે તેવા નુસખા અપનાવે છે. ભ્રષ્ટ આચરણ અને સંપત્તિની લૂંટ આજના નેતાઓની આદત બની ગઇ છે. ખુરશીની ખેંચાખેંચ વચ્ચે પ્રજાની ખુશી ભુલાઇ ગઇ છે. હું માનું છું કે ઇશ્વર આપણને તેમાંથી જરૂર ઉગારશે.

આજે તમે મારું ભવ્ય સન્માન કર્યું છે તેનાથી જેટલો હું રાજી છું તેના કરતાં મારી પ્રત્યેક વાતોનો સ્વીકાર કરી તેનું આચરણ કરશો તેમાં મારી રજામંદી હશે. કારણ તે માટે જ હું આજે તમારી વચ્ચે આવ્યો છું. મારું આવવું ત્યારે જ સાર્થક થયું ગણાશે જયારે લોકોને શુદ્ધ ખાદ્યપદાર્થ ખરીદી શકે તેવા તમારા કેન્દ્ર સ્થપાશે. મારું આવવું ત્યારે જ સફળ ગણાશે જયારે તમારા દ્વારા નફાનું પ્રમાણ વેચાણ કરેલ વસ્તુના પરિપ્રેક્ષ્યમાં યોગ્ય મૂલ્યાંકનના ધોરણે થશે. મારું આવ્યું ત્યારે જ પુરવાર થશે જયારે સરકાર પર તમારી ધાક પ્રજાના કલ્યાણ અને હિત માટે તમે કામે લગાવશો. કોઇ પણ રાજકીય નેતાઓને જરૂરી આર્થિક ભંડોળ આપતા પહેલા તમારી શરત પ્રજાની સુખાકારી માટે હોવી જોઇએ; એટલે કે બાળકોનાં શિક્ષણ માટે ઉત્તમ શાળાઓ,

કૉલેજો, છાત્રાલયો, સરળતાથી પરિવહન થઇ શકે તેવા રોડ રસ્તા અને એના જેવું ઘણું બધું.

ચુંટાયેલા નેતાઓ આ બધું કરવા બાધિત બને અન્યથા આવા લોકોની ચોટલી પકડી તેને કહેવામાં આવે કે – 'મહાશય, તમને જે અમારી કંપની કે વેપારી પેઢી દ્વારા ચૂંટણીમાં નાણાંકીય સહાય આપવામાં આવી હતી તે સઘળાં નાણાં પરત કરવામાં આવે. કારણ કે તમો ચુંટાયા પછી તમારું વચન જે અમને આપ્યું હતું તે પાળી શકયા નથી. હું આશા રાખીશ કે આપ તેમ કરવા પ્રયત્નશીલ થશો.' તેમ કહી પ્રગટમુનિએ પોતાનું પ્રવચન પૂર્ણ કર્યું.

## ૧૯. સાચી માનવતા

પરદેશની આ વાત છે. એક વર્ષના બાળકને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. બાળકને પેટનો દુખાવો ઉપડયો હતો. હૉસ્પિટલમાં દાખલ થનાર દર્દીની પ્રારંભિક તપાસ ડયૂટી નર્સ દ્વારા કરવામાં આવતી, તે મુજબ બાળકની તપાસ થઇ રહી હતી. ડયૂટી નર્સને બાળકના દર્દની ગંભીરતા સમજાતા, તેને થયું આ બાળકનું ઍપેન્ડિકસ પાકી ગયું છે. તે ગમે ત્યારે ફાટી શકે છે. આ બાળકની જિંદગી જોખમ ભરી છે. તે ટેલિફોનનું રિસીવર ઉપાડી ઇમર્જન્સી ડૉકટર સાથે વાત થતાં ઇમર્જન્સી ડૉકટર આવી પહોંચે છે. બાળકની જરૂરી તપાસ કરી બોલી ઊઠે છે : 'ઑપરેશન તાત્કાલિક કરવું પડશે અન્યથા બાળકની જિંદગી જોખમમાં છે. ઑપરેશન ગંભીર હોવાથી મુખ્ય સર્જનને બોલાવવા પડશે. સર્જન આવે પછી જ કંઇ પણ થઇ શકે'– આમ કહી ઇમર્જન્સી ડૉકટર વિદાય થાય છે. ડયૂટી નર્સ પુનઃ ટેલિફોનનું રિસીવર ઉપાડે છે. મુખ્ય સર્જનનો સંપર્ક થઇ શકતો નથી. બીજી તરફ બાળકનું દર્દ વધવા લાગે છે. બાળકનો પિતા બાળકની હાલત જોઇ આકુળ-વ્યાકુળ થવા લાગે છે. ડયૂટી નર્સ વારંવાર મુખ્ય સર્જનનો ટેલિફોનિક સંપર્ક કરવા પ્રયત્ન કરે છે, પરંતુ કોઇ પણ રીતે મુખ્ય સર્જનનો સંપર્ક થઇ શકતો નથી.



આ બાજુ બાળકનો પિતા ધૂંઆપૂંઆ થઇ મન ફાવે તેમ બરાડા પાડી બોલવા લાગે છે : 'અરે ! કોઇ સાંભળે છે ? અહીં દર્દીઓ માટે ડૉકટરને કોઇ સંવેદના જ લાગતી નથી. કોઇને બાળકના દર્દની ચિંતા હોય તેવું લાગતું નથી. વારંવાર ફોન કરવા છતાં મુખ્ય ડૉકટરસાહેબ આવતા નથી. એ આવે એટલે તેની આજે ખબર લઇ લેવી છે. તેને ખરીખોટી સંભળાવી, તેની ફરજનું આજે ભાન કરાવવું છે. કોને ખબર કેટલા દર્દીઓની આવા બેદરકાર ડૉકટરના કારણે હાલત ખરાબ થઇ જતી હશે ! કેટલા દર્દીઓની જિંદગી પર બેજવાબદાર ડૉકટરોના કારણે પૂર્ણવિરામ મુકાઇ જતું હશે ?' બીજી તરફ ડયૂટી નર્સ વારંવાર ટેલિફોનનું રિસીવર ઉપાડી મુખ્ય સર્જનનો સંપર્ક કરવા પ્રયત્ન શરૂ રાખે છે, પરંતુ તેને કોઇ પણ રીતે સફળતા મળતી નથી. આખરે તે ટેલિફોનનું રિસીવર મૂકી ડૉકટરને પેજરથી પોતાનો સંદેશ મોકલે છે. લગભગ અડધા જ કલાકમાં મુખ્ય સર્જન હાંફળાફાંફળા થતા દોડતા આવી પહોંચે છે. બાળકનો પિતા મુખ્ય સર્જનને અટકાવી બોલવા લાગે છે : 'તમને લોકોને દર્દીઓની કંઇ પડી છે ? હૉસ્પિટલના સંચાલકો તમારી જેવા બેજવાબદાર ડૉકટરોની ભરતી શા માટે કરે છે ? આજે તમારી ફરિયાદ મુખ્ય સંચાલક સુધી પહોંચાડીશ. મારું બાળક કેટલી કલાકોથી પીડાય છે, તેની તમને ખબર છે ? માંડ કરી અમે હૉસ્પિટલ પહોંચ્યા. છેલ્લા એક કલાકથી નિદાન અને તપાસના નામે કોઇ જવાબ આપતું નથી.' ડૉકટર ચહેરા પર હાસ્ય લાવી બાળકના પિતાને શાંતિ જાળવવા વિનંતી કરે છે. બાળકનો પિતા વધુ ગુસ્સે થઇ ફરી બોલવા લાગે છે : 'હૉસ્પિટલમાં આવનાર દર્દીએ જો ભગવાન ભરોસે રહેવાનું હોય તો તમારા લોકોનું કામ શું છે ? તમને દર્દીઓની સારવાર માટે તગડો પગાર અપાય છે તેમ છતાં તમે લોકો હૉસ્પિટલમાં ગંભીરતાપૂર્વક તમારી ફરજ અદા કરતા નથી. તમને કોઇ કહેનાર છે કે કેમ ?' ડૉકટર સ્મિત વેરી બાળકની સારવાર માટે રૂમમાં પ્રવેશવા ગુસ્સે થયેલ મહાશયને માર્ગ આપવા આંખના ઇશારે વિનંતી કરે છે.

દરવાજામાં પ્રવેશવાની મુખ્ય સર્જનને જગ્યા મળતા બાળકની સારવાર આરંભે છે. થોડી જ વારમાં બાળકને તાબડતોબ ઑપરેશન થિયેટરમાં લઇ જઇ

ઑપરેશન શરૂ કરવામાં આવે છે. લગભગ બે કલાક સુધી ઑપરેશન ચાલે છે. ઍપેન્ડિક્સનું ઑપરશન પૂરું થતાં ડ્યૂટી નર્સ અને અન્ય ડૉક્ટરોને બાકીની કાર્યવાહી આટોપવાનો નિર્દેશ કરી, મુખ્ય સર્જન ઑપરેશન થિયેટર બહાર આવી; વેઇટિંગ રૂમમાં બેઠેલા બાળકના પિતાને ઉદ્દેશી કહે છે : 'ઑપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. તમારું બાળક હવે ભયમુક્ત છે. વધુ કંઇ જાણવું હોય તો ડ્યૂટી નર્સનો સંપર્ક કરશો.' તેમ કહી મુખ્ય સર્જન વિદાય થાય છે. વાયુવેગે દોડતા સર્જન તરફ ડોકું ફેરવી બાળકનો પિતા બોલવા લાગે છે : 'નહીં જોયો હોય મોટો ડૉક્ટર ! એક મિનિટનોય સમય આપતો નથી. પૂરી વાત કહ્યા વિના ભાગવાની આટલી શી ઉતાવળ હશે ? ભારે અભિમાની ડૉક્ટર છે. આની ફરિયાદ તો મારે કરવી જ જોઇએ. મરણપથારીએ પડેલા મારા બાળકની એને જરા પણ ચિંતા નહીં થતી હોય ? શું આ લોકો માટે પૈસો જ પરમેશ્વર છે ?' આવું ઘણું બધું બોલતા-બોલતા બાળકના પિતાનો અવાજ તરડાઇ ગયો. અવાજ સાંભળીને ડ્યૂટી નર્સ ઑપરેશન થિયેટરમાંથી બહાર આવી ખૂબ મૃદુ અવાજે બાળકના પિતા સામે જોઇ બોલી ઊઠે છે : 'મહાશય, આપને અમારા મુખ્ય સર્જન એવા ડૉક્ટરસાહેબની ખરી ઓળખ થઇ નથી. તેઓ ખૂબ પ્રેમાળ છે. તમારા બાળકના ઑપરેશન સમયે તેઓ ચોધાર આંસુએ રડતા હતા. બાળકની હાલતથી તેઓ વ્યથિત હતા. મહામહેનતે તેમણે કેસ બચાવ્યો છે. મહાશય, તમે એ વાત પણ સાંભળી લો, કે વારંવાર હું તેમનો ટેલિફોનિક સંપર્ક કરવા પ્રયત્ન કરતી હતી ત્યારે ડૉક્ટરસાહેબ પોતાના ઘરે હાજર નહોતા, તેથી તેમનો સંપર્ક કરી શકી ન હતી; કારણ કે ડૉક્ટરસાહેબના પુત્રનું માર્ગ અકસ્માતમાં ગંભીર ઇજા થવાના કારણે એકાદ કલાક પહેલાં જ મૃત્યુ થયું હોવાથી તેઓ તેમની અંતિમયાત્રામાં જઇ રહ્યા હતા. આપ જાણો છો તેમ શહેરના સામા છેડે આવેલા સ્મશાનગૃહમાં તેમની દફનવિધિ કરવાની હોવાથી તેઓ લગભગ શહેરના સામે છેડે પહોંચી ગયા હતા, તેમ છતા મારો પેજર પર તેમને સંદેશ મળતા તેઓ ત્યાંથી દોડતા હૉસ્પિટલ આવી પહોંચ્યા અને તમારા બાળકની જિંદગી બચાવી. હવે તમે જ કહો તેને



બેજવાબદાર ડૉક્ટર શી રીતે કહી શકાય ?

ઘણી વખત આપણે આપણું દુ:ખ અન્યના દુ:ખથી પહાડ સમું સમજી લઇ અન્યના દુ:ખને નજરઅંદાજ કરવા લાગીએ છીએ અને તેના જ કારણે આપણે ખરી હકીકત જાણી કે સમજી શકતા નથી. પોતાનો પુત્ર ગુમાવનાર ડૉક્ટર અન્યના પુત્રની જિંદગી બચાવવા દફનવિધિનો કાર્યક્રમ મુલતવી રાખી, તેને અટકાવી પોતાની સાચી સંવેદનાને કારણે ઑપરેશન કરવા માટે પહોંચી જાય તે જ તેની સાચી માનવતા છે તેમ કહી નર્સે ગુસ્સે થયેલા ધૂંઆપૂંઆ બાળકના પિતા સામે જોઇ કહ્યું કે, 'અમારા મુખ્ય સર્જનસાહેબ સ્મશાને જવા ઉતાવળા હતા તેથી તમારા પ્રશ્નોના જવાબ આપવા ઊભા રહી શક્યા નહીં તેમણે વધુ માહિતી માટે તમને મારો સંપર્ક કરવા એટલા માટે કહ્યું કે તેઓ પોતે કરેલા ઉપકાર વિશે તમને કશું કહેવા માંગતા ન હતા.'

દુનિયામાં એવા ઘણા પ્રસંગો બનતા હશે કે આપણે પણ પેલા મહાશયની જેમ અન્યના કાર્યને મૂલવવા કે સમજવાને બદલે તેના પર દોષારોપણ કરવા લાગીએ છીએ. તેમ કરી જગતમાં જયાં સુધી આપણે અન્યની વ્યથાને જાણ્યા વિના પોતાના પરિશ્રમને ચડિયાતો માની પોતાની જાતને સર્વેસર્વા સમજતા રહેશું ત્યાં સુધી સંવેદનાની સરિતાના નીર વહેતા હોવા છતાં તે પખાળી શકીશું નહીં.

## ૨૦. સંવેદનાનો સારથિ

જીવનની સંધ્યાના ઉંબરે ઊભેલા એક પ્રતિષ્ઠિત વેપારીની આ વાત છે. ગામડા ગામમાં વ્રજલાલ ખાદ્ય તેલ કાઢવાની મોટી મીલ ચલાવતા હતા. તેમને બે દીકરા હતા. મોટો દીકરો લંડનમાં અભ્યાસ કરવા ગયો હતો. નાનો દીકરો છેલ્લા પાંચ સાત વર્ષથી ગંભીર બીમારીમાં પટકાયો હતો. વ્રજલાલને તેની ચિંતા સતાવતી હતી. દેશ-પરદેશના હકીમો અને ડૉક્ટરોને તેની સારવાર કરવામાં કોઇ સફળતા મળતી ન હતી. વ્રજલાલ આનાથી ભારે દુ:ખી અને ચિંતાતુર રહેતા હતા. ઘરમાં જાત-જાતની

અને ભાત-ભાતની ઔષધિઓ અને ઍન્ટિબાયૉટિક દવાઓનો મોટો જથ્થો જમા રહેતો હતો.

આ નાનકડા ગામડા ગામમાં બીજી તરફ આધેડ અવસ્થાએ પહોંચેલા પ્રવીણભાઇના પત્ની પ્રતીક્ષાબેન અચાનક બીમાર થવાના કારણે ડૉક્ટરી તપાસ કરાવી, પ્રવીણભાઇ ડૉક્ટરે લખી આપેલા પ્રિસ્ક્રિપ્શન મુજબની દવાની ખરીદીની તજવીજમાં હતા; એટલે કે જરૂરી દવાઓની ખરીદી કરવા માટે નાણાં મેળવવાની તેઓ દોડધામમાં હતા. પરંતુ પ્રવીણભાઇને કોઇ નાણાં ધીરવા તૈયાર થતું નહોતું. પત્નીનો જીવ જોખમમાં હતો. વ્રજલાલને આ વાતની ખબર પડતા પોતાના ઘરમાં પડી રહેલી દવાનો જથ્થો લઇ પ્રવીણભાઇના ઘરે વ્રજલાલ આવી પહોંચે છે. તેઓ ડૉક્ટરના લખાયેલા પ્રિસ્ક્રિપ્શન મુજબની દવાની યાદી ચેક કરી જરૂરિયાત મુજબની દવાઓ અલગ કરી પ્રવીણભાઇના હાથમાં મૂકે છે અને પ્રવીણભાઇને કહે છે : 'આ સઘળી દવાના નાણાં તમારે ચૂકવવાની જરૂર નથી. ડૉક્ટરના અભિપ્રાય મુજબ વધુ અન્ય દવાની જરૂર પડે તો પણ મારા ઘરમાં દવાનો ઘણો મોટો જથ્થો પડેલો છે, તેમાંથી તમારી જરૂરિયાત મુજબની વધુ દવાઓ જેમ જેમ જરૂર પડશે તેમ તમને હું પહોંચતી કરીશ. તમારી પત્નીની સારવાર સારી રીતે થાય તેવા હું પ્રયત્ન કરીશ. આ માટે દવાની ખરીદી કરવી પડે તો પણ તેમનો સઘળો ખર્ચ હું મારા શિરે ઉઠાવીશ, કારણ કે છેલ્લા સાતેક વર્ષથી મારો પુત્ર ગંભીર બીમારીથી પીડાય છે. તેને કોઇ દવા કે ઔષધિ તેની બીમારીમાંથી બહાર લાવી શકે તેવું એક પણ એંધાણ દેખાયું નથી. તેમ છતાં વર્ષોથી દવા અને ઔષધિ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરી પુત્રની જિંદગી માટે અઢળક નાણાં વાપર્યા છે તે દવા તમારા પત્ની પ્રતીક્ષાબેનનો જીવ બચાવવામાં ઉપયોગમાં આવશે, તો તેનો અમારા પરિવારને પણ આનંદ થશે. તેમ કહી વ્રજલાલ ત્યાંથી વિદાય થાય છે.

ગુજરાતીમાં કહેવાય છે – 'ઘાયલ કી ગત ઘાયલ જાણે' પોતાનો પુત્ર છેલ્લા સાત વર્ષથી ગંભીર બીમારીના કારણે જીવન-મરણ વચ્ચે સંતાકૂકડી રમી રહ્યો હતો,



તેથી વ્રજલાલ પ્રતક્ષીબેનનું દર્દ જાણી શકયા. તેની સમસ્યા, મુશ્કેલી તેને પોતીકી લાગી એટલે જ કદાચ તેઓ ઘરમાં પડી રહેલો દવાનો સઘળો જથ્થો ઘણો કિંમતી હોવા છતાં દોડતા લઇ આવ્યા એટલું જ નહીં, તેના નાણાં પ્રવીણભાઇ પાસેથી વસૂલ નહીં કરવા પોતાનું મન મનાવી શકયા. વધુમાં વ્રજલાલે પ્રવીણભાઇને ખાતરી પણ આપી કે-પ્રતીક્ષાબેનની સારવાર માટે ડૉક્ટરની સલાહ મુજબ કોઇ દવા ખરીદવાની જરૂર પડશે તો તેનો સઘળો ખર્ચ પોતે ઉઠાવશે. વ્રજલાલની આ સંવેદનશીલતા પોતે ભોગવેલા કે અનુભવેલાં દુઃખના કારણે નીપજેલી મહામૂલી સંવેદના લેખી શકાય. જેને સરિતાનું સ્વરૂપ આપી વ્રજલાલ પોતાની ઉદારતાપૂર્વક પ્રતીક્ષાબેનની સારવારમાં શકય તેટલી મદદ કરવા જે રીતે આગળ આવ્યા તે જ સમાજ રચનાની ખરી નીવ છે. જેના વડે સમાજ મજબૂતાઇપૂર્વક ટકતો હોય છે. આ વાત અર્વાચીન સમય પૂરતી મર્યાદિત નથી. પુરાણોમાં પણ માનવ કલ્યાણના હેતુસર આવા અનેક લોકો દ્વારા દર્શાવવામાં આવેલી સંવેદના આપણને જાણવા અને જોવા મળે છે.

ઇતિહાસમાં ડોકિયું કરતા આવી જ એક ઘટના પ્રાચીનકાળમાં અનલાસુર નામનો એક રાક્ષસ થવાના કારણે ઘટી હતી. ધર્મ અન્યના જીવને સાંત્વના આપી તેનું રક્ષણ કરવા કહે છે પરંતુ અનલાસુર નામનો રાક્ષસ પૃથ્વી પર માનવો અને દેવલોકના દેવો માટે પણ ત્રાસદાયક પુરવાર થયો હતો. તેનાથી દેવો અને માનવો થાકયા હતા. અનલાસુર સામાન્ય લોકો, ઋષિમુનિ અને દેવતાઓ સહિત સૌ કોઇને જીવતા ગળી જતો હતો. રાક્ષસથી ત્રાસીને દેવરાજ ઇન્દ્ર અને બધા દેવી-દેવતા તથા પ્રમુખ ઋષિમુનિઓ મહાદેવ પાસે પ્રાર્થના કરવા પહોંચે છે. બધાએ શિવજીને અનલાસુરના ત્રાસની વાત કરી અને તેના આતંકનો નાશ કરવા કહ્યું. શિવજીએ દરેક દેવી-દેવતાઓની વાત સાંભળી તેમને જણાવ્યું કે : 'આ રાક્ષસનો નાશ માત્ર ગણેશ જ કરી શકશે.' ત્યાંથી સૌ કોઇ ભગવાન ગણેશના ચરણે ગયા અને તેમને અનલાસુર રાક્ષસના ત્રાસમાંથી બચાવવા વિનંતી કરી. મહાદેવના પુત્ર ભગવાન ગણેશે સૌની વિનંતિ સાંભળી, રાક્ષસ અનલાસુરને પકડી લીધો. તેમ છતાં, તે શાંત ન થયો. તેમણે

પોતાનું તોફાન વધાર્યું. અગ્નિની જવાળા વરસાવવા લાગ્યો. ભગવાન ગણેશ કંટાળ્યા. તેઓ રાક્ષસને આખેઆખો ગળી ગયા. થોડી જ વારમાં ભગવાન ગણેશના પેટમાં ભારે બળતરા થવા લાગી. અનેક ઉપાયો કર્યા પરંતુ બળતરા શાંત થવાનું નામ લેતી નહોતી ત્યારે ભગવાન ગણેશે કશ્યપ ઋષિને તેનો ઉપાય પૂછયો. કશ્યપ ઋષિએ ૨૧ ગાંઠ બાંધીને ધરો ગણેશને ખાવા માટે આપી. તે ખાવાથી ગણેશજીના પેટમાં શાંતિ થઇ. બળતરામાં રાહત થવા લાગી, ત્યારથી જ ગણેશજીને ધરો ચઢાવવાની પરંપરા શરૂ થઇ છે. જે આજે પણ યથાવત છે. ધરો શરીર માટે ઔષધિનું કામ કરે છે. તેનો ઉપયોગ પૂજાની સામગ્રીમાં પણ થાય છે. આમ તો ઘાસ જેવી જોવા મળતી ધરો એક એવી વનસ્પતિ છે જે ભારતીય સંસ્કૃતિમાં કોઇ પણ ધાર્મિક પૂજા કે શુભ પ્રસંગે કામમાં લેવાય છે. વિધિ માટે પણ તેને પવિત્ર માનવામાં આવી છે. આ ઔષધિ નવ સમિધમાંની એક છે. આ પવિત્ર અને અમૂલ્ય વનસ્પતિના એક એક તાંતણા સંવેદનાની સરિતાની માફક ધર્મધારામાં ધારારૂપ કલ્યાણ માટે નંદનવન સર્જવા આગેકૂચ કરે છે. ધરો પૃથ્વીને ધારણ કરવાનું કામ કરે છે, કારણ કે તે અતિવૃષ્ટિમાં ધરતનીનું ધોવાણ અટકાવે છે. તે ધરતીની ફળદ્રુપતામાં વૃદ્ધિ પણ કરે છે. જે રીતે વ્રજલાલે સમાજરૂપી ધરતીના ધોવાણને અટકાવી કોઇની જિંદગી માટે પોતાની પાસે પડેલી ઔષધિ અને દવાઓનો જથ્થો અર્પણ કર્યો. પારિવારિક કે લોહીના સંબંધોની પેલે પાર જઇ જે હૃદયની સદ્‌ભાવના દાખવે છે, તે જ ખરો સંવેદનાનો પ્રહરી છે. જેને નાતે નેડો નથી છતાં પોતાની માનવતાને અન્યની જિંદગી માટે પોતાનું દુઃખ થોડીવાર બાજુ પર મૂકી પોતાની પાસે જે છે તે અર્પણ કરવા તૈયાર થઇ જાય છે, તે જ છે ખરો સંવેદનાનો સારથિ.

જયારે ભગવાન ગણેશના પેટમાં રાક્ષસ અનલાસુર ગળવાના કારણે ભારે બળતરા ઊપડી ત્યારે ઋષિ કશ્યપે ૨૧ ગાંઠ વાળી ધરો નામનું ઘાસ ભગવાન ગણેશને આરોગવા આપ્યું. તે આરોગવાથી ભગવાન ગણેશના પેટમાં ટાઢક વળી. તેને શાંતિનો અનુભવ થવા લાગ્યો કારણ કે – ધરો એક એવી વનસ્પતિ છે જેણે



પૃથ્વીમાતાના આલિંગનથી મહામૂલી સંવેદના મેળવી છે. આ એવું સત્ત્વ છે કે જેના વડે પૃથ્વીની ફળદ્રુપતા વધે છે. છૂટા પડતા માટીના કણોને તે પોતાના મૂળ વાટે સંગઠિત કરે છે. ધરો જયાં ફેલાય છે ત્યાં માટીના પ્રત્યેક કણો એકમેક સાથે જોડાય છે. તેથી તેને આપોઆપ સંવેદનારૂપી ઊર્જાશકિત પ્રાપ્ત થાય છે. આ શકિત ભગવાન ગણેશના પેટમાં ઊપડેલી આગને પણ શાંત કરી દે છે. જે અન્યના કામમાં પોતાનું સર્વસ્વ હોમે છે તે જ દુઃખરૂપી દાવાનળને ભભકતો અટકાવી શકે છે. જે રીતે વ્રજલાલે પ્રતીક્ષાબેનના મૃત્યુને અટકાવ્યું. જે રીતે ધરોએ ભગવાન ગણેશની આગ અટકાવી અને જે રીતે ભગવાન ગણેશે સૃષ્ટિના લોકોને અનલાસુરના ત્રાસમાંથી ઉગારી તેની બરબાદીને અટકાવવાનું કામ કર્યું તેમ સૃષ્ટિ નિર્માણ માટે સૌ – કોઇ વેદનાના વેરાન પ્રદેશમાં સંવેદનાની સરિતા વહેવડાવશે ત્યારે જ ખરું સુખનું સામ્રાજય સ્થપાશે.

સંવેદના બની શીતળ સન્નારી,
જેણે રચી સમાજની અટારી;
વ્યાપક કેવી કીધી કારી,
બની વાત તે અતિ ન્યારી.
ઊભરાઇ આનંદ ઊરે,
દ્રૌપદીની રાખી શાન ચીરે;
ગોવાળ–ગોપી ઘૂમે રાસ અધીરે,
વાગે વાહલડી જમના તીરે.

## ૨૧. જીવનની ખરી જીત

એક બહુ મોટા પ્રતિષ્ઠિત વ્યકિતની આ વાત છે. નામ તેનું ચંપકલાલ. નગરના મોટા ગજાના કેસ ચંપકલાલ પાસે આવતા, તેમાં અસીલની જીત નિશ્ચિત થતી હતી. જોકે આ માટે ચંપકલાલ કોઇ પણનો કેસ હાથમાં લેતા પહેલા અસીલ પાસે રોકડા રૂપિયા અગાઉથી ટેબલ પર મુકાવવાનું ચૂકતા નહીં. પરંતુ કહેવું જોઇએ કે

ચંપકલાલ પાસે નગરનાં હજારો લોકોનાં જે કેસ આવતા તેમાં તેઓ અસીલને હંમેશા જીત અપાવતા હતા. ચંપકલાલ કૉલેજકાળથી અભિનયક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા ધરાવતા હતા. કલા તેના ડાબા હાથનો ખેલ હતો. તે કૉલેજના કલાગુરુ દ્વારા જે રોલ આપવામાં આવતો તે બખૂબી ભજવી આપતા, તેથી ચંપકલાલ સૌના ચાહિતા થયા હતા. વળી, કૉલેજમાં ભણતી છોકરીઓનો તે મોટો ચાહક બન્યો હતો. તેની આજુબાજુ છોકરીઓના ટોળા રહેતા. તેની ફ્રેન્ડશિપ બાંધવા છોકરીઓ ઉત્સુક રહેતી. તેના અભિનયથી તેણીઓ એવી તો અભિભૂત થતી કે કોઇવાર તેનાથી બચવા કૉલેજના પાછલા બારણેથી નીકળી જવાનું પસંદ કરતા. તેને જે કોઇ રોલ આપવામાં આવતો હતો એ પ્રત્યેક રોલ ચંપકલાલ ભજવી આપતા. લોકો તેને જોતા ધરાતા નહીં. કૉલેજકાળ પૂર્ણ થતા તેમના પિતાના મિત્ર મનસુખલાલની પેઢીમાં જોડાઇ ચંપકલાલે ધીરે ધીરે વકીલાત વ્યવસાયમાં ઝંપલાવ્યું. શરૂઆતમાં મનસુખલાલની કંપનીના કાનૂની પ્રશ્નો પૂરતા તેઓ કેસ લડતા, પરંતુ જેમ-જેમ મનસુખલાલની પેઢીના કેસમાં ચંપકલાલની જીત થવા લાગી તેમ તેમ શહેરમાં ચંપકલાલની નામના વધવા લાગી. તેથી ચંપકલાલ પાસે જુદા-જુદા કેસ આવવા લાગ્યા. અસીલ પાસેથી આ રીતે ચંપકલાલ તગડી ફી વસુલ કરવા લાગ્યા. જોકે આમાં કેટલીક કૉલેજકાળની છોકરીઓના કેસ પણ તેની પાસે આવતા. ચંપકલાલ કોઇની શરમ ભર્યા વિના નકકી થયેલી ફી કેસ હાથમાં લેતા પહેલા રોકડમાં તેની પાસેથી રકમ વસૂલ કર્યા પછી જ કેસ તૈયાર કરવાનું કામ શરૂ કરતા. તેથી ચંપકલાલ જીત અપાવે તેવા વકીલ હોવા છતાં લોકોમાં જિદ્દી વકીલ તરીકે પંકાયા હતા. તેમના દિલમાં દયાના નામે છાંટોય ન હતો. પૈસો તેના માટે પરમેશ્વર હતો. જોકે કૉલેજકાળમાં કૉલેજના કલાગુરુ દ્વારા તેને જુદા જુદા રોલ શી રીતે ભજવી શકાય તેવી તાલીમ મળી હોવાથી કઠોર હૃદયના ચંપકલાલ અતિ મૃદુ રોલ પણ તેમને જો સોંપવામાં આવે તો તેઓ ચપળતાપૂર્વક ભજવી બજાવવાની ક્ષમતા ધરાવતા હતા.

શહેરના ટાગોરહૉલમાં ખ્યાતનામ કલાકારો દ્વારા નાટય મહોત્સવ



યોજાવાનો હતો. આ મહોત્સવમાં આયોજકો દ્વારા એક અનોખો પ્રયોગ કરવાનું નકકી કરવામાં આવ્યું. એક કલાકાર જુદા-જુદા પાત્રો ભજવીને પોતાની અદ્‌ભુત અભિનયશકિત દ્વારા દર્શકોને અભિભૂત કરી શકે તેવું એક નાટક-'કલાકાર એક અભિનય અનેક' ભજવવાનું નકકી થયું. જેમાં ઘણા બધા કલાકારો પાસે આવેદન મંગાવવામાં આવ્યા. પરંતુ તેમાં પસંદગી ચંપકલાલની થઇ. કારણ કે ચંપકલાલ પોતાના કૉલજકાળથી જ અલગ-અલગ કલાકારોના અભિનય આગવી રીતે ભજવી બતાવવા જાણીતા થયા હતા. વળી આયોજકોની પસંદગી સમિતિમાં ચંપકલાલની કૉલેજના કેટલાક પ્રાધ્યાપકો પણ હતા. તેથી ચંપકલાલની અભિનયકલા વિશે તેઓ અગાઉથી જ જાણતા હોવાથી તેમનું આવેદન સ્વીકારવામાં આવ્યું. જોકે આયોજકો દ્વારા આ માટે જેનું આવેદન સ્વીકારવામાં આવે તેને જે રોલ સોંપાય તે મુજબ તગડી રકમ ચૂકવી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેથી ચંપકલાલને પણ ખબર જ હતી કે આ માટે તેમને ઘણી મોટી રકમ મળવાની છે. ચંપકલાલ માટે આ દિવસ માત્ર પૈસા કમાવાનો નહોતો. શહેરમાં ચાલતા વર્તમાનપત્રો અને વીજાણુ માધ્યમમાં સ્થાન મેળવવાનો પણ હતો. તેથી ચંપકલાલ આ માટે ખૂબ ખુશ હતા. આયોજક મિત્રો દ્વારા ચંપકલાલને મોટી કંપનીના માલિક, ઊંચી કોટીના ડૉકટર અને ઍન્જિનિયર જેવા રોલ ભજવવાની કામગીરી સોંપવામાં આવી. છેલ્લે ચંપકલાલને સંવેદનશીલ વકીલનો રોલ ભજવવાની કામગીરી પણ સોંપવામાં આવી. વકીલના વ્યવસાય સાથે સંકળાયેલા ચંપકલાલ માટે આ રોલ ભજવવો ડાબા હાથનો ખેલ હતો. તેથી વકીલનો રોલ ભજવવાનું કામ ચંપકલાલને સોંપાઇ તેમાં કંઇ નવાઇ જેવી વાત નહોતી પણ હકીકતમાં એવું ન હતું. ચંપકલાલ પાસે વકીલના વ્યવસાયમાં જે વાસ્તવિક કેસ આવતા હતા, તેમાં તગડી ફી વસૂલ કરીને અસીલનો કેસ હાથમાં લેતા. જયારે નાટકમાં ચંપકલાલે તેનાથી વિરુદ્ધ આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતા અસીલની સ્થિતિને ધ્યાનમાં રાખી પહેલા કેસ હાથમાં લઇ અસીલને જીત અપાવી અસીલ પૈસા આપી શકે તો જ તેની પાસેથી પૈસા લેવા અથવા તે જેટલા પૈસા આપી

શકે તેમાં સંતોષ માનવો અને જો ન આપી શકે તો રકમ જતી કરવી.

રવિવારની રજાનો દિવસ હતો. અમદાવાદનો ટાગોરહૉલ મેદનીથી ઉભરાતો હતો. પ્રેક્ષકો સીટીઓ વગાડી તાળીઓના ગડગડાટ સાથે ચંપકલાલના અભિનયને બિરદાવી રહ્યા હતા. ડૉક્ટર તરીકે ચંપલાલ જાણે જગ જીતી ગયા તો કંપનીના માલિક તરીકે તેમણે કામ કરતા કર્મચારીઓને જીતી લઇ, ઉત્પાદનક્ષેત્રે પોતાના અભિનય દ્વારા સફળતા મેળવી તે જોતા વાસ્તવિક કોઇ પણ કંપનીનો માલિક શરમિંદો બને તેવો રોલ ચંપકલાલે ભજવી બતાવ્યો. ઍન્જિનિયર તરીકે તેમણે જે કામ કરી બતાવ્યું તે જોઇને સૌ કોઇને મોંમાં આંગળા નાખી બોલવું પડે કે : 'ઍન્જિનિયર એટલે ચંપકલાલ ! ચંપકલાલ માટે હવે જે રોલ ભજવવાનો હતો તે કામ તેઓ પોતાના વાસ્તિવિક જીવનમાં કરી જ રહ્યા હતા. ઊંચી કોટિના વકીલ તરીકે શહેરમાં જેની નામના હતી તેવા વકીલ માટે હવે જે રોલ ભજવવાનો હતો તે જો પહેલી નજરે જોઇએ તો આપણને સાવ સામાન્ય કામ લાગે. તેથી આ અંગે પ્રેક્ષકોમાં પણ હૉલમાં ચર્ચા થઇ રહી હતી કે હવે ચંપકલાલ માટે કામ સાવ સરળ છે. પરંતુ બીજી તરફ ચંપકલાલ ભારે મૂંઝવણ અનુભવતા હતા. કારણ કે તેના માટે એક સંવેદનશીલ વકીલ તરીકેનો રોલ ભજવવો ખૂબ અઘરો હતો. કામ ઘણું કપરું હતું. ચંપકલાલ મનોમન ખૂબ જ ચિંતિત હતા. પોતાના પાત્રને તેઓ શી રીતે ન્યાય આપશે ? તેના વિચારોના વંટોળમાં તેઓ ચકરવકર થઇ રહ્યા હતા. એક સ્ત્રીનો મૃદુભાષી અવાજ સંભળાય છે : 'સાહેબ, મારા પતિ સાથે મને પાંચ વર્ષથી વાંકું પડ્યું છે. મારો કેસ હાથમાં લેશો ? તેઓ મને ત્યજી દઇ છૂટાછેડા આપવા માંગે છે. પરંતુ હું તેનાથી અલગ પડવા માગતી નથી. છેલ્લા પાંચ વર્ષથી હું તેના વિના ભારે દુઃખી છું. ડગલે ને પગલે મને તેની યાદ સતાવે છે. મારે શું કરવું ? તે મને સમજાતું નથી. બીજી તરફ મારા પતિ રસિક મને કોઇ પણ રીતે સ્વીકારવા તૈયાર નથી. મારે તેની કોઇ સંપત્તિ કે ખોરાકી મેળવવામાં રસ નથી. મને જોઇએ – મારો વહાલસોયો રસિક – તે તમે અપાવી શકશો ? '

ચંપકલાલ માટે પોતાના પગ નીચેથી જાણે ધરતી ખસતી હોય તેવો આ



પ્રસંગ હતો. કઠોર હૃદયના ચંપકલાલે કોમળ બની, આવેલી સ્ત્રીનો કેસ હાથ પર લઇ કોર્ટમાં રસિકને તેની દલીલ દ્વારા સંવેદનશીલ બની, કેસ જીતવાનો હતો. નાટકમાં સોંપાયેલો વકીલનો રોલ ચંપકલાલ ભજવી ન શકે તો આયોજકોની શરત મુજબ તેણે અગાઉ ભજવેલા રોલના નાણાં પણ મળી શકે નહીં. તેથી કોઇ પણ રીતે ચંપકલાલે આ કામ પાર પાડવું જ પડે. જોકે ચંપકલાલ પણ ગાંજયા જાય તેમ નહોતા. આવેલી સ્ત્રીને પોતાની ચેમ્બરમાં બોલાવી રસિક સાથે તેમનો શી રીતે લગ્ન સંબંધ જોડાયો તેની વિગત મેળવી : 'સાહેબ, રસિક સાથે મારે કૉલેજથી લવ હતો. અમે એકમેક વિના કૉલેજમાં એક મિનિટ પણ રહી શકતાં ન હતાં. રસિકને કંપનીમાં નોકરી મળતાં જ તેમણે મને પ્રપોઝ કરી અને અમો લગ્નગ્રંથિથી જોડાયાં. લગભગ ત્રણ વર્ષ સુધી અમારો સંસાર ખૂબ સુખરૂપ રીતે ચાલ્યો હતો. નાનકડા મતભેદના કારણે છેલ્લા પાંચ વર્ષથી હું મારા પિતાના ઘરે છું એટલે કે અમે એકમેકથી અલગ થયાં છીએ. જોકે બંને અલગ રહેતાં હોવા છતાં હું તેની સાથે જ રહેતી હોઉં તેવું જ હું અનુભવું છું. જોકે રસિક તેમ સમજતા નથી. તે મને કોઇ પણ રીતે હવે અપનાવવા માંગતા જ નથી. સાહેબ, તમે રસિકને રીઝવી શકો તો જ મારું જીવન શક્ય છે. મને એવું લાગે છે કે હું રસિક વિના ગાંડી થઇ જઇશ. બીજું તો મારે કંઇ કહેવાનું રહેતું નથી.' ચંપકલાલ સાંભળીને અવાક બની ગયા. કેસની ફાઇલ તૈયાર કરી ચંપકલાલ દ્વારા નામદાર કોર્ટમાં તે દાખલ કરવામાં આવી. કેસ કોર્ટ દ્વારા હાથ પર પણ લેવામાં આવ્યો. ચંપકલાલ એક બાજુ ફાઇલ હાથમાં લઇ જજસાહેબને વિનંતી કરતા જણાવે છે : 'સાહેબ, પ્રજ્ઞાબહેન રસિકભાઇને ખૂબ ચાહે છે. તેઓ તેમનાથી અલગ થવા માગતા નથી.' રસિકલાલના વકીલ બોલે છે : 'સાહેબ, રસિકભાઇ કોઇ પણ રીતે આ સ્ત્રી સાથે સંસાર ચલાવવા માંગતા નથી. તમે જે રકમ ઠરાવો તે રકમ આપી અમો છૂટા થવા ઇચ્છીએ છીએ. તેથી વાદીની મુકાયેલ દરખાસ્તને કોઇ અવકાશ નથી.' ફરી ચંપકલાલ બોલે છે : 'સાહેબ, દુનિયાની દરેક સંપત્તિનું મૂલ્ય લક્ષ્મીથી થતું નથી. સંબંધોનું મૂલ્ય તો સંવેદનાથી થાય છે. પ્રજ્ઞાબહેનના હૃદયની વાત મેં જાણી છે. તેઓ કૉલેજકાળથી તેમના પ્રેમમાં છે.

તેમને ચાહે છે, એક મિનિટ પણ રસિકલાલથી તેમને અલગ થવું મુશ્કેલ છે. તેઓ પોતાના દિવસો જેમતેમ પસાર કરી રહ્યાં છે. વળી તેઓ પોતાની બધી જ જીદ જતી કરવા માંગે છે તો પછી છૂટા થવાને કોઇ કારણ રહેતું નથી.' રસિકલાલના વકીલ બોલી ઊઠે છે : 'સાહેબ, પ્રજ્ઞાબહેનની જુબાની લેવાવી જોઇએ. ચંપકલાલની દલીલ ધ્યાનમાં લેતા પહેલા પ્રજ્ઞાબહેન શું કહેવા માંગે છે તેની પણ નોંધ લેવાવી જોઇએ. પછી જ તે અંગે રસિકભાઇ પોતાનો અભિપ્રાય આપશે.' પ્રજ્ઞાબહેનને હાજર કરવામાં આવે છે. પ્રશ્ન પુછાતા પ્રજ્ઞાબેન બોલી ઊઠે છે : 'રસિક મારા માટે સર્વસ્વ છે, સંપત્તિ કે પૈસા માટી સમાન છે.' સાંભળી રસિકલાલ બોલી ઊઠે છે : 'સાહેબ, હું પ્રજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરું છું' કેસનો સુખદ ઉકેલ આવે છે. ચંપકલાલ પોતાના રોલ દ્વારા અભિનયક્ષેત્રે જીત મેળવે છે, એટલું જ નહીં તેના વાસ્તવિક જીવનમાં પણ તે જીતી જાય છે. પોતાની પત્ની સાથે દસ વર્ષથી તેને અણબનાવ હતો. નાટકમાં ભજવેલા અભિનયથી તેના જીવનમાં પરિવર્તન આવે છે અને પુન : પોતાની પત્ની સાથે જોડાઇ જઇ સુખરૂપ લગ્નજીવન માણવા લાગે છે, તેમજ નાટકમાં મળેલી સઘળી રકમને ઠોકર મારી તે રકમ આયોજકોને વસ્ત્રહીન અને ભૂખ્યા લોકોના હિતમાં વાપરવા ચંપકલાલ પોતાની સંપત્તિ આપી વિદાય થાય છે.

## ૨૨. સંવેદનાથી સફળતા

જીવ અને આત્મા વચ્ચે સંવાદનો સેતુ રચાય છે. તેમાંથી સંવેદના નીપજે છે. નીપજેલી સંવેદનાને લઇ જીવ શિવતત્ત્વને પામે છે. જેમાં શ્રદ્ધા અને વિશ્વાસ ઉમેરાતા સફળતાનું સામ્રાજય સ્થપાય છે. આ માટે દિવસ-રાત નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા હકારાત્મક ઊર્જાનો સ્રોત શરીરના રોમેરોમમાં વહેવા લાગે છે. જેના કારણે વ્યકિતનું મન પ્રફુલ્લિત બને છે. મનની રંજકતાનાં કારણે વ્યકિત જે કાર્ય કરે છે તેમાં હંમેશા સફળ પુરવાર થાય છે. સિદ્ધિના શિખર સુધી તે પહોંચી જાય છે અને એ રીતે તે સફળતાને પામે છે. જેમના દિલમાં સંવેદના જાગતી નથી તેવા કઠોર હૃદયના વ્યકિતઓ જીવનનો



આનંદ ઉઠાવવામાં એક યા બીજી રીતે નિષ્ફળ બને છે. કારણ કે – મનની વ્યગ્રતાના કારણે જીવનમાં જે પ્રાપ્ત થતું હોય છે તેમાં પણ તેને સંતોષ થતો નથી. અન્યની સલાહ પોતાની કઠોરતાના કારણે તેને મળી શકતી નથી.દુનિયાના લોકો આવા લોકોથી હંમેશા દૂર રહેવાનું પસંદ કરે છે. તેથી વ્યકિત પોતાની કઠોરતાનાં કારણે મળેલો માનવ અવતાર પણ ગુમાવે છે એટલે કે માનવતાના અભાવે તે વાસ્તવિક માનવજીવન પામતો નથી. આજે માણસ સુખ અને સંપત્તિ માટે ઘાતકી કૃત્ય કરવા તૈયાર થઇ જાય છે. કારણ કે તેમના દિલમાં સંવેદનાનું શીતળ જળ સુકાયેલું છે. તેથી હૈયામાં આનંદની લીલોતરી વ્યાપ્તિ નથી. આપણે જાણીએ છીએ કે આજે માણસે વિજ્ઞાનક્ષેત્રે હરણફાળ ભરી અનેક અવનવી શોધો કરી છે. તેમ છતાં તેમની સામે અનેક સમસ્યાઓ ખડી થઇ છે. એક રોગની ઔષધિ શોધવામાં આવે ત્યાં નવા તેર રોગ ઊભા થતા જોવા મળે છે. તેને નાથવા કશું કરવા પ્રયત્ન હાથ ધરવામાં આવે ત્યાં જ કોઇ નવા રોગ વિશે જાણકારી મળે છે. એટલે એવું કહી શકાય કે માણસ પગ વાળીને બેસી શકતો નથી. તેનું કારણ માણસની પ્રકૃતિ પ્રત્યેની કઠોરતા છે. માણસે માત્ર જીવસૃષ્ટિનો જ ભોગ લીધો નથી તેણે વનસ્પતિસૃષ્ટિનો પણ દાળોવાટો વાળી દીધો છે. કરોડો વૃક્ષોનું નિકંદન કાઢયું છે અને કાઢી રહ્યો છે. પાણીને પણ પ્રદૂષિત બનાવી પીવાલાયક રહેવા દીધું નથી. એકાએક ઊંઘ ઊડતા આ બધાની શુદ્ધિ માટે અવનવા નુસખા કરવા લાગે છે પણ કહેવાય છે ને કે એક વખત છૂટી ગયેલું તીર પરત ફરતું નથી, તેવી જ સ્થિતિ માણસના આ બધા કૃત્યો માટે બની છે; તેથી સફળતા માટે જીવનપર્યંત તે ભાગતો રહે છે. આપ સૌએ જોયું હશે – આકાશમાં ઊડતાં પંખીઓ, જાનવરો, જીવજંતુ કે આના જેવા કોઇ પણ સજીવો માટે ઔષધિની ફેકટરી, દવાખાના કે મેડિકલ સ્ટોર ખોલવા પડયા નથી. તેઓ પોતાની જિંદગી તેમને જે મળી છે તે ખૂબ સરળતાથી ઉત્સાહપૂર્વક જીવી રહ્યાં છે. એકમેક વચ્ચે મારકાપની કોઇ સ્પર્ધા નથી. વળી ટોળામાં સાથે રહીને પણ પંખીઓ એક-એક અનાજનો દાણો શોધી આનંદપૂર્વક ઊડતાં અને ગેલ કરતાં જોવાં મળે છે. જયારે માણસોનું તેનાથી જુદું

છે.એકથી વધુ સંખ્યામાં માણસો ભેગા થાય છે ત્યાં દરેક જગ્યાએ ભેગા થતા માણસોનાં ચાલતા વિચારોનું પૃથકકરણ કરવામાં આવે તો કોઇની સાથે કોઇ વ્યકિત સંબંધ ન રાખે તેટલી હલકીકોટીમાં વિચારનારા લોકોનું વૈચારિક વલણ દષ્ટિપાત થાય. આ જ છે – રોગોનું ખરું કારણ. જયારે વ્યકિત અન્યના કલ્યાણ માટે સારું વિચારી શકતો નથી કે સારું વિચારવા માંગતો નથી ત્યારે જ સૃષ્ટિસંગ્રામમાં ભંગાણ પડવાનું શરૂ થાય છે. જે રીતે ચેપી રોગોનો ચેપ એક તંદુરસ્ત વ્યકિતને બીમાર બનાવે છે તેમ સ્વાર્થી માણસનો સ્વાર્થભર્યો વ્યવહાર સૌ કોઇને સ્વાર્થી બનવા પ્રેરે છે અને તેમાંથી જ કઠોરતાનો જન્મ થાય છે. અન્ય વ્યકિત પ્રત્યે ઘૃણા ઉદ્ભવે છે, પરિણામે સંવેદનાનું નિર્મૂલન થાય છે અને જયાં સંવેદના નથી ત્યાં સફળતા પણ નથી.

સફળતા મોટી સંપત્તિ, જમીન કે પૈસા પૂરતી મર્યાદિત ન હોવી જોઇએ. સફળતા તો છે ખરી માનવતામાં. માનવતાભર્યો વ્યવહાર વ્યકિતની સાચી ઓળખ આપે છે. અન્યના કલ્યાણ માટે કરેલો પરિશ્રમ પારસમણિ જેવી શકિત ધરાવે છે. માટે પ્રત્યેક વ્યકિતએ અન્યના ઉત્થાન માટે, વિકાસ માટે કામ કરવા પોતાની જાતને તૈયાર કરવી જોઇએ. એનાથી વ્યકિત જીવનની ઊંચાઇઓ પામી શકે છે. તે દ્વારા વ્યકિત તંદુરસ્ત સુખની અનુભૂતિ કરે છે. જીવનમાં સંપત્તિ કે પૈસો સુખ આપી શકતા નથી. આત્મસંતોષ વ્યકિતને સુખી બનાવે છે અને તે વ્યકિતને પ્રાપ્ત થાય છે – સંવેદનારૂપી વહેતી સરિતામાંથી. આ એક એવી સરિતા છે જેના પ્રત્યેક બુંદ શાંતિનો અનુભવ કરાવી શકે છે. તે અમૃતજળથી પણ મૂલ્યવાન છે. કલિકાલનું તે અમરત્વ છે, માટે સંવેદના વિહોણો માનવ પૂંછડા વગરના પશુ સમાન છે.

પૂર્વે જમનાદાસ નામના એક મોટા શેઠ હતા. તે ગામના લોકોને મુશ્કેલીના સમયે નાણાં ધીરતા. મુસીબતમાં ફસાયેલા વ્યકિત કોઇ પણ કારણસર ધીરેલાં નાણાં પરત કરી ન શકે તો તેમની પાસે તેઓ કદી પઠાણી ઉઘરાણી કરતા નહીં. ઊલટાનું તેનાથી વિરુદ્ધ મુસીબતમાં ફસાયેલ વ્યકિતને તેમણે જે રકમ ધીરી હોય તે રકમ ધિરાણ લેનારની આર્થિક મર્યાદાને ધ્યાને રાખી રકમ પરત કરી શકે તે મુજબ હપ્તેથી



વસૂલાત કરવાનું રાખતા. જોકે કોઇવાર બૂરી દાનતવાળા ધિરાણ લેનાર તેનો ગેરલાભ પણ લેતા. તેમ છતાં જમનાદાસ કદી પોતાના સિદ્ધાંતમાં ફેરફાર કરતા નહીં. આ જમનાદાસનો એકનો એક પુત્ર અભ્યાસ માટે લંડન ગયો હતો. લંડનથી શિક્ષણ પૂરું કરી પરત ફરેલા પુત્રને જમનાદાસના માનવતાભર્યા વ્યવહારના કારણે ઈશ્વરે ખૂબ જ મોટી કંપનીના ભાગીદાર એટલે કે મુખ્ય ડાયરેકટર બનવાની તક આપી. ધીરે ધીરે જમનાદાસનો પુત્ર પૂરેપૂરી કંપનીનો માલિક બની ગયો. તેણે પણ પિતાની પરંપરા આગળ લઇ જઇ પીડિતોને મદદ કરવાનું કાર્ય ચાલુ જ રાખ્યું. બીજી તરફ જમનાદાસની રકમ ઇરાદાપૂર્વક પરત નહીં કરનાર, ધિરાણ લેનાર પ્રત્યેક વ્યકિતની હાલત દિવસે-દિવસે કફોડી થવા લાગી. ખોટી રીતે ધિરાણ મેળવી નાણાં ફસાવનાર વ્યકિતઓનાં પરિવાર પાયમાલ થઇ ગયા. આ વાતની પ્રખર સંતને ખબર પડતા ગામ લોકોને એકત્રિત કરી સૌને ઉદ્દેશી તેમણે સંબોધન કરતા જણાવ્યું કે – ‘‘કોઇ પણ માણસ પોતાના વ્યવહારથી દાનવ પણ બની શકે છે અને દેવ પણ બની શકે છે. આપણા ગામમાં જમનાદાસ શેઠે તે પુરવાર કરી આપ્યું છે. તેમના માનવતાભર્યા સંવેદનશીલ વ્યવહારના કારણે તેમનો પુત્ર બહુ મોટી કંપનીનો આજે માલિક બન્યો છે. જયારે બીજી તરફ જમનાદાસના ખોટી રીતે નાણાં ફસાવનાર કેટલાય ઘરના લોકોનો પરિવાર સાવ પાયમાલ થયો છે. આ પાયમાલ થયેલા પ્રત્યેક પરિવારના વંશજોને મારી અપીલ છે કે – ‘‘તેઓ માનવતાના કાર્યમાં લાગી જાય.’’ સંતશ્રીના કહેવા મુજબ ગામલોકોએ પોતાનો વ્યવહાર, વર્તણૂક સુધારી શેઠ જમનાદાસના જેમણે નાણાં ફસાવ્યા હતા તેમણે ધીરે-ધીરે પરત કરવાની શરૂઆત કરી અને ગામના લોકોની ખુશીનો પાર ના રહ્યો. ગામમાં સર્વત્ર સુખ અને શાંતિનો અનુભવ થવા લાગ્યો. સંવેદનશીલતા જેમ લોકોનાં મનમાં વ્યાપવા લાગી તેમ તેમ માનવતાની મહેક આજુબાજુના વિસ્તારોમાં પણ મહેકવા લાગી. આ જ છે ખરી સંવેદનાની સરિતા. જે સમગ્ર જગતમાં વહેતી રહે-એ જ છે પરમકૃપાળુને પ્રાર્થના.

જીવનમાં ખરી સફળતા આપે છે સંવેદના,

સફળ તે જ બને છે જે જાણી શકે અન્યની વેદના.
કાશ, ભલે તે કહેવાય પાગલ,
કારણ તે કરે નહિ હિસાબ-કિતાબ સ્થૂળ સંપત્તિનો;
પ્રાર્થું પ્રભુ, જગત કલ્યાણ કાજે,
વર્ષે વાદળી થઇ ચોમેર સંવેદના.

## ૨૩. સંવેદના એક ઊર્જા

સૃષ્ટિ પરના જીવો વચ્ચે સંવેદનાના સેતુથી સંબંધો સ્થાપિત થાય છે. આ સંબંધો એક જીવને બીજા જીવ સાથે જોડે છે. પરિણામે પ્રત્યેક જીવ સૃષ્ટિ પર પોતાની જીવનયાત્રાને ઉત્સાહ અને આનંદપૂર્વક આગળ ને આગળ ધપાવી શકે છે. જોકે જીવ પોતાની સંવાદ શકિત દ્વારા સંવેદનારૂપી ઊર્જાથી શિવત્વને પણ પામી શકે છે. તેની યાત્રાનો પ્રારંભ માતાના ગર્ભમાં રચાતા પિંડના બીજથી થાય છે. ગર્ભમાં ભ્રૂણનો નિયત સમયમાં વિકાસ થવા પાછળ સંવેદનાની શકિત કારણરૂપ બને છે. ભ્રૂણ દિન-પ્રતિદિન સંવેદનાની ઊર્જા વડે પોતાની વિકાસયાત્રા આગળ ને આગળ ધપાવવા માટે જરૂરી પોષણ અને શકિત માતાના ગર્ભમાં માતાની સંવેદનાના કારણે મેળવી શકે છે. એટલે કે, માતા જે ખોરક લે છે તેમાંથી કેટલીક શકિત ગર્ભમાં ઉછરતાં ભ્રૂણનાં વિકાસ માટે સંવેદનાના સેતુ વડે પહોંચતી રહે છે. જેના કારણે ઉત્તરોત્તર ગર્ભમાં ઉછરી રહેલા ભ્રૂણ અર્થાત્ બાળકનો વિકાસ થવા લાગે છે.

માતા જે અનુભૂતિ કરે છે, તે પ્રત્યેક ભાવ બાળક અનુભવવા લાગે છે. માતા જયારે પણ પુલકિત હોય છે, ત્યારે બાળક પણ તેની અનુભૂતિ કરે છે અને તે તંદુરસ્ત રીતે વિકાસ પામવા લાગે છે. પરંતુ માતા વ્યગ્રતા, દુઃખ કે ભય જેવી સ્થિતિમાં મુકાય છે ત્યારે ગર્ભમાં વિકાસ પામતા બાળક પર તેની ગંભીર અસર થાય છે. કેટલીકવાર ગર્ભમાં ભ્રૂણ અર્થાત્ બાળક મૃત્યુ પામે છે. આ બધાની પાછળ સંવેદના કારણરૂપ બને છે. માતા જેવી અનુભૂતિ કરે તેવી જ અનુભૂતિ તેના બાળકને થાય છે. તેથી



હકારાત્મક ઊર્જા ધરાવતી પ્રત્યેક ગર્ભ ધારણ કરનાર માતા તંદુરસ્ત બાળકને જન્મ આપતી હોય છે. સંવેદના માટે કહેવું હોય તો કહી શકાય કે : જન્મ ધારણ કરનાર બાળક માતાની કૂખે જેવો જન્મ લે છે તેવું જ બાળકને સ્તનપાન કરાવી શકે તેવું દૂધ બાળક અને માતાનાં સંવેદનારૂપ સ્થપાયેલ વ્યવહારને કારણે આપી શકે છે. કારણ કે માતા આવા સમયે વિચારતી હોય છે કે, મારા ભૂખ્યા બાળકને હું સ્તનપાન કરાવી તૃપ્ત કરું. બાળકની ભૂખ એ માતાની ચિંતાનું કારણ હોય છે અને ખરું પૂછો તો એ જ સાચી સંવેદના છે. જાણે માતા પોતે બાળકની ભૂખની અનુભૂતિ કરવા લાગે છે અને તેના કારણે જ તે સ્તનમાં દૂધ ધારણ કરી શકે છે. ટૂંકમાં, અન્યની અનુભૂતિ જયારે આપણે પોતે અનુભવવા લાગીએ ત્યારે સંવેદનાનો સેતુ બંધાય છે. તે સેતુ વડે જીવ સંસારરૂપી સૃષ્ટિમાં સંસાર સાગર પર પોતાની યાત્રા આગળ ધપાવી શકે છે.

સૃષ્ટિના સર્જકે જીવસૃષ્ટિ પોતાની આગવી શૈલીથી પ્રસ્થાપિત કરી - સૂક્ષ્મ જીવસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિ. સમગ્ર જીવસૃષ્ટિમાં જીવાણું કે બૅક્ટેરિયાથી લઈ ડાયનોસોર સુધીના પ્રાણીઓનો સમાવેશ કરી શકાય. જયારે વનસ્પતિસૃષ્ટિમાં છોડ, વેલા, વૃક્ષ, પ્રકાંડ વગેરે સમાવી શકાય. આ બંને સર્જનમાં સંવેદનાનું સામ્રાજય જોવા મળે છે. જોકે એકમેકના વિકાસ માટે કોઇવાર એકબીજાનો ભોગ લેવાનું પણ બનતું હોય છે. જેમ કે મોટા જીવો નાના જીવોનું ભક્ષણ કરે છે. તો વનસ્પતિ વિઘટિત પદાર્થોના કોહવાણથી મળેલ પદાર્થોનો ઉપયોગ કરી પોતાનો વિકાસ સાધે છે. પરંતુ આ બધામાં સંવેદના એક સરિતાની જેમ પોતાનો અવિરત પ્રવાહ વહેતો રાખી સૃષ્ટિના ચક્રને ગતિમાન રાખવા અને તેને ફળદ્રુપ બનાવવા અવિરત ગતિ જાળવી રાખે છે.

આપણે સંકલ્પ કરીએ કે જીવનના કલ્યાણ માર્ગ પર ચાલતા રહી સત્યની શોધનો અને આંતરિક સાધનાનો આધ્યાત્મિક માર્ગ પ્રસ્થાપિત કરી આત્માની જાગૃતિમાં કાર્યરત રહીએ, જ્ઞાન પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરીએ, પરંતુ તે મેળવવા અન્યને બાધક ન બનીએ, આધ્યાત્મિક માર્ગ પર ચાલતા રહેવા સંવેદનાની સરિતાનાં વહેતા

નીરને કયાંય અવરોધીએ નહીં. કારણ કે, પૂર્વે વખતસિંહ નામના રાજવીએ સૃષ્ટિ પર પોતાનું સામ્રાજય સ્થાપવા માટે સૈન્યબળના જોરે અનેક રાજયોને પાયમાલ કર્યા. પરિણામે પ્રજા દુઃખી અને વ્યથિત થઇ ગઇ. જોકે રાજા વખતસિંહે દુનિયાભરની સંપત્તિનો કબજો મેળવ્યો પરંતુ તે શાંતિ પામી શકયો નહીં. તે રાત્રે ઊંઘી પણ શકતો નહીં. તેને સતત વિચારો આવતા રહેતા કે : 'મારા સામ્રાજયને કોઇ ઝૂંટવી લેવા મારા પર દગો તો નહીં કરે ને ? તે દિવસ-રાત બેચેન રહેતો. એકવાર ફરતા ફરતા તે જંગલમાં એક વિશાળ વૃક્ષ નીચે બેસી તાનપુરા પર માલકોશ રાગમાં સુંદર પદ છેડતા એક ઋષિને સાંભળતા અને જોતા જ રાજા વખતસિંહ અચરજ પામી તેના ચરણોમાં પડયો. તેને એકાએક એવો તો શાંતિનો અનુભવ થવા લાગ્યો કે જાણે પોતાની બધી જ વ્યગ્રતા વિસરાઇ ગઇ હોય અને તેને કોઇ ચિંતા કે ભયનું કારણ જ ન હોય તેમ તે અનુભવવા લાગ્યો. તેના સુખનો કોઇ પાર ન રહ્યો. તેને થયું કે જરૂર આ ઋષિ પરાક્રમી પુરુષ છે. તે ઋષિના સાનિધ્યમાં સામ્રાજયની ચિંતા બાજુ પર મૂકી માલકોશ રાગમાં છેડાઇ રહેલા પદને સાંભળવા લાગ્યો : ''મોહે લાગી લગન ગુરુ ચરનનકી, અબ ફિકર નહીં મુજે તરનનકી, મોહે લાગી લગન...'' વખતસિંહ માટે આ શબ્દો જીવનનો માર્ગ બદલી નાખે તેવા પ્રેરણા આપનારા હતા. જે સંપત્તિના ભંડારે વખતસિંહને શાંતિ ન આપી તે શબ્દના સમ્રાટે અનોખી અનુભૂતિ આપી જાણે નવું જીવન બક્ષ્યુ હોય તેમ વખતસિંહના આનંદનો કોઇ પાર ન રહ્યો.તેને ગીતાનો સંવાદ સંભળાવા લાગ્યો : 'દેવતાઓમાં હું ઇશ્વર છું, ઇન્દ્રિયોમાં હું મન છું, હું જ ચૈતન્ય શકિત છું, વેદોમાં હું સામવેદ છું, સંગીતની સૂરાવલીમાં હું રાગ છું. આમ, સર્વત્ર ભગવાન શ્રી કૃષ્ણની અનુભૂતિ તેને થવા લાગી કારણ કે સંવેદનાની સરિતાના નીરથી તે પવિત્ર બની સંતનાં સાનિધ્યમાં સંગીતના ગુંજનથી ગૂંથાયો હતો. જયારે વ્યકિત સંગીતની ખરી મધુરતાને માણવા લાગે છે ત્યારે પક્ષીઓના કલરવમાં પણ તેને સંગીત સંભળાય છે. ભમરાના ગુંજનમાં તેને માલકોશ રાગની સૂરાવલી સંભળાવા લાગે છે. ટૂંકમાં, સંવેદનારૂપી ઊર્જાશકિત જયારે હૃદયસ્થ બને છે ત્યારે જ વ્યકિત સાચી માનવતાને પામે છે.



આધ્યાત્મિક માર્ગમાં જેમણે યાત્રા કરવી છે, કલ્યાણના માર્ગ પર આગળ વધવું છે, જીવનને નવપલ્લવિત કરવું છે, હંમેશા પ્રફુલ્લિત રહેવું છે; તેમણે અન્યની પીડાને પોતીકી સમજી નરસિંહ મહેતાના પદને જીવનમાં ઉતારી વૈષ્ણવજન બનવું રહ્યું.

આપણે કદી સાંભળ્યું નથી કે કોઇ માતાએ તેના પેટમાં ઊછરી રહેલા ગર્ભના કારણે તેને કોઇ પીડા થતી હોય, તેવી ફરિયાદ કરી હોય. જે પેટ એક નાનકડી કાંકરી પણ સંઘરી શકતું નથી તે બે, સવાબે કે અઢી કિલો સુધીના ગર્ભને નવ-નવ માસ સુધી સંઘરી શકે છે, તેનું વજન સહન કરી શકે છે. તેનું કારણ માતાની બાળક પ્રત્યેની તેમની લાગણી અને મમતાના કારણે આ શકય બને છે. જોકે આ જ બાળક મોટું થતાં માતાનો તિરસ્કાર કરવા લાગે છે. ઘણા બધા સંતાનો હોવા છતાં એક માતાને સંઘરી શકાતી નથી. જયારે એક માતા અનેક બાળકોની શુશ્રૂષા કરતા કદી થાકતી નથી. માતાના વાત્સલ્યભર્યા વ્યવહારની અવગણના સંતાનની સંવેદનહીનતા સૂચવે છે.

અંતરિક્ષમાં વિહાર કરતા જીવાત્માને સંવેદનાની ઊર્જા વડે ગર્ભમાં પિંડબીજ રચાતા સ્થાન મળે છે. એટલે કે, ગર્ભમાં બાળકની શરીર રચનાનો પ્રારંભ થાય છે. પ્રારંભથી જ માતાની હકારાત્મક ઊર્જા તેના વિકાસ માટે શકિત આપે છે. પોષણ પૂરું પાડે છે. માતાના મગજમાં તેના પ્રત્યેના અહોભાવ ઉત્પન્ન થવા લાગે છે. લાગણીનાં ભાવ જાગવાના કારણે થતી હકારાત્મક રાસાયણિક પ્રક્રિયા શરીરમાં અંગ-ઉપાંગ, મનોવલણ, બુદ્ધિ વગેરેનું નિર્માણ થવા લાગે છે. બાળકના જન્મ બાદ પણ આ પ્રક્રિયા માતાના મગજમાં સતત શરૂ રહે છે.

પરિણામે જન્મ બાદ બાળક માટે તે પોતાના સ્તનમાં પોષક દૂધ ધારણ કરી શકે છે. માતાનો સ્પર્શ બાળકને આહ્‌લાદક આનંદ આપે છે, તેનું કારણ પણ માતાની બાળક પ્રત્યેની સંવેદના છે. દૂધ પીતાં બાળકને ઠસકું આવે તો પણ માતા ચિંતા અનુભવવા લાગે છે. વારંવાર જો બાળકને આવી તકલીફ થાય તો માતા નારાજ થઇ તેના ઉપાય કરવા લાગી જાય છે. જાત-જાતની ઔષધિઓ, ઓસડિયાં દોડધામ કરી એકત્રિત કરવા કામે લાગી જાય છે, કારણ કે તે બાળકને દુઃખી જોઇ શકતી નથી.

બાળકની વેદના તે પોતે અનુભવવા લાગે છે. પરંતુ દુઃખની વાત તો એ છે કે બાળક માટે માતાએ ભાવતા ભોજનનો ત્યાગ કરી બાળકની સુખકારીને લક્ષ્યમાં રાખી, નહીં ભાવતા પદાર્થોને નિયમિત ખોરાકમાં સમાવી મહિનાઓ સુધી દુઃખ સહન કરી લઇ જે બાળકનું જતન કર્યું હતું, તે જ બાળક યુવાન થતાં માતાને ડગલે ને પગલે તરછોડવા લાગે છે, તેનું કારણ યુવાન સંતાનના મગજમાં ઉત્પન્ન થતા નકારાત્મક રસાયણો છે. આ રસાયણો આજુબાજુના વાતાવરણ, સોબત, સંગત અને આહાર હોઇ શકે છે. બીજી રીતે જોઇએ તો આજનો સમાજ વિભકત કુટુંબમાં વહેંચાય રહયો છે. તેથી દરેકને માતા- પિતાથી અલગ થવું છે, આવી મંશાના કારણે પણ સંતાનો માતાપિતાને તરછોડતાં હોય છે. તેનાથી દૂર થઇ સ્વતંત્રતા મેળવવા નકરાત્મક વલણ દાખવતા હોય છે. તેથી નાની નાની વાતોમાં કુટુંબમાં ઝઘડાનો માહોલ ઊભો થાય છે. આખરે માતા-પિતાનો ત્યાગ કરી સંતાનો છૂટા પડે છે. ટેલિવિઝન, સિનેમા, મોબાઇલ, ઇન્ટરનેટ જેવા માધ્યમોમાં તે ખોવાય, ''અશાંતિ અને અજંપાનો ભોગ બને છે - કારણ તેને ખબર નથી, સંવેદના સૃષ્ટિ પર શાંતિનું સામ્રાજય સ્થાપે છે.''

## ૨૭. સંવેદનાનો સમ્રાટ

ભાવપુરની ભાગોળમાં આજે માનવ મહેરામણ ઉમટી રહ્યો હતો. હૈયેહૈયું દળાય તેમ લોકો ટોળે વળી ભાવપુરની ભાગોળ તરફ આવી રહયા હતા. છેલ્લા ઘણા વર્ષોથી મોટાભાગના પ્રદેશોના ખેતરો અતિ કે અનાવૃષ્ટિના કારણે ખેડી શકાયા નહોતા સર્વત્ર અનાજ-પાણી પશુઓ માટે ઘાસચારાની મોટી સમસ્યા સર્જાઇ હતી.

ભાવપુરનાં ભવરલાલ સઘળા ઉપાય સાથે આજે સજજ થઇ નગરની બરોબર વચ્ચે આવીને ઊભા હતા. તેમના તરફથી લોકોની જરૂરિયાત મુજબ અનાજ-પાણી અને પશુઓ માટે ઘાસચારાની સગવડ કરવામાં આવી હતી. આ બધું મેળવવા લોકો પડાપડી કરી રહ્યા હતા.



ભવરલાલ મુશ્કેલીમાં આવેલ લોકોને મદદ કરી તેના ગુરુના મળેલા આશીર્વાદ મુજબ આજે માનવતાના કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા ઇચ્છતા હતા. ગુરુજી ભવરલાલને નિયમિત રીતે ગુરુઆશ્રમમાં દુઃખી લોકોની સેવા કરવા ઉપદેશ કરતા. છેલ્લા ૩૨ વર્ષથી ભેખ ધારણ કરનાર તેમના ગુરુજી સંસ્કૃત પાઠશાળામાં ભણી ગુરુઆશ્રમના મુખ્ય આચાર્યપદે નિયુકત થયા હતા. તેમના વડપણ નીચે અન્ય ધર્મઆશ્રમના અનેક ઋષિ-મુનિઓ અને આચાર્યો વિદ્યા મેળવી રહ્યા હતા. ભરવલાલ પણ એમાંનો એક શિષ્ય હતો. પિતા મનસુખલાલ નગરશેઠ હતા. તેમને પેઢી હતી. દરિયાઇ માર્ગે દરિયાપારના દેશો સાથે તેમનો વેપાર ચાલતો હતો. તેથી તેમની પાસે અનેક મૂલ્યવાન ચીજવસ્તુઓ અને કિંમતી રત્નોનો ભંડાર હતો. સોના-ચાંદી, હીરા-માણેક, મોતી માટે તેમની પાસે આજુબાજુના રાજયોના રાજા-મહારાજાઓ અવાર-નવાર આવતા. કોઇવાર આવી કિંમતી ચીજ માટે તેને રાજા-મહારાજા તરફથી જર-જમીન, ઝવેરાત વગેરે પણ ભેટમાં મળતા રહેતા હતા. આથી ભવરલાલના પિતા મનસુખલાલ જમીનદાર તરીકે પણ જાણીતા બન્યા હતા. પરંતુ ભવરલાલને આ સ્થૂળ સંપત્તિમાં કોઇ રસ પડતો નહોતો. તેથી તે ગુરુજીની નિશ્રામાં રહી મોટા ભાગનો સમય પસાર કરવાનું પસંદ કરતા. પરંતુ થોડા સમય પહેલા ભવરલાલના પિતા એટલે નગરશેઠ મનસુખલાલનું તીવ્ર હૃદયરોગના કારણે મૃત્યુ થતા, ભવરલાલ આ સઘળી સંપત્તિ લોકોને અર્પણ કરી દીક્ષા ધારણ કરવા ઇચ્છતા હતા. કારણ કે સ્થૂળ સંપત્તિ તેમના માટે ફૂટેલા કાચના ટુકડા બરાબર હતી. આજે નગરમાં ભવરલાલની ઉદારતા વિશે ચોતરફ ચર્ચા થઇ રહી હતી. ''સંતાન હો તો ભવરલાલ જેવા, મનસુખલાલભાઇનું મૃત્યુ સંપત્તિનું દાન કરી, ઉજાળી, પોતે પણ દીક્ષા લેવા માગે છે. કેટલો મોટો ત્યાગ, મોટી સંપત્તિનો માલિક કરવા તૈયાર થયો છે ! આ કોઇ નાનીસૂની વાત નથી. છેલ્લા ઘણા વર્ષોથી આપણા વિસ્તારમાં અનાજનો એક દાણો કે ઘાસનું તણખલું ઊગ્યું નથી પણ આજે મનસુખલાલના પરિવારે ખરી માનવતાના દર્શન કરાવી ધરતી પર જાણે ખુદ ઇશ્વર અવતાર ધારણ કરીને આવ્યા હોય

તેવો અહેસાસ ભાવપુરની પ્રજાને કરાવ્યો છે. ધન્ય છે મનસુખલાલના પરિવારને.''

આમ તો, ભાવપુર આજુબાજુના ૧૦૦ રાજયોમાં સૌથી નાનું રાજય હતું. પરંતુ ભવરલાલની ઉદારતાના કારણે તેને મોખરાનું રાજય ગણવામાં આવતું હતું. કારણ કે, કોઇ પણ રાજયની કિંમત તેના વિસ્તારના આધારે કે તેની પાસે રહેલી સંપત્તિના આધારે આંકવાને બદલે રાજયમાં રહેલા નાગરિકોની ઉદારતા, માનવતા, શિક્ષણ જેવા ગુણોથી આંકવી જોઇએ. આજે ભાવપુર રાજય તેમાં એક ડગ આગળ હતું અને તે પણ મનસુખલાલના પરિવારના કારણે. એટલે જ કહેવાનું મન થાય કે સમ્રાટ કહેવો હોય તો સંવેદનાનાં ધનીને કહેવો જોઇએ. સંવેદના કોઇ પેઢી, ઑફિસ, બેંક કે દુકાનમાં મળતી નથી. તે તો મળે છે માનવીના મુલકમાંથી. આ મુલક પ્રત્યેક વ્યકિત પોતાના હૈયામાં ઊભો કરી શકે છે. નકારાત્મક અંતરાયોને ઓળંગી આ મુલકમાં યાત્રા કરી શકાય છે. જેના માટે જોકે પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ વગેરેની જરૂર નથી, જરૂર છે માત્ર સંવેદનાની. જેની પાસે સંવેદનાની મૂડીનો અનમોલ ખજાનો છે, તે જ 'આ ધંધા-વ્યવસાય'માં આગળ વધી શકે છે. આના માટે સ્થૂળ સંપત્તિનું કોઇ મૂલ્ય નથી. આપણે જોયું ભવરલાલ માટે હીરા, માણેક, મોતી આદિ કાચના ટુકડાની બરાબર હતા. જયારે ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, પશુઓને ઘાસ ભવરલાલ માટે ઇશ્વરની ખરી પ્રાર્થના હતી. આપણે મંદિર, મસ્જિદ, ગિરજાઘરમાં ઇશ્વરને શોધવા જેટલો સમય બરબાદ કરીએ છીએ તેના દસમા ભાગ જેટલો સમય આવા લોકોની સેવા માટે આપીએ તો પણ આપણે સાચી માનવતાને પામી ઇશ્વરને રીઝવી શકીએ.

પરંતુ આપણે આ બધું કરી શકતા નથી કારણ કે ઇશ્વરે આપણને બુદ્ધિરૂપી મહાદાન આપ્યું. પરંતુ બુદ્ધિને સંચાલિત કરવાની શકિત આપણે જાતે જગાડવી પડતી હોય છે અને તે શકિત માનવતા-રૂપી ગુણમાંથી પ્રગટે છે. આ ગુણ પ્રાપ્તિના બદલે આપણે આપણામાં અવગુણ દિન-પ્રતિદિન વધારી બુદ્ધિના શસ્ત્રને બુઠ્ઠું કરીએ છીએ. કૉમ્પ્યૂટરમાં ટાઇપ થયેલી માહિતીને પ્રિન્ટરમાં પ્રિન્ટ કરવા જેમ તેના



ડ્રાઇવરની જરૂર પડે છે, તેમ બુદ્ધિરૂપી ધનનો ઉપયોગ કરવા સંવેદનારૂપી ડ્રાઇવરની જરૂર પડે છે. જેમાં સંવેદનાનું ઇન્સ્ટોલેશન થયું નથી તેવા મનુષ્યો બે હાથ-પગ, મોઢું જેવા અંગો ધરાવતા હોવા છતાં ખરા અર્થમાં માણસ બની શકતા નથી. એટલે જ કહી શકાય-

વિવિધ રંગી ચિત્ર મારું;
ડાઘથી ખરડાય છે,
પાંદડીઓ પુષ્પ તણી;
ખીલ્યા વિના જ કરમાય છે. વિવિધ રંગી...
પાનપરાગ ને પીવા દારૂ;
જાણે શોખ મારો જણાય છે,
કોમકોમના આપણ ભારુ;
શાને રકત રેલાય છે ! વિવિધ રંગી...
તાબે સઘળું કરવા સારુ;
કાવાદાવા ખેલાય છે,
લખી ગઝલ આ ગાવા સારુ;
બસ 'ઝગમગ' કલમ અહીં જ રોકાય છે.

ઉપરોકત પંકિત દ્વારા હૃદયની વેદનાને મૂકવામાં આવી છે એટલે જ કહી શકાય કે, ''માનવતાના મુલકમાં સંવેદનાનો સમ્રાટ રાજ કરે છે.''

## ૨૫. કૈલાસ ટેકરી

પ્રજ્ઞાલોક એટલે કે - ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના વિદ્યાર્થીઓ આજે બની-ઠની સોનગઢ પાસે આવેલી કૈલાસ ટેકરી આવી પહોંચે છે. એક પછી એક એમ ત્રણ બસમાંથી વિદ્યાર્થીઓ ઊતરી રહ્યા હતા. વિદ્યાર્થીઓના સ્વાગત માટે જૈન સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

હતા. ખરા અર્થમાં આજે શ્રી અંધ ઉદ્યોગ શાળાના વિદ્યાર્થીઓનું આ બહુમાન થઇ રહ્યું હતું. જેનું નામ લેતા માનવલોક ધરાય નહિ તેવા પ્રખર વિદ્રાન સરળસ્વભાવી પ.પૂ. આચાર્યદેવશ્રી પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબ (ચકાચક)ની નિશ્રામાં છ'રિ પાલિત સંઘના ભકતજનો આજે ભાવુક બની નાચી રહ્યા હતા. તૈયાર કરેલા મોટા શમિયાણામાં જમીન પર બિછાવેલાં સંથારાના પાગરણે જૈન સમાજના અગ્રણી મહાનુભાવો હાજર હતા.

આચાર્યદેવશ્રી પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબે પ્રેરક ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે - 'પ્રત્યેક વ્યકિતનો ધર્મ અન્યના કલ્યાણનો હોવો જોઇએ. આજે આપણી વચ્ચે ભાવનગરની અને દેશની પણ ખૂબ જાણીતી એવી ભાવનગરના ભૂપ, પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પ્રેરણા અને તેમના વડપણ નીચે વર્ષો પહેલાં અસ્તિત્વમાં આવેલી શાળામાં અભ્યાસ કરતાં બાળકો આવ્યા છે. આ બાળકો આપણને ભલે જોઇ શકતા નથી, તેમ છતાં તેઓ આપણી વચ્ચે આવ્યાં છે કારણ તેઓ જાણે છે કે આપણા હૃદયમાં બિરાજમાન ઇશ્વર તો તેમને જુએ જ છે. ખરેખર, આપણે છતી આંખે જે જોઇ શકતાં નથી, તે આ લોકો જુએ છે. અન્યના કલ્યાણ માટે જે વિચારી શકે છે, તેનો આત્મા મહાન છે. આવાં લોકોનો આત્મા મોક્ષમાર્ગે પોતાની જીવનયાત્રા આગળ ધપાવી શકે છે.

વળી, જેઓ ચર્મચક્ષુ વડે દુનિયાના પ્રપંચ જોતાં નથી તેમજ ઇશ્વરની બનાવેલી દુનિયામાં પોતાનું જીવન અનેક સંઘર્ષો સાથે ઉત્સાહપૂર્વક જીવી લેવા મથતા રહે છે, તેવા પ્રત્યેક આત્માઓ પ્રભુની કૃપા પામે છે. આપણે પણ આ માર્ગના મુસાફર બની પરમકૃપાળુ પરમાત્માનો આશીર્વાદ લેવો જ હોય તો પ્રજ્ઞાલોકના પ્રજ્ઞાચક્ષુ બાળકોનાં યજ્ઞમાં પોતાની પવિત્ર લક્ષ્મીનું દાન આપી જોડાઇએ, 'એ જ ખરી માનવતાનો સંદેશ છે.' હું માનું છું કે - 'આપ સૌ તેમજ કરશો.' મહારાજસાહેબના પ્રેરક શબ્દોના અજવાળે સૌ કોઇના હૃદયમાં જ્ઞાનના પ્રકાશ વડે આત્મનિરીક્ષણની શકિતનો જાણે સંચાર થયો હોય તેમ એક પછી એક મહાનુભાવો



પ્રજ્ઞાલોકના બાળકોના વિકાસ માટે દાન નોંધાવવા લાગ્યા. જોકે આનો યશ યજમાન પરિવારના મીનેશભાઇ અને જિજ્ઞેશભાઇને પણ આપવો ઘટે. આમાં માતા વસનબેન અને પિતા હર્ષદભાઇના સંસ્કાર કારણરૂપ ગણી શકાય. સંઘમાં જોડાયેલ ભકતજનો, આમંત્રિત મહેમાનશ્રીઓનો જે સહકાર આ પાવન કાર્યમાં સંસ્થાને સાંપડયો હતો તેના ખરા યશભાગી તો ખરેખર કરુણાના ભંડાર ભાવનગર જિલ્લાનાં મૂળ દેવગાણાના વતની એવા મુંબઇમાં સ્થાયી થયેલાં કીર્તિભાઇને જાય છે. કીર્તિભાઇ શાહ છ'રિ પાલિત સંઘના યજમાન હર્ષદભાઇના ખૂબ જ નિકટના સંબંધી શ્રી ચિરાગભાઇના પરિચયમાં હતા. તેમને સંસ્થાની પ્રવૃત્તિઓની જાણકારી આપી. ચોથા પડાવ મુકામે શાળાના તમામ બાળકોને બોલાવા કહ્યું હતું. જેના પરિણામે આજે પ્રજ્ઞાલોકના બાળકો પરમ પૂજય મહારાજસાહેબનાં દર્શનનો લાભ પામી ધન્ય થયા હતા. 'ઊંચા અંબરેથી', 'ઓ પાલનહારે-સંઘ ગીત', 'હવે તારા નહીં ટમટમે' જેવા હૃદયસ્પર્શી ગીતો બાળકોએ રજૂ કરી સૌ-કોઇના દિલ જીતી લીધાં હતાં. સંગીતના છેડાયેલા સૂરો વડે વાતાવરણ ભારે આહ્‌લાદક બન્યું હતું. શ્રી પ્રબોધચંદ્રસૂરિના ભાવનાત્મક ઉદ્‌બોધનથી સભામાં સૌ ભાવવિભોર થયાં હતાં. પરંતુ ચોવિહારનો સમય થતાં કાર્યક્રમ રોકવો અનિવાર્ય હતો.

મુંબઇમાં સ્થાયી થયેલા એવા સેવાનો મંત્ર ધારણ કરનાર કીર્તિભાઇનાં જ સરાહનીય પ્રયત્નોથી વધુ એક કાર્યક્રમમાં જવાની અમોને તક સાંપડી હતી. તેની જાણકારી આપું તો, તા. ૨૫/૦૧/૨૦૧૯નાં રોજ અમદાવાદથી ઊપડનારી સૂર્યનગરી ટ્રેનમાં અમારે સૌને જવાનું હતું. આમ તો, કીર્તિભાઇ એવું વ્યકિતત્વ છે જેનું શબ્દચિત્ર આલેખવું ખૂબ જ કઠિન છે. તેમ છતાં તેનું શબ્દચિત્ર ઘસાયેલી પીંછી વડે ખેંચવા પ્રયત્ન કરીશ. બાળકોને લઇ અમે સૌ લગભગ સાંજના ૬.૦૦ કલાક પહેલા અમદાવાદ પહોંચી ગયાં હતાં. શ્રી કીર્તિભાઇએ અમારા સૌ માટે હેવી નાસ્તાનો અગાઉથી પ્રબંધ ગોઠવી રાખ્યો હતો. ટ્રેન અમદાવાદથી જેવી ઉપડી કે થોડીવારમાં જ બધાં બાળકો અને અમારા સૌ માટે સીતાફળનું શેક આવ્યું અને આ રીતે જેમ-જેમ

ટ્રેન આગળ વધતી ગઇ, તેમ-તેમ ખાણી-પીણી ચાલતી રહી. ટ્રેન જોધપુર આવી પહોંચતા જ ત્રણ લકઝરી બસ અગાવથી જ તૈયાર હતી. રસ્તો લગભગ ૧૨૧ કિલોમીટરનો બસ માર્ગે કાપવાનો હતો પણ કીર્તિભાઇનું નેતૃત્વ આઇ. આઇ. એમ. ની ડિગ્રી ધરાવનારને પણ શરમાવી દે તેવું હતું. મોટું વાહન જેમ સ્કૂટર બાઇકને ટક્કર મારી ફંગોળી નાખે તેમ આંખના પલકારામાં અમારા માટે સઘળી વ્યવસ્થા ગોઠવાઇ ગઇ હતી. દિવસે આરામ કરી રાત્રીના ૮ થી ૧૧ સભાખંડમાં પ્રજ્ઞાલોકના બાળકોનો સંગીત કાર્યક્રમ યોજાયો હતો. તેમા ''મેરી ખિડકી ખોલું, તો – તેરા દર્શન હો જાયે, ઘોઘાતીર્થ મે તેરા મંદિર બનજાવે, ગીત લગભગ ત્રણવાર વન્સ મૉર થયું હતું. તો 'ઓ પાલનહારે, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' જેવા ગીતો કર્ણપ્રિય રહ્યાં હતાં. જયોતિષા પરમાર, શ્યામ ભરડવા, આચાર્ય મનન, અંકિતા ચૌહાણ જેવા કલારત્નોએ પ્રજ્ઞાલોકની શાખ વધારી હતી. તેમણે મુંબઇવાસીઓના દિલ જીતી લીધાં હતાં. સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શક અને જેને પ્રજ્ઞાલોકની ઓળખ કહી શકાય તેવા મુખ્ય કલાકાર ઋષિકેશ પંડયાને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. યાત્રાનાં યજમાન કિરીટભાઇ કાર્યક્રમ માણી ભાવવિભોર થઇ ગયા હતા. ''સંવેદના અને લાગણીના પ્રદેશમાં આજે યજમાન કિરીટભાઇ, તેમના ધર્મપત્ની નીતાબેન, નાનાભાઇ મહેશભાઇ, રશ્મિબેન, ભરતભાઇ, ચેતનાબેનના માયામુલકની બે કાંઠે વહેતી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આ લોકોનાં સંવેદનાભર્યા વ્યવહારના કારણે આજે વર્ષોથી સૂકાભઠ રહી ગયેલા પ્રજ્ઞાલોકના પ્રદેશમાં સંવેદનાની વહેતી થયેલી સરિતાએ અતિ ફળદ્રુપ કાંપ ઠાલવી નંદનવન ખડું કર્યું હતું. ભૈરવનાથનું મંદિર જયાં આવ્યું છે તે સ્થળના પ્રભાવની વાચકમિત્રોને થોડી જાણકારી આપું તો, દાદા સમક્ષ જે કોઇ સાચી શ્રદ્ધાથી માથું ટેકવી પોતાની મનોકામના પૂર્ણ કરવા યાચના કરે, તો તેની મનોકામના અવશ્ય પૂરી થાય છે. દાદાના સાનિધ્યમાં યોજાયેલ કાર્યક્રમના મધ્યભાગમાં મેં એક વાત સભા સમક્ષ મૂકી કહ્યું હતું, કે – 'ધોરણ ૧૨ પૂરું કર્યા પછી ભાવનગરમાં કૉલેજમાં અભ્યાસ કરતાં નેત્રહીન વિદ્યાર્થીઓ માટે રહેવા છાત્રાલય નથી. તે સ્થાપવા



દાદાના આશીર્વાદથી જમીન-ખરીદી અને મકાન બાંધવા માટે મદદ મળશે તો, શાળાનાં તમામ વિદ્યાર્થીઓને દર્શન માટે લાવીશું. બાળકોના આ પ્રાણપ્રશ્ને તાકીદે નિવેડો આવે તેવી કીર્તિભાઇની પણ લાગણી છે.

બંને પ્રોગ્રામના અમારા સારથિ બની દોરવણી આપનાર અમારા મુખ્ય સૂત્રધાર કીર્તિભાઇ તેમના જીવનસાથી સરોજબેન, પોતાની સુંદર ઉદ્ઘોષણા વડે – બંને પ્રોગ્રામમાં ચાર ચાંદ લગાવનાર શાળાના શિક્ષિકા નીતાબેન રેયાને કેમ ભૂલી શકાય!

વહાલા વાચકમિત્રો, યુ-ટયુબના દર્શકોને જણાવતા મને અત્યંત હર્ષ અને ગૌરવની અનુભૂતિ થાય છે કે વિજ્ઞાનના સંવેદનાભર્યા ડગના કારણે અંધજનો માટે શોધાયેલા ખાસ ઉપકરણ Orbit-20 ના માધ્યમથી હું, આ લેખ આપ સૌ સમક્ષ લોકસંસાર દૈનિક અને સોશિયલ મીડિયા અને હવે એક પુસ્તક સ્વરૂપે પ્રસ્તુત કરી રહયો છું. આશા છે કે-તે આપ સૌને જરૂર ગમશે.

કારણ સંવેદના મનુષ્યને સંસ્કૃતિરૂપી શકિત આપી ખરી માનવતાનાં માર્ગે દોરી જાય છે.

ધન્ય હો, છ'રિ પાલિતસંઘના યાત્રાળુઓને...

ધન્ય હો, સંઘના યજમાનને...

ધન્ય હો, નાકોડાનાં યજમાન શ્રી કિરીટભાઇનાં પરિવારને...

## ૨૬. અર્પણ, દર્પણ ને સમર્પણ

આપણે સહુ ભગવાન શિવની પૂજા-અર્ચના કરતા હોઇએ છીએ. દેવાધિદેવ મહાદેવ શંકર ભગવાનના પ્રિય વાહન નંદીને એક સંદેશ લઇ જુદા-જુદા અવતાર ધારણ કરનાર સૃષ્ટિ પર જેમને મોકલી જીવોની દેખભાળ કરવા કેટલાક કર્મનિષ્ઠ પૂંજી ધરાવતા જીવોને માનવ બનાવી મોકલવાના હતા. જેમાં માનવ તરીકે જન્મ પામનાર દરેક જીવો પોતાને સોંપેલી જવાબદારી અદા કરી શકે તેવા ઉમદા હેતુથી ભગવાન

શંકરે નંદીને મોકલ્યો પણ ભૂલકણા સ્વભાવનો નંદી ભૂલ્યો. તેણે સૃષ્ટિ પર જઇ જન્મ પામનાર જીવોને કહ્યું, 'ત્રણવાર ખાવું ને એક વાર નાહવું.' નંદીની આ ગડબડનાં કારણે મોટો અનર્થ સર્જાયો. પરિણામે માનવ પોતાનો ધર્મ ભૂલ્યો છે. આજે માનવ સૃષ્ટિનો રક્ષક હોવા છતાં તે તેનો ભક્ષક બન્યો છે. સૃષ્ટિની સંભાળ રાખવાને બદલે તે તેનું નિકંદન કાઢી રહ્યો છે. જેને બીજા જીવોની કાળજી લેવા આદેશ આપવામાં આવ્યો હતો. તે પોતાના અંગત સ્વાર્થ, સુખ-સગવડ ખાતર દિન-પ્રતિદિન પર્યાવરણનો ભોગ લઇ રહ્યો છે. કુદરત સામે તેણે ડગ માંડી અનેક સવલત મેળવવા પાણી, પૃથ્વી અને વાયુને દુષિત કરવામાં પાછુંવાળી જોયું નથી. ખરેખર તો, માણસે સમજી અન્યના કલ્યાણ ખાતર પોતાનું હિત જતું કરી થોડો ત્યાગ કરતા શીખવું જોઇએ. કારણ કે બધા સજીવો કરતા ભગવાને માનવને તેની હેસિયત કરતા પણ ઘણું બધું અગાઉથી જ આપ્યું છે. તેમ છતાં તેને તેમાં કોણ જાણે કેમ સંતોષ થતો નહીં હોય ! આપણે વધુ પડતા વાહનોનો ઉપયોગ કરી કાર્બન ડાયૉકસાઇડ વાયુનો વાતાવરણમાં વધારો કરી રહ્યા છીએ. દરિયામાં પ્લાસ્ટિક, વિવિધ કેમિકલ કે એના જેવા નકામા પદાર્થોનો કચરો ઠાલવી દરિયાઇ જીવોનો જાણ્યે-અજાણ્યે રોજ ભોગ લઇ રહ્યા છીએ. એરકંડિશન્ડ, ફ્રીઝ, ઍરકુલર જેવા યંત્રોનાં વધુ પડતા ઉપયોગનાં કારણે માણસ આજે ઝેરી પર્યાવરણને કંકોત્રી મોકલી નિમંત્રી રહ્યો છે. જે રીતે લગ્નપ્રસંગે વગર આમંત્રણે આવી પહોંચેલા ભિખારીઓ આકુળ-વ્યાકુળ કરી દોડધામ કરાવી મૂકે છે, તેમ આપણા નિમંત્રિત મહેમાન પણ કરી શકે છે. તેને રોકવા હવે જાગવાનો સમય થઇ ગયો છે.

આવતી પેઢી અને બીજા જીવોનાં સુખ ખાતર આપણે થોડું-ઘણું અર્પણ કરવા આગળ આવીએ, તેમાં જ આપણું ભલું સમાયેલું છે. જેણે-જેણે અર્પણ કર્યું છે તેની નોંધ ઇતિહાસે પણ લીધી છે. આપણી ખામી તો આપણે જ શોધવી પડશે. સાવ સીધી-સાદી વાત આપણે આપણા ઘરમાંથી શીખવી હોય તો, ઘરની બહેનો-દીકરીઓ અને પત્ની પાસેથી પણ શીખી શકીએ છીએ. બહેનો બહાર નીકળતા



પહેલા અનેકવાર દર્પણ સામે ઊભા રહી ચેક કરી લે છે કે, બધું જ ઠીકઠાક તો છે ને ? આપણા વૈજ્ઞાનિકો રોજ અવનવી શોધ કરે છે. થોડા જ વર્ષોમાં વળી જાણવા મળે છે, આ સાધનનો વધુ પડતો ઉપયોગ માણસ માટે હાનીકારક છે. એક સમયે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ખેડૂત માટે સમજદારી ભર્યો ગણવામાં આવતો હતો. આજ-કાલ ખેડૂતને તેનો ઉપયોગ બને તેટલો ઓછો કરવા સલાહ આપવામાં આવે છે. તૈયાર થયેલા પાકમાં છાંટવામાં આવતાં જંતુનાશકોના કારણે રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધ્યું છે. દવા અને તે માટે વપરાતા પદાર્થોનાં કારણે આજે 'માણસને રોગની પ્રયોગશાળા' બનાવી દીધો છે. માણસે આજે મહેનતના નામે મીંડુ વાળ્યું છે. આજે જીમહાઉસ તો ધમધમે છે, પણ ઘરના કામ માટે કામવાળાની રાહ જોવી પડે છે. રસોડા આધુનિક સવલતવાળા બન્યા છે, પણ તેમાં ભાગ્યે જ રસોઇ નિયમિત થાય છે ! ફાસ્ટફૂડ તો મહેનત બચાવવા આપણે ખાવા તૈયાર રહીએ છીએ, પણ તેની બનાવટ કે તેના લાભાલાભની પળોજણમાં આપણે કદી પડતા નથી. જોકે આપણું લક્ષ્ય એક ટંક કાઢવાનું જ હોય છે. તેથી આ બધી રામાયણ શા માટે કરવી જોઇએ ?

પણ હા, ઘરમાં બહેનો પાસેથી હું તમને શીખવાની જે વાત કરતો હતો તેની શરૂઆત તો બહેનો જ કરે છે ને ? તમે સૌ કહેશો કે 'ના' એ તમારી વાત સાવ ખોટી છે, ઘરમાં કે બહાર ફાસ્ટફૂડ કાં તો અમે ખાવા લાવીએ અથવા અમે જ અમારા વાહન પર આ લોકોને લઇ જઇએ છીએ. પછી તેનો શી રીતે વાંક કાઢી શકાય ? સારું, બાબા જવા દો - આ વાત. આવા સમયે સાચું કહેજો - તમે પણ આ વાત દિલથી તો સ્વીકારતા જ હશો, પણ શું થાય ? સમય જ બળવાન છે. 'કાબે અર્જુન લૂંટિયો, વહી ધનુષ વહી બાણ' માણસ સમયનો ગુલામ બનતો હોય છે. બાકી તો એ ખરા અર્થમાં વાઘ છે વાઘ ! વાઘ ક્યાં શિકારને જતો કરે છે ? જવા દો આ પાયા વગરની વાતને. કેમ ભાઇ ! પોતાને લાગુ પડે છે એટલે ના ગમ્યું ? જો મોટાભાઇ, આપણો ચહેરો કદરૂપો હોય તો અરીસો કાંઇ થોડો ફોડી નખાય ? હા, વારંવાર અરીસામાં જોવાનું જરૂર ટાળી શકાય. તમારી વાત સાવ સાચી છે. વિજ્ઞાને જે સગવડ આપણા માટે ઊભી કરી આપી

છે તેનો લાભ ઉઠાવવો જ જોઇએ ને ? બાકી તો આગે-આગે દેખા જાયેગા, હોતા હૈ કયા ? આવા સંવાદો મિત્રો, મને ને તમને દર્પણ સુધી પહોંચવા દેતા નથી. માટે જ હું અને તમે આપણા પોતાના દોષો જોઇ શકતા નથી. આનું કારણ 'આપણે હંમેશા સ્વાર્થમાં રચ્યા-પચ્યા રહીએ છીએ.' પછી શી રીતે અન્યની પીડા દેખાય ? જોકે ઝંઝાવાતી ફૂંકાતા વાવાઝોડા વચ્ચે પણ નિષ્ઠાવાન લોકોનો તૂટો હજી પડયો નથી. નહીંતર જગત શી રીતે ચાલે !

આજે સેંકડો ગૌશાળાઓ ચાલે છે અનેક ભિક્ષુકોને લોકો 'ફૂલ નહીં તો, ફૂલની પાંખડી' તેના પેટનો ખાડો પૂરવા મદદ માટે હાથ લંબાવી આપે છે. આવા દરેક લોકોને હું શતશત વંદન કરું છું.

અર્પણ :- તમે જે કામ કરતા હો તે દિલ દઇને નિષ્ઠાપૂર્વક કરો. કાર્ય અને તમારા અંતરનો સંવાદ રચાશે. તેમાં જોડાયેલા પ્રત્યેક લોકો સાથે તમારો સેતુ બંધાશે. સમય જતાં લાગણીનો પ્રવાહ એકમેકના હૈયાના ભેદ ભુલાવી નિર્મળ વહેતી નદીની માફક વહેતો થશે. સંવેદના વિનાનો માણસ દિવેલ વગરના કોડિયા જેવો ગણાય છે. ખીલેલી સંધ્યાના રંગો આંખોને જેમ અનેરી ઠંડક આપે છે, તેમ સંવેદના માણસના હૃદયમાં આહ્લાદક આનંદની અનુભૂતિ કરાવે છે. પૃથ્વી પર સ્ત્રી સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ છે. તેથી માતા, દીકરી, બ્હેન કે પત્ની સહિતના પાત્રોને ન્યાય આપી - દરેક પાત્રમાં તેના આગવા વ્યકિતત્વના દર્શન થાય છે, તેથી જ તો તેને કરુણાની મૂર્તિ પણ કહેવાય છે.

દર્પણ :- સામાન્ય રીતે જોઇએ તો, દર્પણ એટલે કે 'આયનો'. જેનો ઉપયોગ આપણે આપણી જ મુખાકૃતિ જોવા કરતા હોઇએ છીએ. જોકે આનો વધુ ઉપયોગ તો સ્ત્રીઓ જ કરતી હોય છે. પરિણામે તેનો પૉઝિટિવ લાભ પણ તેને જ થયો છે. ઘરમાં પતિ-પત્ની વચ્ચે ગમે તેવો ઝઘડો જામી ગયો હોય પણ તેમાં જો પત્ની દોષિત હોય, તો થોડા જ સમયમાં શાંતિ થતાં પત્ની પતિ પાસે સામેથી આવી કબૂલાત કરવા લાગી જાય છે અને થોડી જ મિનિટોમાં જાણે કશું જ બન્યું ન હોય તેવી



પરમ શાંતિ છવાઇ જાય છે. બ્હેનોની આ ટેવ અરીસામાં વારંવાર જોવાની આદતને આભારી હોય છે. આ આદતનાં પરિણામે બ્હેનો પોતાના અંતરમાં રહેલા દર્પણમાં નિહાળી પોતાનો દોષ જાણી શકે છે. જેના લીધે તે સંવેદનાની સરિતાના નિર્મળ નીરમાં ડૂબકી લગાવી શકે છે. બ્હેનો દર્પણના ઉપયોગમાંથી ઘણું બધું જીવનમાં ઉતારવા જેવું અને માણવા જેવું પામી શકે છે. મને યાદ છે - ઘણી બ્હેનો તો ગમે તેવા જામેલા ઝઘડામાં શાંત રહી પોતાના પક્ષે થયેલી ભૂલોનો આબાદ બચાવ કરી ઝઘડાનો સુખદ અંત લાવવામાં પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હોય છે. આનું કારણ પણ પોતાના દોષો જોવાની શકિત ગણી શકાય. જે કોઇ પોતાના અંતરમાં ઇશ્વર દ્વારા મુકાયેલા દર્પણમાં દૃષ્ટિપાત કરવા સમર્થ નીવડે છે તે પોતાના દોષોનું ઝીણવટભર્યું અવલોકન કરી પોતાના દોષ નિવારી શકે છે. જોકે આમાં બ્હેનો હંમેશા મોખરે રહી છે. આમ-અર્પણ, દર્પણ અને સમર્પણથી સંવેદનાનો કોઇ પણ માલિક બની શકે છે.

નંદીની ભૂલના પ્રતાપે આપણને ત્રણ-ત્રણવાર ભોજન કરવાની તક મળી, પણ તે મેળવવાના દામ પેટે આપણે આ ત્રણ ગુણો કેળવી સંવેદનાની મહામૂલી મૂડીના ધની બની શકીએ છીએ. પીડિતો, ગરીબો, બીમાર લોકો કે અશકતોની વહારે જઇ સંવેદનારૂપી ધન કમાઇ, મોક્ષયાત્રાના માર્ગે ખપ લાગે તેવી મહામૂલી મૂડીમાં તોતિંગ વધારો કરી શકીએ છીએ. જે કોઇ જીવનના મૂલ્યવાન રહસ્યો જાણી શકતા નથી, તેઓ મૂલ્યવાન માનવ અવતાર ગુમાવે છે. અનેક પુણ્યની પૂંજી જમા થયા પછી આત્માને મૂલ્યવાન મનુષ્ય અવતાર મળે છે, તેથી તે એળે ન જવો જોઇએ. જે આત્માને માનવ અવતાર લેવાની તક પુણ્યના અભાવે મળી શકતી નથી, તેવા આત્માઓને ઇશ્વર તપ-યાચના કરવા વૃક્ષ બનાવી મોકલે છે. હજારો વર્ષોની આવી યાત્રાના અંતે આખરે તે માનવ અવતાર પામે છે. માનવ અવતાર પામ્યા પછી પણ જો તે સંવેદનારૂપી ધન કમાવામાં નિષ્ફળ જાય તો તેને ફરી ચકકર લગાવી સંવેદનારૂપી ધન કમાવા મથામણ કરવી પડે છે.

સમર્પણ :- ગીતાગાયક ભગવાનશ્રી કૃષ્ણના મતે પ્રત્યેક જીવોએ પોતાનું

કર્મ ફળની અપેક્ષા રાખ્યા વિના બજાવતા રહી, સ્વના કલ્યાણ માટે યત્નશીલ રહેવું જોઇએ. જેઓ આધ્યાત્મિક માર્ગે આગળ વધવા ઇચ્છે છે તેમણે આ વાત યાદ રાખવી રહી. જીવોના યાત્રામાર્ગમાં આવતા અવરોધોને અટકાવવા આ ત્રણ ગુણ બહુ ઉપયોગી નીવડે તેવા છે. આ માટે તમારું સમર્પણશસ્ત્ર બહુ ઉપયોગી પુરવાર થઇ શકે છે. કોઇ પણ કાર્યમાં તમારું સમર્પણ કરવા જેટલા તમે ઉત્સુક રહો છો, તેટલું જ કાર્ય સફળ થઇ શકે છે. સમર્પણથી થયેલું કોઇ પણ કામ સિદ્ધિના શિખરે દોરી જાય છે. જગતના ઉદયથી જ સૂર્ય-ચંદ્રનું પ્રદાન અનેરું રહ્યું છે. તેને કદી યાદ આપવું પડતું નથી – 'આજે પૂનમ છે એટલે જરા વહેલા ઊગવાનું રાખજો.' તેનું સમર્પણ સૃષ્ટિના કલ્યાણ અને સંચાલન માટેનું છે. આપણે પણ પ્રકૃતિ પાસેથી ઘણું શીખી શકીએ છીએ. દુનિયાના ઉદયથી માણસ પોતાની સુખ-સગવડ માટે દિવસે-દિવસે ક્રૂર બનતો રહ્યો છે. સુખ-સગવડ મેળવવા તેણે પ્રાણીઓને કામે લગાવી તેની પાસે વૈતરું કરાવ્યું છે. ટૂંકમાં, માણસે જાગવાનો સમય પાકી ગયો છે. ગીતાગાયક ભગવાનશ્રી કૃષ્ણ જે ઉપદેશ કરે છે તે વાત મુજબ મારું અને તમારુ સમર્પણ માટે કોઇ કવિએ પદ લખ્યું છે. આ પદ આપણા પ્રિય એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ કથાકાર કૃણાલભાઇ જોશી વારંવાર ગાય છે

મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે,
મુકિત મળે કે ના મળે, મારે ભકિત તમારી કરવી છે.
હું તો પંથ તમારો છોડું નહિ ને દૂર દૂર કયાંય ભાગું નહિ,
આવે જીવનમાં તડકા ને છાયા, દુઃખોનાં ભલે પડે પડછાયા;
કાયા રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે.
મેવા મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે;
મુકિત મળે કે ના મળે, મારે ભકિત તમારી કરવી છે.

પદના શબ્દો ઘણું કહી જાય છે. વાચક મિત્રો, આ સંદેશને જીવનમાં જરૂર સ્થાન આપી જીવનને સુવાસિત બનાવીએ.



કારણકે...સંવેદના વ્યકિતમાં અર્પણ, દર્પણ અને સમર્પણથી જાગે છે.

## ૨૭. મનની અગાધ શકિત

તમે કોઇને દિલથી યાદ કરતા હોવ ને તેનો અચાનક જ તમારા મોબાઇલ કે લેંડલાઇન ફોન પર ફોન આવી જાય અને તમે બોલી પણ ઊઠો કે, 'હું હમણા જ તમને યાદ કરતો હતો કે યાદ કરતી હતી.' આનું કારણ તમે કદી વિચાર્યું છે ? આનું કારણ છે, તમે જયારે તમારી મનગમતી કોઇ પણ વ્યકિતને દિલથી યાદ કરતા હો છો, ત્યારે તમારી સંવેદનાનાં સેતુ વડે એટલે કે કુદરતના ઇન્ટરનેટના માધ્યમથી તમારા પ્રિયજન સુધી તમારી લાગણી પહોંચી જાય છે જોકે આનો સીધો ખ્યાલ કદાચ ભલે તમારા પ્રિયજનને આવતો નથી. તેમ છતાં તેને પણ તમે એકાએક યાદ આવવા લાગો છો. પરિણામે તે પણ તમારો સંપર્ક સાધવા પ્રયત્નશીલ બની જાય છે. અને એકાએક તેનો તમારા પર ફોન, ઇ-મેલ, વ્હોટ્સ એપ કે એસ.એમ.એસ. પણ આવી જાય છે. કોઇવાર તો આવી વ્યકિત તમને સામે ચાલીને મળવા આવી જતી હોય એવું પણ ઘણી વખત બનતું જ હશે ! આવું થવા પાછળ જવાબદાર સંવેદનારૂપી કુદરતી ઇન્ટરનેટ છે. આ સેતુ આપણને દુનિયાભરના લોકો સાથે જોડે છે. આ રીતે હું અને તમે અવારનવાર જોડાતાં જ હોઇએ છીએ. સંવેદના એક એવો કુદરતી કેબલ છે. જેના વડે મારી અને તમારી લાગણીનો સેતુ રચાતો જ રહે છે. તમે તમારા મનમાં જે સંકલ્પ કરો છો, તેમાં તમને મદદ કરી શકે, તેવા વ્યકિત કે વ્યકિતઓના સમૂહનો કોઇ ને કોઇ રીતે સહયોગ મળી રહેતો જ હશે.

તમને ચારેકોર જયારે નિષ્ફળતા મળવા લાગે ત્યારે સમજી લેજો કે તમારા ઓપ્ટિકલ કેબલમાં ભંગાણ સરજાયું છે. તેને મરામતની જરૂર છે. તમે જેટલા સંવેદનશીલ બનશો તેટલા તમારા કેબલને ઊર્જાવાન રાખી શકશો. તમારા સંકલ્પો પૂરા કરવા મનમાં સુંદર મનોચિત્રણ તૈયાર કરો. તંદ્રા-અવસ્થામાં (આલ્ફા) તેનું મનન કરતા રહો. જે રીતે ઇન્ટરનેટ પર તમે જોઇતી માહિતી શોધી કાઢો છો, તે જ રીતે

તમારા સંકલ્પને પૂર્ણ કરવા તમારું મન પોતાની અગાધ શકિત વડે તમને ઉપયોગી થઇ શકે તેવાં વ્યકિતના મન સાથે આગળ જણાવ્યાં મુજબના કુદરતી ઇન્ટરનેટના માધ્યમથી જોડે છે. જે રીતે તમે કૉમ્પ્યૂટર કે મોબાઇલ દ્વારા ઇન્ટરનેટ પરથી જરૂરી સામગ્રી મેળવી લો છો, તે જ રીતે તમારું મન જોઇતો સહયોગ મેળવી લે છે. આમ, આપણું મન સમગ્ર વિશ્વના લોકો સાથે આ કુદરતી ઇન્ટરનેટના માધ્યમથી જોડાઇ તમને સફળતાની વરમાળા પહેરાવી શકે છે. સંવેદના એક એવી અદ્ભૂત શકિત છે કે, જેના વડે વ્યકિત પોતાને જરૂરી હોય તેટલી ઊર્જા મનની અગાધ શકિત વડે મેળવી લે છે.

વાચક મિત્રો,

આમ તો આપણા શરીરમાં બે મન આવેલા છે, એક જાગૃત મન અને બીજું અર્ધ જાગૃત મન. જાગૃત મન ૧૦ ટકા શકિત ધરાવે છે. જયારે અર્ધ જાગૃત મન ૯૦ ટકા શકિત ધરાવતું હોય છે. જાગૃત મન વ્યકિતની જાગૃત અવસ્થામાં કાર્ય કરતું હોય છે. પણ અર્ધ જાગૃત મન ૨૪ કલાક કાર્યરત રહે છે. તંદ્રાવસ્થામાં લગભગ બંને મન કાર્યશીલ હોય છે તેથી આવા સમયે જો વ્યકિત કોઇ પણ કાર્ય પાર પાડવા સંકલ્પ કરી તેનું મનન કરે તો તેને અવશ્ય સફળતાં મળે છે. જોકે આમા શંકાના કીડાને કોઇ સ્થાન હોવું ન જોઇએ. જાગૃત મન માલિક છે, જયારે અર્ધ જાગૃત મન સેવક છે. જાગૃત મન તર્ક, વિચાર કે ખરાં-ખોટાની પરખ કરવાની શકિત ધરાવે છે. જયારે અર્ધજાગૃત મન આવી કોઇ પણ પ્રકારની શકિત ધરાવતું નથી.ઉલટાનું રમૂજમાં પણ જો તમે તેને કોઇ નકારાત્મક સંદેશ આપી દેશો તો પણ તેને સાચો સમજી લઇ તેના પર કામ શરૂ કરી દે છે. જેના લીધે તમે પોતે જ તમારી જાતને ગંભીર નુકસાન પહોંચાડી જાતે જ તકલીફમાં મુકાઇ જાવ છો. જોકે આની ખબર બહુ ઓછા લોકોને હોય છે. આપણે ઘણી વખત આપણા જ બાળક માટે ઘણા ઉતરતા શબ્દો વાપરી આપણા જ બાળકના વિકાસને અવરોધતા હોઇએ છીએ. 'તું મૂરખ છો, તું ગધેડા જેવો છો', 'તને અકકલ નથી' વારંવાર તમે જ ઉચ્ચારેલા શબ્દો તમારા જ બાળકના વિકાસને હાનિ પહોંચાડે છે.



તમારા માટે કોઇ પણ વ્યકિત જયારે અજુગતું કે ઊતરતું બોલે તેવા સમયે તમે પોતે બોલાયેલા શબ્દો કે વાકયોને નકારી દો. આમ કરવાથી તમારું અર્ધ જાગૃત મન મળેલા ખોટા સંદેશને નકારી દઇ તેને ડિલીટ કરી દેશે. પરિણામે તમારા પર તેની નકારાત્મક અસર થશે નહિ.

જાગૃત મન માત્ર ૧૦ ટકા શકિત ધરાવતું હોવા છતાં માલિક છે તેનું મુખ્ય કારણ ઇશ્વરે તેને આપેલી તર્ક શકિત છે. આના લીધે તો આપણું જાગૃત મન ખરાખોટાનો નિર્ણય લઇ શકે છે. તમારા અર્ધ જાગૃત મનમાં તમને હાનિ પહોંચાડે તેવા નકારાત્મક સંદેશ તમારી જાણ બહાર પ્રવેશે નહિ તેની પણ કાળજી રાખે છે. આ માટે સાવધાન રહી ચોકીદારી કરે છે. જેના લીધે તમે અનેક નકારાત્મક બાબતોનો ભોગ બનતા અટકી જાવ છો. તમારા સંકલ્પો પૂરા કરવા રોજ રાત્રીના સૂતા પહેલાં કે સવારના ઊઠતા પહેલાં જયારે તમે (આલ્ફા) તંદ્રા અવસ્થામાં હોવ ત્યારે તમારા સંકલ્પોને સિદ્ધ કરવા ચિંતન અને મનન કરવાનું રાખો. તમને જરૂર સફળતા મળશે. કારણ કે તમારું મન દુનિયાભરનાં લોકો સાથે કુદરતી ઇન્ટરનેટના માધ્યમથી જોડાઇ જરૂરી સહયોગ મેળવી શકે છે. અર્ધજાગૃત મનની આ શકિતના કારણે, આપણે સાવ અજાણી વ્યકિત કે બિલકુલ અજાણ્યા વિસ્તારમાં સફળ નીવડતાં હોઇએ છીએ. આ સફળતા આપણા અર્ધજાગૃત મનનાં લીધે જ મળતી હોય છે. તેથી તો આપણા આ બંને મનની અગાધ શકિતઓનો લાભ લેવા આપણી સંવેદનાના કેબલને સમયાંતરે મરામત કરતાં રહેવું જોઇએ. આપણે I.Q. એટલે કે બુદ્ધિ આંક માટે જેટલાં ચિંતિત છીએ. તેટલાં ભાગ્યે E.Q. એટલે કે લાગણી આંક, કે પછી S.Q. એટલે કે આધ્યાત્મિક આંક માટે જાગૃત હોઇએ છીએ ખરા ? લાગણી અને આધ્યાત્મિક બાબત આપણને માનવતા તરફ દોરી જાય છે. તેથી આપણે આ બંનેના આંકમાં સતત વૃદ્ધિ થતી રહે તેવા પ્રયત્નો કરતા રહેવું જોઇએ. પણ મિત્રો, હું ખેદ સાથે તમારા સૌ વતી, અંતરથી સ્વીકારી જણાવા માંગું છું કે - 'આપણે આ બાબતે સાવ બેદરકાર રહીએ છીએ. જોકે સમય આવ્યે લાગણીની વાત કરવામાં કદી પાછી પાની કરતાં

નથી. આપણી માન્યતા તો એવી જ હોય છે કે, બુદ્ધિથી દુનિયામાં રહેલી તમામ ખુશીઓ આપણે મેળવી લઇશું પણ વાસ્તવિકતા તો તદ્દન જુદી જ છે. લાગણી અને આધ્યાત્મિકક્ષેત્રે જેઓ સફળતાપૂર્વક આગળ ધપી શકે છે તે જ સોહમ્ આનંદને પામે છે.

સંવેદના માટે કહેવું હોય તો નીચેની પંકિતઓમાં કહી શકાય...
નો'તા ચંદ્ર સિતારા, નો'તા સૂર્ય ઝગારા. જાગ્યા સંવેદનાના ફુવારા;
વાત બધી વંટોળ ચાલી, રાત બ્રહ્માની ભાંગી ત્યારે ખીલી આભ અટારી,
ગગનભેદી થયો ધડાકો, થયું આ જગત સુંદર મજાનું,
બની આકાશ ગંગા વાદળી થઇ વર્ષી સંવેદના, વાયા વાણાં કરોડો વર્ષના.

જિંદગીમાં સફળ બનવા ચોકકસ ધ્યેય નકકી હશે, તો તમારો સંવાદ કુદરતી નેટવર્ક વડે સ્થપાશે. સ્થાપાયેલો તમારો સંવાદ તમને સિદ્ધિ તરફ દોરી જશે. સિદ્ધિના માલિક બનવા સારું વિચારો, સુંદર આયોજન તૈયાર કરો. તમારા કાર્યને સફળ બનાવવા તેને વર્ગીકૃત કરી કામનું મૂલ્યાંકન કરો. તમે જે કામ કરવા ઇચ્છતાં હોવ તેનું પરિણામ તાર્કિક રીતે ચકાસી લો. તમારા જાગૃત મનની શકિતનો પૂરેપૂરો ઉપયોગ બુદ્ધિને કામે લગાવી કરશો તો સંવેદનાના સેતુ વડે તમે સફળતાની સીમાને સ્પર્શી શકો છો. આ માટે તમારી નિર્ણયશકિત પાવરફૂલ હોવી અનિવાર્ય છે. અર્ધ-જાગૃત મન ખૂબ જ શકિતશાળી હોવા છતાં તેની પાસે ઉપરની કેટલીક મૂલ્યવાન શકિતઓના અભાવે તે સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતું નથી. તેથી અર્ધ-જાગૃત મનની પાસે જે કામ લેવાનું હોય તેના આયોજનથી લઇ તમામ કાર્યોનું સંચાલન તેનું મૂલ્યાંકન સહિતના પાસા ચકાસવાનું કામ જાગૃત મનની દેખરેખ નીચે સોંપવાનું હોય છે. સંવેદનાના સેતુ વડે આપણે આપણા મનના માધ્યમથી જરૂરી સહયોગ મેળવી જીવનની સાચી આધ્યાત્મિક પૂંજી કમાઇ શકીએ છીએ, માટે આપણે કહી શકીએ કે-સંવેદના કુદરતના ઇન્ટરનેટને જોડતો ઓપ્ટિકલ કેબલ છે.



## ૨૮. વિચારોની વાટે

અમીરી અને ગરીબી વચ્ચે કોઇવાર માન્યામાં ન આવે તે રીતે પ્રેમનો સેતુ જોડાતો હોય છે અને નસીબ પલટાતું હોય છે. મહાનગરની કૉલેજમાં ઉચ્ચશિક્ષણના હેતુને લઇ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં થોડા દૂરના સગાંસંબંધીના ઘરે રોકાઇને ભણવા માગતો નિખિલ હજુ માત્ર બે જ દિવસ પહેલા આ નગરમાં આવ્યો હતો. નિખિલની મા રંભાબેનના મામાની મોટી દીકરી રંજન બંગલાવાળાના ઘરકામ કરી પેટિયું રળી લેતી હતી. તેની ભેગા રહી મહાનગરમાં નિખિલ શિક્ષણ લઇ પગભર થવા ગામડા-ગામમાં ખેતમજૂરી કરી ગાડું ગબડાવતાં માતા-પિતાને સત્તર વર્ષમાં પહેલીવાર જ એકલાં મૂકીને આવ્યો હતો.

મકાઇની ધાણી લો માત્ર દસ રૂપિયા...,
ચટાકેદાર બટેટા-ભૂંગળા ખાવ માત્ર પંદર રૂપિયા...,
મીઠું અને ઠંડું મજાનું લીંબુ શરબત પીઓ માત્ર દસ રૂપિયા...,
ગોળીવાળી તમારી સામે તાજી ભરેલી મીઠું-આદુ અને તકમરિયાવાળી માત્ર રૂપિયા બાર આપી સોડા પીઓ.

બસ સ્ટેન્ડમાં જાત-જાતના અવાજો સંભળાઇ રહ્યા હતા. નિખિલ કૉલેજની બસની રાહ જોઇને ઊભો હતો. અચાનક એક કાર આવીને ઊભી રહી જાય છે. ''હેલ્લો ફ્રેન્ડ, હું આપને શું મદદ કરી શકું ? નિખિલ બાઘો બની જોયા કરે છે. ત્યાં જ મીઠી ઘંટડી જેવો ફરી અવાજ સંભળાય છે. તમારે કૉલેજ જવું છે ને ! નિખિલ હાંફળો-ફાંફળો થતા ધીમા અવાજે ડોકું હલાવી કોઇને સંભળાય નહિ તે રીતે બબડે છે-હા. પણ (મનોમન) તેનું તમારે શું કામ છે ?

સંધ્યા ફરી બોલી ઊઠે છે : 'તમે મને કદાચ ઓળખતા નહિ હોવ. હું પણ વળિયા આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની જ વિદ્યાર્થિની છું બિલકુલ તમારી બાજુના એસ. વાય. બી. કૉમ. ના વર્ગમાં જ ભણું છું. નિખિલ વિચારોનાં વનમાં ખોવાય જાય

છે. નિખિલનો કોઇ પ્રત્યુત્તર નહિ મળતા, સંધ્યા કારમાંથી નીચે ઊતરી નિખિલનો હાથ ખેંચી તેને કારમાં બેસાડી કાર હંકારી મૂકે છે.

સંધ્યા મીઠા અવાજે બોલે છે...

કેવું મળ્યું ઇનામ હવે બોલવું નથી;
રૂપાળું લાગે છે નામ, હવે બોલવું નથી;
આંખોથી લઇશું કામ, હવે બોલવું નથી;
પૂછો ના હવે કોઇ બસના ટાઇમ, મારા હૈયામાં જાગી છે હામ,
હવે બોલવું નથી.

કવિતાના શબ્દો સાંભળી નિખિલ જાણે પૂતળાની માફક નીચી મૂંડી રાખી સાંભળતો જ રહી ગયો. આજે નિખિલને પહેલીવાર કોઇ અજાણી છોકરી સાથે વાત કરવાનો અણધાર્યો સમય આવી પડ્યો હતો. કંઇ સમજાતું નહોતું. શું કરવું કે શું કહેવું ! મીઠી ઘંટડી ફરી રણકી ઊઠે છે, કેમ કશું બોલતાં નથી ? મારો ડર તો નથી લાગતો ને... જુઓ, આ મહાનગર છે. અહીં લોકો કીડિયારુંની જેમ ઊભરતા હોય છે. અહીં તો બોલે તેના બોર વેચાય.

કાર રસ્તા પર સડસડાટ દોડી રહી હતી...

નિખિલ આજે જાણે હવાઇ મુસાફરી કરી રહ્યો હોય તે રીતે વિચારોનાં વંટોળમાં ચકર-વકર થઇ રહ્યો હતો. વળિયા કૉલેજ આવતા કાર કિચૂડ-કિચૂડ કરતી ઊભી રહી જાય છે. નિખિલ અને સંધ્યા પોતપોતાના વર્ગ-ખંડમાં પહોંચી જાય છે. કૉલેજમાં ભણવામાં આજે બેમાંથી કોઇનું મન લાગતું નથી. નિખિલ મનોમન વિચારે છે આ છોકરી કોણ હશે ? તે મને શી રીતે ઓળખતી હશે ? મને મદદ તે શા માટે કરવા તૈયાર થઇ હશે ? તે ગીત ગણગણી મને શું કહેવા માગતી હશે ? જેવા સવાલોના કારણે નિખિલ આજે આકુળ-વ્યાકુળ હતો.

સંધ્યાનું મન પણ આજે કોણ જાણે ભણવામાં લાગતું નહોતું. છોકરાનું વ્યકિતત્વ ભલે શર્માળ છે પણ રૂપ તો કોઇ રાજા-મહારાજાને ટક્કર મારે તેવું છે.



ગામડાં-ગામનો છોકરો ભલે ગરીબ પરિવારમાંથી આવે છે, પણ તેનો આત્મવિશ્વાસ જોતા તો લાગે છે કે તે ભવિષ્યમાં કોઇ મોટી કંપનીનો માલિક બનશે. વળી, પપ્પાને પણ ક્યાં ખોટ છે. હું એમની એકની એક દીકરી તો છું તેથી મારે સંપત્તિની ક્યાં જરૂર છે? ધન તો ગામના ધોબીય ફૉરેન જઇ કમાઇ લાવતા હોય છે. બાકી ખરું પૂછો તો છોકરો તો ભગવાને જ મારા માટે મોકલ્યો હોય તેમ લાગે છે.

કૉલેજથી ઘર તરફ નીકળતાં છોકરા-છોકરીઓમાં સંધ્યા અને નિખિલ એકમેકને તાકી-તાકીને રસ્તા પર ચાલી રહ્યાં હતાં. નિખિલ થોડો ઉતાવળે ચાલીને રિક્ષાવાળાને કહે છે -''ગંગાજળિયા તળાવ આવવું છે ?'' રિક્ષા ઘરરર...કરતી ઊપડી જાય છે.

સંધ્યાના હોઠે આવેલા શબ્દો બોલ્યા વિના જ મોંમાં વિચારોના વંટોળમાં વિખરાય જાય છે. બે મિનિટ ઊભો રહ્યો હોત તો હું એને એ કહે ત્યાં સુધી મૂકી આવત. રિક્ષાવાળા સાલા અહીં શું કામ આવતા હશે ? કૉલેજના પ્રિન્સિપાલનું ઢીલું કામ છે, બાકી આ લોકોની હેસિયત છે કે, કૉલેજની આસપાસ ફર્કી શકે ? મનોમન વિચારતી સંધ્યા કાર ચલાવી રહી હતી.

સમય પાણીના પ્રવાહની માફક વહેવા લાગે છે. એમ.કૉમ. સંધ્યાએ પૂરું પણ કરી નાખ્યું. જોકે નિખિલ સંધ્યાથી એક વર્ષ પાછળ હતો, તેથી નિખિલનો કૉલેજકાળ એક વર્ષ વધુ ચાલે છે. બંનેનો અભ્યાસ પૂરો થતાં સંધ્યાનાં લગ્ન માટે મુરતિયા જોતા સંધ્યાના માતા-પિતા પાસે સંધ્યાના જ કહેવાથી નિખિલના પિતા થોડા માણસો સાથે સંધ્યાનું માગું લઇ આવી પહોંચે છે.

બંને પરિવારની આર્થિક સ્થિતિ વચ્ચે જમીન આસમાનનો તફાવત હોવા છતાં બંનેના ઘડિયા લગ્ન લેવાય છે. સંધ્યાના પિતા કન્યાદાનમાં એક સુંદર મજાનો મોટો બંગલો, અઢળક સોનું, બીજું ઘણું બધું કરિયાવરમાં આપે છે. પતિ-પત્ની પોતાના નવા સંસારનો આરંભ પિતાશ્રી દ્વારા મળેલા બંગલામાં જ કરે છે. જોતજોતામાં સંધ્યા માતૃત્વ ધારણ કરે છે. સંસારનાં પહેલા પગલે સંધ્યાની પ્રાર્થના

ફાળે છે તેની ઇચ્છા મુજબ પોતાના સારા દિવસો પૂરા થતા જન્મેલા પુત્રનો વાન તેના પિતા જેવો જ હોવાથી સંધ્યાને આજે ખુશી અને આનંદ સમાતો નહોતો. સંધ્યા પહેલેથી જ એવું ઇચ્છતી હતી કે, તેના પુત્રનો વાન અને ઘાટ બંને તેના પપ્પા નિખિલ જેવો જ હોય. નિખિલ પૂરા પાંચ હાથની ઊંચાઇ ધરાવતો કોઇ યુરોપિયનને ઝાંખો પાડી દે તેવો, આંખોને પહેલી નજરે ગમી જાય તેવો, રૂપાળો વાન અને ઘાટ બંને ધરાવતો પુરુષ હતો, તેથી તો સંધ્યા અબજોપતિની એકની એક પુત્રી હોવા છતાં ખૂબ થોડા જ સમયમાં નિખિલના ચકકરમાં સામેથી કૂદી પડી હતી. જોકે આમા સંધ્યાએ કશુંય ગુમાવ્યું નહોતું. પિતા મોટા બિઝનેસમૅન હોવાથી તેને પૈસો તો કરિયાવરમાં મળવાનો જ હતો. તેથી સંધ્યાએ ગુણ અને રૂપની જ પસંદગી કરવાની હતી, તેમાં તો સંધ્યા સાંગોપાંગ ઊતરી જ હતી. નિખિલ માત્ર રૂપાળો જ ન હતો તે ગુણવાન અને સુશીલ પણ હતો. તેને કોઇ વ્યસન કે કારણ વગરની રખડપટ્ટી કદી ગમતી નહોતી. 'પથ્થર એટલા દેવ કરી પૂજો ત્યારે આવો પતિ મળે.' તેથી એમ જ કહેવું પડે કે સંધ્યા મેદાન મારી ગઇ.

દિવસો પછી દિવસો વિતવા લાગ્યા... સંધ્યાનો પુત્ર મોટો થવા લાગ્યો...

નિખિલ કરતા દીકરા સંદીપને પોતાના નાના છગનદાસ પારેખ (ચાંદીવાળા) ના ધંધામાં વધુ રસ પડવા લાગ્યો. નાના છગનદાસ પણ તેને સઘળું સોંપી હવે શાંતિનો શ્વાસ લેવા ઇચ્છતા હતા. સંધ્યા અને નિખિલનો પુત્ર સંદીપ હજુ હમણા જ આઇ.આઇ.એમ. અમદાવાદથી ભણીને આવ્યો હતો.

સંદીપનો બીઝનેસમાં પ્રવેશ થતા, તેમણે કંપનીની વહીવટી જવાબદારીઓ ઉપાડી લીધી. નાના છગનદાસ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી આવેલ ભાણેજને સઘળો કારોબાર સોંપવા ભારે ઉતાવળા હતા. જયારે નિખિલ થોડો તેમાંથી નિવૃત્ત થઇ સામાજિક સેવાના ક્ષેત્રે કામ કરવા માગતો હતો. નિખિલની આવી લાગણીના કારણે રાજયના અન્ય મહાનગરો કરતા આ મહાનગરમાં સામાજિક સેવાની પ્રવૃત્તિઓ ફાલીફૂલી હતી. નિખિલનું વ્યકિતત્વ સંવેદનશીલ અને કરુણાથી છલોછલ ભરેલું હતું.



સંધ્યાના લગ્ન પહેલા છગનદાસની કંપનીએ એક પણ સામાજિક કે શૈક્ષણિક સંસ્થાને મદદ કરી હોય તેવો પ્રસંગ બન્યો ન હતો. પરંતુ નિખિલ સાથે જયારથી સંધ્યાનો પીળો હાથ કરવામાં આવ્યો હતો ત્યારથી લઇ છગનદાસની કંપનીએ મહાનગરમાં આવેલી મોટાભાગની સંસ્થાઓને મોટી નાણાકીય સહાય કરી ગતિશીલ બનાવી હતી. નિખિલ જેવો જમાઇ મેળવી છગનદાસ ધન્ય થઇ ગયા હતા.

દીકરી સંધ્યાની વર્ષો પહેલા રાખેલી એક માનતા પૂરી કરવાની છેલ્લી ઇચ્છા હવે છગનદાસની બાકી રહી હતી. સંધ્યાએ ટેક લીધી હતી, કે પોતાનો પુત્ર સંદીપ, જો આઇ.આઇ.એમ. અમદાવાદમાં ગોલ્ડ મેડલ સાથે ઉત્તીર્ણ થઇ આવશે, તો મહાનગરના તમામ વિદ્યાર્થીઓની આખા વર્ષથી ફી તેમના પરિવાર તરફથી તે ચૂકવી આપશે. એટલું જ નહિ, પણ આનો લાભ મહાનગરની શાળાઓમાં ભણતા તમામ ગરીબ વિદ્યાર્થીઓને ઓછામાં ઓછો ત્રણ વર્ષ સુધી આપવો. સંધ્યાની પ્રાર્થના જાણે ભગવાને સાંભળી લીધી હોય, તેમ સંદીપ ગોલ્ડ મેડલ વિજેતા થયો. આજે ગરીબ તેમ જ ચાલુ વર્ષમાં ભણતા દરેક વિદ્યાર્થીઓને સ્કૂલ અને કૉલેજ ફીના ચેક વિતરણનો ભવ્ય કાર્યક્રમ ચાલતો હતો. નગરજનો સંધ્યાની પ્રતિજ્ઞાનાં વખાણ કરતાં આજે ધરાતા નહોતા.

ચાંદીવાળા કંપનીનું સુકાન નિખિલના પુત્ર સંદીપે સંભાળ્યું ત્યારથી જ કંપનીએ એવો તો નફો કમાવવાનું શરૂ કર્યું કે થોડા વર્ષોમાં તે દેશની ખ્યાતનામ કંપની બની ગઇ. દેશભરના ઉદ્યોગપતિ અને સરકારી અધિકારીઓની ચિંતન શિબિર પ્રથમ વખત મહાનગરના આંગણે ભાવનગરના જ ઉદ્યોગપતિ અને છગનદાસના ભાણેજ સંદીપના પ્રભાવને લઇ યોજાઇ રહી હતી. શિબિરમાં નગરના વિકાસને અવરોધતાં મુદ્દાઓ પર છણાવટ કરવામાં આવી હતી. શિબિરના અંતે સરકારના જવાબદાર અધિકારીઓ, મંત્રીમંડળના નિયુકત હવાલો સંભાળતા મંત્રીશ્રી અને ઉપસ્થિત ઉદ્યોગપતિઓએ સર્વાનુમતે ઠરાવ્યું કે 'મહાનગરના વિકાસ માટે કલ્પસર યોજના, આંતર-રાષ્ટ્રીય હવાઇ મથક અને એના જેવી સવલતો તાકીદે પૂરી કરવી.' આ માટે

ખાનગી કંપનીઓના ટેન્ડર પણ મંગાવી કામ શરતોને આધીન જે કંપની કરવા ઇચ્છતી હોય તેવી કંપનીને કામ સત્વરે શરૂ કરી શકે તે રીતે યોગ્ય હોય તેવા ટેન્ડરને મંજૂરી આપી દેવી. ચર્ચાનાં અંતે નકકી પણ થયું કે ખાનગી કંપની જે આ કામ કરવા માગતી હોય તેણે પ્રોજેક્ટનો તમામ ખર્ચ કરવાનો રહેશે. પણ હા, આ શરત સ્વીકારનાર કંપની જે ઉત્પાદન કરે તે તમામ ઉત્પાદિત માલ-સામાન કે ચીજવસ્તુ કોઇ પણ પ્રકારનો ટેક્ષ ચૂકવ્યા વિના દુનિયાના કોઇ પણ ભાગમાં મોકલી શકશે. સંદીપની દરખાસ્તથી એવું પણ નકકી થયું કે જો ચાંદીવાળા કંપની આ કામ કરવા તૈયાર હોય તો તેને ૨૦ વર્ષની આ માટે જી.એસ.ટી. અને સીમાશુલ્ક ભરવામાંથી મુકિત મળશે.

ચાંદીવાળા કંપનીએ આ કામ સ્વીકારી ગણતરીના વર્ષોમાં બધાં જ પ્રોજેક્ટ પૂર્ણ કરી ભાવનગરને ખરા અર્થમાં દેશનું મહાનગર બનાવી દીધું. જે રીતે નિખિલનું ભવિષ્ય સંધ્યાની જાગેલી સંવેદનાએ બદલ્યું. વહાલા વાચક, ભાવનગર પણ વિચારની વાટે આગળ ધપતું શહેર છે ત્યારે કાલ્પનિક કથા-વાર્તા વાસ્તવિક બની વિચારોના વાહન વડે નગરની શકલ બદલશે.

## ૨૯. જીવન સરગમ

બાળપણમાં આંખોની અક્ષમ્ય કારણોસર એકાએક દૃષ્ટિ ગુમાવી પરંતુ બચુદાદાના સંવાદની સરગમે એવી તો સૂરાવલી છેડી કે જીવનમાં છવાયેલાં કાળા અંધકારનાં વાદળો વચ્ચે પણ સંવેદનાનો મધુર વરસાદ વરસ્યો. પરિવારની હાલત ‘એક સાંધતાં તેર તૂટે’ તેવી હોવા છતા કોઇ ભેદી શકિત વડે જીવાદોરી ચાલતી હતી. ગુજરાતી કહેવત મુજબ ‘દૂબળાને બે જેઠ મહિના’ હોય તેમ આવેલા આંખોનાં અંધાપાને સમજું તે પહેલા જ ઇશ્વરે માતાનું છત્ર પણ છીનવી લીધું.

પણ પેલી પંકિત મુજબ-

‘હે માનવ વિશ્વાસ કરી લે, સમય બની સમજાવું છું.



આ દુનિયામાં ઇચ્છાથી હું, અવતાર ધરીને આવું છું...

હે માનવ વિશ્વાસ કરી લે સમય બની સમજાવું છું.’

ખરેખર, મારા જીવનમાં ઉપરની કાવ્ય પંકિતઓ મુજબ બચુદાદાને ઇશ્વરે પોતાનું કાર્ય સાંગોપાંગ પાર પાડવા જાણે પૃથ્વી પર મોકલી આપ્યા હોય તેમ બચુદાદા મારા ઘડતર માટે મારા જીવનમાં આવ્યા. તેમણે મને અનેક જીવનલક્ષી બાબતોનું શિક્ષણ માતાની ગેરહાજરીમાં આપી થોડો પિતાનો ભાર હળવો કર્યો. બચુદાદા અને પિતાશ્રી વચ્ચે ચાલતા મીઠા સંવાદે મને માનવતાના માર્ગે ચાલતા શીખવ્યું. હું આ સંવાદમાંથી એટલું જરૂર શીખી શકયો છું કે ‘પોતીકી અગવડ કે સમસ્યા નાનકડાં તણખલાં સરખી જાણવી, પણ અન્ય માટે તો તે પહાડ સમી ગણી કામ કરતા રહેવું.’ -એ જ જીવનની ખરી સાર્થકતા છે. આ મંત્રના કારણે મારા અંતરમનમાં સંવેદનાની સરગમના સૂરોનો નાદ વિચારોના વાદ્યોમાંથી સ્પંદનોની પાંખે નિતરતો રહેતો હતો. આકાશમાં વીજળીના ચમકારાની જેમ મારી શિક્ષણયાત્રા પણ પૂરી થઇ. શિક્ષકોના વાત્સલ્ય, પ્રેમના કારણે આવેલા નાના-મોટા અવરોધોને હું શાળા સમય દરમિયાન ધીરજથી ખાળી શકયો.

શિક્ષણ પૂરું કરી સત્વરે નાની-મોટી નોકરી પર લાગી સ્થાપિત થવાની તીવ્ર મંશા હોવા છતાં તેમ થઇ શકયું નહિ તેથી એમ કહી શકાય ઇશ્વરની ઇચ્છા વિના પાંદડુંય ફરકતું નથી. એટલા માટે તો આપણા આદી કવિ નરસી મહેતા ગાય છે. ‘હું કરું... હું કરું... એ જ અજ્ઞાનતા, જેમ શકટનો ભાર શ્વાન તાણે,’ મેં ઘણી વેળાએ આવું ગૌરવ લીધાનું કબૂલું છું.

જો જીવન સંસારસાગર તરવાની નાવ હોય તો મારી નાવ ચલાવવા બચુદાદા જેવા અનેક નાવિકનો – ભયાનક તોફાનમાં સંસારસાગરમાં સપડાયેલી મારી નાવને પાર ઉતારવા – મને ટેકો મળતો રહ્યો છે. આ બધા ફરિસ્તાઓના સહકારથી જ મારું સિંચન થયું હોવાથી હું વિચારોના વાદ્યોમાં છેડાતાં સૂરોની સૂરાવલીમાંથી ગુંજતો સંગીતમય સંવેદનાનો શીતળ નાદ માણી તેમજ જાણી શકયો છું. આ સંવાદના

પરિણામે હું, માનવ હૈયામાં હિલોળા લેતા સાગરની ઊંડાઇ સુધી પહોંચી મૂલ્યવાન સંવેદનાના સાચા રત્નો પારખી ને પામી શોધી શકયો છું. આ વાતને વધુ સમજવા માટે મને એક પ્રસંગ આપ સૌ સમક્ષ મૂકવાનું મન થાય છે.

ભાંગલી ગેટ પાસે ભરવાડના ભાડાના મકાનમાં ચાલતી શ્રી અંધ અભ્યુદય મંડળની ઑફિસમાં એક મોટી ઉંમરના માજી એક પછી એક ચારેક પગથિયાં ચડી પ્રવેશે છે. 'અરે... ઓ... શાંતિદાદા આવું કે ?' આ સાંભળતા જ શાંતિદાદા બોલી ઊઠયા : આવોને ભાઇ... અમે તો બેઠા જ છીએ. તે આગળ બોલ્યા : કહો શું હતું ? માજીએ વળી આગળ ચલાવ્યું, 'મારે નવો એસ.ટી.પાસ કઢાવવાનો છે.' દાદાએ કહ્યું; 'બે પાસપોર્ટ ફોટોગ્રાફ, અંધત્વનું પ્રમાણપત્ર, રૅશનકાર્ડ અને તમારો જૂનો એસ.ટી. પાસ પણ જમા કરાવવો પડશે.'

આવેલા અંધ, અભણ માજીએ દાદાની સૂચના મુજબના લગભગ બધા આધારો ટેબલ પર મૂકયા પણ તેમની પાસે તેમનો ફોટોગ્રાફ એક જ હોવાથી તેમણે તેની એક કૉપી આપી અને તેઓ બોલ્યાં : 'પાસમાં લગાવવા ફોટાની એક કૉપી મેં આપી છે તે લગાવી મને પાસ કાઢી આપો.'

દાદાએ કહયું : 'ફોટોગ્રાફ બે ફરજિયાત આપવા પડશે. પાસની એક નકલ અમારે તૈયાર કરી એસ.ટી. વિભાગને પહોંચાડવાની હોય છે.'

આ સાંભળી માજી થોડીવાર સાવ શાંત બેસી રહ્યાં એટલે વાતનો દોર મેં હાથમાં લઇ માજીને કહ્યું કે : 'વધુ એક ફોટો આપો તો તમારો પાસ તૈયાર કરવાનું કામ શરૂ કરી શકાય.' હવે માજી થોડા, ખાંખાં-ખોળા કરી ગુસ્સે થઇ... હા, લો... 'આ ફોટો. રોજ અગરબત્તી કરજો.' તમને સરકાર કોથળા ભરીને રૂપિયા આપે છે તોય ધરાતા નથી. તમારી ઑફિસના કેટલા પગથિયા રાખ્યા છે ? ગઢા માણસનો થોડો વિચાર તો કરતાં હો !'

માજીના મકકમ અવાજમાં સચ્ચાઇ ભારોભાર ટપકતી હતી. તેના મગજમાં સરકારી અધિકારીઓ દ્વારા થતા દુર્વ્યવહાર સામેનો આક્રોશ દેખાતો હતો. તેને કયાં



ખબર હતી કે આ કોઇ સરકારી ઑફિસ નથી. આ ઑફિસ તો મંડળે સ્વખર્ચે અંધ ભાઇ-બહેનોને મદદ કરવાના હેતુથી ખોલી છે. વળી, મંડળ આવા લોકોના વિકાસ માટે જોળી ફેરવી ફેરવી લોકફાળો ભેગો કરી કામ કરે છે. આવી બાબતે ઊભો થતો અસંતોષ મેં ઘણી જગ્યાએ જોયો છે. લગભગ દરેક જગ્યાએ માજી જેવી અજ્ઞાનતાના કારણે અનેક અનર્થો વખતોવખત ઊભા થતા જોવા મળ્યા છે. લાભાર્થી તેને મળતી સેવાને અધિકાર સમજી બેસે છે. જયાં અધિકાર રાજ કરવા લાગે છે ત્યાં સેવાની શેષ ઊડી જાય છે. આવા સંજોગોમાં સંવેદનાનું સત્ત્વ લગભગ સુકાય જતું હોય છે.

અંધારી અમાસની રાત્રે આકાશમાં જોવા છતાં પણ આપણે ચંદ્ર શોધી શકતા નથી તેમ 'ફરજ અને અધિકાર' વચ્ચે બનતું હોય છે. આ બધી સત્ય હકીકતોથી અંધજનોને માહિતગાર કરવા મને મંડળના માધ્યમથી કામ કરવાની તાકીદે જરૂરિયાત લાગી. મનોમન સંકલ્પ કર્યો કે : 'આજીવન નોકરી નહિ કરું પણ બેરોજગાર, અભણ, પીડિત કે અસહાય અંધ ભાઇઓ અને બહેનો માટે કામ કરતો રહીશ.' મને હંમેશાં લાગ્યું છે આપણા દેશના લાભાર્થીઓનું આવું માનસ શા માટે બની જતું હશે. તેનો ઉત્તર મારા આંતરમને એમજ આપ્યો છે 'માનવતાને મહેકાવવા માનવે જાતે મહેકવું પડશે.' એટલે જ કદાચ મારો નાનકડો દિવાના કોડિયા સરખો પ્રયાસ અન્યાય પામેલા અંધજનો અને વિકલાંગોને રાજકીય તેમજ સામાજિક રીતે ન્યાય અપાવવા માટે રાત્રીનો અંધકાર ઉલેચવા જેમ ચંદ્ર પોતાની શીતળતા પાથરી યત્ન કરે છે, તેમ હું કરી રહ્યો છું. મને આશા છે કે - હું તેમા જરૂર સફળ થઇશ. મારું માનવું છે કે ઇશ્વર દરેક જીવોને પોતપોતાનો અલગ-અલગ રોલ સોંપી આ જગતમાં મોકલે છે. જે જીવાત્મા સંસારરૂપી મંચ પર પોતાને ભજવવા આપવામાં આવેલો રોલ યોગ્ય અભિનય સાથે ભજવવામાં નિષ્ફળ નીવડે છે તેવા પ્રત્યેક જીવાત્માને સુખ કે શાંતિના મૂલ્યવાન પુરસ્કારથી વંચિત રહેવું પડે છે.

અંધ અભ્યુદય મંડળ મારી સેવાક્ષેત્રની પાઠશાળા હોવાથી મને આ સંસ્થામાં એસ.ટી. પાસ કઢાવવા આવેલા માજી જેવા અનેક લાભાર્થીઓને મળવાની

સોનેરી તક સાંપડી હતી. જેના કારણે હું, સંવેદનાની પવિત્ર ગંગામાં ધૂબકા મારી નાહી શક્યો છું. આ પવિત્ર જળના સ્પર્શે મારી કાયાને ધન્ય બનાવી છે. લાખણકાના એક અંધ દાદા દર મહિને મારી પાસે આવી કહેતા 'થોડી કાચી ખીચડી આપો, તો જાતે બનાવી મારા પેટનો ખાડો પૂરું, તમારે ક્યાં ખોટ છે ? આ મોંઘવારીમાં છોકરા બિચારા ક્યાંથી અમારી જેવા ગઢ્ઢા-બુઢ્ઢાને રાખી શકે.' મેં એકવાર દાદાને પૂછ્યું : 'દાદા, કેટલા દીકરા છે ?' દાદા કહે : 'ભાઇ, દીકરા તો ત્રણ છે પણ બે બહારગામ મજૂરી કરવા ગયા છે મોટો એક ગામમાં જ રહે છે પણ...! પણ...!' મેં કહ્યું : 'પણ શું ? તમને તે દીકરો રાખતો નથી એમ જ ને ? ના... ભાઇ... ના... રાખે તો છે પણ વોવ થોડી માથાભારે છે. કોઇવાર ગમે તેવું બોલે, કે પછી ગમે તે ચીજવસ્તુનો કોઇવાર મારા પર ઘા કરી, બૂમા-બૂમ કરી ગામ ભેગું કરી મને ઠપકો ખવડાવે છે કે દાદા જાતે ધમપછાડા કરી લોહી-લૂહાણ થાય છે. હવે મારે કયા ડૉક્ટર પાસે તેને લઇ જવા ? આવેલા લોકો મને થોડો ઠપકો આપી સૌ-સૌના ઘરે જતા રહે છે. એટલે હું, એકલો જ નાના છોકરાના ખાલી પડેલા ઘરે જાતે હું જે મળે તે ખાય-પીઇને ભગવાનનું ભજન કરતા-કરતા મારી જિંદગી જીવું છું.'

તમે જ કહો, આવી વ્યથા-કથાની અસર થયા વિના શી રીતે રહે ? મંડળમાં આવતા મોટાભાગના અંધજનો પીડિત અને અશિક્ષિત હતા, તેથી તેઓ થોડો અવિવેક જરૂર કરતા, પણ લાગણીશીલ તો હતા જ. ''લાગણી'' શબ્દ મને ખૂબ ગમે તેથી તેના અર્થ સમજવા મેં ઘણી મથામણ કરી, ઘણી પળોજણ કર્યા પછી મને ખબર પડી કે ''લાગણી'' એ તો અનુભૂતિ છે. તેથી તો લાગણી હકારાત્મક અને નકારાત્મક એમ બન્ને હોય શકે છે. પણ જયારે આપણે અન્યની ચિંતા કરી વેદના અનુભવી શકવા સમર્થ બનીએ છીએ ત્યારે આપણામાં સંવેદના જન્મે છે અને તે જ પળે આપણા હ્રદયમાં ખરી માનવતાનો પારિજાત છોડ ઊગી નીકળે છે. એટલું જ નહિ, તે ખરી માનવતાની મહેક બની મહેકી ઊઠે છે.

બીજા શબ્દોમાં કહીએ તો સાચી લાગણી 'ભાવ' નામના પુત્રને જન્મ આપે



છે અને તમારા અંતરમાં અન્ય લોકો કે પ્રાણીઓ પ્રત્યે અપારપ્રેમ જાગે છે. જેના લીધે તમારું વ્યકિતત્વ સંવેદનશીલ બને છે. ''ભાવ'' હંમેશા હકારાત્મક હોય છે. જેઓ જાગેલી લાગણી પર નિયંત્રણ રાખી સંતુલન સાધી શકે છે તેઓ જ પોતાના હ્રદયમાં ''ભાવ'' નામના પુત્રને જન્મ આપી શકે છે. જેના હ્રદયમાં 'ભાવ' પરિપકવતાને પામે છે તેના દિલમાં માનવતાનો પારિજાતનો છોડ ઊગી નીકળે છે. માનવતાની મહેક મહેકાવવા માનવે જાતે મહેકવું પડશે અને સંવેદનાની સરગમ જીવનરૂપી સંગીતને મધૂરતાની મેહફિલ આપી ભરી દેશે.

## ૩૦. સત્યનો માલિક

તમે વચનપાલક રાજા હરિશ્ચંદ્રનું નામ તો સાંભળ્યું જ હશે તે પ્રજાવત્સલ રાજા હતો. એટલું જ નહિ પણ તેણે જે ખાતરી આપી હોય તેને તે પ્રાણના ભોગે નિભાવતો એટલે તે એક લોકપ્રિય રાજા પૂરવાર થયો હતો. રાજા સત્યવાદી હોવાથી આજે પણ આપણે સત્યના આગ્રહી લોકો માટે 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર'ના નામે તુલના કરી, તેને નવાજતા હોઇએ છીએ. જોકે લોકો આ શબ્દનો ઉપયોગ ટીકાના ભાવથી વધુ કરતાં જોવા મળે છે. રાજા હરિશ્ચંદ્ર એવો તો સત્યવાદી હતો કે તેના મુખમાંથી ભૂલથી પણ કોઇ વચન નીકળી ગયું હોય, તો તેનું તેઓ અવશ્ય પાલન કરતા. તેમના દિલમાં ભારોભાર સંવેદના ભરેલી હતી. એક વખત કળિયુગ રાજા ઇંદ્રના ઇશારે અચાનક રાજમાં પધારી, રાજાની પરીક્ષા લેવા, બ્રાહ્મણનો વેશ ધારણ કરી, રાજા હરિશ્ચંદ્રનું કપરું કાર્ય પાર પાડી આપે છે. બદલામાં રાજા હરિશ્ચંદ્ર વચન માંગવા બ્રાહ્મણને કહે છે. કપટી કળિયુગ મોકાનો લાભ લઇ કહે છે : 'રાજન, હમણા નહિ, હું મારી મુશ્કેલીના સમયમાં તમારી પાસે આવીશ. રાજન ! તમે જો મારી પર ખરેખર પ્રસન્ન થઇને મને કશુંક આપવા તૈયાર થયા હોવ, તો જયારે 'હું વચન માંગવા આવું ત્યારે કોઇજાતની આનાકાની કર્યા વિના હું જે માંગણી કરું તે આપવા તૈયાર હોવ, તો જ હે રાજન ! વચન આપજો. આ ગરીબ બ્રાહ્મણનું અપમાન કરી દુઃખી કરશો

નહિ.' રાજા હરિશ્ચંદ્ર સાંભળી બ્રાહ્મણને કહે છે; 'હે બ્રહ્મદેવ, તમે જે ઇચ્છો તે માગી શકો છો. રાજા હરિશ્ચંદ્ર કદી તેની કોઇ સંપતિ કે વૈભવને મોહયો નથી.' રાજાની ખાતરીભરી વાણી સાંભળી બ્રાહ્મણ ચાલતો થયો. કળિયુગ હર્ષનાદ સાથે આગળ વધતા વિચારવા લાગે છે : 'રાજા જાતે જાળમાં ફસાયો છે. તેમા મારો શો દોષ ? પોતાનું રાજ તો ગુમાવશે, પત્ની અને પુત્રવિહોણો પણ થશે. જંગલમાં પેટ ભરવા હરણની માફક દોડશે, ચંડાળની ચોકી કરશે, સ્ત્રી હત્યાનું પાપ કરવા મજબૂર થશે – આ બધું જ પોતાના આપેલા વચનના કારણે ભોગવશે. સત્યવાદી રાજાના બિરુદ મફતમાં ઓછા મળે છે ?' કળિયુગ આમ, વિચારતા-વિચારતા એક પછી એક ડગ માંડી રહ્યો હતો. રસ્તામાં કોઇ એક ઋષિનો ભેટો તેને થાય છે. ઋષિ પણ રાજા હરિશ્ચંદ્રની વાતને સમર્થન આપતા કળિયુગને કહે છે : 'હે કળીકાળના રાજન, મારી વાત તું સાંભળી લે. રાજા હરિશ્ચંદ્ર જે વચન આપશે તેના પર તેઓ જરૂર અડગ રહી, તેના કહ્યા મુજબ આપી શકે તેવું પોતાનું સામર્થ્ય ધરાવે છે તેથી તેની પરીક્ષા કરવી અયોગ્ય છે. આ સાંભળી કળિયુગ આગળ ચાલી નીકળે છે.'

ઋષિ સાથે થયેલા સંવાદનાં કારણે રાજા હરિશ્ચંદ્રની કપરી કસોટી કરવા યોજના ઘડી કાઢે છે. આ તરફ સત્યવાદી રાજા દિનદુખિયા લોકોને દાન પુણ્ય કરવા રાજમાં ઢંઢેરો પીટી, ગરીબ અને પીડિતોને નિમંત્રણ આપી, પોતાના રાજ દરબારમાં સમયસર હાજર રહેવા કેણ મોકલે છે. સભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આજે જાણે પોતાના દુઃખોને પાણીમાં જેમ મીઠું પીગળે, તેમ પોતાની ગરીબીનું દર્દ મિટાવવા રાજા હરિશ્ચંદ્રની સભામાં આવ્યા હતા. તેમાં કળિયુગ પણ ગરીબ બ્રાહ્મણનો વેશ ધારણ કરી આવ્યો હતો. એક પંડિત આવી સત્યવાદી રાજાને પ્રણામ કરી, પાય લાગી કહે છે : 'રાજા હરિશ્ચંદ્રનો જય હો...આપની કીર્તિ મૃત્યલોકના સીમાડા વટાવી ઇંદ્રલોક સુધી પહોંચી છે. રાજન, તમારી સાથે મોટું કપટ રાજા ઇંદ્રના ઇશારે ખેલાવા જઇ રહ્યું છે. માટે હું, આપને હે રાજન... ચેતવવા આવ્યો છું, તમારી પાસે જે કોઇ ભિક્ષા માગવા આવે તેને ચકાસી તમારે જે આપવું હોય તે આપજો, મારી



વાત નહિ માનો તો મોટો અનર્થ થશે. હે રાજન... તમે બરબાદ થઇ જશો.' સભામાં સન્નટો છવાય ગયો. રાજા પંડિતની કોઇ વાત સાંભળ્યા વિના આવેલાં લોકોને સોના-મહોર વહેંચી રહ્યા હતા. ગરીબ બ્રાહ્મણનો વારો આવતા રાજાનો માણસ તેને રાજા પાસે ભેટ સ્વીકારવા લઇ આવે છે. રાજા આવેલા બ્રાહ્મણને ભેટ આપવા હાથ લંબાવે છે. લંબાયેલો હાથ જોઇ બ્રાહ્મણ બોલે છે : 'રાજા ! હું આજે ભીખ માગવા નથી આવ્યો. હું તો મારું લેણું વસૂલ કરવા આવ્યો છું. સભામાં બેઠેલા પંડિતો, પ્રધાન, સેનાપતિઓ અને કલાકારો અવાક બની સાંભળતા રહી ગયા. રાજાને લેણું ભરવાનું, આ માણસ શી વાત કરે છે ! આ, ભિખારીનું મગજ તો ઠેકાણે છે ને ? સભામાં કોલાહલ શાંત થતાં. પેલાં માણસે કહ્યું : 'તમે મને વચન આપ્યું હતું કે, હું જે માંગું તે આપ મને હું જયારે ભીડમાં હોઉં ત્યારે કોઇ પણ જાતની અનાકાની કર્યા વિના, હું જે માંગણી કરું તે મને આપશો. હું આપના સમગ્ર રાજનો કબજો માંગું છું.' ભારે ધમાલ અને હોહા થઇ ગઇ. રાજાના હુકમથી થોડીવારમાં શાંતિ છવાઇ ગઇ. રાજા હરિશ્ચંદ્રએ રાજપાટ અને સઘળી સંપત્તિનો કબજો આવેલ ગરીબ બ્રાહ્મણના હવાલે કરતા, બ્રાહ્મણે રાજ સિંહાસને બિરાજમાન થઇ રાજાને રાજની હદ સત્વરે છોડી નીકળી જવા હુકમ કર્યો. એટલું નહિ... રાજની સઘળી સંપત્તિનો ત્યાગ કરી રાજના હવાલે કરવા આદેશ કર્યો. રાજા હરિશ્ચંદ્રએ તેના વચન મુજબ રાજપાટ અને સઘળી સંપત્તિ બ્રાહ્મણના હવાલે કરી વન તરફ પ્રયાણ કર્યું.

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, રાણી તારામતી અને પુત્ર રોહિત ઘોર જંગલમાં ખુલ્લા પગે જઇ રહ્યા હતા.રોહિતને તરસ લાગતા ગળામાં સોસ પડવા લાગ્યો. 'પાણી... પાણી...' કરતા તે મૂર્છિત થઇ ગયો. મહામહેનતે બે પાવળા રોહિત માટે પાણી મળ્યું. પાણી પીવાથી રોહિતમાં ચેતન આવ્યું. રાજા હરિશ્ચંદ્રના સંવેદના ભરેલા વ્યવહારના કારણે કળિયુગની કપરી કસોટીમાં રાજા હરિશ્ચંદ્રનો પરિવાર સાંગોપાંગ પાર ઊતર્યો, પત્ની, પુત્ર અને પોતે પણ વેચાઇ આપેલા વાયદા મુજબનું વચન પાળી શકયા. તેમની આ સફળતા માત્ર સંવેદનાની સરિતાના વહેતા નિર્મળ નીરને આભારી

કહી શકાય.

મહાત્મા ગાંધીજીના જીવનનો અભ્યાસ કરીએ તો આપણને અનેક એવા ઉદાહરણો મળી આવે છે. જેમા ગાંધીબાપુએ અન્યાયના કારણે પીડા સહન કરતા લોકો માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દિવસો સુધી ઉપવાસ, મહિનાઓ સુધી જેલવાસ પણ ભોગવ્યો હતો. અન્યાયનો ભોગ બનનાર લોકોના કલ્યાણ ખાતર કામ કરવા કમરકસી વર્ષો સુધી લડત આપી, વિજયની વરમાળા તેમણે લોકોને સંવેદનાનાં સેતુ વડે પહેરાવી હતી. સંવેદનાનો સેતુ એવો તો શકિતશાળી છે. જેના વડે ઘોર અંધકાર વચ્ચે પોતાની જીવનરૂપી નાવને તોફાની સંસારસાગરમાં પાર ઉતારવા હિંમતનાં હલેસા લગાવી, મોક્ષના માર્ગે આગળ ધપતિ રાખવા ઊર્જા મળે છે.

સંવેદનારૂપી ઊર્જાના માધ્યમથી વ્યકિતનાં ચારિત્રને પરમ કૃપાળુ પરમાત્મા રક્ષણ આપે છે. મહાત્મા ગાંધીનું અનેક વેળાએ ઇશ્વરે આબાદ રીતે રક્ષણ કરી, તેના ચારિત્રનું જતન તેના જ અંતર આત્માના અવાજે કર્યું હોવાનું આપણને જાણવા મળે છે. તેથી એમ કહી શકાય : 'જેને રામ રાખે, તેને કોણ ચાખે?' જેના હૃદયમાં સંવેદનાની ઊર્જા સ્વરૂપે ભગવાન રાજ કરતાં હોય તેના શીલને શી રીતે ખંડિત કરી હાનિ પહોંચાડી શકાય ? જેના દિલમાં એક વખત સંવેદના જાગે છે તે પૃથ્વી પર પણ સ્વર્ગની અનુભૂતિ કરવા લાગે છે. રાજા હરિશ્ચંદ્ર અને તારામતી જંગલમાં વિખૂટાં પડી ભટકી રહ્યાં હતાં. ત્યારે તેના અસ્તિત્વનું રક્ષણ તેમણે મેળવેલી જીવનપર્યંત સંવેદનાની મૂડી વડે થઇ રહ્યું હતું. કોઇની વેદનાને પોતીકી જાણી તેના કલ્યાણ માટે યત્નશીલ બની, જગતમાં કાર્ય કરી, વહેતી અમૃતમય સંવેદનાનો કોઇ પણ વ્યકિત માનવતાના મૂલકમાં ધની બની, હેતાળી હૈયાની ધરતી પર રાજ કરી શકે છે.

અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં ગાંધીજી જયારે દેશની આઝાદી માટે ચળવળ ચલાવી રહ્યા હતા. ત્યારે એક અંત્યોદય કુટુંબને આશ્રમમાં રાખવા ઠક્કર બાપાની ભલામણ આવી હતી. જો આ કુટુંબને રાખે તો, બાપુને અનેક વિરોધનો સામનો કરવો પડે તેમ હતું. તેમ છતાં તેમણે આ અંત્યોદય પરિવારને સ્થાન આપી,



આશ્રમની શોભા ને ગરિમા વધારી હતી. આમાં પણ બાપુની સંવેદનાના જ દર્શન થાય છે. આવી સંવેદના દરેક વ્યકિત પામી શકતો નથી. તેનું કારણ તેને તેના પરિવાર, સમાજ કે શાળા-કૉલેજમાંથી મળેલા સંસ્કાર ગણી શકાય. આર્યોની સંસ્કૃતિમાં એટલા માટે જ ગર્ભધાનથી શરૂ કરી વ્યકિતના મૃત્યુ સુધીના સમયને આવરી લઇ. સંસ્કાર વિધિને કુલ સોળ વિભાગમાં વહેંચવામાં આવી છે. આમ તો, જીવનયાત્રા દરમિયાન પોતે મેળવેલી સંવેદનારૂપી પૂંજી વડે પ્રત્યેક જન્મોજન્મ યાત્રામાર્ગમાં આવતા અંતરાયોને ખાળી જે તે જન્મમાં પોતાની જીવનયાત્રા આગળ ને આગળ ધપાવવા શકિતમાન બને છે. સંસ્કાર વિના વ્યકિત સંવેદના પામતો નથી. તેથી દરેક માતા-પિતાએ પોતાના સંતાનોને માલ-મિલકત કે મોટું બેંક બેલેન્સ દેવાની ચિંતા કરવાના બદલે તેને સોળ ઉત્તમ સંસ્કારનું ભાથું આપીને જવું જોઇએ. જો તમે સારા સંસ્કાર તમારા બાળકોને નહિ આપો તો ખોટા અને ખરાબ સંસ્કાર આપમેળે પડવાના જ છે. જે રીતે ઝાડ પરથી ફળ જો તમે ન ઉતારો તો આપમેળે જ અમૂક સમયે નીચે ખરી પડે છે, તેમ અહીં ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડે છે એટલે કે તમે જો સારા સંસ્કાર આપવામાં જરા પણ મોડું કરશો તો ખરાબ સંસ્કાર બાળકનાં મન પર કબ્જો જમાવા લાગે છે. બાળક શાળામાં ભણવા જાય છે ત્યારે તો ખરેખર ઘણું મોટું થઇ ગયું હોય છે. પછી શાળાનાં શિક્ષકો તેમાં જોઇએ તેવો સુધારો કરી શકે નહિ. પણ જો માતા-પિતા પોતે ઇચ્છે તો તેના સંતાનોને સંસ્કારી બનાવી શકે છે આ માટે દરેક માતા-પિતાએ સંતાનોના સંસ્કારવિધિનો પ્રારંભ ગર્ભધાન પહેલા જ કરી દેવો જોઇએ. આનો આરંભ તેમણે ગર્ભધાન થતાં પહેલા જ સંસ્કારી આત્માને ગર્ભમાં બોલાવા ઘરમાં આધ્યત્મિક વાતાવરણ ઊભું થાય તે માટે જે ધર્મમાં શ્રદ્ધા હોય તે મુજબ પૂજાવિધિ કે પ્રાર્થના વડે વાતાવરણને મંગળમય રાખવું જોઇએ. તેઓ જેવા સંતાનની ઇચ્છા રાખતા હોય તેવા સંસ્કારી સંતાનની છબી મનમાં તૈયાર કરી તેમાં સંસ્કારી આત્મા પ્રવેશી રહ્યો છે તેવું મનન પતિ-પત્નીએ સાથે મળી કરવાથી આવા યુગલને એક સંસ્કારી સંતાન પ્રાપ્ત થાય છે. સંવેદનાની ઊર્જા અંતરિક્ષમાં વિહરતા

આત્માની પરખ કરી યોગ્ય સંસ્કારી આત્માને પસંદગી અનુસાર બોલાવી શકે છે. જે માતા-પિતા પસંદગી મુજબ સંસ્કારી સંતાનો મેળવી તેનો યોગ્ય રીતે ઉછેર કરી શક્યા છે, તેવા પ્રત્યેક સંતાનોએ પોતાના માતા-પિતાનું દુનિયામાં નામ રોશન કર્યું છે. શિવાજી મહારાજ, મહાત્મા ગાંધી, સરોજિની નાયડૂ જેવા અનેક દાખલાઓ આપી શકાય તેમ છે. એટલે જ આપણે કહી શકીએ છીએ કે 'સંવેદનાની સરિતા સત્યના પૂજારીને નિર્મળ રાખે છે.'

## ૩૧. સંવેદના અવિચળ ધન છે

લક્ષ્મીજી અને ભગવાન વિષ્ણુનો સંવાદ ચાલતો હતો. ખટ-ખટ હિંડોળાનો અવાજ આવતો હતો. બાકી તો નીરવ શાંતિએ પોતાનો કબજો ચોતરફ લઇ લીધો હતો. સંગીતની સૂરાવલિમાં છેડાતો પંચમ અને વસંતઋતુમાં આંબા ડાળે ટહુકતી કોયલના મધુર નાદ સમો અવાજ આપી, દેવી લક્ષ્મીજી સ્થપાયેલી શાંતિનો કબજો તોડી, બોલે છે : 'હે સ્વામિનાથ, તમારી કૃપાથી જીવોના કલ્યાણ માટે લખ-ચોરાસીમાં ભ્રમણ કરનાર જીવોને માનવ અવતાર મળે છે. આ અવતારયાત્રામાં માનવ શી રીતે આગળ ધપી શકે છે ? તેમજ યાત્રામાર્ગમાં આવતા અવરોધોને રોકવા તેણે શું કરવું જોઇએ ?' આ સાંભળી ભગવાન બોલ્યા : 'હે દેવી, સાંભળો... પૂર્વે કલ્યાણપુર નામના રાજયમાં જીતેન્દ્ર નામનો રાજા રાજ કરતો હતો. તેને એક સંવેદના નામની ગુણવાન રાણી હતી. જોકે આફત રાજાની પુત્રી મહારાણી વિપત્તિ તેની માનીતી રાણી હતી. તેથી રાજા જીતેન્દ્ર રાણી વિપત્તિની ઇચ્છા મુજબ રાજનો કારોબાર ચલાવતો હતો પણ તેની બીજી રાણી સંવેદના રાજાની ખોટી રાજનીતિના કારણે ઊભો થતો કોઇ પણ અનર્થ અટકાવતી હતી. તેથી રાજા પ્રજા વિદ્રોહથી હંમેશાં બચી જતો હતો.

રાજા કેટલાક બૌધિક લોકોને એકઠા કરી પોતાના રાજ દરબારમાં સભા ભરી



બેઠા હતા. એક સ્ત્રી અને પુરુષ સભામાં ન્યાય મેળવા આવી પહોંચે છે. સ્ત્રીનું નામ શાંતિ અને પુરુષનું નામ ક્રોધ હતું. બન્નેને રાજાએ કહ્યું : 'બોલો, શું મુશ્કેલી ઊભી થઇ છે ?' પ્રથમ શાંતિ રાજાને વંદન કરી બોલી : 'હે મહારાજ, મારે તો આપને એટલું જ કહેવું છે કે મારા સામ્રાજયમાં આ ક્રોધ શા માટે પ્રવેશી મારા રાજયમાં પોતનો કબજો જમાવા આવે છે ?' આ સાંભળી ક્રોધ બોલ્યો : 'હે રાજન, હું મારું રાજ માંડ કરી સ્થાપું છું ત્યાં જ આ સ્ત્રી આવી પહોંચે છે અને થોડા જ સમયમાં પોતાનું સામ્રાજય સ્થાપી કબજો જમાવી દે છે. આ રીતે મેં મેળવેલી મારી રાજયસત્તાનો અકાળે અંત આવે છે.' આ સાંભળી રાજા જીતેન્દ્ર આવેલાં ન્યાયવાંછુ સ્ત્રી- પુરુષને ઉદ્દેશીને કહે છે : 'તમારો ન્યાય હું નહિ કરી શકું, તમારે ન્યાય જો' તો હોય તો ઇંદ્ર પાસે જાવ, તે તમને જરૂર ન્યાય આપશે.' રાજા ઇંદ્ર પણ ન્યાય કરી શકયો નહિ. આખરે કોઇ ઋષિમુનિના કહેવાથી રાજા જીતેન્દ્રની બીજી રાણી સંવેદના પાસે વિવાદનો અંત લાવવા બંને ન્યાય મેળવવા આવી પહોંચે છે. રાણીએ બન્નેને શાંતિથી સાંભળી કહ્યું : 'તમારા બંનેનું રાજય કોઇ પણ વ્યકિતના દિલમાં હંમેશા સ્થપાતું જ રહેશે પણ તમારે તે ટકાવી રાખવું હશે, તો તમારે સત્યને પ્રધાનપદ આપવું પડશે.' સાંભળી બંને ચાલતાં થાય છે. પ્રજાના કલ્યાણ માટે રાજાનું ગૌરવ વધે તેવું આ સંવેદના રાણીનું કામ હતું.

તમારા દિલમાં પણ તમે જો એક વખત સંવેદનાને સ્થાન આપી તમારું ગૌરવ વધારવા ઇચ્છતાં હોવ તો અન્યની વેદનાનું પૃથક્કરણ કરી તમારા દિલમાં તેની અનુભૂતિ કરો. પારકી પીડા પોતીકી જાણી તેને દૂર કરવા કામે લાગી જાવ. બીજાના કલ્યાણ માટે કરેલા ઉપકારને ભૂલી મનમાં જરા પણ અભિયાન ન લાવશો. કારણ કે... 'અહંકાર સંવેદનાનો મોટો દુશ્મન છે.' તેમ છતાં એવું પણ હંમેશા બનતું નથી કે અભિમાની અથવા અહંકારી લોકો, અહર્નિશ સંવેદનહીન વ્યકિતત્વ ધરાવતા હોય છે. પણ હા, એવું તો જરૂર હોય છે તમારી પનોતી, મુશ્કેલી કે વિપત્તિના સમયમાં તમારા દિલમાં રાજ કરતી સંવેદના તમને આબાદ રીતે ઉગારી લે છે. ભલે કદાચ તમારા દિલમાં તેનું સ્થાન રાજા જીતેન્દ્રની જેમ કમને આપી રાખ્યું હોય. તેમ છતાં તમારા

રક્ષણ માટે કોઇ પણ જાતના ભેદભાવ વિના તમને મદદ મળે તેવા સંજોગો અવશ્ય ઊભા કરશે. આ તો, સંવેદનારૂપી ખુદ ઇશ્વર તમારા દિલમાં બિરાજમાન થતો હોય છે. બાકી તો પામર માણસની શી તાકાત છે જે અન્યના દુઃખોને જાણી પરપીડિતોને મદદ કરી શકે ? સંવેદના જેના દિલમાં સ્થાન પામે છે તેનું નસીબ બદલાઇ જાય છે.

ભાવનગરના ગારિયાધાર તાલુકાનાં એક નાનકડાં ગામમાં ઘટેલી ઘટનાની આ વાત છે.

ગામમાં વાલા ભગત રહેતા હતા. તે ભગવાનને જમાડયા વિના કદી જમતા નહિ. તેને ભગવાન પર અતૂટ શ્રદ્ધા હતી. ચોમાસાનો સમય હતો. ગામના ખેડૂતો વાવણીનું કામ કરી રહ્યા હતા. વાલા ભગતના પરિવારને પણ ગામમાં ખેતીલાયક ઘણી મોટી જમીન હતી. પરિવારના સભ્યો જે કામ વાલા ભગતને સોંપતા તે તેઓ ભારે ઉત્સાહપૂર્વક કરી આપતા હતા. આથી વાલા ભગત આજે પોતાના ખેતર તરફ જઇ રહ્યા હતા. વાલા ભગત પોતાને સોંપેલું કામ પૂરું થતા ભગવાનની ભકિત કરવા લાગી જતા હતા. તેથી તેમને જે કોઇ કામ આપવામાં આવતું, તે કામ વહેલી તકે પૂરું કરી વાલા ભગત ભકિત કરવા બેસી જતા હતા. આજે ભગતે ખેતરનું કામ પતાવીને ભગવાનના પ્રસાદ માટે જે ભથવારી ભાત લાવી હતી. તે છોડતા જ તેમાંથી થોડો ભાગ ભગવાન માટે અલગ કાઢી પૂજા-અર્ચના માટે લઇ લે છે. ખેતરના શેઢે બનાવેલ ભગવાનના સ્થાનકે પૂજાવિધિ અને પ્રાર્થના કરી થાળ ધરાવવાનું કામ ભગતને સોંપવામાં આવ્યું હતું. ખેતરનું કામ પૂરું થતાં જ વાલા ભગતે આ કામ કરવાનું હતું. તેમ છતાં વાલા ભગતને કોઇ ખાસ ઉતાવળ ન હતી. પરિવારના સભ્યો અને વાવણીના કામે આવેલાં ખેત-મજૂરો ભોજન માટે ભગવાનનો ભાગ અલગ કરી જમવા બેસી જાય છે. ખેત-મજૂરો થાકીને ખૂબ ભૂખ્યા થયા હોવાથી ભથવારી જેટલા લાડુ લાવી હતી તે બધાં પૂરા થઇ જાય છે. વાલા ભગત પૂજાવિધિમાં ઘણો જ સમય લઇ લે છે. ખેતમજૂરો બધા લાડુ ચટ કરી પોતાના કામે ચાલતા થાય છે. પછી એક ખેતમજૂરને વાલા ભગતની મશ્કરી કરવાનું મન થાય છે. તે માટીના ચાર લાડુ



વાળી વાલા ભગત માટે ઢાંકીને મૂકી દે છે અને કોઇ બોલે પણ છે : 'હે ભગત, તમારી માટે લાડુ ઢાંકી અલગ મૂકી રાખ્યા છે. તમારી ભકિતનું કામ પૂરું થાય એટલે જમી લેજો. અમે કામે લાગીએ છીએ.'

બધાને એમ હતું કે ભગત જમવા બેસશે એટલે આપણને હસવાનું સાધન મળશે, પણ જેમ ભગવાને મીરાંબાઇની લાજ રાખી હતી તેમ આજે વાલા ભગતની પણ લાજ રાખી. માટીના ચારે લાડુ લચપચતા ઓખ્ખાં ઘીના બની ગયા. વાલા ભગત જમવા બેસતા જ કામ પર ગયેલાં તમામ મજૂરો ભગતનો તમાશો જોવા આવ્યા પણ ભગતને જમતા જોઇ વિમાસણમાં પડી ગયા. બધા એકમેક સામે જોતા જ રહી ગયા. ચમત્કાર...! 'લાડુ કયાંથી આવ્યા ? માટીના લાડુ કયાં ગયા ?' બધાના વિસ્મયભર્યા ચહેરા જોઇ વાલા ભગતને નવાઇ લાગી. તેમણે કહ્યું : 'તમે બધાં શું જોઇ રહ્યા છો ?' કોઇએ ચોખવટ કરી લાડુ તો માટીના હતા તેમ છતાં તે ચોખ્ખાં ઘીના શી રીતે બની ગયા ! વાલા ભગતને આ લોકોની વાત સાંભળી ખબર પડી. તેને થયું નકકી મારા શામળાનું આ કામ છે. તે વિચારવા લાગે છે, કે આ લોકોએ મારા ભગવાનને માટીના લાડુ ખવડાવી મારી પરીક્ષા કરવા આવું તરકટ કર્યું લાગે છે. તે મનોમન ભગવાનની ક્ષમા માંગી દુઃખી થઇ જાય છે. કારણ કે ભગવાનને પોતાના લીધે માટીના લાડુ આરોગવા પડયા હતા. તેનો ખ્યાલ તેને આવતા અંતર આકુળ-વ્યાકુળ થઇ ગયું. ભગવાનની પ્રાર્થના કરી કહ્યું કે : 'હે ભગવાન, તું આ લોકોને માફ કરી દેજે. તેઓ અજ્ઞાનની છે. ભગવાન, તું તો દયાળુ છો. આ લોકો મારી કસોટી કરવા ઇચ્છતા હતા પણ હે ભગવાન, તેં તો મારી લાજ રાખવા પોતે માટીના લાડવા ખાધા. હે પરમકૃપાળુ પરમેશ્વર, આજે મને નરસી મહેતા, દાસી જીવણ, મીરાંબાઇ જેવા ભકતોની જેમ ઉગાર્યો છે.' વાલા ભગતના ચમત્કારની વાત વાયુવેગે વહેતી થઇ ગઇ. વાલા ભગતના આવા અનેક પ્રસંગો આપણને જાણવા મળે છે. આથી આપણે કહી શકીએ કે, 'સંવેદનારૂપી મૂડી વાપરવાથી વધે છે.' આ તો એવું ધન છે જે વાપરવાથી વધતું રહે છે. વળી, આ ધન જીવાત્મા મૃત્યુ બાદ પણ પોતાની સાથે લઇ જઇ શકે છે. સામાન્ય રીતે

આપણને એવું સાંભળવા મળે છે કે માણસ સઘળું અહીં જ મૂકીને જાય છે. પણ આ વાત સંવેદનાને લાગુ પડતી નથી. સંવેદના તો જન્મોજન્મ વાપરી શકાય તેવું અમૂલ્ય, અવિચળ ધન છે. આ ધન વડે કોઇ પણ મનુષ્ય પોતાની જીવનરૂપી નાવને ગતિમાન રાખી રાખી શકે છે. સંસારસાગરમાં મધ્યાહ્‌ને પહોંચેલી, હલેસા લગાવી આગળ ધપતી, મારી નાવ નિયતગતિમાં તેણે કાપેલા અંતરના મજધારે હું મારા અનુભવના આધારે કશુંક કહેવા ઓર્બિટના બટ્ટન દબાવા આંગળીઓ ઉપાડું તો શબ્દોની સરિતા હાલી નીકળે. નીકળેલી સરિતા સાહિત્યના સાગરમાં હલચલ મચાવી શબ્દોની શીતળતા બિછાવે.

ઠંડકભરી મહેક સંવાદની થઇ શબ્દ સંભળાવે.
ચોતરફ અવાજ ગુંજી ઊઠે,
પ્રજ્ઞાની પાંખે પહોંચી કીધા શબ્દના સિતારા;
અક્ષરના અજવાળે અમે તો ઝુંકાવ્યા કષ્ટના મિનારા;
શબ્દસંગતની પારસમણિથી,
'ઝગમગ' જ્ઞાનજયોત જલાવે.

મિત્રો, સંવેદના અક્ષરોમાંથી ચૂંટી કાઢેલો સુવાસિત પુષ્પનો અનોખો દસ્તાવેજ છે. તેથી તેનું તો આપણે જતન કરવું જોઇએ. આ ખૂબ કિંમતી અતિ મૂલ્યવાન આપણો દસ્તાવેજ હોવા છતાં આપણે તેની કાળજી રાખતા નથી. તેનાથી ઊલટું જેનું ભાવી આપણે જાણતા નથી, મૃત્યુ થતા જે આપણા ખપમાં આવવાનું નથી. તેવા માલ, મિલકત અને મકાનના દસ્તાવેજના સંગ્રહ માટે મજબૂત તિજોરી, લૉકર કે બૅંકમાં પણ તેના માટે લૉકર ભાડે લઇએ છીએ. આમ, આપણી યાત્રા દિન-પ્રતિદિન લોકેશન વગરના માર્ગે ચાલે છે. રાત્રીના અંધકારને ખાળવા આપણે ઘણું કામ કર્યું. ભીતરનાં ભંગાણને ભરપાય કરવા કોણ આગળ આવશે ? આથમતા સૂર્યના કિરણોને કોણ પકડવા ભાગશે ? જાગી શકો તો જાણી લેજો સંધ્યાના મેઘધનુષી રંગો. સંવાદના ચોકમાં કોઇવાર તમારા ભીતરમાં ભૂલા પડી સંવેદનાની



શીતળતાને માણવા ને જાણવા એકાદ ડોકિયું કરી એટલા માટે પ્રયત્ન કરવા જેવો છે. સંવેદના તો આપણી અચળ મૂડી છે. તેના વડે જગત નહિ સ્વર્ગ પણ જીતી શકાય છે.

ભગવાન શ્રી કૃષ્ણ એક વખત શેરડીનો સાંઠો ખાય રહ્યા હતા. અચાનક તેને શેરડીના છોતરાની એક ધારદાર ફાંસ આંગળીમાં વાગી જવાથી લોહીની ધારા છૂટી. તે જોઇ દ્રૌપદીને સંવેદના જાગી, તેણે ભગવાનને પોતાની કિંમતી સાડીનો થોડો ટુકડો કાપી લોહી નીકળતા ભાગ પર બાંધી દીધો. જેના લીધે ભગવાનને લોહી નીકળતું બંધ થઇ ગયું. દ્રૌપદીના દિલમાં જાગેલી સંવેદનાના કારણે એક વખત દ્રૌપદી પર જયારે વસ્ત્રાહરણનું અચાનક સંકટ આવી પડયું હતું. ત્યારે સંવેદનારૂપી સંચિત થયેલા ધન વડે સમયસર તેને મદદ મળી શકી હતી. ઇતિહાસમાં આવા અનેક ઉદાહરણો જોવા મળે છે. નવસો નવાણુ ચીર દ્રૌપદીની લાજ રાખવા ભગવાને તેના પર જાગેલી સંવેદનાનું ઋણ ચૂકવી આપી દ્રૌપદીના ચીર એક પછી એક પૂરી, સમગ્ર નારી જાતિનું સન્માન વધાર્યું હતું. એટલું જ નહિ ભગવાને ભરી સભામાં નારી શકિતનું ગૌરવ જાળવી ખરા અર્થમાં 'નારી તું નારાયણી'નું સન્માન આપ્યું હતું. એટલે જ એમ કહી શકાય : 'ખરી સંવેદના ઔષધિ બની વિપત્તિના સમયમાં ગૌરવ આપી રક્ષણ આપે છે.'

## ૩૨. શબ્દનો ખેલ

સુખ અને સમૃદ્ધિ મૂઠી ભરેલી રેતી છે પરંતુ જો તેને વાવતા રહીએ તો તે એક સમૃદ્ધ ખેતી છે.

સામાન્ય રીતે આપણને એમ લાગતું હોય છે કે સુખ આપણી આશારૂપી મૂઠીમાંથી ધીરે-ધીરે સરકતું જતું હોય તેવી અનુભૂતિ થાય છે. જેવો આપણને સુખનો અનુભવ થવાની શરૂઆત થાય છે તેવા જ તમને એક પછી એક અવરોધોની અનુભૂતિ થવા લાગે છે. કોઇવાર આપણી સંપત્તિ કયાંક લુંટાતી હોય અથવા તેનો ખોટો વ્યય

થતો હોય તેવું આપણને સતત લાગતું હોય છે. પરિણામે આપણે બેચેન બની દુઃખી થઇ જતા હોઇએ છીએ. જીવનમાં ડગલે ને પગલે આવતી સમસ્યાઓ આપણને દુઃખી-દુઃખી કરી દે છે. જીવનરૂપી નદીમાંથી સુખરૂપી રેતીની મૂઠી ભરીને સંસારની ભૂમી પર સલામત ડગ માંડી આગળ આવવું ખૂબ જ કઠિન હોય છે. જે રીતે નદીનાં વહેતા પ્રવાહમાં ઘસડાય આવતી રેતીની મૂઠી ભરી પાણીના પ્રવાહમાંથી બહાર આવવું મુશ્કેલ લાગે છે.

જિંદગીરૂપી વહી જતી નદીમાંથી સુખ અને સંપત્તિરૂપી રેતીની મૂઠી તો હું અને તમે ભરી લઇએ છીએ, પરંતુ જેમ-જેમ જીવનરૂપી નદીનો ધસમસતો પ્રવાહ સંસારરૂપી ભૂમીના પ્રદેશમાં આગળ વધવા લાગે છે તેમ તેમ આપણી સુખ અને સંપત્તિરૂપી મૂઠી પણ ખાલી થવા લાગે છે. જીવનની અંતિમ પળો જયારે આવે છે, ત્યારે આપણને એમ લાગવા માંડે છે - મોક્ષ માર્ગમાં ખપ લાગે તેવું આધ્યાત્મિક ધન કાં તો હું કમાયો જ નથી અથવા મેં સંચિત કર્યું નથી. સ્થૂળ સંપત્તિનું સુખ માણસને શાંતિ આપી શકતું નથી. આ વાત જયારે આપણને સમજાય છે ત્યારે આપણે આપણા જીવનના લેખાં-જોખાં કરી અંતિમ પળોમાં દુઃખી થઇ આપાણી જાતને ધિકકારવા લાગીએ છીએ. આંખે જોવાની, કાને સાંભળવાની, ગંધ અને સ્પર્શ સહિત એક શબ્દ પણ ઉચ્ચારવાની શકિત ગુમાવી બેસીએ છીએ. આવા સમયે ડાપણ કામ લાગતું નથી એટલે જ જીવનમાં સુખના દિવસો આવે ત્યારે સારા કાર્યો કરી તમને પ્રાપ્ત થયેલું સુખ અન્યના જીવનને સુખમય અને સમૃદ્ધ બનાવવા તેને વહેંચવાનું રાખો. આમ થશે તો, અંતિમ પળોમાં સુખ ખોવાનો વારો નહિ આવે. તેની ખાતરી રાખજો.

સંસારરૂપી ભૂમિ પર સુખ અને સંપત્તિનું જે વાવેતર કરી શકે છે તેવા પ્રત્યેક લોકો આધ્યાત્મિક ઊપજ મેળવી સાચા સુખ કે સંપત્તિના માલિક બને છે. યાત્રા-પ્રવાસમાં ધનિક લોકો મોટી રકમ ખર્ચી ખૂબ વૈભવી સગવડો મેળવી, આનંદ ઉઠાવતા હોય છે. તેવી જ રીતે આધ્યાત્મિક સંપત્તિનો માલિક અનંતની યાત્રાસમયે પોતાએ સંચિત કરેલી આધ્યાત્મિક મૂડી વડે પરમધામ પહોંચી મૂલ્યવાન મોક્ષ ગતિને પામે



છે. આમ, અનંતની યાત્રા તેના માટે સંપૂર્ણ સફળ નીવડે છે. સુખ અને સંપત્તિરૂપી રેતીને મુઠીમાં પકડી રાખીને તેનો મિથ્યા સંગ્રહ કરવા પ્રયત્ન ન કરશો. અન્યથા, મૂલ્યવાન માનવ જીવન એળે જશે. લખચોરાસીનો આ ફોગટ ફેરો પૂરવાર થશે. જેમ આળસુ ખેડૂત ખેતરમાં વાવણી કરતો નથી તો તે ખેતરમાં પાક ઉગાડી ધન કમાઇ શકતો નથી. ખેતર ખેતી કરવા માટે જ હોય છે. સુખ અને સંપત્તિ બીજાને વહેંચવા માટે જ હોય છે. એટલા માટે કોઇ કવિએ કહ્યું છે ને ! 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ.'

આ સંસારમાં ઇશ્વરે આપણને એક ખેડૂતની ભૂમિકા આપીને મોકલ્યા છે. આપ સૌને પ્રશ્ન થતો હશે કે લેખક માનવીના જીવનને ખેડૂત સાથે શા માટે સરખાવે છે?

ઉત્તર માત્ર એટલો જ છે.

જિંદગી એક નદી છે, નદીમાં જેમ ફળદ્રુપ રેતનું નિર્માણ થતું જ રહે છે. તેનો લાભ લઇ ખેડૂત અન્યની સુખાકારી માટે મબલખ પાક મેળવવા અખાત મહેનત ઉઠાવે છે અને તેના કાર્યને સફળ બનાવવા આ ઉત્પાદિત ફળ દ્રુપ રેતી સૃષ્ટિનાં પોષણ માટે જમીનમાં ફળદ્રુપતા ઉમેરી સૃષ્ટિનાં કલ્યાણ માટે, પોતાની ભૂમિકા ભજવે છે, તેમ આપણે પણ અન્યનાં સુખ-સગવડ ખાતર કામ કરતા રહેવું જોઇએ.

પ્રકૃતિમાંથી પ્રેરણા મેળવી અન્યના સુખ સગવડનાં પ્રદેશો આપણી સંપત્તિના ભંડારો ખુલ્લા મૂકી, દિન-પ્રતિદિન સજાવતા રહેવું જોઇએ, એ જ સાચી માનવમૂડી છે અને આપણી આધ્યાત્મિક મૂડીની ફિકસ ડિપોઝિટ છે. માનવ સૌ પ્રથમ પૃથ્વી પર આવ્યો ત્યારે તેણે વનસ્પતિનાં ઉછેર અને તેની સંભાળ પર લક્ષ્ય આપી તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવા લાગ્યો. સમય જતા તેના પાંદડાઓનો ઉપયોગ ગરમી અને ઠંડીથી બચવા વસ્ત્ર તરીકે કરવા લાગ્યો. ત્યારબાદ પોતાના રક્ષણ માટે રહેઠાણ તૈયાર કરવા તેનો ઉપયોગ કરતો થઇ ગયો. એ વખતનો પ્રાચીન માણસ અર્વાચીન માણસ જેટલો સ્વાર્થી ન હતો. કારણ જે હોય તે, અંગત સ્વાર્થ

માણસને દુઃખી કરે છે; જયારે તેનાથી ઊલટુ સમૃદ્ધિનું વાવેતર મબલક સંતોષરૂપી સુખના ભંડારો છલકાવી દે છે.

ઇતિહાસમાં ડોકિયું કરીએ તો, જાડેજાએ જયારે સરવણ કોદાળી હાથમાં લઇ જમીન નિહાળી ખેતી કરવા યત્ન આરંભ્યો હતો; ત્યારે તોરલના સત્ત્વ વડે તેને થયેલા જ્ઞાનના લીધે, ઇશ્વરે તેણે વાવેલા નદીનાં વેકરા અર્થાત્ નદીની રેતીનું વાવેતર કરવા બદલ હીરા-માણેક-મોતી સમાન સંપત્તિ આપી, ધન્ય કરી, જીવનનાવને ડૂબતિ બચાવી, ચમત્કાર કર્યો હતો. અહીં સ્થૂળ હીરા-માણેક-મોતી રૂપી સંપત્તિની કોઇ વાત નથી. વાસ્તવમાં જેસલ જાડેજાને ઘોર પાપનાં અંધકારમાંથી ઉગારવાની અહીં વાત છે. આત્મજ્ઞાન સાચી સમજણ અને દુર્ગુણોનો ત્યાગ કરવાની શીખ આપે છે. જેસલપીર માટે આત્મજ્ઞાન અનુક્રમે હીરા-માણેક અને મોતી હતા. જે અહંકાર ત્યાગી ઇશ્વરને પોતાનું સર્વસ્વ અર્પણ કરી શકે છે તેને તો ઇશ્વર તોરલ સ્વરૂપે આવી અવશ્ય સહાય કરે છે.

સુખ અને સંપત્તિએ જાણે અમારા પરિવાર સાથે બાળપણથી જ સંબંધ જોડવા પોતાની નારાજગી બતાવવાનું શરૂ કર્યું હોય તેમ આર્થિક હાલત પરિવારની વણસવા લાગી. બે-ચાર દિવસમાં એકાદ ટંકના ફાંફાં જરૂર પડી જતા. આવા સમયે બાપુજીનો હકારાત્મક દૃષ્ટિકોણ અમારા પરિવારને હિંમત પૂરી પાડતો હતો. ખૂબ મોટા ધનિકો સાથે બાપુજીને અંગત પરિચય હોવા છતાં તેઓ કદી પરિચિતો પાસે હાથ લંબાવવાનું પસંદ કરતા નહિ. તેમનો સ્વભાવ અન્યને મદદ કરવાનો હતો. પોતાની સમસ્યા કે દુઃખ તેઓ કદી કોઇની પાસે વ્યકત કરવામાં માનતા નહિ.

પિતાશ્રીનો આ મળેલો વારસો મને આજે પણ ખૂબ ઉપયોગી થઇ રહ્યો છે. સંતાનોને સંપત્તિ નહિ સંસ્કાર વારસામાં આપવા જોઇએ. તે વાત હું બાપુજી પાસેથી મળેલા અમૂલ્ય વારસામાંથી શીખ્યો છું. તેમની પાસેથી મને ત્યાગ, હિંમત, નીડરતા, નિઃસ્વાર્થપણું, હાજર જવાબીપણું અને બહુમુખી વ્યકિતત્વ જેવા અસંખ્ય ગુણોનો અમૂલ્ય ખજાનો મળ્યો છે. આ અવિચળ ખજાનો ચોર કે લૂંટારા વડે કોઇ



પણ રીતે ઝૂંટવી કે લૂંટી શકાય તેવો નથી, તેથી હું આ સલામત સંપત્તિનું વાવેતર કરતો જ રહું છું. તેનો મબલક પાક લણવાનો આનંદ પણ હું ઉઠાવવાનું કદી ચૂકતો નથી.

સમુદ્રમાં નાવિક પોતાની નાવ ચલાવતો હોય ને એકાએક તોફાન આવે તો તેની નાવ હાલક-ડોલક થઇ જાય છે. તેમ વર્ષ ૧૯૯૯ માં અંધશાળાનું સંચાલન જયારે મેં સાભળ્યુ ત્યારે શાળાની હાલત ખૂબ જ નાજુક હતી. ખાસ કરીને સંગીત પર તેની અસર મને વધુ ગંભીર જોવા મળી હતી. એકાદ હોશિયાર વિદ્યાર્થી પ્રાર્થના સભામાં ગેરહાજર હોય તો પ્રાર્થનાસભામાં હાર્મોનિયમ, તબલાં વગાડનાર વિદ્યાર્થીની જોડ તૂટવાનાં લીધે પ્રાર્થના કોઇવાર વાદ્ય વગર કરવાનો વારો અનિચ્છાએ આવી જતો હતો. તે વખતના સંગીત શિક્ષક નાગજીભાઇ પરમાર કોઇ માનસિક શોકનાં લીધે પોતાનું માનસિક સ્વાસ્થ્ય ખોઇ બેઠા હતા, તેથી તેમની પાસેથી કોઇ કામ લેવું શકય ન હતું. વળી, તેને તે બાના તળે નોકરી પરથી લાંબી રજા પર મોકલી દૂર કરી શકાય તેમ પણ ન હતું. કારણ કે શાળામાં જ તેમની સંભાળ આવી નાજુક હાલતમાં થઇ શકે તેમ મને લાગતું હતું. તેઓ સનાળા ગામના વતની અને આ જ શાળાના પૂર્વ વિદ્યાર્થી હતા. તેના પરિવારના લોકો તેની કાળજી રાખવામાં ખાસ રસ લેતા ન હતા. નાગજીભાઇને શાળામાં નોકરી મળી ત્યારે પરિવારને લાલચ હતી. તેથી તેમને તેઓ મળવા આવતા હતા પણ નાગજીભાઇને બીમારી લાગું પડતા બધા તેનાથી અળગા રહેવા લાગ્યા હતા. શાળામાં આ શિક્ષક નોકરીના સમયે આવતા જરૂર હતા પણ વર્ગખંડમાં કોઇ અભ્યાસક્રમ મુજબ તેના માટે ભણાવાનું કામ શકય ન હતું. બાળકોનું શિક્ષણ ન બગડે તેવા હેતુથી મેં એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને ટ્રસ્ટના ખર્ચે નિમણૂક આપી સંગીતનાં વર્ગો ચલાવા પ્રયત્ન હાથ ધર્યો હતો પણ જોઇએ તેવી સફળતા તેમાં મળી નહિ. તેનું મુખ્ય કારણ ઓછા પગારમાં કોઇ સારા શિક્ષક મળતા ન હતા-તે તો હતું જ પણ આવનાર શિક્ષકોની દાનત પણ તેમાં એટલી જ જવાબદાર હતી. ઘણા કપરા ચઢાણ પછી એકાદ-બે સારા શિક્ષક મળી જવાથી પરિણામ મળવા લાગ્યું હતું. થોડા સમયબાદ નાગજીભાઇનું દુઃખદ અવસાન થયું. હવે સરકારી

સંગીત શિક્ષકની જગ્યા શાળામાં કાયદેસર રીતે ખાલી પડતા તેની ભરતી માટે મેં પ્રયત્ન શરૂ કર્યા. જેમા મને સફળતા મળી. નિયામકશ્રી સમાજ સુરક્ષા ગાંધીનગરની કચેરી દ્વારા ભરતી માટે કાર્ય શરૂ કરવા બહાલી મળતા, વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થતા મળેલ અરજીઓ પૈકી લાયક અરજદારોનો સમાલાપ યોજી શિક્ષક તરીકે શાળાનાં જ પૂર્વ વિદ્યાર્થી ઋષિકેશ પંડયાને પસંદ કરવામાં આવ્યા. મારે કહેવું જોઇએ કે શાળા માટે 'ઋષિકેશભાઇ તેમની પસંદગી પર ખરા ઊતર્યા છે.' તેમના માર્ગદર્શન નીચે શાળાનાં વિદ્યાર્થીઓ સંગીતમાં આજકાલ ખૂબ આગળ વધી રહ્યા છે. શાળામાં ઓરકેસ્ટ્રાની મોટી ટીમ તૈયાર થઇ રહી છે. ઋષિકેશભાઇ પાસે સંગીતની વિદ્યા મેળવનાર રમેશભાઇ સાટિયા શાળામાં સંગીત શિક્ષક તરીકે જોડાઇ ઋષિભાઇના પગલે ખૂબ સારું કામ કરી રહ્યા છે. આ ઉપરાંત શિક્ષણક્ષેત્રે પણ શાળાએ સારી એવી પ્રગતિ કરી છે. છેલ્લા ૨૦ વર્ષથી ધોરણ-૧૦માં શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવે છે તો ધોરણ-૧૨ નાં પ્રારંભથી જ વિદ્યાર્થીઓએ આ પરંપરાને જાળવી રાખી છે. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં પણ શાળાને આવી જ સફળતા મળી રહી છે. આ બધી જ સફળતા પાછળ શિક્ષકોની અથાક મહેનતને કારણભૂત ગણી શકાય. આ લોકોની શાળા પ્રત્યેની નિષ્ઠા પણ જેવીતેવી નથી. સમગ્ર સ્ટાફના નામ તેની જુદી-જુદી કામગીરી માટે ગણાવી શકાય તેટલા આ લોકોના ઊડીને આંખે વળગે તેવા કામ છે પણ રુચિભંગ ન થાય તે માટે તેને ટાળવાનું ઉચિત સમજુ છું. રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આજે કાઠું કાઢયું છે, એટલું જ નહિ તેમણે એ રીતે શાળાનું ગૌરવ પણ વધાર્યું છે.

આ રીતે સંસારભૂમિ પર વહેતી નદીના પ્રવાહમાં ઉત્પાદિત સુખ અને સંપત્તિરૂપી રેતીની મૂઠી ભરી તેનો નાહક સંગ્રહ કરવાનાં બદલે તેનું વાવેતર કરી સમાજરૂપી ભૂમીને ફળદ્રૂપ બનાવવા તેનું વાવેતર કરવાનો હું મારો પવિત્રધર્મ સમજું છું. પિતાશ્રી પાસેથી મળેલા વારસાગત સંસ્કારનાં પગલે આગળ વધતો રહું છું. સોનાથી પણ મોંઘું જેનું મૂલ્ય છે એવું આ ધન મને કલ્યાણનાં માર્ગમાં ડગલે ને પગલે



કામ લાગી રહ્યું છે. આપને પણ આ અવિચળ ધન કમાવું હોય તો માનવતાનાં માર્ગે તમારા કદમ ઉપાડવાનું શરૂ કરી દો.

તમે જરૂર માનવતાનું ધન કમાઇ સુખ અને સંપત્તિનું ધન મૂઠી ભરેલી રેતી જેવું તો નહિ જ થવા દો. કારણ કે તમે તો તેનું વાવેતર કરવાનો દૃઢ સંકલ્પ લઇ લીધો છે, એટલે એમ કહેવાનું મન થાય

'જયારે જગમાં અમિબા દેખાવાની શરૂઆત થઇ હશે,
ત્યારે મૂઠી ઊંચેરા માનવને સેવાની ખરી મુલાકાત થઇ હશે.'

